સાધુસાધ્વી શિબિર માટુંગા [મુંબઈ]ના
ઉપક્રમે યોજાયેલી વ્યાખ્યાનમાળા

# ધર્માનુબંધી વિશ્વદર્શન

## પુસ્તક : ૨

અનુબંધ વિચારધારા

•


મુખ્ય પ્રવચનકાર :

મુનિશ્રી સંતબાલજી

•

સંપાદક :

ગુલાબચંદ જૈન


•


: પ્રકાશક :

લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
મંત્રી
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી – અમદાવાદ – ૧



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# યોગ્યને યોગ્ય સ્થાને

**- સંપાદકીય -**

જગતમાં ચોમેર એક જ બૂમ સંભળાય છે કે યોગ્યને યોગ્ય સ્થાન મળતું નથી. અયોગ્ય લોકો યોગ્ય સ્થાને બેસી ગયા છે. જેના હાથમાં જ્ઞાન રહેવું જોઈએ તેને સત્તા મળી છે; સત્તાવાળાને નોકરી મળી છે; કશી પણ યોગ્યતા વગર વંશપરંપરાથી કોઇ શેઠ બની રહ્યો છે અને આજ્ઞા આપવાની લાયકાત ન હોવા છતાં તે આજ્ઞા આપે છે, અને જેણે આદેશ આપવો જોઈએ તે લોકો માથું નમાવી તેનો આદેશ પાળે છે!

દિવસે દિવસે આ તત્ત્વ વધતું જ રહ્યું છે; સાથે સાથે લોકોનો અસંતોષ પણ વધી રહ્યો છે અને એ અસંતોષના કારણે જેમના પ્રતિ તેમને અસંતોષ છે, એ લોકોમાં વ્યગ્રતા પણ વધી રહી છે. પરિણામ એ આવ્યું છે કે જેને નથી તે પણ સુખી નથી; જેને છે તે પણ સુખી નથી! આવી પરિસ્થિતિ પેદા થવાનાં કારણો જ્યારે કોઈક આત્મા શોધે છે; તે અંગે મંથન કરે છે અને સમાજ સામે રજૂ કરે છે; જેનો સાર એ જ હોય છે કે જે યોગ્ય હોય તેને યોગ્ય સ્થાન આપો! એ જ જીવનને સુખી કરવાનો તાળો છે.

પ્રવૃત્તિઓને લઈએ......!

માણસને જોઈએ કેટલું? બહુ જ ડિલડોલવાળાને વધુમાં વધુ ખાઈ શકે અને સુવા માટે વધારેમાં વધારે જે જગ્યા જોઈએ તેનું માપ લઈએ! ખરેખર એણે એટલું જ મેળવવું જોઈએ-રાખવું જોઈએ. પણ, તેને એ ઘણી ક્ષુદ્રવાત લાગે છે. એટલે તે વધારે મેળવવા અને સાચવી રાખવા પ્રયત્ન કરે છે. એ બીજાના ભોગે પણ એ રીતે ફુગાતો જાય છે. પેટમાં અજીર્ણ થાય ત્યાં સુધી ઠાંસીને ભરનાર જેવી તેની સ્થિતિ છે; મકાનો એટલા બધા થઈ ગયા છે કે ભાડા ઉપજે તેવાં મકાનો તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઠીક પણ સારસંભાળ ન લઈ તેવી મિલ્કતો પણ વધી ગઈ છે. પરિણામે, ફુગાવાનો બલૂન ફૂટે તેમ એક દિવસ એ એની વધારે પડતી ચિંતા કરતો ચાલી નીકળે છે. તેની જિંદગીના ભોગે અને બીજાનાં શોષણે ભેગી થયેલી એની માલ મિલ્કત બીજાઓ લઈ લે છે અને ઘણાં ખંડેરોના અવશેષો જોઈએ છીએ તેમ કેટલાક અવશેષો માત્ર રહી જાય છે. કાગડાઓ પણ ત્યાં ઊડતા નથી. દીવાઓ પણ ત્યાં બળતા નથી...!

એક બીજું ચિત્ર...!

બીજાને, જોઈએ તેટલુંયે મળતું નથી. તે જિંદગી આખી પેલા ફુગાવો પામતાને જોતો રહે છે. તેના શોષણનો એ ભોગ બનતો જાય છે...ધીમે ધીમે તેનો અસંતોષ માનવજાતિ તરફ તિરસ્કારમાં પરિણમે છે...એવી એક વ્યક્તિ બીજાને મળે છે. ટોળું ભેગું થાય છે...માણસની માણસ જાતિ તરફની ઘૃણા ઊભરાતી જાય છે. તે આગળ વધે છે...પ્રતિહિંસાના દશ્યો ઊભાં થાય છે...! માણસને માણસ ફના કરી નાખે એટલી હદે શૈતાનિયત એનામાં આવી જાય છે...

ત્યારે...

એ બચેલાં અવશેષોમાંથી કોઈ પ્રચંડ શક્તિ ઊભી થાય છે. તે માણસાઈને જગાડે છે....! માણસ માણસ વચ્ચે વિશ્વાસ પેદા કરાવે છે. ખપ પૂરતું માણસ રાખે એ ભાવનાને ફેલાવે છે. હળીમળીને સહુ રહે એવો સંદેશ આપે છે...! એટલું જ નહીં પેલાં ભગ્ન અવશેષો દેખાડીને કહે છે કે એને પામનારા પણ દુઃખી હતા, ન પામનારા પણ દુઃખી હતા !

કારણ...

એ પ્રવૃત્તિનો પાયો ખોટો હતો. કારણ કે ભૌતિક સુખોમાં માણસે પોતાનું બધું સુખ માની લીધું હતું. પેલી ફુગાવા પામેલી વ્યક્તિ; ખોટી રીતે લોકજીવનનો આદર્શ બની અને સહુ એની પાછળ દોડ્યા...

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઇકને જિંદગી પૂરી થઈ તોયે ભાન ન આવ્યું; કોઇકને પોણી ગઈ ત્યારે ખ્યાલ આવ્યો તો કોઇકને અંગારા હાથમાં લેતાં ખ્યાલ આવ્યો કે એ આદર્શ ખોટો છે, જિંદગીને દઝાડનારો છે. તેણે મનોમંથનો પ્રેર્યા, વિચારો ફેલાવ્યા અને સચેત કર્યા લોકોને....!

એક જ માર્ગ......!

સાચું સુખ આધ્યાત્મિકતામાં છે, સંયમમાં છે, ન્યાયમાં છે, નીતિમાં છે, ધર્મમાં છે! એને જ જીવનમાં પહેલું સ્થાન અપાવું જોઈએ...! એના પ્રચારક અને પ્રેરક ખરા સંતોને પહેલું સ્થાન મળવું જોઈએ. બીજું સ્થાન છે ધર્મના માર્ગે પ્રેરાઈને ચાલતી લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓનું અને સંતોની પ્રેરણાએ એ માર્ગે વધનારા લોકસેવકોનું અને ત્રીજું સ્થાન છે લોકોનું અને તેમની ન્યાય–નીતિના માર્ગેની પ્રવૃત્તિઓનું...અને છેવટે આવે છે સત્તા–શાસન–રાજનીતિ તેમ જ એના સૂત્રધારોનું...! આવો ક્રમ પ્રવૃત્તિઓ અને વ્યક્તિઓનો કે વ્યક્તિ-ઓના સંગઠનોનો હોવો જોઇએ. આ એક વિચારધારા ચિંતન–મંથનમાંથી પરિણમી છે અને તેને નામ આપવામાં આવ્યું છે....

અનુબંધ વિચારધારા.

અને, એના વિચારક પૂ. સંતબાલજીએ કેવળ એને વિચારધારા રૂપે રહેવા દીધી નથી પણ એને સક્રિય પ્રયોગરૂપે ભાલનળકાંઠાના પ્રદેશમાં આચરી છે અને તેનાં સુંદર પરિણામો ત્યાંની જનતાને એ પ્રયોગમાંથી મળ્યા છે. એટલે તેને દેશ અને દુનિયાના ધોરણે વ્યાપક બનાવવાની જરૂર વધારે ને વધારે આજના યુગે આવીને ઊભી છે. ભૌતિક સુખોની પરંપરા પાછળ દીવાના બનીને જગતના માનવને ફરતો જોઈને તેને ત્યાંથી પાછો વાળવાની અનિવાર્ય અગત્ય ઊભી થઇ છે.

અનુબંધની શાબ્દિક કલ્પના તો કંઈક અંશે કરી ચૂકયો હતો પણ વધારે સ્પષ્ટ કરવા જ્યારે પૂ. સંતબાલજીને મેં કહ્યું ત્યારે એનું રહસ્ય મને બહુ જ નાની વાતમાં સમજાવી દીધું કે: "જુઓ! આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માથું છે. તેનાથી વિચારવાનું કામ થાય; પગ છે તેનાથી ચાલવાનું થાય પણ માથેથી કોઈ ચાલે કે પગથી વિચારે તો તે અયોગ્ય ગણાય એટલું જ નહીં તેનાથી સરળ–સહજ જીવન વહેવાર ન થઈ શકે. એવી જ રીતે માથે પાઘડી શોભે અને પગે જોડા શોભે તેના બદલે પગે પાઘડી અને માથે જોડા કેવા લાગે ? આજે જીવનમાં લોકોને અને પ્રવૃત્તિઓને આવું અયોગ્ય સ્થાન અપાઈ ગયું છે. તેને વ્યવસ્થિત કરતી વિચારધારા એ અનુબંધ વિચારધારા......એની પ્રેરણા કોઈ વ્યક્તિ આપી શકે પણ યોગ્યાનુબંધ બેસાડવા માટે લોકોની સંગઠિત શક્તિ કામે લાગવી જોઈએ. એટલે સુસંગઠન ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.”

અને ખરેખર એ કેટલી જરૂરી છે તેનો ખ્યાલ તો એના ઉપરથી આવશે કે આજે સહુને એમ લાગે છે કે યોગ્ય – યોગ્ય સ્થાને નથી ! આ મુદ્દાનાં પ્રવચનોનાં સંપાદનમાં મને ખરેખર આનંદ આવ્યો છે. એનું કારણ એ કે ઇતિહાસ – અનુભવના આધારે મંથનમાંથી પ્રગટેલી જીવન માટેની ઉચ્ચ વ્યવસ્થાનું આમાં વિચાર – દર્શન માત્ર નથી, પણ પ્રયોગમાં તેને ઢાળીને સફળતા મેળવેલી એ હકીકત છે. અને એ દૃષ્ટિએ પૂ. સંતબાલજી અંગે મારી શ્રદ્ધા ઘણી વધી છે. એમના અંગે મારે કહેવું એ તો દીવો સૂરજને ધરવા જેવું છે !

પ્રવચનો અંતે ચર્ચા – વિચારણાનું પણ પોતાનું આગવું મહત્ત્વ છે તે સહુ સ્વીકારશે.

મદ્રાસ<br>
જૈન બોર્ડિંગ હોમ,<br>
સંવત્સરી<br>
તા. ૩ – ૯ – ૬૨

ગુલાબચંદ જૈન

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બે બોલ

મુનિશ્રી સંતબાલજીને તમો સૌ જાણો છો. તેઓ એક ક્રાન્તિકારી જૈન સાધુ છે. તેઓ આત્મસાધનામાં મગ્ન રહેવા છતાં સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિમાં સક્રિય માર્ગદર્શન અખંડપણે અહોનિશ આપતા રહે છે. તેઓશ્રી માને છે કે હવે માત્ર ઉપદેશથી કામ નહીં ચાલે પણ જે સમાજ–જીવન ચૂંથાઈ ગયું છે; ડગલેને પગલે અશાન્તિ દેખાય છે તેના નિરાકરણ માટે સાધુસંતોએ સક્રિય માર્ગદર્શન આપવું જોઈશે. આ તો જ બની શકે જો સાધુસાધ્વીઓ, પાણ પ્રતિષ્ઠા અને પરિગ્રહનો મોહ છોડે અને સાંપ્રદાયિકતામાંથી મુક્ત બની, સર્વધર્મનો અભ્યાસ કરે. આમ કરવાથી આપોઆપ ગ્રામજનતાનો અને આમજનતાનો સંપર્ક આવી જશે.

આજે કોઈ પણ એક પ્રશ્ન કે એક જ ક્ષેત્રના અનેક પ્રશ્નો લેવાથી સમાજ વ્યવસ્થા પૂર્ણ નહીં બને. જો ધર્મમય સમાજરચના ઊભી કરવી હશે તો માનવજીવનમાં ઊભા થતા સામાજિક, આર્થિક ધાર્મિક, રાજકીય અને દરેક ક્ષેત્રના પ્રશ્નોનો સર્વાંગી વિચાર કરવો પડશે. અને અમલ પણ સંસ્થા દ્વારા જનતા વાટે કરવો પડશે. પ્રાચીન કાળમાં યુગાનુરૂપ આમ થતું હતું; એટલે જ ભારતની સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ બની છે; અને આજ સુધી ટકી છે. આપણે ત્યાં ઘરના ધર્મની ચોકી સ્ત્રીઓ કરતી એટલે કુટુંબ સ્નેહસભર અને પવિત્ર રહેતું. સમાજની ચોકી બ્રાહ્મણો કરતા, તેઓ ક્યાંય વ્યસનો, અપ્રમાણિકતા કે ગેરરીતિઓ પેસી ન જાય તેને માટે સતત ક્રિયાશીલ રહેતા; તેથી દેશ નીતિસભર રહેતો. અને સંતો આખા દેશમાં પરિભ્રમણ કરી સંસ્કૃતિની ચોકી અખંડપણે કર્યા કરતા હતા. રાજ્ય પણ સંતો, બ્રાહ્મણોને આધીન રહીને ચાલતું. આ બધાંના કારણે સમાજ શાન્તિથી જીવતો. અને અધ્યાત્મલક્ષી રહી શકતો; કોઈ જાલીમ દુષ્ટ કૃત્ય કરનાર નીકળતો તો રાજ્ય તેને યોગ્ય નશ્યત કરતું.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ પશ્ચિમ એક થવા લાગ્યાં છે. વિજ્ઞાને દોટ મૂકી છે. એટલે મહારાજશ્રી એ જ પુરાણી સંસ્કૃતિને નજરમાં રાખી, યુગાનુરૂપ નવી ઢબે સમાજ વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે વિશ્વરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ બનતી જાય છે ત્યારે જનતાને ઘડવાનું જ મુખ્ય કામ અગત્યનું બન્યું છે. એટલે એમનાં નીતિનાં પાયા પર સંગઠનો બનાવવાં જોઈએ. એ સંગઠનો સતત સાચે રસ્તે વિકાસ કરતાં રહે તે માટે; તેનું સંચાલન આજના બ્રાહ્મણો કે જે રચનાત્મક કાર્યકરો કહેવાય છે તેમની બનેલી સંસ્થાના હાથમાં મૂકવું જોઈએ. અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાને પણ માર્ગદર્શક પ્રેરણા મળતી રહે તે માટે સાધુસંતોએ ધ્યાન રાખવું જોઈએ. દુનિયાભરનાં રાજ્યોની અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ સાધુસંતોએ ધ્યાન આપવું જોઈએ.

આ સાધુસંતો સર્વાંગી પ્રશ્નોને સમજે, અને તે માટે સાથે બેસી વિચાર વિનિમય કરી શકે તે કારણે સંવત ૨૦૧૭ ના ચાતુર્માસમાં મુંબઈમાં માટુંગા (ગુર્જરવાડી) મુકામે સાધુ સાધ્વી અને સાધક સાધિકાઓનો એક શિબિર યોજવામાં આવેલો. તે સતત ચાર માસ ચાલ્યો, તેમાં જે પ્રવચનો ચર્ચા વ. ચાલ્યાં તેનું પુસ્તક આકારે સંકલન થાય તો બીજાં સાધુ સાધ્વી, સેવકો અને પ્રજાને તેમાંથી ઉપયોગી માર્ગદર્શન મળે તેવી ઘણાં ભાઈબહેનોને લાગણી આવી. ખાસ કરીને પૂ. નેમિચંદ્રજી મહારાજની એવી તીવ્ર ઈચ્છા હતી. પરતુ આટલા બધા સાહિત્યને તૈયાર કરવું, તેનું સંપાદન કરવું, અને પછી છપાવવું તે ઘણું અઘરું કામ હતું. તેને માટે સમય જોઈએ અને સહાય માટે નાણાં પણ જોઈએ. આની વિમાસણ ચાલતી હતી. પણ જે કામ કુદરતને ગમતું હોય છે તે કામને આગળ વધારવા કુદરત જ કોઈકને નિમિત્ત બનાવી પ્રેરણા આપે છે.

માટુંગાના આ શિબિરમાં શીત્રમાં રહેતા શ્રી મણિભાઈ લક્ષ્મીચંદ લોખંડવાળા પ્રથમથી રસ લેતા હતા. તેમને મુનિશ્રી સંતબાલજી ઉપર અપાર શ્રદ્ધા છે. મહારાજશ્રી જે ધર્મકાર્ય કરી રહ્યા છે તે આજના યુગે ખૂબ જરૂરી છે તેમ તેઓ માને છે. એટલે શિબિરનાં કામોમાં અનેક રીતે તેઓ ઉપયોગી થતા હતા. તેમણે કહ્યું કે "મહારાજશ્રીના આ શિબિરપ્રવચનો પુસ્તકરૂપે છપાય અને સાધુસંતોને અપાય તો તેનો લાભ તેમના જીવનવિકાસમાં તો થાય જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ તેઓ છકાયનાં પિયર (સમાજનાં માબાપ) છે તેથી સમાજને માર્ગદર્શન આપવામાં ઘણાં ઉપયોગી થઈ શકે."

તેમના આ શુભ વિચારથી અને પ્રયત્નથી આ પુસ્તકો છાપવાનું મહાન કામ શરૂ કરી શકાયું છે. આ પ્રવચનોનું મુખ્ય તત્ત્વ જાળવી અલગ અલગ મુદ્દાવાર નાનાં નાનાં પુસ્તકરૂપે છપાય; તો વાંચનારને સુગમ પડે એમ લાગવાથી દરેક વિષયના જુદાં જુદાં પુસ્તકો છપાવવાનું નક્કી કર્યું છે. કુલ દશેક પુસ્તકો તૈયાર થશે એવી ધારણા છે.

આ પુસ્તકોનું સંપાદન પણ ટૂંકાણમાં છતાં મૂળ ભાવ અને અનિવાર્ય એવી વિગતો જાળવીને થાય એ જરૂરી હતું. એ માટે પણ શ્રી મણિભાઈ લોખંડવાળાએ મદ્રાસના જૈન વિદ્યાર્થીગૃહના ગૃહપતિ શ્રી. ગુલાબચંદ જૈનનું નામ સૂચવ્યું. તેમને રૂબરૂ મળવા બોલાવ્યા અને વાતચીત કરી અને તેમણે સહર્ષ આ કામગીરી સ્વીકારી.

અંતમાં અમે પૂ. મુનિશ્રી સંતબાલજી તેમજ મુનિશ્રી નેમિચંદ્રજીએ આવું સર્વાંગ સુંદર અનુભવપૂર્ણ સાહિત્ય જનતાને આપ્યું; તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તે જ રીતે સાયનમાં શીવસોસાયટીમાં રહેતા વોરા મણિભાઈ લક્ષ્મીચંદ કચ્છ મુંદ્રાવાળાએ આ પુસ્તકો છપાવવામાં પૂરતો સહકાર આપેલ છે, તેમજ મહેનત લઈ શેઠ શ્રી. પદમશીભાઈ તથા બીજાઓ પાસેથી સહકાર અપાવેલ છે, તે બદલ તેઓશ્રીઓનો આભાર માનીએ છીએ. તેમની મદદ વગર અમે આ સાહિત્ય પ્રકાશિત કરી શકત કે કેમ? તે સવાલ હતો. અને મદ્રાસવાળા શ્રી. ગુલાબચંદ જૈન કે જેમણે અનેક જવાબદારીઓ હોવા છતાં આ કામને ધર્મકાર્ય માની સમયસર સંપાદન કર્યું છે તેમનો પણ આભાર માનીએ છીએ. પૂ. શ્રી દંડીસ્વામી, શ્રી માટલિયા, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિકસંઘ વગેરેએ પણ પ્રેરણા આપી છે, તેથી તેમનો અને જ્ઞાત, અજ્ઞાત સૌએ જે સહકાર આપ્યો છે તેમનો પણ અમે આભાર માનીએ છીએ.

સાધુસંતો, સાધ્વીઓ, સેવકો અને જનતા આ પુસ્તકોનો અભ્યાસ કરી સ્વપર કલ્યાણનો સ્પષ્ટ માર્ગ અખત્યાર કરશે એવી અમને આશા છે.

તા. ૨૪-૪-૬૨ સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ, મુંબઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આમુખ

'અનુબંધ વિચારધારા' શબ્દ હવે તો સારી પેઠે પ્રચલિત થઇ ગયો છે. આ 'આમુખ' લખાય છે ત્યારે દક્ષિણ ભારતનો પ્રવાસ અને મદ્રાસનો ચાતુર્માસ પૂરો કરી પ્રિય નેમિમુનિ દિલ્હી ભણી આવી રહ્યા છે. ભાલનલકાંઠા પ્રયોગના પાયામાં ગામડું છે. પણ એ ગામડાં સાથે પૂરકરૂપે નગર અને આંતરરાષ્ટ્રીય જગત રહેલું છે. મુંબઈ જેવી આંતરરાષ્ટ્રીય બંદરરૂપી નગરીમાં ત્રણ ત્રણ ચાતુર્માસ કર્યાં. કોંગ્રેસ અને ઇન્ટુકના કાર્યકરોનો સંપર્ક નગરીની દૃષ્ટિએ થયો. રચનાત્મક કાર્યકરોનો થયો. સાધુસન્યાસીઓ પૈકીના કેટલાક મુખિયાઓનો તથા આખ્યાનકારો તેમ જ ભકતોનો થયો. કેટલીક બીજી સંસ્થાઓનો થયો. ત્રણચાર માતૃસમાજો રચાયા. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘનો દૃઢ પાયો રોપાયો. ત્યારબાદ સાધુસાધ્વી શિબિર યોજાયો. પછીથી દક્ષિણ ભારતનો નેમિમુનિનો પ્રવાસ થયો અને હવે હું અને તેઓ ઉત્તર ભારત તથા બીજા ભારત પ્રદેશો માટે નીકળ્યા છીએ ત્યારે આ પુસ્તક નં. ૨ તરીકે બહાર પડે છે એ આનંદપ્રદ ઘટના છે.

'અનુબંધ' શબ્દમાં મૂળે ચાર તત્ત્વો છે (૧) ગામડું, (૨) કોંગ્રેસ, (૩) એ બન્નેને સાંધતી નૈતિક કડીરૂપ રચનાત્મક કાર્યકરો અને (૪) ક્રાન્તિપ્રિય સાધુસાધ્વીઓ કે જે ઉપલાં ત્રણે સંગઠનોને ધાર્મિક આધ્યાત્મિક પ્રેરણા આપનારા છે. આનો ક્રમ ખરી રીતે (૧) રાજ્ય, (૨) રાજ્યને રોજ દોરવણી આપનાર ગ્રામ અને નગરનાં પ્રજા સંગઠનો (૩) રાજ્ય અને પ્રજાસંગઠનોને નૈતિક દોરવણી આપનાર સેવક સંગઠનો તથા એ ત્રણેયને પ્રેરણા કે માર્ગદર્શન આપનાર સાધુસંત વ્યક્તિઓ. આ જાતનો છે. તેમાં મુખ્ય દૃષ્ટિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધર્મમય અથવા અહિંસક-સમાજરચનાની છે. આજે કાં તો મૂડીવાદી સમાજરચનાની બોલબાલા છે અથવા તો રાજ્યસત્તા દ્વારા અંકુશિત સમાજરચનાની બોલબાલા જગતમાં ચાલી રહી છે. અલબત્ત ભારતીય કોંગ્રેસ લોકલક્ષી લોકશાહી દ્વારા ઉપરની જાગતિક સમાજરચના બદલવામાં અપૂર્વ ભાગ ભજવી રહેલ છે. પણ એકલી રાજ્યસંસ્થા આ કામ નહીં કરી શકે. તેવી જ રીતે આખા જગતમાં ધર્મમય સમાજરચના લાવવી હોય તો એકલા ક્રાંતિપ્રિય સાધુ-સંતો પણ તે ભગીરથ કામ કરી નહીં શકે. જનસંગઠનો સુદ્ધાં એકલા નહીં કરી શકે અને એકલદોકલ રચનાત્મક સેવકોની સંસ્થા પણ નહીં કરી શકે. આ કામ તો આ ચારેય તત્ત્વો અનુક્રમે અનુસંધાન પામે તો જ કરી શકે તેમ છે.

સદ્‌ભાગ્યે વિજ્ઞાને જગતને સ્થૂળ રીતે નજીક લાવી મૂક્યું છે. રાજકીય રીતે સંયુક્ત રાષ્ટ્રસંસ્થા મારફત ભારતીય કોંગ્રેસે ‘અજાતશત્રુ’ જેવી સક્રિય તટસ્થ રાજનીતિને ભારતરાજ્ય દ્વારા પંડિત જવાહરલાલની રાહબરી તળે અપનાવીને ત્રીજું વિશ્વયુદ્ધ થંભાવી વિશ્વચકિત કાર્યવાહી બજાવી છે. પણ હજુ લોકલક્ષી લોકશાહી ભારતમાં અને જગતમાં અસરકારક નહીં બનેલ હોઈ સામ્યવાદી ચીને દગાખોર આક્રમણ કરીને ભારતને કપરી કટોકટીમાં મૂકી દીધું છે. તેવા વખતે પણ સદ્‌ભાગ્યે ભારત રાજ્યસપાટીએ પોતાના પ્રાણમોંઘા સિદ્ધાંતો જાળવી રહ્યું છે. આ જ સમયે જો અનુબંધ વિચારધારા ભારત દ્વારા જગતમાં અમલી બનવાનો કાર્યક્રમ ઉપડે તો કદાચ જગતની માનવજાતને કાયમી શાંતિના રાહની ઝાંખી થતાં વાર ન લાગે.

આ બધું પ્રજાકીય સપાટીએ પાર પાડવા માટે ગામડાં, માતૃજાતિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા પાછળ રહી ગયેલા પ્રજાવર્ગો અહિંસક પ્રતિકાર દ્વારા અગ્રસ્થાન પામે તો વિશ્વશાન્તિને કાયમી થવામાં કશી અડચણ ન રહે.

આટલી મુખ્ય ભૂમિકા સમજવા માટે 'અનુબંધ વિચાર'ની તાત્ત્વિક ભૂમિકા, તેનો ભાલનલકાંઠા પ્રયોગ અન્વયે ગૂજરાત અને મુંબઈમાં થયેલો અમલી અનુભવ તથા જિજ્ઞાસુભાવે મુકત મને શિબિરાર્થી ભાઈબહેનોએ તે પરત્વે કરેલી ચર્ચા દ્વારા આ પુસ્તક સંગીન માહિતી પૂરી પાડશે, એવો મને વિશ્વાસ છે. પુસ્તકનાં પ્રકરણો પોતે જ વિગતો આપી દે છે, એટલે એ વિષે અહીં વધુ લખવું જરૂરી નથી.

આ પુસ્તક તૈયાર કરવામાં સંપાદક ભાઈશ્રી ગુલાબચંદભાઈ એ, તેના પૂર્તિસંશોધક તરીકે પ્રિય નેમિમુનિએ તેમ જ 'ગેટઅપ' વ. તૈયાર કરવામાં સુરત પ્રતાપ પ્રેસના કારીગરો, પ્રૂફ તપાસનાર તથા કાર્યકરોએ જે શ્રમ લીધો છે તેનો અહીં પુનઃ ઉલ્લેખ કરી લેવો જરૂરી છે. આ બધાં પુસ્તકોમાં મુખ્યત્વે આર્થિક મદદ સ્વેચ્છાએ અતિપરિશ્રમ અને આદરભાવે ભાઈશ્રી મણિભાઈ લોખંડવાળા તેમજ તેમના સાથીઓએ કરી છે, તે તો વાચકોની જાણમાં આ પહેલાં આવી જ ચૂકયું છે.

આશા છે આ બધા પરિશ્રમને વાચક વર્ગ જાતે અમલ કરી તથા પ્રચાર દ્વારા અમલ કરાવીને સફળ બનાવી મૂકશે.

બાવલા સંત આશ્રમ,<br>
તા. ૨૦-૧૨-૫૨

'સંતબાલ'

★

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | અનુબંધ વિચારની ભૂમિકા | ૧ |
| ૨. | અનુબંધ વિચારધારાનાં વિવિધ પાસાંઓ – ૧ | ૩૧ |
| ૩. | ,, ,, , ,, – ૨ | ૫૨ |
| ૪. | ,, ,, ,, ,, – ૩ | ૬૪ |
| ૫. | અનુબંધ વિચારધારાનાં અંગો | ૮૪ |
| ૬. | અનુબંધ વિચારધારામાં રાજકીય સંસ્થાઓનું સ્થાન | ૯૭ |
| ૭. | અનુબંધ વિચારધારામાં રાષ્ટ્રીય મહાસભાનું સ્થાન | ૧૧૦ |
| ૮. | અનુબંધ વિચારધારામાં લોકસંગઠનનું સ્થાન | ૧૨૯ |
| ૯. | અનુબંધ વિચારધારા અને ગ્રામસંગઠન | ૧૪૦ |
| ૧૦. | અનુબંધ વિચારધારામાં નૈતિક ગ્રામસંગઠન | ૧૫૫ |
| ૧૧. | ગ્રામસંગઠનની આર્થિક અને સામાજિક સ્થિતિ | ૧૬૬ |
| ૧૨. | ગ્રામસંગઠન વડે મૂલ્ય પરિવર્તનની પ્રક્રિયા | ૧૮૦ |
| ૧૩. | અનુબંધ વિચારધારામાં નગર–લોકસંગઠન | ૧૯૪ |
| ૧૪. | સર્વાંગી અનુબંધ દૃષ્ટિવાળું લોકસેવક સંગઠન | ૨૦૬ |
| ૧૫. | લોકસેવકો અને ક્રાંતિપ્રિય સાધુવર્ગનો અનુબંધ | ૨૧૯ |
| ૧૬. | અનુબંધકારની યોગ્યતા અને કાર્યક્ષેત્રનું પૃથક્કરણ | ૨૪૨ |
| ૧૭. | વિશ્વવત્સલ સંઘનું સ્વરૂપ | ૨૬૧ |


☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારની ભૂમિકા [ ૧ ]

મુનિશ્રી સંતબાલજી ] [ ૧૮-૭-૬૧

### જગત-જીવનનો પ્રબંધ

પ્રાચીનકાળથી આજ સુધી માનવ-જીવનના ઇતિહાસમાં મુખ્યત્વે અને જીવ-સૃષ્ટિમાં સામાન્ય રીતે માનવ-માનવ વચ્ચે, જીવ-જીવ વચ્ચે કે માનવ-જીવ વચ્ચેના સંબંધો જીવનની દૃષ્ટિએ બગડતા હોય છે, ત્યારે કોઈ ને કોઈ ક્રાંતિપ્રિય સાધુસંન્યાસી, વિચારક કે સર્વાંગી દૃષ્ટિવાળા સેવક મહાત્માને આગળ આવતા અને એ સંબંધોને સુધારવા માટેનો આજીવન પ્રયત્ન કરતા જોવામાં આવે છે. વિશ્વની જીવસૃષ્ટિનો એક ક્રમ છે-અને તે ક્રમ પ્રમાણે દરેકે પોતાનું જીવન જીવવાનું છે. અલગ-અલગ જીવસૃષ્ટિઓ છે અને તેમની પાસે તેમના માનસિક કે બૌદ્ધિક વિકાસ પ્રમાણે અમૂક અપેક્ષાઓ પણ રખાય છે અને વિવેકપૂર્ણ દરેક પોતાના જીવનને જીવે અને જીવવા દે, એ આ સમતુલાની પાછળનો હેતુ છે. એ રીતે ખાસ કરીને માનવે આ સંબંધો જળવાઈ રહે તે માટે ઘણી વિચારણા કરી છે અને જ્યારે જ્યારે આ સંબંધો બગડે છે કે તૂટે છે ત્યારે ત્યારે વિશ્વનું જીવન ભય, અશાંતિ અને અ-રક્ષિત-પણામાં આવી પડે છે. એટલે આ બધા સંબંધો સંધાયેલા અને સંકળાયેલા રહે, તે માટેના બંધનો, મર્યાદાઓ અને હક્ક નક્કી કરવામાં આવ્યા અને તેને નીતિ કહેવામાં આવી. નીતિનું ખંડન થતાં તેનું નિરાકરણ કરવામાં ન્યાય શબ્દ આવ્યો પણ એનાથી લોકોને જે પવિત્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જવાબદારીનું ભાન થવું જોઈએ તે ન થતાં જે વિચારસરણી રજૂ થઈ તેને પવિત્ર કરાર કે ધર્મ, નામ આપવામાં આવ્યું. આ ધર્મ શબ્દરૂપે ભલે ગમે ત્યારે રજૂ થયો પણ ભાવના રૂપે તો જીવ-સૃષ્ટિમાં અનાદિકાળથી ચાલ્યો આવે છે.

આ આખું વિશ્વ એક, અખંડ અને પરસ્પરના સંબંધે બંધાયેલું છે. અસંખ્ય જીવસૃષ્ટિ આગળ માનવજીવસૃષ્ટિ તો જલાશયનાં ટીપાં જેવી છે તે છતાંયે વિવેક, જ્ઞાન અને વિચારની દૃષ્ટિએ માનવથી કોઈ પણ ચઢિયાતું પ્રાણી નથી. આ વિશ્વના બધાય પ્રાણીઓનો પરસ્પર સંબંધ છે અને એટલા માટે એકબીજાનો પરસ્પર વહેવાર, ઉપકાર કે પ્રભાવ હોય તે સ્વાભાવિક છે. આ બધા પ્રાણીઓમાં પણ માનવપ્રાણી વિચારવાન અને વિવેકશીલ હોઈને તેણે સમસ્ત વિશ્વ તરફ એક ખાસ ફરજ બજાવવાની હોય છે. સામાન્ય મનુષ્યે બીજાના જીવનને ભયમાં ન મૂકીને અને સાથે જ પોતે પણ નિર્ભય બનીને જીવવાનું છે. એ જ રીતે માનવ સમાજે અને મુખ્યત્વે સમ્યક્દૃષ્ટિએ તેની સુરક્ષા-સંબંધોની જાળવણી, અને સંતુલિત વહેવાર બન્યો રહે તે જોવાનું છે. આ સંબંધો બગડતા હોય તો જેમ ડોકટર દર્દીનું ઑપરેશન કરીને રોગનું નિદાન કરે તે રીતે સમાજની વિશિષ્ટ વ્યક્તિઓએ સડાને દૂર કરવા માટે પ્રયત્ન કરવાનો છે. આમ વિશ્વ-જીવનની સમતુલાને સાચવવી એ તેમની એક પવિત્ર ફરજ છે.

એક ઘડિયાળ છે. તેના નાનામાં નાનાથી મોટામાં મોટાં પૂર્જાઓ-ચક્કરોનું પોતાનું મહત્વ છે. જો એક બગડી જાય તો ઘડિયાળ અટકી પડે અને જો તેને ફરીને ચાલુ ન કરવામાં આવે તો બીજા ચક્કરોને કાટ લાગે અને તે પણ બગડી જાય. શરીરના બધા અંગો છે. ગૂમડું એક ઠેકાણે થયું છે. જો તેનો ઇલાજ ન કરવામાં આવે તો તેનો ચેપ બીજે પ્રસરે, અને પીડા આખા શરીરને થાય. એવી જ રીતે વિશ્વ-જીવનની સમતુલા ન જળવાય તો આખું વિશ્વ-જીવન અશાંત અને અવ્યવસ્થિત બની જાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ વ્યવસ્થાને સાચવી રાખવા માટે ઉપર બતાવવામાં આવેલ છે તે પ્રમાણે નીતિ-ન્યાય આવ્યાં અને પછી પવિત્રકરારોના નામે જે વસ્તુ રજૂ થઇ તેને "ધર્મ" એવું નામ આપવામાં આવ્યું. પણ આ 'ધર્મ'નું પાલન તો ધાર્મિકો-કે સમાજ વગર ન થઇ શકે. એટલે તેના પરિવાહન માટે સંગઠિત-બળો રચાયાં. આ સંગઠિત ધર્મ અને નીતિનાં બળોનું કામ પવિત્ર કરારોનું પાલન થાય, લોકો એ તરફ વળે એ જોવાનું રહ્યું.

**અનુબંધની ભૂમિકા :**

ધર્મ થયો, ધાર્મિકો થયા, સંગઠિત ધર્મ-નીતિનાં બળો થયાં પણ આ બધાનું સંકલન કરવા માટે એક કર્તવ્ય-ભાવના ન હોય તો કંઈ પણ કાર્ય ન થઈ શકે. આ ભાવનાની રૂએ વિશ્વની સમતુલા જાળવવાની છે, જગત-જીવનની વ્યવસ્થાને યથાયોગ્ય રાખવાની છે, બગડેલા સંબંધો સુધારવાના છે, તૂટેલા સંબંધો સાંધવાના છે અને લોકજીવનને વિશ્વવાત્સલ્ય સંબંધ દ્વારા વ્યવસ્થિત બનાવવાનું છે.

બધા ધર્મોની દૃષ્ટિએ જ્યારે આ ભાવનાને વ્યક્ત કરતા શબ્દનો પ્રશ્ન આવે છે ત્યારે "અનુબંધ" એ જ શબ્દ યોગ્ય અને વ્યાજબી લાગે છે. આ શબ્દ કોઈ નવો નથી પણ જ્યારે તેને નવી રીતે રજૂ કરવામાં આવે છે ત્યારે તેની ચોક્કસ પ્રક્રિયા અને શક્તિનો ખ્યાલ આવે છે.

**શબ્દ-વ્યાખ્યા :**

રોજ એકની એક પ્રાર્થના બોલાય છે. તે છતાં જ્યારે પ્રાર્થનાનો અર્થ નવી રીતે રજૂ કરવામાં આવે છે ત્યારે માણસને નવી પ્રેરણા અને ચેતના મળે છે અને તે નવા ઉત્સાહને મેળવે છે. એવું જ 'અનુબંધ'નું છે.

'અનુબંધ' શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે તે એનો સાચો જ અર્થ વ્યક્ત કરે છે. "અનુ" કે "અણુ" એટલે વિશ્વના નાનામાં નાના કણ સાથેનાં 'બંધ' એટલે સંબંધ-એ દૃષ્ટિએ 'અનુબંધ' એટલે વિશ્વના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાનામાં નાના અણુઓનો પરસ્પરનો સંબંધ-સાંકળો એવો અર્થ સ્પષ્ટ થાય છે. આ સાંકળ જ વિશ્વ-જીવનને ટકાવી રાખે છે. એટલે એ સંબંધને ટકાવી રાખવાની જે ભાવના છે તે અનુબંધ છે.

એ ઉપરથી એ સ્વીકારવું જોઇએ કે વિશ્વમાં જડ અને ચેતનનું જે સ્થાન છે તેને તે પ્રમાણે મહત્ત્વ આપવું જોઈએ. આમાં નગર વસતિ વગરનું ઉજ્જડ ગણાય. મકાન રહેનાર વગરનું વેરાન ગણાય તેમ વિશ્વમાં ભલે જડ પદાર્થ ભરપૂર હોય પણ જો આત્મા ન હોય-જીવસૃષ્ટિ ન હોય તો તેની કશી કિંમત નથી. એટલે અહીં અનુબંધનો વિચાર જીવસૃષ્ટિ સાથે કરવાનો છે. એ દૃષ્ટિએ એમ પણ કહી શકાય :—

आत्माऽनुफलो, ध्येयानुफलो वा यः सम्बन्धः सोऽनुबंधः

—આત્માનુકૂળ કે ધ્યેયાનુકૂળ જે પરસ્પરનો સંબંધ છે તે અનુબંધ છે. આને બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કેઃ—

अव्यवस्थिता विश्वबन्धाः (प्रबन्धाः) व्यवस्थाऽनुफलाः क्रियन्ते येनाऽसौ अनुबन्धः

—એટલે કે વિશ્વના (વ્યક્તિ, સમાજ અને સમષ્ટિ) અવ્યવસ્થિત કે બગડેલા પ્રબંધો જેના વડે સુધારી શકાય તે અનુબંધ છે. આ દૃષ્ટિએ વ્યક્તિ, સમાજ અને સમષ્ટિરૂપ વિશ્વના શુભબળોને વ્યવસ્થિત કરવા, શુભગુણોને પ્રતિષ્ઠિત કરવા, વાત્સલ્ય દૃષ્ટિએ સંબંધિત કરવા એનું નામ 'અનુબંધ' છે.

### અનુબંધના ઉલ્લેખો :

અનુબંધ શબ્દ નવો નથી કે એની પાછળની ભાવના નવી નથી. પણ જ્યારે તેને નવા અર્થમાં રજૂ કરવામાં આવે ત્યારે તે નવો લાગે છે અને આજે અનુબંધનું નામ આવે એટલે લોકો તરત કહેશે કે એ તો "સંતબાલનો અનુબંધ" આ શબ્દ મેં કોઈ નવો કાઢયો નથી એવો મારે વિનમ્ર ખુલાસો કરી દેવો જોઈએ. જ્યારે વ્યક્તિ, સમાજ, સમષ્ટિ અને ક્રાંતિપ્રિય સાધુ વર્ગ વચ્ચેની પવિત્ર ધર્મ ભાવનાનો ઊંડો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચાર આવ્યો ત્યારે એને વ્યક્ત કરવા માટે જે શબ્દ યોગ્ય હતો, તે 'અનુબંધ' એટલે અનુબંધને રજૂ કરવામાં આવ્યો.

અનુબંધ શબ્દ આપણે ત્યાં પ્રાચીન કાળથી વપરાતો ચાલ્યો આવે છે. વૈદિક ધર્મમાં તો તેનો ઉલ્લેખ ઘણા સ્થળે મળે છે. જૈન સૂત્રોમાં પણ અનુબંધ શબ્દ વપરાયેલો છે. ત્યાં અનુપ્રેક્ષા અને અનુયોગ શબ્દો સવિશેષે મૂકવામાં આવ્યા છે. આ બન્ને શબ્દો એક યા બીજી રીતે અનુબંધનું કાર્ય જ કરે છે. સામાન્ય રીતે જૈનગ્રંથોમાં 'બંધ' શબ્દનો ઉપયોગ એક યા બીજી રીતે કર્મબંધનમાં ઘટાવવામાં આવતો હોઈને 'અનુબંધ' શબ્દને બદલે 'અનુયોગ કે અનુપ્રેક્ષા શબ્દો જોવા મળે છે. એટલે પહેલી નજરે અનુબંધ શબ્દથી જૈનો જરા ભડકે, એ સ્વાભાવિક છે. પણ આ જીવનની દરેક પળ કોઇને કોઈ ક્રિયા કરતું હોય છે અને દરેક ક્રિયામાં અશુભકર્મનો જ બંધ થાય છે, એમ માનવું એ જરા વધારે પડતું છે. દરેક ક્રિયાના પરિણામ માટે ત્રણ સૂત્રો જૈનદર્શનમાં બતાવવામાં આવ્યા છે:—(૧) 'ક્રિયાત: કમ' એટલે કે ક્રિયાએ કર્મ થાય છે; (૨) 'ઉપયોગે ધર્મ': એટલે કે એમાં ઉપયોગ વિવેક રાખ્યો હોય તો ધર્મ થાય છે અને (૩) 'પરિણામે બંધ:' એ ક્રિયાના પરિણામો વડે કર્મબંધન થાય છે. આનો ટુંક સાર એ છે કે ક્રિયા કરવી પડે છે, પણ તેમાં ઉપયોગ રાખવામાં આવે–રાગદ્વેષ રહિતપણું જાળવવામાં આવે તો તે બંધનકર્તા ન થતાં, ધર્મ બને છે અને દરેક ક્રિયા જેવા પરિણામે કરવામાં આવેલી હોય તે પ્રમાણે તે શુભ કે અશુભ કર્મ બને છે. આ ત્રણે સૂત્રો પાછળનો જે આશય છે તે એકે ઉપયોગ પૂર્વક કાર્ય થવું જોઇએ. જે બીજાશબ્દોમાં અનુબંધ ભાવપૂર્વક કર્મ કરવું જોઇએ, એ પ્રતીતિ કરાવે છે.

ગીતાના અઢારમા અધ્યાયમાં એક શ્લોક છે:—

अनुबन्धं क्षयं, हिंसामनवेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म तत्ताम समुदाहृतम् ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ અધ્યાયનું નામ મોક્ષ–સંન્યાસ યોગ છે. તેના અનુસંધાનમાં કહેવામાં આવ્યું છે કે જેને મોક્ષ મેળવવાને વિચાર હોય તેને કર્મની શરૂઆત કરતાં પહેલાં–પ્રવૃત્તિ કે પુરુષાર્થનો પ્રારંભ કરતાં પહેલાં–વિચારવું જોઈએ કે આ કર્મ મોહથી ઊભું થયેલું તો નથીને ? એટલે કે દરેક કર્મ કરવાની સાથે એનો અનુબંધ, ક્ષય, હિંસા અને પૌરુષનો વિચાર કર્યા વગર કોઇપણ કર્મ કેવળ મોહવશ થઈને જડવત, કરવાથી તેનું પરિણામ સારું આવતું નથી. કેટલીક વાર ઘણા માણસો ‘ધમાલ’ કરી મૂકે છે પણ તેનું પરિણામ કંઇ પણ આવતું નથી. એ તો પાણીને વલોવીને માખણ કાઢવા જેવી નિરર્થક પ્રવૃત્તિ છે.

માણુસની વ્યાખ્યા હમણાંજ કરવામાં આવી છે ‘मत्वा कार्याणि सीव्यतीति मनुष्यः’ એટલે કે જે વિચાર કરીને કાર્ય કરે તે માણસ છે. એટલેજ ‘ગીતા’ કહે છે કે કાર્ય કરતાં પહેલાં વિચારવું જોઇએ કે આ કાર્યમાં અનુબંધ બરાબર છે કે નહીં ? તે વિશ્વની સમતુલા જાળવી રાખનારું કે સંસ્કૃતિની રક્ષા કરનારૂં છે કે નહિ ? જે સંસ્કૃતિ કે ધર્મ-પરંપરા ચાલી આવે છે તેના સાતત્યની રક્ષા આ કર્મથી થાય છે કે નહીં...? એનો જો સુમેળ ન હોય અનુબંધ ન હોય તો તે કેવળ શક્તિનો ક્ષય છે, હિંસા છે અને એ પુરૂષાર્થ કેવળ મોહવશ આરંભાયેલું તામસ કર્મ છે.

**અનુબંધનું કાર્ય :**

એટલે અનુબંધનું કાર્ય એ છે કે જે વિશ્વની સમતુલા છે તે જાળવી રાખવાની; જે સનાતન સત્ય છે તેને સતત ટકાવી રાખવું અને જ્યાં એ સાતત્ય તૂટતું હોય તેને સાંધવું. આ ‘અનુબંધ’ શબ્દ ધર્મ અને સંસ્કૃતિના સાતત્યને ટકાવી રાખવા સાથે જ્યારે એમાં સડો થાય ત્યારે તેને દૂર કરવા માટેનું કાર્ય કરવા માટે વાપરવામાં આવે છે.

## સત્યની રક્ષા જરૂરી છે ? :

અહીં ઘણાને પ્રશ્ન થશે કે ‘સત્ય’ તો સનાતન છે. તેનો તો નાશ થતો નથી. ગીતા પણ કહે છે કે “ नासतो विद्यते भावो ना भावो विद्यते सत : ” તો પછી સત્યની રક્ષા કરવાની જરૂર શી છે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ વાત ખરી છે કે સત્ય જીવે છે. તે મરતું નથી પણ તે નીચે પડી શકે છે. સત્ય ઉપર આવરણ આવી શકે છે તેની પ્રતિષ્ઠા ઘટી શકે છે અને અસત્યની સમાજમાં બોલબાલા થઈ શકે છે એ પણ હકીકત છે. આવા વખતે સત્ય સાથે અનુબંધ જોડીને જે સારૂં હોય તેને રાખવું જોઇએ અને જે કાઢવા જેવું હોય તેને કાઢવું પણ જોઈએ. એટલા માટે જ વિશિષ્ટ વ્યક્તિઓની પવિત્ર ફરજ તરીકે ઇશાવાસ્યોપનિષદ્માં કહ્યું છે :—

'हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखं ।
तत्त्वं पुषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥'

એટલે કે સત્યનું મોં સોનાના (મોહમાયાના) ઢાંકણાથી ઢાંકેલું છે. હે સમાજપોષક! તેને (ઢાંકણાને) તું લોકોને સત્યધર્મના દર્શન કરાવવા માટે ઉઘાડ.

આ શ્લોકમાં સત્યની રક્ષા દરેક ક્ષણે સત્યાર્થીએ કરવી જોઇએ, તે તરફ ઇશારો કર્યો છે. સત્ય ખરેખર મટતું નથી, પણ તેના ઉપર આવેલ આવરણને દૂર કરવાથી જ તે પ્રગટ થઈ શકે છે. ઘરમાં કચરો આવી ગયો હોય તો તેને વાળીને સાફ કરવાની જરૂર રહે છે. રોજેરોજ કચરો વાળવા છતાં ખૂણેખાંચરે પડેલા જાળાં તથા કચરાને સાફ કરવાની પણ જરૂર રહે છે; તે માટે જેમ દીવાળી વગેરે તહેવારો ઉજવાય છે. તેમજ સમાજમાં આવેલ અનિષ્ટોરૂપી કચરાને રોજેરોજ સાફ કરવાની જરૂર છે, અને છતાં ખૂણેખાંચરે રહી ગયેલ જાળાં-કચરા વગેરેની સાફસૂફી કરવી જરૂરી છે. તેને માટે તપ-ત્યાગ-બલિદાન વગેરે કરવાની સત્યધર્મી લોકોની પવિત્ર ફરજ હોય છે.

કેટલીક વાર સારા શબ્દો ખરાબ અર્થમાં વપરાય છે, અથવા તેનું મૂલ્યાંકન તે રૂપે રહેતું નથી. જેમકે 'ભદ્ર' શબ્દ એટલે કલ્યાણકારના અર્થમાં વપરાતો હવે તે 'ભદ્રા'—એટલે કે ખરાબના અર્થમાં વપરાય છે. સાધુ અને બાપા શબ્દો સારા છે પણ જ્યારે તે સાધુડા અને બાવાના અર્થમાં વપરાય છે ત્યારે તેમાંથી ઘૃણા ટપકતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નજરે પડે છે. ત્યારે એનું તત્ત્વ રાખીને, રક્ષણ નિમિત્તે બાકીનો સડો કાઢી નાખવો જોઈએ.

બૌદ્ધ ધર્મગ્રંથોમાં ચાર આર્ય સત્યોમાં એક સત્યરૂપે વિજ્ઞાનને બતાવવામાં આવ્યું છે. આ વિજ્ઞાનના બે પ્રકારો છે:—(૧) આલય વિજ્ઞાન, (૨) પ્રવૃત્તિ વિજ્ઞાન. આલય-વિજ્ઞાન એટલે જે સતત ચાલ્યું આવે છે તે અને પ્રવૃત્તિ વિજ્ઞાન એટલે કે એક ક્ષણે ટકે અને બીજી ક્ષણે નાશ પામે તે. આ બન્ને શબ્દો વડે બૌદ્ધ ધર્મે અનુબંધની વાત કરી છે. ધર્મ-સાતત્યની રક્ષા સાથે આજે જે વસ્તુ ગોઠતી હોય અને કાલે એ ન ગોઠતાં તોડવી પડે તો તેને તોડવી. આવી પરિવર્તનશીલતા અનુબંધ વિચારધારાના પાયામાં છે.

## અનુબંધની જરૂર છે ખરી ?

આ બધી ચર્ચા-વિચારણા પહેલાં ઘણા એમ પણ પૂછી શકે કે શું 'અનુબંધ'ની જરૂર છે ખરી? તેના ઉત્તરમાં એટલું જ કહેવાનું છે કે તેની જરૂર છે; એટલું જ નહીં પણ તે આવશ્યક છે. "धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा" એ વેદ વાક્ય અને "सत्येन धार्यते पृथ्वी" આ સ્મૃતિ વાકય પ્રમાણે ધર્મ કે સત્ય એ વિશ્વની આધાર શિલા છે; પણ જો તેનો અનુબંધ તેના પાળનારા સાથે વ્યવસ્થિત ન હોય કે તેનો અનુબંધ બગડતો હોય તો એકલા ધર્મથી વિશ્વ વ્યવસ્થિત થઈ શકતું નથી. એક રીતે એમ કહી શકાય કે સમસ્ત વિશ્વની સમતુલામાં ચૈતનાનો સંચાર કરનાર સમગ્ર વિશ્વને વાત્સલ્યની શ્રૃંખલાથી સાંધી રાખનાર, વિશ્વસમાજના ધારણ-પોષણ-રક્ષણ-સત્યસંશોધન કરનાર ધર્મને ગતિ આપનાર એ જીવન-તાર (Living wire) છે.

એટલે અનુબંધ વિચારધારા દરેક ક્રિયાની પાછળનો ઉપયોગ જોઈને તેનો યથાયોગ્ય સંબંધ ધર્મ સાથે સાંધે છે અને જે જે સંધાયા નહીં તેને છોડવાનું કહે છે. બીજા શબ્દોમાં જે પ્રક્રિયા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વડે 'ધર્મ-સંબંધ' જળવાતો હોય તેનો વિચાર એ 'અનુબંધ વિચાર' છે.

**પાપ-પુણ્યનો અનુબંધ એટલે કે મોક્ષ :**

જૈન વિચારકો કેટલીક વખત એમ કહે છે કે "પુણ્યને છેટું કરો અથવા તો પાપથી જ વેગળા રહો નહીં તો ધર્મ આવશે નહીં." એટલે કે મોક્ષ મળશે નહીં. પણ એમાંયે જો અનુબંધનો વિચાર નહીં હોય તો તેમ નહીં થાય. અનુબંધ માટે જૈનાચાર્ય કહે છે કે :—

'पुष्टिः पुण्योपचयः शुद्धिः पापक्षयेन निर्मलता ।
अनुबन्धिनि द्वयेऽस्मिन् क्रमेण मुक्तिः परा ज्ञेया ॥

—પુણ્યનો પહેલાં ઉપચય-સંગ્રહ કરીને સમાજજીવનની પુષ્ટિ કરવી જોઈએ, સાથોસાથ સમાજમાં પડેલાં પાપો ને અનિષ્ટોને નાબુદ કરીને શુદ્ધિ પણ સાથે કરવી જોઈએ. આમ બન્નેનો અનુબંધ-એટલે કે પુણ્યની પુષ્ટિ અને પાપની શુદ્ધિ થયા પછી ક્રમશઃ પરામુક્તિ થાય છે.

આ કહેવાનું કારણ એટલું જ છે કે ઘણા સાધકો, ધર્મના નામે કેવળ એવો પ્રચાર કરતા જોવામાં આવે છે કે અમે આત્માની મુક્તિના પંથે છીએ અને એવા એકાંત આત્મવાદના નામે તેમણે જે પુણ્યની પુષ્ટિ અને પાપની શુદ્ધિ કરવી જોઈએ—સમાજમાં કરાવવી જોઈએ તેનાથી દૂર રહે છે. પરિણામે ધર્મ અને ધાર્મિકો વચ્ચે સિદ્ધાંત અને વ્યવહારનો જે અનુબંધ (મેળ) તેમણે બેસાડવો જોઈએ તેનાથી અતડા બનીને વિચરે છે.

**અનુબંધકાર :**

ઉપરની વ્યાખ્યા પ્રમાણે એ સ્પષ્ટ છે કે દરેક ક્રિયા પાપ (અશુભ) કર્મ છે એમ ગણીને પુણ્યને પણ છોડી દેવું કે છોડવા લાયક ગણવું-ગણાવું એ યોગ્ય નથી. શરીરને ધર્મ પાળવાનું મોટું સાધન માનવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે છે. એટલે જ એ શરીર વડે પુણ્યવૃદ્ધિ માટે જૈનશાસ્ત્ર ઉત્તરાધ્યયનમાં માનવશરીર સાથે, ઉત્તમ કુળ, આર્યક્ષેત્ર, પંચેન્દ્રિય વગેરે દશ બાબતોની પુણ્યની જોગવાઈ બતાવવામાં આવી છે. હવે એ બાબત વડે સિદ્ધાંત અને વહેવારનો મેળ પાડવાનો છે. માત્ર પાપક્ષયથી કામ ચાલતુ નથી—ચાલવાનું નથી. ત્યાં પુણ્યની પુષ્ટિ પણ કરવાની રહેશે. સમાજની સાથે વહેવારમાં આવતાં—અને આવવું જ પડે છે—ત્યાં અલગ અલગ પ્રકૃતિના લોકો સંપર્કમાં આવે છે. એમના ક્રોધાદિ કે દુર્ગુણો જોઈને કંટાળો આવશે પણ એ કંટાળો ન લાવતાં એમનાથી દૂર ન ભાગતાં સિદ્ધાંત સાથે વહેવારનો મેળ બેસાડવો પડશે. જ્યાં એમાં અશુદ્ધિ હશે તેને દૂર કરવી પડશે. દરેક ધર્મ સંસ્થાપકોએ, ક્રાંતિકારોએ અને સમાજસેવકોએ આજ કાર્ય કર્યું હતું અને કરવાનું છે.

આ માટે એક વ્યક્તિ વિચાર પ્રેરકરૂપે સમર્થ બની શકે પણ તેના વિચારના વાહનરૂપે તો જુદાં જુદાં એકમો કે સંગઠનો મારફતે જ તેણે કામ કરાવવાનું રહ્યું. એ સંગઠનો વડે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રાજકીય, નૈતિક, ધાર્મિક વગેરે દરેક ક્ષેત્રે ધર્મનીતિની તેણે પુષ્ટિ કરવી પડશે. એ રીતે પુણ્ય-સંચય થશે. એની સાથે જ આવાં સંગઠનોમાં કેટલીક વાર અશુદ્ધિ આવે છે. આવશે તેનાથી કંટાળીને નહીં પણ સાચા હૃદયથી પોતાનાં તપ-ત્યાગ અને આધ્યાત્મિક શ્રમ વડે અનિષ્ટોને દૂર કરવાં પડશે. આ અનુબંધ હશે તો પોતાની મુક્તિ સાથે સમાજમુક્તિ પણ થઈ શકશે. મહાવીર કે બુદ્ધને કેવળ પોતાની જ મુક્તિનો ખ્યાલ હોત તો આજે તેમનું સ્થાન જે રીતે લોકસમાજમાં છે તે ન હોત; અને તેઓ સમાજ( સંઘ )ની રચના ન કરત, શ્રમણો અને શ્રમણોપાસકોનો અનુબંધ અનિવાર્યરૂપે ન જોડત કે ન બતાવત. એટલે ધર્મ ( સત્યઅહિંસાદિ ) ધર્મસંસ્થાપક અને સમાજ વચ્ચે આ અનુબંધ જોડવો જરૂરી છે. જે વ્યક્તિ આવો અનુબંધ બેસાડે તેને આપણે અનુબંધકાર તરીકે ઓળખાવશું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## અનુબંધકાર એટલે ધર્મસારથી :

જૈન સૂત્ર સ્થાનાંગમાં અનુબંધકારને ધર્મસારથી તરીકે ગણાવ્યો છે. " धम्म सारही " શબ્દનો અર્થ કરતાં ભાષ્યકાર કહે છે કે :—

" धर्मस्य स्वपरापेक्षया सम्यक् प्रवर्तन–पालन–दमन योगत सारथित्वम् "

—એટલે કે અનુબંધકારને ધર્મસારથી એટલા માટે કહેવામાં આવ્યો છે કે તે સ્વ અને પર બન્નેની અપેક્ષાએ ધર્મની સાચી પ્રવૃત્તિ કરે છે, કરાવે છે. પોતે ધર્મનું પાલન બરાબર કરે છે, બીજાને ધર્મપાલન કરાવે છે, ધર્મરથને બરાબર ચલાવે છે. ધર્મરથના ઘોડા બરાબર ન ચાલે તો તેનું દમન પણ કરે છે; રોકે પણ છે.

આવા ધર્મરથના સારથી ( અનુબંધકાર )ની જવાબદારી ઘણી મોટી છે. જો તે રથને આગળ રાખે અને ઘોડાને પાછળ જોડે તો તે રથ ચાલવાનો નથી. એવી જ રીતે સમાજરથને દોરનાર ધર્મસારથી જે સાધુપુરુષો છે. જો તેઓ માર્ગદર્શન આપવામાં ભૂલ કરે અથવા બરાબર ન આપે તો ભયંકર નુકશાન થઈ જાય. ધર્મસારથીએ સર્વ પ્રથમ તો એ જોવું જોઈએ કે ધર્મરથ બરાબર છે કે નહીં? પછી જ તેણે બેસવું જોઇએ; જેથી રથ બરાબર ચાલી શકે.

## અનુબંધકારની મોટી જવાબદારી

અનુબંધકારની એક મોટી જવાબદારી રહેલી છે તેની નાની ભૂલ પણ ક્ષમ્ય નથી. સર્વાંગી ક્રાંતિકાર તરીકે ભગવાન ઋષભદેવે બળદ અનાજ ન ખાય તે માટે મોઢાં ઉપર સીકું બાંધવાનું સૂચવ્યું પણ પાછું ખોલવાનું ન સૂચવ્યું. તેમની આ એક નાની ભૂલ થઇ પણ તેમને એ ભૂલની ભરપાઇ બાર મહિનાના વર્ષીતપ દ્વારા કરવી પડી. કોઈ એમ કહેશે કે બળદ ચલાવનારા હતા તો શું તેમનામાં એટલો વિચાર ન હતો કે તેઓ કામ પૂરું થયા પછી સીકું ન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છોડી શકે? તેઓ વિચારવાળા તો હતા પણ એ કરતાંયે શ્રદ્ધાવાળા પ્રખર હતા. એટલે તેમની બુદ્ધિ ખીલેલી ન હતી. એટલે જ તે વખતના લોકો ઋજુ અને જડ કહેવાયા. અહીં જ અનુબંધકારની જવાબદારી વધી જાય છે તેમ જ સાથે સાથે સમય સમય પ્રમાણે પરિવર્તનશીલતાને પણ અનુબંધકાર અવગણી શકતો નથી એ સૂચવે છે. ભગવાન ઋષભદેવ તેમને જડભરત કહીને ન બેઠા પણ તેમણે એમને સીકું છોડવા સૂચવ્યું એટલું જ નહીં, પોતાની ભૂલના કારણે જે પ્રાયશ્ચિત કરવું પડ્યું ત્યારે એમ પણ ન કહ્યું કે પેલા જડ લોકોના કારણે મારે આ ભોગવવું પડ્યું છે. ઋજુજડ લોકો પછીના લોકોને ઋજુપ્રાજ્ઞ એટલે સરળ અને ખિલેલી બુદ્ધિના; અને હમણાંના લોકો વક્રજડ કહેવાય છે. કારણ કે સરળતા ઓછી અને બુદ્ધિમાં દરેક વાતે તર્ક અને દલીલો તો ખરી જ. જૈનદર્શન પ્રમાણે ભગવાન ઋષભદેવ પછીના બાવીશ તીર્થંકરોને તો ઋજુપ્રાજ્ઞ લોકો સાથે સબંધ રહ્યો પણ ભગવાન મહાવીર સ્વામીને વક્રજડ લોકો સાથે પનારો પડ્યો. તો શું ભગવાન મહાવીર તેમને મૂકીને કે કંટાળીને પોતાના ધ્યેયથી હટી ગયા? તેમણે તો એ કરી બતાવ્યું કે અનુંબંધકારોએ જે યુગે જે તત્ત્વ ખૂટે છે તેને જોડવું જોઈએ. સારૂં તત્ત્વ ઉમેરવું જોઈએ અને નબળી વસ્તુ દૂર કરવી જોઈએ.

અનુબંધ વિચારકને સર્વ પ્રથમ એ જોવાનું છે કે જગતમાં જૂનું શું છે? તેમાંથી શું લેવાનું છે. શું ને આજના સમાજને ઉપયોગી છે? આમ જોવા જઈએ તો જગતના સર્વપ્રથમ ક્રાંતિકાર ભગવાન ઋષભદેવ આવે છે. તેમણે જગતને શું આપ્યું તે જરા જોઇ જઈએ.

**ભગવાન ઋષભદેવની જગતને દેણ :**

એમના વખતમાં એમણે ત્રણ શાસનોના પાયા નાખ્યા :—
(૧) રાજ્ય-શાસન અથવા કાનૂન શાસન; જેમાં કાયદા-કાનૂન,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બંધારણ અને વર્ગ વિભાગો હોય. (૨) જનશાસન; જેમાં મહાજન એટલે કે વૈશ્ય–શુદ્રો મુખ્ય હતા. અને (૩) જિનશાસન; જેમાં સાધુ –સાધ્વી અને શ્રાવક (સાધક) અને શ્રાવિકા (સાધિકા)—એ મુખ્ય હતા. એ ત્રણેનો સુંદર અનુબંધ એમણે સાધ્યો હતો.

**રાજ્યશાસન** :—સર્વ પ્રથમ એ આવે છે. તે વખતે હજુ સમાજ ઘડાયો ન હતો. પ્રજાને કાયદો, વ્યવસ્થા વગેરે સમજાવવાથી તે પાળવાનો પ્રયત્ન કરતી હતી. એટલે તેને વ્યવસ્થિત કરવા માટે તેમણે હકાર, મકાર અને ધિક્કાર રૂપે સામાન્ય દંડ રાખ્યો. ભલે એ સામાન્ય હોય તે છતાં શિક્ષાનું ધોરણ તો આવ્યું જ. દંડ આવ્યો એટલે થોડુંક હિંસાનું તત્ત્વ પણ આવ્યું જ. કારણ કે જ્યાં સમાજ ઊભો થાય ત્યાં થોડાંક અનિષ્ટો આવે, નવા નવા સવાલો આવે. આમાં અનિષ્ટોને રોકતાં કોઇને મનદુઃખ થાય એટલી હિંસા અનિવાર્ય બને છે અને તે ઋષભદેવે પણ માન્ય રાખી હતી. એટલે આવા અનિષ્ટો રાજ્યકર્તા વર્ગને પ્રેરીને દૂર કરાવવાની જવાબદારી હંમેશા સાધુસંતોની રહેવાની છે. પણ કેટલાક સાધકો એકાંત આત્મહિતની વાતો કરનારા એનાથી દૂર ભાગે છે એ યોગ્ય નથી. જ્યાં સમાજ છે ત્યાં કાયદો–વ્યવસ્થા કે શાસન આવવાનું જ. કદાચ કોઈ વ્યકિત એટલી હદે મહાન બને કે તે પોતાના ઉપર થતા અન્યાયોને સહન કરી શકે પણ સમાજ એ હદે અનિષ્ટોને સહન નહીં કરી શકે. એટલે જ ભગવાન ઋષભદેવથી માંડીને ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સુધી, તીર્થ –સંઘ સ્થાપવાની વાત થઇ છે અને તેના વડે લોકકલ્યાણની વાત રજૂ કરાઈ છે.

દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે :—

‘बलं थामं च पेहाए सद्धामारुग्गमथणो ।
खेत्तं कालं च विन्नाय तहप्पाणं निउंजए ॥’

—એટલે કે સમાજનું બળ, ધોરણ ઉત્સાહ, શ્રદ્ધા આરોગ્ય અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્ષેત્ર, કાળ જોઇને પછી દરેક વાતમાં પ્રવૃત્ત થવું જોઇએ; પોતાના આત્માને તેમાં જોડી દેવો જોઇએ.

ઘણા લોકો અને ખાસ કરીને સંત વિનોબા અને સર્વોદય વાદી ઘણા લોકો કેવળ વ્યક્તિ વિકાસ ને મહત્વ આપી, સમાજ–સંગઠનનાં અનિષ્ટોથી ડરી જઈને દૂર ભાગે છે. પણ એમ ભાગવાથી કોઈ પણ અર્થ સરતો નથી. સમાજને જો નવાં મૂલ્યોનાં ક્રાંતિના કાર્યક્રમમાં ન જોડવામાં આવે કે તેનું આ રીતે ઘડતર ન કરવામાં આવે તો ભલે વ્યક્તિ ગમે તેટલી મહાન કાં ન હોય કે ઘડાયેલી ન હોય પણ સંસ્થાકીય બળના અભાવે તે વ્યક્તિના આદર્શો કોઈ પણ રીતે ઉપયોગી થતા નથી.

એવી જ રીતે કોઈ પણ વ્યકિત ભલે સારામાં સારી હોય પણ જો તે ઘડતર પામેલી ન હોય કે એમાં સંસ્થાકીય બળ ન હોય તેવી વ્યકિતને જાહેર પ્રતિષ્ઠા આપવામાં જોખમ રહેલું છે. ઘણા ચોરો અને બહારવટિયાઓ સારા માણુસો હોય છે. સટ્ટો કરનારાઓ ભલે મોંઢેથી ‘લિયા—દિયા’ કરે છે પણ નફો નુકશાન કરોડોનું હોવા છતાં ફરતા નથી. એ પણ નીતિ અને સત્ય જ કહી શકાય છે. તે છતાં સટ્ટાનો વ્યવસાય નીતિ કે સત્યનો છે, એમ કોઈ સ્વીકારશે નહીં.

એટલે રાજયશાસનથી સાચો સાધક કે ક્રાંતિકાર કદિ અલગ ન રહી શકે. કેવળ રાજ્યના અનિષ્ટો જોઈને અલગ રહેવાની પ્રવૃત્તિથી તો રાજ્ય સાથેનો અનુબંધ બગડે અને અનિષ્ટોને વિકસવાની તક મળે.

**જનશાસન** : રાજ્યશાસનની સાથે બીજું જે શાસન તેમણે આપ્યું તે હતું જનશાસન જ્યાં સુધી પ્રજામાં અનુશાસન ન આવે એ લોકો પરસ્પરના લાભ માટે નીતિ ધર્મની દૃષ્ટિએ ધંધો વગેરે ન કરે ત્યાં સુધી લોકજીવન ન ટકી શકે. એ માટે એમણે ચારે વર્ણોના કાર્યોની ગોઠવણી મર્યાદા, પદ્ધતિ તેમજ ખેતી અને વિવિધ ઉદ્યોગો, કળાઓ લોકોને બતાવ્યાં.

**જિનશાસન** : આ પછી સાધકોનો વર્ગ અને તેનું શાસન તેમણે આપ્યું. સાચો સાધક કોને કહેવાય? એને શું જોઈએ અને શું ન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોઈએ? એને કેવા પ્રકારની ભિક્ષા જોઈએ તે એમણે જાતે આચરીને બતાવ્યું અને પછી પોતાના માર્ગે જનારને સાથે લઈને એમને પણ જિન-શાસન, રાગદ્વેષ રહિત પ્રક્રિયાઓ બતાવી.

આમ તેમણે, રાજ્ય, પ્રજા અને સાધક ત્રણેનો અનુબંધ બાંધ્યો. આજે પણ એ ત્રણેનો અનુબંધ બાંધવો પડશે. એ વગર રાજ્ય, પ્રજા કે સાધકનું ઘડતર પરસ્પરને ઉપયોગી નહીં નીવડે.

અનુબંધનો અર્થ જૈન ભાષ્યકારો આ પ્રમાણે કરે છે.:—

"अनुबन्ध: अविच्छेव: संतान प्रवाद:"

વેપાર કરતી વખતે કે દીકરા-દીકરીના સગપણ કરતી વખતે કુળ અને ખાનદાનીનો વિચાર પહેલો આવે છે. કુળ પરંપરા સારી હોય તોજ લગ્નસંબંધ બંધાય છે. જૂના માણસો એના અંગે બહુ વિચાર કરતા. જેમ એક કુટુંબ સાથે સંબંધ જોડતી વખતે એના પૂર્વાધિકારનો વિચાર કરવો પડે છે તેમ આખા સમાજ સાથે અનુબંધ કરવો હોય તો એના ઘડતરનો પણ ખૂબ ઊંડાણથી વિચાર કરવોજ પડશે. પૂર્વ ઘડતરનો ખ્યાલ કર્યા વગર, સમાજ, (સંસ્થા) રાજ્ય કે સાધકના સંગઠનો સાથે અનુબંધ જોડવાથી, ક્રાંતિ કરવાની વાત અદ્ધરજ રહી જશે.

એટલા માટેજ જૈનાચાર્યોએ કહ્યું છે કે:—"પુણ્યથી કંટાળી જશો નહીં, પાપનો નાશ કરવાનો હોય તો પુણ્યનો ઉપચય-સંગ્રહ કરીને પુષ્ટિ કરવી પડશે."

કેટલાક સાધકો પુણ્યથી કંટાળીને માત્ર સિદ્ધાંતની વાત કહી અટકી જાય છે; વેગળા પડી જાય છે. તેઓ સિદ્ધાંત સાથે વહેવારનો મેળ બેસાડી શકતા નથી; એ આશ્ચર્યની વાત છે.

એક ડોકટર પાસે કોઈ દર્દી દવા લે છે. એ દવાથી જો પોતાનો રોગ ન જતો હોય તો કાંતો એને દવા છોડવી પડશે. નહિતર ડોકટરે દવા બદલવી પડશે. જો દવા ન બદલે અને રોગ પણ ન મટે તો દર્દી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેટલા પૈસા ખર્ચાયા તેને જતા કરીને દવા બંધ કરશે કે નવો ડોક્ટર શોધશે.

એવીજ રીતે જે સાધુઓ પાસે રોજ ધર્મ સાંભળીએ તેમાં પૈસા તો પડતા નથી પણ કીમતી સમય તો આપવો જ પડે છે. જો આટલો સમય આપ્યા પછી પણ તેનો અમલ ન થતો હોય તો ઉપદેશ આપવાની રીત બદલવી જોઈશે. ઉપદેશ આપવા છતાં લોકોની અમલ કરવાની ઇચ્છા નથી, એમ હું માનવા તૈયાર નથી. પણ કક્ષા અને ભૂમિકા જોઈને ઉપયોગી ઉપદેશ અપાય; સિદ્ધાંત સાથે વહેવારનો મેળ બેસાડીને અપાય તો અમલ થવામાં વાર લાગતી નથી. પણ, જ્યાં સાધુઓ લોકોનું ધોરણ, ઘડતર જોયા વિના કેવળ આધ્યાત્મિક વાતો જ વધારીને સમાજવ્યાપી ક્રાંતિ કરવા ઇચ્છે છે, તેમના અદ્ધર ઉપદેશોનો અમલ ક્યાંથી થઇ શકે ?

ગાંધીજીએ સર્વપ્રથમ રાજકારણના ક્ષેત્રને લીધું. કાકા કાલેલકરે તેમને પૂછ્યું : "આપ મોક્ષ માટે ઉદ્યમ કરો તો એ સમજાય પણ આ રાજકારણના ગંદવાડમાં શા માટે પડ્યા છો ?"

ગાંધીજીએ કહ્યું : આ રાજકારણની ગંદવાડ કોઇકે તો સાફ કરવી પડશે ? જો આધ્યાત્મિક પુરૂષ નહીં કરે તો બીજું કોણ કરશે ?" માતા જે કાળજીથી બાળકના ગંદવાડને સાફ કરશે તે આયા નહીં કરી શકે. કેમકે તેનો બાળકની સાથે આત્મીય સંબંધ છે. વળી મા તો બાળકના શરીરને ખૂણેખાંચરે ક્યાંયે પણ મેલ હશે તો તે પણ સાફ કરશે. એવી જ રીતે અનુબંધકારે રાજ્ય, સમાજ કે સાધકના જીવનને ખૂણેખાંચરે મેલ ન રહી જાય તેનો વિચાર બરાબર કરવો પડશે

એટલે જેમ, ધર્મ ( સત્ય અહિંસાદિ ) સાથે અનુબંધકારનો અનુબંધ છે તેમજ સમાજકારણ અને રાજકારણમાં પણ તેણે ધર્મ અને નીતિનો પ્રવેશ કરાવવો પડશે. કારણ કે જે લોકો તમોગુણ–પ્રધાન છે તેમને શિક્ષા કરવા માટે રાજ્યની જરૂર રહેવાની, તેમજ રજોગુણ—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રધાન લોકોને સામાજિક નૈતિક દબાણ દ્વારા ઠેકાણે લાવવા માટે સમાજની પણ જરૂર રહેવાની અને સત્ત્વગુણ પ્રધાન લોકોની ભૂલ સાફ કરવા માટે ( આધ્યાત્મિક દબાણ વડે ) સાધુસંસ્થાની પણ જરૂર રહેવાની. તેમની શુદ્ધિ કરી, સત્ત્વગુણ પ્રધાનની પુષ્ટિ કરી આગળ લઈ જવા માટે સાધક સંસ્થાની જરૂર રહેશે. એટલા માટે ઘડતર પામેલાં સંગઠનો કે વ્યક્તિઓને તારવી તારવીને "तह अप्पाणं निउंजए" એ સૂત્ર પ્રમાણે પોતાની સાથે જોડવા પડશે. એટલા માટે અનુબંધ વિચારધારાનું મહત્ત્વ વર્ણવતાં કહ્યું છે:—

આ અનુબંધ વિચાર, જગતમાં આ અનુબંધ વિચાર
ઉતારશે ભવપાર...

ઘણા વિચારકોનું એમ કહેવું થશે કે આ રાજકારણની ચર્ચા કઇ રીતે ભવપાર ઉતારશે? એ તો ભવમાં ડૂબાડે એમ છે! પણ જ્યાં લોકજીવનના ઉદ્ધારની વાત આવે છે ત્યાં એને અગર તો માનવ-જીવનના કોઇ પણ ક્ષેત્રને અલગ રાખી શકાતું નથી. કોઈ પણ અવતાર, તીર્થંકર, સન્યાસી કે સાધકની પાસે જો રાજા કે રાજ્ય માર્ગદર્શન માટે ગયું હોય તો તેઓ એનાથી વેગળા રહી શકયા હોય, એવું જણાતું નથી. બલ્કે જૈન બૌદ્ધ શાસ્ત્રોમાં જ્યાં કોઇ પણ સાધકની વાત આવે છે, ત્યાં રાજાનું સ્વતંત્ર અગર તો તેમની પાસે આવવાનું વર્ણન અનિવાર્યપણે કર્યું છે.

ગાંધીજીની જ વાત લ્યો. જો તેઓ રાજકારણમાં ન પડ્યા હોત તો જેટલા પ્રમાણમાં તે વખતે શુદ્ધિ થઈ તેટલી શુદ્ધિ કે ઘડતર થાત? અને રચનાત્મક કાર્યકરોને આજે જે સ્થાન મળ્યું છે તે મળત? એકવાર ગાંધી–ટોપીનું પોતાનું મહત્ત્વ હતું. સ્વાર્થી લોકોએ એને પોતાના સ્વાર્થનું સાધન ગણ્યું અને બનાવ્યું. આજે તેની પ્રતિષ્ઠા એટલે હદ-સુધી ઘટી ગઈ છે કે લોકો સફેદ કપડાંવાળાને સફેદ ઠગ કહે છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગાંધીજીએ કાંગ્રેસને ઘડીને એક પ્રકારની પ્રતિષ્ઠા અપાવી હતી એટલે લોકો તેની પાસે અમૂક પ્રકારની અપેક્ષા રાખે છે. લોકોએ એકવાર આવીને મને કહ્યું : "કાંગ્રેસના રાજ્યમાં ગોળીબાર હોય?"

મેં કહ્યું : "કાંગ્રેસના બંધારણમાં કયાં છે કે લોકો તોફાન અને ભાંગફોડ કરતા હોય તો ગોળીબાર ન કરવો? એના બંધારણમાં સત્ય, અહિંસા શબ્દ છે જ નહીં. માત્ર શાંતિમય બંધારણીય રીતે એણે આગળ વધવાનું છે."

તેમણે કહ્યું : "ગાંધીજી એની પાછળ હતા."

એટલે જ કાંગ્રેસે સત્ય – અહિંસાની દિશામાં વિકાસ કર્યો હતો. લોકો તેવી તપત્યાગના કાર્યક્રમવાળી કોંગ્રેસથી ટેવાઈ ગયા હોઈ તેઓ આમ બોલે છે.

આજે કોંગ્રેસ જે સ્વરૂપમાં હતી, તેથીયે દિવસે દિવસે નીચે ઉતરતી જાય છે. પણ તે માટે અનુબંધકારે, જેના માટે જગત સંતાનરૂપે છે—તેણે શું આખી દુનિયાના રાજકારણરૂપ એક અંગ જેવી એ સંસ્થાથી દૂર રહેવું જોઇએ? શું તેની ગંદકી દૂર કરતાં અચકાવું જોઇએ? શું ઉચ્ચસાધક એવી ઘડતર પામેલી સંતતિ રૂપ કોંગ્રેસને તરછોડશે કે તેની શુદ્ધિ કરશે?

બાળક ગંદુ હોય તો માતા તેને તરછોડતી નથી. બાળક ગંદુ થશે તો ટાપલી મારીને પણ તેને સાફ કરશે. એટલે જ ખાસ કહેવાનું એ જ છે કે સાધુ–સંન્યાસીઓએ સર્વ પહેલાં માનવજાતિની ગંદકી દૂર કરવાની છે; અને તેને સાફ સુથરી બનાવવાની છે. તેથી બીજા પ્રાણીઓની હિંસા ઓછી થશે. તેમણે સર્વ પ્રથમ માણસને પ્રેરણા આપવાની છે, જેથી તે મોક્ષમાર્ગમાં આગળ વધી શકે.

અત્યારસુધી ત્રણ શબ્દો આપણી આગળ રજૂ થયા છે:—રાજ્ય, લોક (જન) અને જિન (સાધક) એ ત્રણેનાં શાસનો આમાંથી જે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સારતત્ત્વ આજના યુગને અનુરૂપ હોય તે લેવું અને આજના યુગને અનુરૂપ ધર્મદૃષ્ટિએ આ ત્રણેનો અનુબંધ જોડવું, એ જ આજના અનુબંધ વિચારધારાની ચાવી છે.

**સમાજ સાથેનો અનુબંધ :**

धर्मस्य स्वपरापेक्षया प्रवर्तन-पालन-दमन-योगतः सारथित्वम् આમાં જ્યાં 'પર' એટલે કે બીજાની વાત આવી કે ત્યાં સમાજ આવ્યો. આ સમાજ ધર્મનું પાલન સામુદાયિક રીતે કરી શકે અને પરસ્પરની સમતુલા જાળવી શકે; તેમજ જ્યાં અશુદ્ધિ આવે ત્યાં દમન (દબાણ) કરી શકાય તે માટે સુસંસ્થાઓનો અનુબંધ કરવો ધર્મસારથી માટે જરૂરી છે; એ જ સાચું ધર્મસારથી-પણું છે અને ત્યારે જ ધર્મરથ વ્યવસ્થિત રીતે ચાલી શકે છે.

ગાંધીજીએ પોતાના જીવનની ક્રાંતિ માટે સર્વપ્રથમ વિચાર્યું કે "કોને ગોતું?" કોણ મને સહાયક થશે? આસપાસના જનસમૂહમાં તેમને જૈન સાધુઓ યોગ્ય લાગ્યા. વૈષ્ણવ આચાર્યો તો તેઓ વિલાયત જવાના હતા એટલે તેમને નાસ્તિક ગણતા હતા. બ્રાહ્મણોમાં માલવીયાજી જેવા હતા જેઓ વિલાયત જઈને રૂઢિચુસ્તતામાં માનતા હતા. ગાંધીજીએ વિલાયત જતાં પહેલાં ત્રણ મુખ્ય પ્રતિજ્ઞાઓ જૈન મુનિ બેચરજી સ્વામી પાસે લીધી હતી. જીવનના વ્યાપક અનુભવો પછી ક્રાંતિમાં સહાયક થાય તેવા કોણ હતા? તે માટે ગાંધીજીએ ચોમેર નજર દોડાવી અને તેમને સ્વામી આનંદ અને કાકા કાલેલકર જેવા મળ્યા. કાકા કાલેલકર પહેલાં સાધુ થવાના હતા. એમણે વેદ જોયા, ઉપનિષદ્ જોયા, ભાગવત જોયું—બધા જ ધર્મગ્રંથો જોયા પણ કરવાની વાતમાં કોઈ આ લોકોને પ્રેરણા આપતું ન હતું. કિશોરલાલ મશ્રુવાળાએ સ્વામીનારાયણનાં તપ-ત્યાગ જોયાં પણ કરવું શું જોઈએ, એની એમને ધડ બેસતી ન હતી! દેશ સેવા કરવા માટે પં. જવાહરલાલ, રાજેન્દ્રબાબુ, મહાદેવભાઈ વગેરે અનેકો હતા પણ તેમને સાચો રસ્તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કર્યો એ સમજાતું ન હતું. ગાંધીજીએ આ બધાને નિષ્કામ કર્મયોગ સમજાવ્યો અને બધાને યથા સ્થાને ગોઠવ્યા.

તેમણે સંન્યાસનો નવો અર્થ બધાને સમજાવ્યો :—

" काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदु: "

—બધાં કામ્ય (આસક્તિજન્ય) કર્મોનો ત્યાગ કરવો, એજ ખરો સંન્યાસ છે. એટલે કે અમુક કામ પ્રત્યેની આસક્તિનો ત્યાગ એ જ સાચું સાધુત્વ છે. ગાંધીજીએ એ ઉપરાંત સાધુસંતોને મહત્ત્વ આપ્યું અને બધા રાષ્ટ્ર સંતોનો સમાજની સાથે અનુબંધ જોડયો. આમ તેઓ સમાજની જરેજર વાતથી માહિતગાર રહેવા લાગ્યા. ઇશ્વરને સર્વજ્ઞ કહેવામાં આવે છે. એવું જ સિદ્ધ પુરુષોનું છે. તેઓ સિદ્ધશિલામાં રહીને જગતની ઘટઘટની વાત જ્ઞાન દ્વારા જાણે છે. આ સિદ્ધ અને ઇશ્વર અવ્યક્ત છે. પણ અરિહંત, અવતાર કે મસીહા વ્યક્ત છે–તેઓ સર્વજ્ઞ કહેવાય છે. એનું કારણ એ છે કે તેઓ સમાજને ઘડે છે એટલે તેઓ સમાજની ઝીણામાં ઝીણી વાતથી બરાબર માહિતગાર રહે છે. એટલે સિદ્ધ ઇશ્વર કરતાં અરિહંત કે અવતારનું મૂલ્યાંકન વધારે ગણવામાં આવે છે.

વિનોબાજીએ એક વખત એક વાત કરી હતી કે " ઇશ્વર ભલે વ્યાપક હોય પણ તે અવ્યક્ત છે. એટલે તેના વ્યક્ત સ્વરૂપને લાવવું પડશે અને તે છે સાધુ–સંન્યાસીઓના રૂપમાં." ઇશ્વર જેમ નિષ્પક્ષભાવે, બધાને, પાપી, પીડિત, દુઃખી, પદદલિત, રાય અને રંક બધાને સરખી રીતે અપનાવે છે અને યથા યોગ્ય ન્યાય આપે છે તેમ જ દરેક ક્ષેત્રમાં કાર્ય કરનારને તેની પ્રેરણા મળ્યા કરે છે તેમ જ આ વ્યક્ત ઇશ્વરોએ–સાધુસંન્યાસીઓએ કાર્ય કરવું જોઇએ.

જૈનસૂત્રોમાં પણ 'थेरा भगवंतो' 'धम्मदेवा' વગેરે કહીને સ્થવિર-કલ્પી સાધુઓને ભગવાન અને ધર્મદેવ તરીકે બતાવ્યા છે; કારણકે તેઓ સમાજની વચ્ચે રહીને પોતાની સાધના કરે છે એટલે તેમણે સમાજની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગતિવિધિથી બરાબર માહિતગાર રહેવું જોઇએ, એવી તેમની ફરજ છે. એટલા માટે જ મુનિશબ્દની વ્યુત્પત્તિ કરતાં એક જૈનાચાર્ય કહે છે :—

'मन्यते त्रिजगतः सर्वावस्थायाः स्वरूपं तत्त्वं वेति मुनिः'

જે ત્રણે જગતની બધી અવસ્થાઓના સ્વરૂપ કે તત્ત્વનો વિચાર કરે છે, મનન કરે છે, તે મુનિ છે.

એક વખત એક આશ્રમમાં ભ. બુદ્ધના શિષ્યોએ ચોમાસું ગાળ્યું. એ ચોમાસામાં બધા મૌન રહ્યા. એમાં તેઓ પોતાની મહત્તા અને પ્રતિષ્ઠા વધારે ગણતા હતા. ચોમાસું પૂરું કરીને તેઓ ભ. બુદ્ધ પાસે આવ્યા, જાણે ભ. બુદ્ધ તેમને ખૂબ શાબાશી આપશે. ભિક્ષુઓએ કહ્યું—"અમે આ ચોમાસું મૌન રહીને ગાળ્યું." ભ. બુદ્ધે કહ્યું—"આ મોઘ પુરુષોએ પશુઓની સાથે સહવાસ કર્યો, પશુની જેમ રહ્યા." પછી તેમણે એક ગાથા કહી—

'न मोनेन मुनि होति.....................।
यो मनति उमे लोके, मुनी तेन पवुच्चति ॥'

એટલે કે "માત્ર મૌન રાખવાથી કોઇ મુનિ નથી થઇ જતો, મૌન તો પશુઓ પણ રાખી શકે છે. જે બન્ને લોકોનું મનન ચિંતન કરે છે, બન્ને લોકોના સારાં–નરસાં તત્ત્વોને વિચારે છે, તેથી તે મુનિ કહેવાય છે."

ભ. બુદ્ધની વાત સાંભળીને તે મુનિઓને પોતાની જવાબદારીનું ભાન થયું. આજે પણ જૈન બૌદ્ધ શ્રમણો અને સંન્યાસીઓ જગતની વ્યવસ્થિતિનો વિચાર કરી, યથાયોગ્ય ગોઠવણ કરી સમતુલા સાચવે, એ તેમની જવાબદારી છે.

ગાંધીજીએ આવા સાધુસંન્યાસી આત્માઓની અવ્યક્ત ચેતનાને વ્યક્ત કરી અને પરિણામે આખા દેશની કાયાપલટ સાથે રાજકારણના ગંદવાડને પણ ઉલેચી નાખ્યો. જેથી ચર્ચિલ જેવાને મોઢામાં આંગળા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાખવા પડ્યા. જનરલ સ્મટ્સને કહેવું પડ્યું કે: "ગાંધીજી તો ગજબના માણસ છે. ખરાબમાં ખરાબ, પરદેશી ભાષાવાળા અશિષ્ટ કેદીને પણ તેઓ પોતાના બનાવી શકે છે."

રાજકારણ કે સમાજકારણ; ગમે ત્યાં પ્રવૃત્તિ કરતી વખતે પોતાની જાતે અને લોકોદ્વારા (લોકચર્ચા) ઊંડું આત્મ નિરીક્ષણ જરૂર કરવું જોઈએ. એથી સતત જાગૃતિ રહેવાની સાથે અનિષ્ટો ચોંટી જવાનો, કે પેસી જવાનો અંદેશો નહીં રહે અને તેને દૂર કરવા સતત-પ્રવૃત્તિ આત્માની રહેશે." આટલું પાળ્યું, આટલું ભૂલાયું; તેનું પ્રાયશ્ચિત લઉં છું." એ વૃત્તિ હંમેશાં રહેવી જોઈએ.

પ્રાર્થનામાં છેલ્લે છેલ્લે બોલાય છે:—

**"છતાં થાય ગફલત જે કાંઈ તે, ક્ષમા માગી હળવા થઈએ;**
**સર્વક્ષેત્રમાં રહીએ તો પણ, આત્મભાન નહીં વિસ્મરીએ"**

પોતાની અંગત ભૂલો જ નહીં. સમાજની ભૂલો, સમાજના ઘડતર માટે સ્થાપાયેલી સુસંસ્થાઓની ભૂલો—એ પોતાની ભૂલો છે એમ માનીને જાતે પ્રાયશ્ચિત્ત કરવું પડશે. કારણ કે આપણે સમાજ સાથે સંકળાયેલા છીએ. આપણે સમાજના દોષોથી લીંપાશું નહીં પણ સમાજમાં જે દોષો પડ્યા છે તેનાથી કંટાળીને ભાગશું તો નહીં જ. માનવજીવનના એકેએક ક્ષેત્રમાં દોષો કાં ન હોય, તો પણ નિષ્કામ ભાવે પોતાના જ સમાજના છે, એમ માનીને તેની શુદ્ધિ કરવા પ્રેરાવું પડશે.

આ જ સાચા ધર્મસારથી અનુબંધકારની પવિત્ર ફરજ છે.

## અનુબંધકારની ચોક્કસ દૃષ્ટિ

સન ૧૯૩૫-૩૬ની આ વાત છે. એ વખતે મારું ચોમાસું મુંબઈમાં ચીંચપોકલી ખાતે હતું. તે વખતે હિંદુ-મુસ્લિમ હુલ્લડ ચાલતું હતું. લોકો છાપામાં વાંચતા હતા કે કેટલા હિંદુ માર્યા ગયા? કેટલા મુસલમાન માર્યા ગયા? મને વિચાર આવ્યો કે આ તે વળી કેવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચિત્ર ભાવ છે? જો અહિંસામાં વિશ્વાસ હોય તો હિંદુ મુસલમાનનો ભેદ જોવાનો ન હોય અને કેટલા માણસો હિંસાના ભોગ થયા હોય, એ જોવાનું હોય, તેનું પ્રાયશ્ચિત કરવાનું હોય?

પાકિસ્તાનથી, ભાગલા પડ્યા બાદ કોમી રમખાણો ફાટી નીકળતાં સાધુઓ કેમ નીકળી આવ્યા? કારણ કે તેમના મનમાં વ્યાપકતા ન હતી; સંકુચિતતા હતી. "વસુધૈવ કુટુંબકમ્" કે 'સ્વદેશો ભુવનત્રયમ્'ની જે અહિંસક વૃત્તિ હોવી જોઇએ તે ન હતી. એટલે તેમને લાગ્યું કે ભારત અમારો દેશ છે; પાકિસ્તાન નહીં. હિંદુઓ કે જૈનો અમારા છે; મુસલમાનો કે જૈનેતરો નહીં.

અનુબંધકારોની દૃષ્ટિએ તો આખા વિશ્વની સાંકળ સભર છે; એની એવી શ્રદ્ધા હોવી જોઇએ. પછી તેણે એમાંથી સારી સારી વસ્તુ લઈ લેવી જોઇએ અને ખોટી વસ્તુઓને મૂકી દેવી જોઇએ; અને એ રીતે તેની યથાસ્થાને તેણે ગોઠવણી કરવી જોઈએ. ક્રાંતિકારી અનુબંધકાર અનિષ્ટોનાં, ખોટાં મૂલ્યાંકનોને નિવારીને. નવા સાચા મૂલ્યોને યસ્થાને નહીં જોડે તો એ એની ગફલત કહેવાશે. એની એ ગફલતના પરિણામે જે અનિષ્ટો ઊભા થાય તેની જવાબદારી પણ મોટાભાગે તેના શિરે જ આવે છે. અનુબંધકારની તો ચોક્કસ દૃષ્ટિ એ જ હોવી જોઈએ કે અનિષ્ટોને નિવારે, નવાં મૂલ્યો જોડે અને વિશ્વની સમતુલા જાળવી રાખે. આ કાર્ય દરેક સમયે ચાલુ જ રહેવાનું છે. જેમ મશીન ચાલે તો એને તેલ–ગ્રીસ ભરવાં જોઈએ; તેનાં બધાં ચક્રો તપાસવા જોઈએ; ઘસાયેલાં ચક્રો બદલવા જોઇએ; એવું જ માનવસમાજનું છે.

**યુગે યુગે અનુબંધકાર :**

ઘણા એવો પ્રશ્ન કરશે કે તો શું જે 'જૂનું છે તેને જ સત્ય માનીને શા માટે ન ચાલવું? એ પરંપરા શા માટે ન ટકાવી રાખવી? સામાન્ય રીતે બધા ધર્મોનો ઇતિહાસ જોશું તો જણાશે કે સમયની સાથે મૂલ્યો બદલાતાં હોય ત્યારે કોઇ નવા ધર્મસારથીએ–અનુબંધકારે કાર્ય કરવાનું હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૈનોમાં ચોવીશ તીર્થંકરો આવ્યા. તેમણે સમાજને નવો ઘાટ આપ્યો. જો એક તીર્થંકરથી પતી જતું હોય તો પછી બીજા ત્રેવીશની શી જરૂર હતી? એટલું જ નહીં, આ એક ચોવીશી પહેલી કે છેલ્લી નથી. એની અગાઉ પણ અનંત ચોવીશીઓ હતી અને ભવિષ્યમાં પણ અનંત ચોવીશીઓ થશે એવું કહેવામાં આવ્યું છે. એવું જ હિંદુઓના અવતારોનું છે. પહેલાં અવતારથી જ કામપૂર્ણ ન થયું અને દશમા અવતાર તરીકે બુદ્ધને પણ ગણી લેવામાં આવ્યા. બૌદ્ધોના દીપંકરો, ઇસાઇઓના મસીહાઓ અને મુસલમાનોના પયગંબરોનું પણ એવું જ છે.

ગીતામાં એ જ વસ્તુને પુષ્ટ કરવા માટે કહ્યું છે:—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवतिभारत ! ।
अभ्युत्थानम धर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

—જ્યારે જ્યારે સમાજમાં અનિષ્ટો અને ખોટા મૂલ્યો ફૂલતાં ફૂલતાં હોય ત્યારે ત્યારે અવતારો અને તીર્થંકરો સાચા મૂલ્યો સ્થાપવા અને ધર્મની ઉન્નતિ કરવા અને અધર્મ કે અનિષ્ટની પ્રતિષ્ઠા તોડવા, તેને ખસેડવા આવશે જ. એમણે અનિષ્ટો જોઇને કંટાળવનું નથી પણ દૂર કરવાનું છે.

મા પોતાના બાળકને છી છી કરતું જોઇને ગભરાતી નથી. બાળક માને ભાંડે, રીસાય, રડે તો પણ તે બાળકના સામું ન જોઇને પોતાનું કર્તવ્ય વિચારે છે અને સાફસુફ કરતી રહે છે. તે જાણે છે કે બાળક જેમ જેમ મોટું થતું જશે તેમ તેમ તેનામાં ગંદકી જાતે સાફ કરવાની શકિત અને ટેવ વધશે. એટલે બચપણમાં તે ગમે ત્યાં છી છી કરે તો તેને ક્ષમ્ય ગણીને મા સાફ કરે છે. પછી તેને એક સ્થાન બતાવી દે છે કે 'ત્યાં છી છી કર!' પણ બાળક મોટું થઇ ગયા પછી તો તે પોતે જ સંડાસમાં જાય છે અને સાફસુફી કરી લે છે.

એવી જ રીતે સમાજની બાલ્યાવસ્થામાં ભ. ઋષભદેવને બધું જાતે શીખવું પડ્યું. તે જમાનાના લોકો ઘણી ભૂલો કરતા. તેનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રાયશ્ચિત ભગવાન ઋષભદેવ પોતે લેતા. ધીમે ધીમે જ્યારે સમાજ-વ્યવસ્થા સરખી રીતે ગોઠવાતી ગઇ ત્યારે પોતાના પુત્ર ભરતને રાજ્ય-વ્યવસ્થા સોંપી. ભરતે બ્રાહ્મણ વર્ણને-(વૃદ્ધ અને ઘડાયેલો વર્ગ) સમાજના શિક્ષણ સંસ્કારની જવાબદારી અને વ્યવસ્થા સોંપી. એ જ રીતે વૈશ્ય-શુદ્રોને ઉત્પાદન અને વિનિમય વ.ની વ્યવસ્થા સોંપી અને ભ. ઋષભદેવ જાતે સાધુ-દીક્ષા ગ્રહણ કરીને અલિપ્ત થઇ ગયા. પછી તેમને દરેક કાર્ય શીખવવું જ નહોતું પડ્યું. માત્ર ઈશારો જ બસ હતો. એવી જ રીતે સમાજ પહેલ વહેલાં વધારે ગંદકીમાં સપડાયેલો હોય ત્યારે તેની શુદ્ધિવૃદ્ધિ કરવા માટે જાતે અનુબંધકારે ઊંડા ઊતરવું પડશે. ધીમે ધીમે લોકો પોતે જ પોતાની ભૂલો સુધારવા માંડશે ત્યારે કેવળ એક જ ઇશારો બસ થશે. હવે જો રાજકારણ ગંદુ હશે અને તેનાથી કંટાળીને તેની સાફસુફી ન કરવામાં આવે તો એનો ચેપ લોકોને લાગશે અને એ પેસેલી ગંદકીનો ચેપ સાધુઓને લાગ્યા વગર નહિ રહે. એ ગમે તે સમજુ વિચારક વિચારી શકે છે.

મારી પોતાની જ વાત કહું કે હું તો ઉપરના નિષ્કર્ષ ઉપર પહોંચી ચૂકયો છું. એટલે જાતે નિર્લેપ રહી, પોતાની મર્યાદામાં રહી, રાજ્ય સંસ્થા, જન સંસ્થા અને સાધક સંસ્થા ત્રણેની સાથે અનુબંધ રાખું છું અને એને તીર્થંકરો અને અવતારોએ પ્રશસ્ત કરેલો અનુકરણીય માર્ગ માનું છું.

**અનુબંધકારની કસોટી :**

આમ કરવાથી મારે પણ બીજા અનુબંધકારોની જેમ સહેવું પડ્યું છે અનુબંધકારે કેટલું સહેવું પડે છે તેનો એક દાખલો મારા ઉપરથી આપું; જેથી એ અંગે ચોક્કસ ખ્યાલ આવી શકે.

સન ૧૯૪૬ માં જ્યારે અમદાવાદમાં હિંદુ-મુસ્લીમ હુલ્લડ ચાલતું હતું ત્યારે ચારેબાજુ છુરાબાજી ચાલતી હતી. મેં મનમાં વિચાર્યું કે હું અહિંસક કહેવડાવું છું. લોકો માણસોની હિંસા કરતા હોય ત્યારે મારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમને અહિંસાની વાત સમજાવવા જવું કે નહી? પણ સાચું કહું તો પ્રારંભમાં મનમાં ડર હતો કે કોઇ છરી હુલાવી દેશે તો? સાથીઓ તરફથી પણ એવોજ અંદેશો સેવાતો હતો. કોઇકે કહ્યું કે "લત્તા નક્કી કરી લો પછી જાવો."

"સાધુઓને વળી શું લત્તા નકકી કરવાના હોય?" મનમાં વિચાર્યું. પણ, એક વિચાર આવ્યો કે જે લત્તાઓ હુલ્લડ ગ્રસ્ત છે ત્યાંજ જવું જોઈએ ને? જેમ ભગવાન મહાવીરે અભિગ્રહ કર્યો, ત્યારે ચંદનબાળા જેવા પાત્ર ને ગોતવા તેમને જવું પડ્યું ને? એવીજ રીતે હું લત્તાનો અભિગ્રહ કરી ઉપડ્યો. મનને મજબૂત કર્યું કે છરીનો ઘા પડે તો તે પણ સહી લેવો. પણ સાથીઓને સમજાવવા રહ્યા. એક દલીલ એ આવી કે આપણે કાનૂન ભંગમાં માનતા નથી માટે કરફયુ વખતે ફરવા માટેની પરમીટ લઈ લેવી જોઈએ. પ્રિય છોટુભાઈ સાથે થયા કે તેમને એકલાને ન છોડાય. અમે સીધા કલેકટરની ઑફિસે ગયા. મેં કહ્યું: "લાવો પરમીટ!"

કલેકટર બિચારા મુંઝાયા કે આ વળી કોણ છે? શાંતિ સમિતિના સભ્ય પણ નથી. તો પરમીટ કઇ રીતે આપીએ? સંયોગવશ ત્યાંજ શાંતિ સમિતિની બેઠક ચાલતી હતી. તેમાં મોરારજીભાઇ પણ હતા. તેમણે બધું પૂછ્યા પછી, કલેકટરને કહી મને પરમીટ અપાવી. તેમણે મને કહ્યું: "શાંતિ સમિતિ ને સંબોધીને કંઈક કહો... પછી જાઓ!" મેં તેમને સંબોધીને કંઈક કહ્યું. પછી ત્યાંથી લત્તે લત્તે ફરવા લાગ્યો. શાંતિ સમિતિને સંબોધતો હતો ત્યારે મારા મનમાં ભયનો અલ્પ સંચાર હતો પણ તે મન મક્કમ થતાં પાછળથી ચાલ્યો ગયો. આમ પ્રાણ છોડવાની જે બીક હતી તે નીકળી ગઇ. પરિગ્રહ છોડવાની બીક તો પહેલાંથી જ હતી નહીં. પ્રતિષ્ઠા છોડવાનો પ્રશ્ન આવીને ઊભો રહ્યો. માણસ માટે પરિગ્રહ અને પ્રાણ, પ્રતિષ્ઠા માટે છોડવા સરળ છે, પણ પ્રતિષ્ઠા છોડી શકાતી નથી. મારા ઉપર વ્યકિતગત આક્ષેપો થવા લાગ્યા આ તો રાજકરણની વાતો કહે છે. એમાં ધર્મની વાત કયાં છે?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના ઉપર આક્ષેપો આવ્યા એને વ્યક્તિગત સહી લેવામાં તો હું મક્કમ રહ્યો અને સહેવામાં મને કાંઈ લાગ્યું નહીં.

પણ, વ્યક્તિથી આગળ વધીને એના સાથીઓ અને સંસ્થાઓ ઉપર આક્ષેપ આવે ત્યારે અનુબંધકાર ચૂપ ન રહી શકે! તે વખતે તો ધર્મસારથી કે અનુબંધકારે આગળ આવીને કંઈક કરવું જ જોઈએ. ભગવાન મહાવીરે સ્ત્રીઓ અને શુદ્રોનો ઉદ્ધાર કરાવ્યો જ...! ઇશુએ ગુલામ અને કચડાતી પ્રજાને નૈતિક રસ્તો બતાવ્યો જ! જો એમ ન થાય તો પછી સમાજમાં કોણ નૈતિક હિંમત ટકાવી શકે? જે સ્ત્રીઓ ઘરની ચાર દિવાલો વચ્ચે રહેતી હોય તે માંડમાંડ બહાર નીકળીને કામ કરવા આગળ આવે અને રૂઢિચુસ્ત સમાજ આક્ષેપો મૂકે તો સમાજમાં કામ કરવા કોણ આગળ આવશે? સમાજની ગંદકી નહીં ઉલેચાય તો વધતી જ જશે. એટલા માટે, આવા ખોટા આક્ષેપો અને અનિષ્ટોનો તો સામુદાયિક પ્રતિકાર કરી બાળવાં જોઇએ. એના માટે પવિત્ર સંસ્થાઓ અને નૈતિક સંગઠનોની વાત આગળ મૂકવામાં આવી છે. સમાજમાંથી સારાં સારાં તત્ત્વો શોધવા પડશે. એવા પુણ્યશાળી લોકસેવક–સેવિકાનો સંગ્રહ કરીને પુષ્ટિ કરવી પડશે અને પછી સંગઠિત રીતે અન્યાયો— અત્યાચારો કે અનિષ્ટોનો અહિંસક પ્રતિકાર કરીને સંસ્થા અને સમાજની શુદ્ધિ કરવી પડશે. આમ પુષ્ટિ અને શુદ્ધિ બન્નેનો અનુબંધ થતાં સમાજની પરાયુક્તિ થશે.

### સદા સચેત અનુબંધકાર

પોતાની વાત રજુ કરતાં સંકોચ થાય એ સ્વાભાવિક છે પણ અનુબંધકારે કેટલાં કષ્ટો અને આફતોમાંથી પસાર થવું પડે છે એને સમજાવવા પૂરતી આ વાત રજૂ કરવામાં આવી છે. હજુ તો મારે ઘણા તબક્કાઓ પાર કરવાના છે.

પણ, એક વસ્તુ ચોક્કસ છે કે જેમ કાદવવાળો માર્ગ હોય ત્યાં સાચવી સાચવીને પગ મૂકવાથી, ઘેર આવીને પગ ધોવા માટે પાણી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓછું વાપરવું પડશે. તેમજ અનુબંધકારનું છે. તે સદા સચેત થઈને અને સાચવીને ચાલશે તો તેને શ્રમ ઓછો કરવો પડશે. સમાજને અનિષ્ટમાં સબડતો જોઈને, દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવ જોઈને સમાજને જેટલો સાચવશે, તેટલો જ કાદવ ઓછો ચોંટશે અને તપત્યાગરૂપ પાણી પણ તેને ઓછું વાપરવું પડશે.

અનુબંધકારની એ વિશેષતા છે કે તે રાજ્ય, જનતા અને સાધક ત્રણેયની સંસ્થાઓ જોશે. ત્યાં જે પવિત્ર અથવા ઘડતર પામેલાં સંગઠનો હશે તેની સાથે અનુબંધ જોડશે; તેવાં સંગઠનો નહીં હોય તો નવાં ઊભાં કરશે અને તે સંગઠનોમાં જ્યાં જ્યાં અનુબંધ બગડતો કે તૂટતો જોશે કે તરત જ તેને સુધારવાનું કે સાંધવાનું કામ કરશે.

ટુંકમાં અનુબંધકાર જે જે સ્થાને હોવું જોઈએ તેને એ સ્થાને મૂકશે અને તેમ કરવા જતાં સમાજનું સમૂળું પરિવર્તન થતું હોય તો તેમ કરવામાં ચૂકશે નહીં.

## ચર્ચા વિચારણા

### અનુબંધન કોને કહેવો ?

અનુબંધન વિચારધારા અંગે સહચિંતન, ચર્ચા–વિચારણાનો પ્રારંભ કરતાં **શ્રી પૂજાભાઈએ** કહ્યું: "રાણા પ્રતાપ અને ભામાશાનો અનુબંધ થયો, તો સૈનિકોને સમયસર સહાય મળી. ચિત્તોડ બચ્યું, દેશ બચ્યો, એમ અનુબંધ થવો જોઈએ."

**શ્રી દેવજીભાઈએ** ચોખવટ કરતાં કહ્યું: "વ્યકિતનું વિશ્વ સાથે યોગ્ય રીતે અનુસંધાન થાય તેજ અનુબંધ કહેવાય; એમ મને લાગે છે. વશિષ્ઠ ગુરુ વનમાંથી રામચંદ્રજીને પાછા લાવવા ગયા છતાં તેઓ પાછા ન ફર્યા કારણ કે તેમને જગત સાથે અનુબંધ કરવાનો હતો.

મિત્રો અને કુટુંબો સાથેના સંબંધ થાય એ સંબંધ કહેવાય. તેથી આગળ જતાં પ્રબંધ કહેવાય. પણ વિશ્વ સાથેનો સંબંધ થાય એજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનુબંધ કહેવાય. ભગવાન રામે હનુમાન, સુગ્રીવ, જાંબવંત, શબરી અને છેવટે રાક્ષસોમાંથી રત્નો શોધીને જગહિતાર્થે મહાસાધનમાં જોડી દીધાં.

**ડૉ. મણિભાઈએ** કહ્યું : "ધ્યેયને અનુલક્ષીને કરેલી ક્રિયા તે અનુબંધ ગણાવી જોઈએ. વધારે એટલું કહી શકીએ કે ધ્યેયની સાથે "સુ" આવવો જોઈએ; એટલે કે ધ્યેય સારો હોવો જોઈએ."

**શ્રી માટલિયાએ** કહ્યું : "પશ્ચિમમાં પણ આવી એક સોસાયટી છે. હમણાં મેં 'હોમ હાઉસ'ના લેખકનું "સોસાયટીઝ એન્ડ જસ્ટીસ "નામના પુસ્તકમાં તેવું વાંચ્યું છે. તેમાં લખ્યું છે કે બાળકના વિકાસ માટે હાલરડું જોઈએ તેમ સમાજના બધા અંગો તાલબદ્ધ હોય (અનુબંધિત) તો સમાજની પ્રગતિ થાય."

**અનુબંધ ક્યારથી ?:**

**પૂંજાભાઈએ** કહ્યું : "આ રીતનો અનુબંધ પ્રયોગ અહીં પહેલ વહેલોજ લાગે છે."

તેનો ખુલાસો કરતાં સભ્યોએ કહ્યું : "ના, એ તો ગાંધીજીએ જ કર્યો છે. અસ્પૃશ્યતા નિવારણની દિશામાં ગાંધીજીને માટે જેમ નરસિંહ મહેતા અને સ્વામી દયાનંદજીએ વાતાવરણ તૈયાર કરી આપ્યું, તેમ ગાંધીજીએ અનુબંધ પ્રયોગને માટે માર્ગ ઉઘાડો કરી આપ્યો છે.

**અનુબંધકારની યોગ્યતા :**

**પૂ. શ્રી નેમિમુનિએ** અનુબંધકારની યોગ્યતા વર્ણવતાં પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા છોડવાનું કહ્યું. જો ગૃહસ્થ સાધકોની આટલી તૈયારી ન હોય ત્યાં શું ?" એ વિષે ચર્ચા આગળ ચાલતાં દેવજીભાઈએ બે ઉદાહરણો ટાંક્યા :—

(૧) એક વખત ગુંડાઓનું જોર હતું એવી વાત ગામમાં ફેલાયેલી. હું બહારગામ ગયો હતો. ત્યાંથી પાછો ફર્યો ત્યાં સુધી મારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુત્રીએ ખાધું નહીં. હું આવ્યો કે મને કહ્યું : કાં તો હવેથી બહાર જશો નહીં, જાવ તો અમને સાથે લઈને જશો.'

મેં કહ્યું : " ખુશીથી સાથે ચાલશો, હું રાજી થઈશ.'।

( ૨ ) હું મારા એક મિત્રને હંમેશાં કહેતો કે લગ્ન ન કરો અને કુંવારા રહીને ખૂબ કામ કરી શકાશે. છતાં વૈદિક ધર્મના સંસ્કારના કારણે ગૃહસ્થાશ્રમ માંડ્યો. એક ખેડૂતની ચર્ચા ઉપરથી તેમને લાગ્યું કે એકલા હાથે ભવસાગર તરવો કઠણ. માટે ભલે બે થવું. પણ એક સંતાનથી વધારે નહીં. આજે ચાર વર્ષ એમને પરણે થયા છતાં એ બ્રહ્મચર્ય નિભાવી રહ્યાં છે.

એટલે અનુબંધકારનો રંગ લાગશે તો પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા આપોઆપ છૂટી જતાં હોય છે.

**પૂંજાભાઈ:** " આ શિબિર પ્રયોગ વહેલો થાત તો ખરેખર કેટલાં યે અનિષ્ટો ઓછાં ન થયાં હોત ? " અનુબંધ વિચારનું સાચું રહસ્ય હવે સમજાયું છે. જો આપણે આ રીતે અનુબંધ પ્રયોગ કરીએ તો કુદરતી રીતે અવ્યકત બળોની મદદ મળી રહેવાની.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારાનાં વિવિધ પાસાંઓ [૨]

મુનિશ્રી સંતબાલજી] [૨૫-૭-૬૨

અનુબંધ વિચારની પૂર્વ ભૂમિકા ઉપર આ અગાઉ વિચારણા થઇ ચૂકી છે. સારાની પ્રતિષ્ઠા કરવી અને ખરાબને સુધારવું એ સંસ્કૃતિનો જૂનો ક્રમ રહ્યો છે; અને ચાલુ રહેશે. એના વડે જ જગત-જીવનની સમતુલા બરાબર રહે છે. જે, જે સ્થાને હોવું જોઇએ તેને તે સ્થાને સ્થાપવું-રહેવા દેવું કે તે સ્થાન આપવામાં મદદ કરવી અને અયોગ્ય તત્ત્વો જે કોઇપણ કારણસર યોગ્ય સ્થાને ઘૂસી ગયા હોય તેમને દૂર કરવા એને જ બીજા શબ્દોમાં અનુબંધ કાર્ય કહી શકાય.

અનુબંધ વિચારધારાની પૂર્વ ભૂમિકા અંગે વિચાર અને છણાવટ કરતાં તેમાંથી તારવી શકાયું કે એના જુદાં જુદાં પાસાંઓ છે. અનુબંધ પ્રયોગ માટે આપણે પાંચ મુખ્ય પાસાંઓ લઇએ છીએ. તે પાંચ પાસાંઓ આ પ્રમાણે છે:—

(૧) શુદ્ધિ અને પુષ્ટિ.

(૨) સુસંસ્થાઓ અને સુસંગઠનો દ્વારા સમાજ અને વ્યક્તિનું ઘડતર.

(૩) વિશિષ્ટ વ્યક્તિઓની સાથે અનુસંધાન.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૪) સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા અને ખોટાં મૂલ્યોની અપ્રતિષ્ઠા (સાચું મૂલ્યાંકન).

[ઇષ્ટોને પ્રતિષ્ઠા આપવી, અનિષ્ટોની પ્રતિષ્ઠા તોડવી]

(૫) યોગ્ય વ્યક્તિ અને સુસંસ્થાને યથાક્રમે યોગ્ય સ્થાન આપવું.

આ બધાં પાસાંઓની છણાવટ કરતી વખતે એમાં જૈન ધર્મના પ્રમાણો કે દૃષ્ટાંતો વધારે આવશે કારણ કે એ ધર્મ ગુણને પ્રધાનતા આપનારો ધર્મ છે; કોઇ અમુક વ્યક્તિ વિશેષને એ પ્રધાનતા આપતો નથી. જિન એટલે કોઈ વ્યક્તિ વિશેષ જ નહિ, પણ રાગદ્વેષને જે જિતે તે જિન; પછી ભલે તેનું નામ બુદ્ધ, મહાવીર, હરિ, હર કે બીજું ગમે તે હો. આચાર્ય હેમચન્દ્રે કહ્યું છે.

'यत्र यत्र समये योऽसि सोऽस्यभिधया यया तया।
वीतदोषकलुषः सचेद् एक एव भगवन्नमोऽस्तु ते॥

'જે જે સમયે જે જે નામોથી જે જે વ્યક્તિઓ થઈ હોય, જો તે દોષોથી (રાગદ્વેષથી) રહિત હોય તો તે એક જ છે, તે ભગવાનને મારા નમસ્કાર હો.

વીતરાગ પણ કોઇ વ્યક્તિ વિશેષ નથી, એ પણ ગુણવાચક શબ્દ છે. જૈન ધર્મમાં દેવો (ધર્મદેવો) ને વંદન (નમસ્કાર) કરવાનું આવશે તો ત્યાં કોઇ એક વ્યક્તિ વિશેષનું નામ નહિ આવે, પણ ગુણવાચક શબ્દ આવશે. જેમકે જૈનોનો મુખ્ય મંત્ર આ છે:—

'नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झीयाणं, नमो लोए सव्वसाहूणं।'

એમાં અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને જગતના સર્વ સાધુસાધ્વીઓને નમસ્કાર કરવામાં આવેલ છે, અને તે બધા ગુણવાચક નામો છે. જ્યારે બીજા ધર્મોમાં મોટે ભાગે વ્યક્તિઓનું નામ આવે છે. દા. ત. 'ૐ नमः शिवाय' 'ૐ नमः वासुदेवाय' એમાં એક જ વ્યક્તિ વિશેષને નમન કરવામાં આવ્યું છે. એટલે જૈનધર્મ ગુણપ્રધાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. ગુણનો ઇજારો તો જે રાખે તેનો હોય છે. એ ઉપરાંત અમારો ઉછેર પણ જૈન પરંપરામાં થયો છે, માટે જૈનધર્મની વાતો વારંવાર આવે છે. શ્રીમદ્ રાજચન્દ્રે પ્રથમ વૈષ્ણવ કંઠી બાંધેલી, પણ પછી તેમણે જૈનધર્મનો અભ્યાસ કર્યો, એમાં ઊંડા ઊતર્યા; અને જૈન વિભૂતિ તરીકે આજે પણ ઓળખાય છે.

(૧) **શુદ્ધિ અને પુષ્ટિ**—ઉપર બતાવેલા પાંચ પાસાંઓ પૈકી પહેલું પાસું છે. શુદ્ધિ અને પુષ્ટિ. એ અંગે પહેલા પ્રવચનમાં કહેવાયું છે; છતાં વિશેષ ખુલાસો કરી લઇએ. જે ખરાબ તત્ત્વો, અનિષ્ટો કે અનિષ્ટકારી બળો છે, તેમની અને જે સુસંસ્થાઓ છે, તેમાં પણ કોઇ સડો તે અનિષ્ટ પેસી ગયું હોય તો તેની શુદ્ધિ કરવી અને તેમાં સાચાં મૂલ્યો નીતિ–ધર્મનાં તત્ત્વો દાખલ કરીને તેની પુષ્ટિ કરવી. બીજી રીતે વિચારીએ તો જ્યાં સુધી વ્યક્તિ કે તે વ્યક્તિપ્રેરિત સુસંસ્થાઓ શુદ્ધ ન થાય કે ન રહે ત્યાંસુધી તેવી સાધક વ્યક્તિને પરામુક્તિ નથી મળતી. એટલા માટે સાધકવ્યક્તિએ સુસંસ્થાઓને પ્રેરણા-માર્ગદર્શન આપીને, તેમાં પેસતાં અનિષ્ટોને તપ–ત્યાગ દ્વાર દૂર કરી–કરાવીને શુદ્ધિ દ્વારા પાપનો ક્ષય કરવો અને સુસંસ્થાઓ દ્વારા સારાં કાર્યો કરાવી પુણ્ય વૃદ્ધિ કરવી જોઇએ. આમ પાપની શુદ્ધિ અને પુણ્યની પુષ્ટિ થાય તો ક્રમે ક્રમે તે મોક્ષને પામી શકે.

## (૨) સંસ્થાઓ અને સુસંગઠનો દ્વારા વ્યક્તિ અને સમાજનું ઘડતર

હવે બીજા પાસા ઉપર વિચાર કરીએ. આ વિશ્વમાં સૌથી અગત્યનું અંગ માનવસમાજ છે. એને જ આપણે સમાજ કહીએ છીએ. પણ એ વિશાળ સમાજનું ઘડતર નહિ થાય તો એના દ્વારા સમષ્ટિની રક્ષા કે સમાજવ્યવસ્થાની સુરક્ષા નહિ થઇ શકે, વિશ્વમાં અશાંતિ ફેલાય. સમાજના ઘડતર માટે કુટુંબથી માંડીને ફળીયું, લત્તો, ગ્રામ, નગર પ્રાંત સંપ્રદાય, જ્ઞાતિ સુસંસ્થા અને રાષ્ટ્ર એ બધાનું ઘડતર જરૂરી છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ બધાં સારાં હોય, કે એમાં વધારે માણસો સારા હોય તેથી કામ ચાલતું નથી, પણ એ બધાનું અગર તો વ્યક્તિઓનું ઘડતર હોવું જરૂરી છે. આખા સમાજનું ઘડતર સુસંસ્થાઓ દ્વારા જ થઇ શકે છે. એકલી વ્યક્તિના ઘડતરથી સમાજમાં પૂર્ણતા આવતી નથી. કારણ કે વ્યક્તિ સમાજની સાથે સંકળાયેલી છે; એટલે સુસંસ્થાઓ દ્વારા જ વ્યક્તિઓ અને સમાજનું ઘડતર થાય તે જરૂરી છે.

ગઇકાલે એક ભાઇએ પ્રશ્ન કરેલો: 'કોંગ્રેસમાં જેમ સારા માણસો છે તેમ બીજા પક્ષોમાં પણ છે.'

મેં જવાબમાં કહેલું: "જેમ વ્યક્તિના ઘડતરની જરૂર છે. તેમ સમાજના અને સમાજમાં રહેલી સંસ્થાઓના ઘડતરની પણ જરૂર છે."

જ્યારે સામાજિક મૂલ્યોની વાત કરીએ ત્યારે વ્યક્તિ સાથે સમાજને જોવો પડશે. સુતરનો ઢગલો મૂકવાથી કાંઇ કાપઢ નહીં બને; તેના તાણા, વાણા ગોઠવવા પડશે, તેમ વ્યક્તિઓનો સમૂહ અથવા વ્યક્તિઓનું ટોળું ભેગું કરવાથી સમાજ બની જતો નથી કે ઘડાતો પણ નથી. ટોળાનો નિયમ તો એવો હોય છે કે જે બાજુ વધારે લોકો બોલતા હોય તે બાજુ તે ઢળી પડે; સારા માઠાનો વિચાર તે નહીં કરે. એટલે સમાજને ઘડવો હોય તો તે ઘડતર સંસ્થાઓ મારફતે થાય. આ સંસ્થાઓમાં આપણે ત્રણ સંસ્થાઓ મુખ્યતને લઇએ છીએ રાજ્યસંસ્થા, લોકોની સંસ્થા અને સાધકોની સંસ્થા

**સાધક (ધર્મ) શાસન, જનશાસન અને રાજ્યશાસન:**

આમાં સાધુસંતો (મુખ્ય ઉચ્ચ સાધકો) છે. એને જિન-શાસન કહેવાય છે. જિનશાસનમાં શ્રાવકો (ગૃહસ્થ સાધકો) અને સાધુઓ (મહાવ્રતી સાધકો) જૈન લોકો જૈન શાસનની જય બોલે છે કારણકે સાધુસંતોનું ગૃહસ્થસાધકોનું આ જિન શાસન; સાધુઓને, જિન શાસન એટલે કે ધર્મશાસન, જનશાસન અને રાજ્યશાસન સાથે જોડે છે. જૈનાગમોમાં પાંચ વ્રતો બતાવ્યાં છે:—અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય અસ્તેય અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અપરિગ્રહ. વૈદિક ધર્મમાં પણ એમને પાંચ 'યમો' કહ્યાં છે. જૈનોએ જરા ઝીણવટથી આ બધું જોયું છે. માણુસ માત્ર ભૂલને પાત્ર બની શકે છે એટલે તેને સીધે રસ્તે ચાલવા માટે નિયમો આપ્યા. સાધુઓ માટે કડક અને બધી રીતે દોષરહિતતાનો આદેશ આપવામાં આવ્યો છે પણ ગૃહસ્થ સાધક તે રાજા હોય કે પ્રજા તેના માટે અમૂક નિયમો દરેક વ્રતમાં આપેલા છે. તે પ્રમાણે ત્રીજા વ્રતમાં " વિરૂદ્ધ રજ્જાઇક્કિમ્મે " —રાજ્ય વિરૂદ્ધ કર્મને અનિચાર દોષ ગણવામાં આવેલ છે. અહીં શ્રાવકને સ્પષ્ટ આદેશ છે કે " રાજ્યને વફાદાર રહેજે." આ વિચારવા જેવી વાત છે.

રાજ્ય, પ્રજા અને સાધુઓ એકમેકથી સંકળાયેલા છે. રાજ્યને વફાદાર નહીં રહે તો લોકશાસન બરાબર નહીં રહે, લોકશાસન બરાબર નહીં હોય તો સાધક શાસન બરાબર નહીં રહે અને સાધક શાસન બરાબર ન રહે તો ધર્મ–શાસન ક્યાંથી સારૂં રહે? એટલે ત્રણેની સાંકળ હોવી જોઈએ. આજે એની સાંકળ તૂટી ગઈ છે; તેને ફરીથી સાંધવી પડશે. સમાજ રાજ્યનું ધ્યાન રાખે, સાધકો સમાજનું અને રાજ્યનું ધ્યાન રાખે તો જ આ સુમેળ બન્યો રહે.

જૈનોના સામાયિક વ્રતમાં સમત્વભાવ રાખવાનો હોય છે. એનો વ્યાપક અર્થ કરીએ તો એમ થાય કે સમાજની સમતુલા બરાબર છે કે નહીં. રાજ્યશાસન, જનશાસન અને જિન શાસન બરાબર છે કે નહીં, એ જોવાનું કહ્યું છે. આ સામાયિકના સમભાવને આખા વિશ્વ ઉપર, સમાજ ઉપર ઘટાવી શકાય છે.

" વિકથા ના કરીશ ! " એમ પણ એના દોષોમા કહેવામાં આવ્યું છે. વિકથા એટલે ખોટાં મૂલ્યોને પ્રતિષ્ઠા આપવાની વાત છે. કોઈ પણ કરતાં ખોટી વાતોનું સમર્થન ન થઈ જાય એ જોવા માટે કહેવામાં આવ્યું છે.

" રાજકથા ના કરીશ ! " એમ કહેવામાં આવ્યું છે તો આ રાજકથા કઈ? જે કથનથી રાજ્યમાં અરાજકતા પ્રસરે, જનજીવનની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાંતિ ભયમાં મૂકાય, યુદ્ધોની આશંકા રહે, રાષ્ટ્રો ઉત્તેજિત થઈને હિંસક યુદ્ધો કરે કે હિંસક શસ્ત્રો બનાવી બીજા રાષ્ટ્રને સતત ભય અને ત્રાસના વાતાવરણમાં મૂકે. આ બધી કથાઓ "રાજ-વિકથા"માં આવી જાય છે. રાજ્યમાં અનિષ્ટો ફેલાય, હિંસા ફાટી નીકળે, અત્યાચારો કે અન્યાયો ફેલાતા હોય તો તેને દૂર કરવા માટે, રાજ્યની શુદ્ધિ કરવા માટેની વાત 'રાજકથા' નથી. જો એ રાજકથા હોત તો જૈનગ્રંથોમાં ઠેરઠેર રાજાઓને પ્રતિબોધવાની અને રાજ્યશુદ્ધિ કરવાની વાત આવે છે તે ન આવત! આ બધાનો કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે રાજકથા એટલે રાજવિકથા ન કરજે પણ સુકથા કરજે.

## બૌદ્ધોનું સંઘમ્ શરણમ્

બૌદ્ધ ધર્મમાં શરણની વાત આવે છે. તેમાં ત્રણ શરણે જવાનું કહેવામાં આવ્યું છે:—

બુદ્ધં શરણં ગચ્છામિ,
સંઘં શરણં ગચ્છામિ,
ધમ્મં શરણં ગચ્છામિ.

બુદ્ધ એટલે સાધુના ગુણવાચક શબ્દમાં, સંઘ એટલે સમાજ અને ધર્મ એટલે સાર તત્ત્વ એના શરણે જવાનું સૂચવવામાં આવ્યું છે. સંઘમાં, રાજ્ય, લોકો અને લોકસેવકો બધાયે આવી જાય છે. એટલે—સુશાસન કે શરણે જવામાં સંઘ-સમાજનો સમાવેશ ત્યાં પણ છે; અને એમાં એક બીજાનો પરસ્પરનો અનુબંધ રહેલો છે.

## સંઘ – સંસ્થા – સમાજ

સમાજ અનુકરણશીલ હોય છે. તેને ઘડવામાં બે વાતોનું ધ્યાન રાખવાનું છે. એક તો એમાં કામ કરતી જે સંસ્થાઓ છે તેની અંદર સાચાં અને સારાં તત્ત્વોને પ્રતિષ્ઠા મળે. અહીં સમાજમાં 'સંઘ'ના નામે સુસંસ્થા-ધર્મ માર્ગે જનારી ઉપર ભાર મૂકવામાં આવ્યો છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલું જ નહીં તેના શરણે જવાનું સૂચવવામાં આવ્યું છે. ખોટાં તત્ત્વોને અપ્રતિષ્ઠિત કરવાં એ પણ ઘડતરની બીજી બાજુ છે. ત્યારે જ સમાજ ખરી રીતે ઘડાય. એ માટે સુ-સંસ્થાઓની જરૂરને સ્વીકારવામાં આવી છે.

આમ જોવા જઈએ તો વિશ્વ પણ એક સંસ્થા છે; દેશ પણ એક સંસ્થા છે; સમાજ પણ એક સંસ્થા છે અને ઘર પોતાની અંદર એક સંસ્થા છે. સંસ્થા હોવાથી માણસ ઉપર આપોઆપ નૈતિક બંધન આવે છે અને તેને અમૂક મર્યાદાઓમાં રહેવું જ પડે છે. કુટુંબની જ વાત લઈએ. ત્યાં પિતા, માતા, બહેન, પત્ની ભાઈ, ભાભી, વગેરેની મર્યાદાઓ સાચવવી પડે છે. દરેકને કેટલાક સત્ય અહિંસાના નિયમોમાં રહેવું પડે છે. એવું જ સંસ્થાનું છે. તેમાં પણ માણસને અમુક નિયમો પાળવા જ પડે છે, એ રીતે તેનું ઘડતર થાય છે; વિકાસ થાય છે, આખો માનવસમાજ એક સાથે સુધરતો નથી પણ પહેલા તબક્કે અમૂક વ્યક્તિઓ સુધરે છે; પછી તેમની પ્રેરણા પામેલી અમૂક સંસ્થાના સંસ્થાબદ્ધ માણસો સુધરે છે. અને તેઓ માનવસમાજ સામે આદર્શ રજૂ કરી સમાજની કાયાપલટ કરે છે.

**સારી – નરસી સંસ્થાઓ :**

હવે એ પ્રશ્ન આવશે કે કઈ સંસ્થા સારી છે? ભ. રામે રાજ્યનો ઝંડો લીધો ત્યારે એમણે જોયું કે અમુક રાજ્યસંસ્થાઓ–રાજ્યો બગડી ગયેલ છે. એક બાજુ વાલીનું ભોગવાદી રાજ્ય હતું અને બીજી બાજુ રાવણની સરમુખત્યારશાહી હતી. કિષ્કિંધામાં વાલી નાના ભાઈની વહુને રાખીને બેઠો હતો. એ ભોગવાદી રાજ્ય હતું. બીજી તરફ રાવણ રૂપાળીમાં રૂપાળી સ્ત્રી મારી એમ માનતો હતો. એ પ્રમાણે તેણે સાધુનો વેશ પહેરીને પણ સીતાજીનું હરણ કર્યું. રાવણની સામે તેના રાજ્યમાં કોઈ બોલી શકતું ન હતું. અન્યાયનો સામનો કરવાની કોઈનામાં તાકાત ન હતી. પ્રજા રાવણની સરમુખત્યારશાહી નીચે કચડાયેલી હતી. યુગ પૂર્વે આ સ્થિતિ હતી. રામે રાવણને હરાવી સીતાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુકત કર્યા અને રાજ્ય વિભિષણને સોંપ્યું. વાલીને હરાવી તેમણે સુગ્રીવને રાજ્ય સોંપ્યું. આમ રાજ્ય સંસ્થામાં થયેલ બગાડને તેમણે સુધાર્યો.

એવી રીતે દરેક અનુબંધકાર પોતાના સમયના સંગઠનો અને સમાજમાં સુધારા કરે જ છે. શ્રીકૃષ્ણે નાનપણમાં વૈશ્ય સમાજને સુધાર્યો. ગોપાલકોને તેમણે સંગઠિત કર્યા અને એ રીતે તે વખતની આસુરી શકિતઓનો નાશ કર્યો. સમાજ શુદ્ધિમાં સૌથી વધુ ફાળો આપ્યો હોય તો ભગવાન મહાવીર અને બુદ્ધ ભગવાને. તેમણે સાધકોની શ્રમણ સંસ્થા ઊભી કરી અને શ્રમણોપાસક સંઘની પણ સ્થાપના કરી.

સારી સંસ્થાઓ ઊભી કરવાનું બીજું એક કારણ એ પણ છે કે સંસ્થાઓ ઊભી થાય એટલે સંસ્થાના સભ્યો વધે અને સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા વધે અને સાથે જ સુસંસ્થા ખડી થતાં, નરસી સંસ્થાઓની શુદ્ધિ માટે ક્ષેત્ર ખુલ્લું થાય.

## (૩) વ્યકિત વિશેષ અને સંસ્થાઓ

એનો અર્થ એવો નથી કે સંસ્થા ઊભી થાય એટલે કોઈ વિશિષ્ઠ વ્યક્તિ હોય તેની સાથેનો અનુબંધ તોડી નાખવો. વ્યકિત વિશેષ સાથે અનુસંધાન જાળવી રાખવું એ અનુબંધનું ત્રીજું પાસું છે. સામાન્ય માણસો કરતાં કેટલીક વ્યકિતઓ ઉચ્ચ કક્ષાની હોય છે. તેઓ સ્વેચ્છાએ સહજ ભાવે બધાજ નિયમો અને વ્રતો પાળતાં હોય છે. સમાજની કક્ષા કરતાં તેમની કક્ષા ઊંચી હોય છે. આવી વિભૂતિઓ સંસ્થાના ચોકઠામાં રહી શકતી નથી. એવી વિભૂતિઓનો અનુબંધ રહેવો જોઈએ જેથી તેમનો લાભ સંસ્થાને, અને સંસ્થા દ્વારા સમાજને મળી શકશે. તીર્થંકરો તીર્થની સ્થાપના કરે છે; પણ કેવળીઓનો તો એ તીર્થોએ સંઘોએ લાભ લેવાનો જ રહે છે. એવી વ્યક્તિઓ પોતાને ધેડ નહીં બેસવાના લીધે કદાચ સુસંસ્થામાં ન ગોઠવાય તો પણ તેમની સાથે અનુબંધ રાખવો જોઈએ. ઉદાહરણ રૂપે રવિશંકર મહારાજની વાત લઈએ. સંત વિનોબાજીની તંત્ર મુકિતની વાત સાંભળી તેઓ ભા. ન.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખપદેથી રાજીનામું આપીને છૂટા થયા પણ પ્રાયોગિક સંઘ સાથે મીઠો સંબંધ હજુયે રાખતા રહ્યા છે.

## સાચાં મૂલ્યોની પ્રતિષ્ઠા અને ખોટાંની અપ્રતિષ્ઠા

એ સિવાય પણ અમૂક વ્યક્તિઓ સંસ્થા સાથે જોડાતી નથી. તેની પાછળ તેમના અહંનું પોષણ કે સ્વચ્છંદતા વધવાનું કારણ હોય છે. કેટલીક વખત એક સુસંસ્થામાં જોડાયેલ વ્યકિત કોઈ સભ્યની, અદેખાઈ, ઈર્ષા કે દ્વેષના કારણે તે સંસ્થામાંથી છૂટી પડી જાય છે. ભગવાન મહાવીરના સમયમાં આવી બે વ્યક્તિઓ તેમનાથી છુટી પડી અને તેમની સામે થઈ. એક હતો ગોશાલક જે પહેલાં પોતાને ભગવાનનો શિષ્ય ગણુતો હતો અને બીજા હતા જમાલિમુનિ જે સંસાર પક્ષે ભગવાનના જમાઈ હતા ભગવાન મહાવીરની પુત્રી પ્રિયદર્શના જે સાધ્વી થએલી તે પણ પોતાના પતિ સાથે જમાલિ મુનિ સાથે ગઈ. વહેવાર જે બાજુએ હોય તે 'તરફ લોકો વધુને વધુ ઢળે. એટલે તે સાધ્વી પણ તે બાજુ ઢળી ગઈ. પાછળથી સાચું સમજાતાં તે પોતાના પિતા – ભગવાન મહાવીર સ્વામી પાસે પાછી આવી ગઈ. જમાલિ મુનિએ તો ભગવાન મહાવીરની વાત વહેવારની દૃષ્ટિએ ખોટી છે એમ કહ્યું. "हट्टेमाणे हट्टे" એટલે જે કામ ચાલુ થયું છે તે થઈ ગયું છે એમ સમજવું; એમ ભગવાને કહ્યું. તેમણે એમ પણ કહ્યું કે વહેવાર અને નિશ્ચય બંનેનો મેળ રાખવો જોઈએ. "એકવાર વસ્ત્રના છેડાને આગ લાગતાં તે તો સળગી ગયું; હવે તો એ નહીં દઝાડી શકે!" એ રીતે કહીને જમાલિની વાતને ખોટી ઠરાવી હતી. જમાલિનો વિરોધ કેવળ શબ્દો સુધી હતો અને જે ક્રિયા ચાલુ હોય તેને પૂર્ણ કહેવી એમ તેમનું મંતવ્ય હતું અને તેના પ્રતિપાદનમાં તેઓ રોજની વપરાતી ભાષાને ટાંકતા.

ત્યારે, ગોશાલકનો વિરોધ કેવળ વિરોધ ન બનીને દ્વેષ રૂપે હતો. તેણે ભગવાનની વાતનો છડેચોક વિરોધ કર્યો એટલું જ નહીં આજીવક નામનો નવો પંથ પણ કાઢયો એટલું જ નહીં ગોશાલકે સામે આવીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાન ઉપર તેજોલેશ્યા ફેંકી. તો તેમણે શીતલ લેશ્યાથી સામનો કર્યો. ભગવાન મહાવીરે જમાલિનો તત્ત્વથી વિરોધ કર્યો પણ ગોશાલક અંગે તો તેમણે કડક જવાબ આપ્યો અને તેનાં ભવિતવ્ય વાદ" (એટલે કે થવાનું છે તે થશેજ માટે એજ સાચું છે. બીજું કંઈ ન કરવું) ને ખુલ્લો પાડ્યો એને અંતે તેનાજ પ્રખર અનુયાયીઓ જેમાં શકડાળપુત્ર હતો તેમની પાસે ગોશાલકે ભગવાન મહાવીરની મહાશ્રમણ, મહાબ્રાહ્મણ, મહાતારક વગેરે પ્રશંસા કરીને ભિક્ષા માગવી પડી.

ભગવાન મહાવીર માટે એવું છે કે તેમણે કદિ કોઈની બિનજરૂરી ટીકા કરી નથી. ભગવાન બુદ્ધના દર્શનશાસ્ત્રના સિદ્ધાંતનો મત તેમનો વિરોધી મત હતો પણ તેમણે કદિ બુદ્ધની ટીકા કરી ન હતી જમાલિનનો પણ વિરોધ કેવળ સિદ્ધાંન્ત પૂરતો જૂજ કર્યો અને ગોશાલકનો તે સામે પડ્યો ત્યારે વિરોધ કર્યો.

અનુબંધકારે સાચા તરીકે ટકી રહેવા માટે પણ આ રીતે વિરોધ તો કરવો જ પડે છે. પાર્શ્વનાથે તે વખતે નાગજાતિ (પછાત જાતિ)ના ઉદ્ધાર માટે પુરૂષાર્થ કર્યો. વ્યર્થ ક્રિયાકાંડો અને અંધ વિશ્વાસોનો વિરોધ કર્યો તેથી કમઠ તેમની સામે થયો. કમઠની સામે મોટો જનસમૂહ હતો અને પાર્શ્વનાથની પડખે ધરણેંદ્ર અને પદ્માવતી (નાગ-યુગલ) બન્ને હતાં. છતાં તેઓ વિરોધની સામે ટકી રહ્યા. પોતે સાચા હતા એટલે તેમનો વિજય થયો, આજે જમાલિ કે ગોશાલકને કોઈ યાદ કરતું નથી. પણ ભગવાન મહાવીરને સહુ યાદ કરે છે.

આ ઉપરથી અનુબંધમાં વિરોધની મર્યાદા સમજી લેવી જોઇએ. જ્યાં સામાન્ય ખુલાસાથી વિરોધ ટળતો હોય તો તેમ કરવું; કદિ મૌન સેવતાં સામાની વાત નિરર્થક થતી હોય તો કંઈપણ ન બોલવું; તેમજ સમાજ અને સંસ્થાના ઘડતરમાં વિરોધી આડે આવતો હોય તો કટ્ટર સામનો કરવો પણ જરૂરી છે.

અનુબંધકાર કદિ ખોટા સંગઠનને ટેકો આપી શકે નહીં. ગાંધીજી સાચાં અને સારાં સંગઠનને ટેકો આપતા હતા. ખોટી વ્યક્તિ કે ખોટી સંસ્થાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિરોધ કરતા. આજે સુસંગઠનથી અતડી ઘણી વિભૂતિઓ છે. વિનોબાજી જેવી પવિત્ર વ્યક્તિઓ છે પણ તેઓ સંગઠનને ટેકો આપતી નથી. સર્વસેવા સંઘ બધા પક્ષને ટેકો આપવામાં માને છે. એટલે ખોટાં મૂલ્યોને પણ પ્રતિષ્ઠા મળી જાય છે અને સારાં-નરસાંનો ગૂંચવાડો થઈ જાય છે.

સર્વ સેવા સંઘે જ્યારે ભૂલ કરી છે ત્યારે પાછળથી ખબર પડતાં તેને સુધારી છે એ કબૂલ કરવું જોઇએ. પણ એકવાર સારાં અને નરસાં તત્ત્વોને "સહુ પ્રભુનાં" છે કહીને સરખાં મૂલવીએ તો એ સમતુલા તૂટી જશે. એકવાર ગણોતિયા જમીન ખેડતા હતા પણ પહાણીપત્રમાં નામ જમીન-માલિકોનું હતું. જમીનદારોએ એથી એમને કહ્યું કે તમે જમીન છોડી દો. ગણોતિયા સર્વ સેવા સંઘવાળા પાસે સલાહ લેવા ગયા. ત્યારે તેમણે સલાહ આપી કે તમારે જમીન છોડવી નહીં. પરિણામે માથા ભારે જમીનમાલિકો તેમને પોલિસ મારફતે પકડી ગયા તોફાન વધ્યું. જો રાજ્યને ન માનીએ તો વિકટ પરિસ્થિતિ ઊભી થાય; કોઈની સલામતિ ન રહે. જો અવેજીમાં સંરક્ષણ બળ ઊભું કર્યું હોય તો જૂદી વાત છે. પણ તે થયું ન હતું. પાછળથી સંઘે એ ભૂલ સુધારી.

જગન્નાથપુરીમાં વિનોબાજી બોલ્યા હતા કે "આજે કોંગ્રેસનું રાજ્ય છે. રચનાત્મક કાર્યકરો કોંગ્રેસનો ઉપયોગ કરીને તેનો વિરોધ કરે છે. એક વખત કદાચ એવો પણ આવે કે કોંગ્રેસ જ અહિંસાના માર્ગમાં વચ્ચે આડે આવીને ઊભી રહે." અહીં જે ટીકા થઈ છે તેનો સામાન્ય પ્રજા દુરૂપયોગ જ કરશે. કારણ કે દોડતા બળદને ચમકારો ઘણો પણ માઠા બળદને જેમ તેને ફટકારો તેમ તે તોફાની બની જાય. અહીં કોંગ્રેસને બીજી સામાન્ય સંસ્થાઓ જેમ ગણવાથી પ્રજામાં એના તરફ વિરોધ જાગવાનો અને કોંગ્રેસ પણ આવી ટીકાથી ભડકી જાય એ સ્વાભાવિક છે.

પાર્વતીબેને કહ્યું હતું કે "બ્રાહ્મણો અને સંતો એ સમાજનું મુખ છે. પણ તેમણે સમાજની ખેવના રાખી નથી." આજના યુગના બ્રાહ્મણો રચનાત્મક કાર્યકરો છે. તેઓ કઈ સંસ્થા સારી છે અને કઈ નરસી છે તેનો અભ્યાસ કરી લોકોને માર્ગદર્શન નહીં આપે તો ઘડતર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અધુરૂં રહેશે. વિરોધ–ટેકો એ અનુબંધકારના સૂક્ષ્મ વિવેકને માગી લે છે અને અનુબંધ વિચાર ધારાનું આ ચોથું પાસું એટલી જ બારીક સમજણની અપેક્ષા રાખે છે.

સારાં–નરસાં તત્ત્વોને એકજ તોલે મૂકતાં કેવાં માઠાં પરિણામ આવે છે તે જોઇએ. મુંબઈમાં ભૂદાન અનુક્રમે સર્વપક્ષીય સભા યોજાઈ હતી. શ્રી કેદારનાથજી પ્રમુખપદે હતા. સારા સારા નેતાઓ એમાં હાજર રહ્યા હતા. પણ સમાજવાદી પક્ષના શ્રી જોશી અને સામ્યવાદી પક્ષના શ્રી ડાંગે નહોતા આવ્યા. એટલે લોકોએ વિરોધ કર્યો ધાંધલ કર્યું અને સભાને ચાલવા જ ન દીધી. પરિણામ એ આવ્યું કે ભૂદાનનો સંદેશો લોકોને ન પહોંચાડી શકાયો. ઘડતરના બદલે અવરોધ થયો.

ગુજરાતમાં પણ આવી એક સભા યોજાઈ હતી. ભૂદાન સમિતિવાળા તરફથી રવિશંકર મહારાજ પ્રમુખપદે હતા. તેમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કે જેઓ જિલ્લા ભૂદાન સમિતિના પ્રમુખ હતા તેઓ આવ્યા. તેમને મંચ ઉપર બેસાડતાં તોફાની લોકોએ વિરોધ કર્યો; અને કહ્યું કે "પેલો ઉપર બેઠો છે તેને નીચે ઉતારો, નહીં તો સભા નહીં ચાલે." રવિશંકર મહારાજે વિચાર કર્યો કે સભામાં ધાંધલ થશે એટલે તેમણે સંકોચાતાં સંકોચાતાં કહ્યું કે તમે જાવ તો સારૂં. બબલભાઈ મહેતા પણ આ વખતે હાજર હતા. એ બન્નેને ખૂબ જ દુઃખ થયું. તે વખતે કોઈને ધ્યાન ન આવ્યું કે પેલા પ્રમુખશ્રીને કોંગ્રેસી તરીકે નહીં પણ ભૂદાન સમિતિના પ્રમુખ તરીકે બેસાડયા છે અને તેમને નીચે જવાનું ન કહી શકાય. પછી ભૂલ સમજાઈ અને બબલભાઈએ પ્રાયશ્ચિત રૂપે ત્રણ ઉપવાસ પણ કર્યા. ભૂદાનવાળાઓએ કોંગ્રેસની સમજ્યા વગરની જે ટીકા કરી હતી તેનું જ આ પરિણામ હતું.

એનાથી વિરૂદ્ધ કયારેક કોંગ્રેસવાદીઓ મક્કમ વલણ દાખવે ત્યારે ભૂદાનવાળાને પણ મુંઝવણમાં મૂકાવું પડે છે. વડોદરામાં એક સભામાં પ્રમુખપદે વજુભાઈ શાહ હતા. લોકોએ તોફાન શરૂ કર્યું. વજુભાઇએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્પષ્ટ કહ્યું. "તમારે જે કંઈ કરવું હોય તે કરો! સભા અટકશે નહીં, હું ખસવાનો નથી."

અનુબંધકાર માટે આમ સાચી વાતને વળગી રહેવાનો અને ખોટી વાતને છોડી દેવાનો ગુણ હોવો જોઈએ. તેણે સુસંસ્થાઓમાં દોષો પ્રવેશ્યાં હોય તો તેને દૂર કરવા માટે કહેવું જોઈએ; જરૂર પડે પોતાના વ્રત ત્યાગથી શુદ્ધિ કરવી જોઈએ. પણ પુષ્ટિ ન કરતાં ટીકા કરતાં ગોળ–ખોળ બરાબર કરવા જતાં તેનાં માઠાં પરિણામ તેણે જ ભોગવવાનાં છે. એવી જ રીતે તેનો ટેકો ખોટાં મૂલ્યોને મળતો નથી ને એ પણ તેણે ધ્યાન રાખવું રહ્યું.

અનુબંધ જોડવા અને સુધારવામાં એક વસ્તુ ધ્યાન રાખવાની કે તેનું પરિણામ સમાજના ઘડતરમાં થવું જોઈએ. એ માટે સુસંસ્થાઓ જોઈએ; સુસંસ્થાઓનું વિભૂતિઓ સાથેનું જોડાણ જોઈએ. હોહા કરનારાઓનો કદર સામનો પણ સમય આવે કરવો જોઈએ. ખોટાં વાદો—સામ્યવાદ, મૂડીવાદ, કોમવાદ વગેરેનો વિરોધ કરવો જોઈએ. રામાયનમઃ અને રાવણાયનમઃ એમ બધાને વંદન કરવાથી સમાજનું ઘડતર નહીં થાય. તે માટે તો યોગ્ય સમાજ રચવો પડશે અને તેના ઘડતર માટે યોગ્ય સંસ્થાઓને પ્રતિષ્ઠા આપીને આગળ વધવું જોઇએ.

**અનુબંધ વિચારધારાએ શું કરવું જોઈએ :**

અનુબંધ વિચારધારાએ મુખ્ય ચાર વાતો ઉપર ધ્યાન આપવાનું છેઃ—

(૧) સારૂં બાકી ન રહે.
(૨) નબળું ન પ્રવેશે.
(૩) ગતિ અટકે નહીં.
(૪) વ્યકત–અવ્યકતનો તાળો મેળવવો.

એ ચાર બાબતો વિસ્તારથી જોઈએ.

(૧) અનુબંધ વિચારધારા પ્રમાણે જગતમાં જે કંઈ સારૂં છે; તેમાંનું કોઈ પણ બાકી ન રહી જાય તે જોવું જોઈએ. જો કંઈ પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાકી રહી જાય તો બધાનું જે રીતે સંગઠન કરવું જોઈએ તે રીતે કરી શકશું નહીં. અનુબંધ વિચારધારાનું મુખ્ય બળ જ્યાં જ્યાં સારૂં છે તે શોધીને તેનું સંકલન કરવું જોઈએ. જેમ ધૂળ ધોયા માટીમાંથી રજકણો શોધીને ચોકઠાં કરે છે તેમ અનુબંધકારે બધાં સારાં તત્ત્વોને ભેગા કરવાના રહે છે.

(૨) સારાં તત્ત્વો ભેગા કરવાની સાથે એમાં કોઈ નબળો ન પેસી જાય તેનું એને ધ્યાન રાખવું જોઈએ. ઘણીવાર સારાં સાથે નબળો પેસી જાય છે ત્યારે અનુબંધકારના ધ્યાનમાં તો રહેવું જોઈએ કે નબળો પેસી ગયો છે.

(૩) અનુબંધનો સાદો અર્થ બંધ–જોડાણ છે. એ જોડાણની ગતિ અટકી ન જાય તે જોવાનું છે. ગતિ તો હોય જ છે પણ તે અનુ-બંધિત ગતિ હોવી જોઈએ. સાદી ભાષામાં લોઢું તપેલું હોય ત્યારેજ ઘા મારવો જોઈએ. જરાક મોડું થાય તો ધારેલી વસ્તુ તરત ન બની શકે. એટલે અનુબંધના કાર્યમાં ચોકસાઈ રાખવી પડે છે.

(૪) ચોથી વાત છે વ્યક્ત અને અવ્યક્ત જગતમાં કયાં કયાં સારાં તત્ત્વો છે અને કયાં કયાં નબળાં તત્ત્વો છે તેનો પણ અનુબંધકારે વિચાર કરવો પડશે. વ્યકત જગતમાં તો પ્રત્યક્ષ જણાઈ આવશે પણ અવ્યક્તમાં શોધવા માટે ઊંડા ઉતરવું પડશે. તેમજ વ્યક્ત અને અવ્યકત જગતનો તાલ મેળવવો પડશે. સત્ય બોલ્યા પણ, સત્યનો આચાર કરીને તાળો મેળવવો પડશે. આ વાતો ઝીણી છે એટલે તેને દ્રષ્ટાંતથી જોઇએ. વ્યકિત સમાજ સંસ્થા અને સમષ્ટિને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે કસી કસીને વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ.

## અનુબંધ વિચારની વાતો અંગે વધુ વિવેચન :

(૧) જગતમાં સારૂં બાકી ન રહી જાય તે માટે વાતો તો વિશ્વની લીધી પણ આપણે નાનું ક્ષેત્ર રાખ્યું. ભાલ નળકાંઠા નાનું ક્ષેત્ર છે પણ તેના બંધારણમાં વિશ્વનો ભાવ છે. જ્યારે વિશ્વની વાતો કરીએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે સહેજે કોઈ એમ કહેશે કે શું તમને વિશ્વનો અનુભવ કે અભ્યાસ છે?

ત્યારે એનો જવાબ એટલોજ છે કે વિગતોનો અભ્યાસ નથી, પણ તત્ત્વોનો છે. મૂળ તત્ત્વ જાણીએ તો બીજાં તત્ત્વો આવી જાય. માનવ જીવનનો ઊંડો અનુભવ છે. યુનોને કેટલાં વર્ષ થયાં. કેવુ સ્વરૂપ બંધાયું એનો અભ્યાસ નથી પણ અનુબંધમાં વિશ્વસંસ્થા તરીકે એની જરૂર પડશે એનો ખ્યાલ છે.

(૨) નબળું દાખલ ન થઈ જાય તે માટે કોમવાદ, સામ્યવાદ અને મૂડીવાદનો વિરોધ સૂચવાય છે તો એનો અભ્યાસ છે? વિગતોનો અભ્યાસ ન હોય પણ રશિયાની ક્રાંતિમાં સાંસ્કૃતિક બળો સંગઠિત નહોતાં થયાં એટલે ત્યાં જે કંઈ રાજ્યની ઉથલ-પાથલ થઈ તેમાં હિંસા થયા વગર ન રહે એ ચોક્કસ પાયો બંધાયો. માનવની નબળાઈઓને નામે જે કંઈ ઘડાય છે તેમાં એકને ઉચ્ચ અને બીજાને નીચ ગણી, બીજાને કચડી મારી નાખવો એ અત્યાચાર થાય જ છે. કોમવાદના પરિણામો નજર આગળ જોવા મળ્યા જ છે. સામ્યવાદ અને મૂડીવાદ તરફ નજર નાખીએ. મૂડીવાદ હજુ ઘડાય છે. એને લોકશાહીની જરાક બીક લાગે છે, એક વ્યકિત નબળું કામ કરે પણ તે પ્રભુ, સમાજ કે નીતિથી ડરતો હોય તો તેને સમાજની બીક લાગે એટલે તે ઓછો દોષ કરશે. તેમ મૂડીવાદને સુધારવાનો અવકાશ છે. પણ પાયા વગરનો સામ્યવાદ ઘુસી ન જાય તેની ચિંતા વધારે છે. સામ્યવાદીઓનું કહેવું છે કે ધર્મના નામે મૂડીવાદ પોષાય છે પણ સામ્યવાદીઓએ સમાનતાના નામે માણસને જે સ્વતંત્રતા આપવી જોઈએ તે આપીજ નથી. મુકત ચિંતન ઉપર પણ પ્રતિબંધ મૂકયા છે અને સામ્યવાદ ભયમાં છે એ નામે જગતના અબજો રૂપિયાનો ભયંકર સરંજામ સરજી પોતે ભયમાં મૂકાઈ-બધાને ભયમાં મૂકયા છે. એટલે ત્યાં માનવમાં ઊંડી શ્રદ્ધા નથી; પણ તેને જડસાધનોએ સુખી થવાની કલ્પના વિચારમાં શ્રદ્ધા છે. એટલે એ નબળું તત્ત્વ છે. તે ન પેસે તેની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાળજી રાખવી જોઇએ અને નાસ્તિકતા ઉપર રચાયેલ આ પ્રતિષ્ઠા પામેલો સામ્યવાદ ન પ્રવેશે તેની વધુ કાળજી રાખવી જોઇએ. સામ્યવાદને નબળું ગણવાનું કારણ એ છે કે વિરોધીઓ–દેશબંધુઓ હોય તો પણ તેની કત્લે–આમ કરવામાં કે તેને યંત્રણા આપી પીડવામાં એ લોકો પાછા રહેતા નથી અને આજે જગતના કેટલાયે દેશોમાં ભાઈ–ભાઈ વચ્ચે પ્રેમથી સમાનતા આણવાને બદલે હિંસા પ્રગટાવી ખુનામરકી એના નામે ચાલે છે.

(૩) ત્રીજી વાત જોડાણ અટકે નહિ કે ગતિ ધીમી પડે નહિ. ઘણીવાર કેટલાક ભાઈ બહેનોનો આક્ષેપ હોય છે કે "સંતબાલની વાત સાચી હોય છે પણ એ ઉતાવળ બહુ કરે છે."

એમની એ વાત સાચી છે. પણ લોઢું તપ્યું હોય ત્યારે જ ઘા મારવો જોઈએ. ઉતાવળ એટલા માટે કે અનુબંધની ગતિ અટકી ન જાય. એથી કદાચ ભૂલો થઈ જતી હશે પણ સંસ્થાકીય વાત હોવાથી સંશોધન થઈ જાય છે. કેટલીક વાર આવેશ આવી જાય છે. પણ તે સુસંસ્થા ઉપર પ્રહાર થાય છે ત્યારે. એના કારણે આવેશ ઉતાવળ થઈ જાય છે અને એ હિંસાનો દોષ છે. પણ, હું સત્ય અને ન્યાયને જોઉં છું. સામુદાયિક રીતે જોઉં છું તો ન્યાય પહેલો આવે છે એટલે જરાક કુણી નજરે જોઉં છું. એટલે સંસ્થાને માનતાં હોય તેવાં ક્રોધી અને આવેશવાળાં માણસને જોઉં છું તો પણ તેઓ મને ગમે છે.

(૪) ચોથી વાત છે વ્યકત અવ્યકત જગતનો તાળો મેળવવાની એ સંબંધમાં હું એક વરસ મૌન સાથે એકાંતમાં રહ્યો. એકબાજુ એકાંત અને બીજી બાજુ આખા વિશ્વનો બોજો લઈને ફરવું એમાં ઘણા માનતા નથી. પણ, અનુબંધકાર તરીકે ઋષભદેવ, મહાવીર, બુદ્ધ, દયાનંદ, રામકૃષ્ણ ગાંધીજી વગેરે દરેકના જીવનમાં મૌન એકાંત અને વિશ્વ વિચારણા મુખ્યત્વે રહ્યાં જ છે.

ધોળકામાં ચાતુર્માસ પ્રવેશ કરતાં જ સાત ઉપવાસ કર્યા; કારણકે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હું જે અનુબંધ વિચારમાં માનતો હતો તે અનુબંધ જોડાતો ન હતો. કડી ખૂટતી હતી. નૈતિક લોકસંગઠન (ગ્રામ સંગઠન); રચનાત્મક કાર્યકરોનું સંગઠન (લોકસેવક–સંગઠન) રાજ્ય સંગઠન (કોંગ્રેસ) અને ક્રાંતિકારી સંતો એ ચારેયની કડીનો અનુબંધ અવ્યકત જગતમાં એટલે કે સિદ્ધાંતમાં જોડાયેલો લાગતો હતો; પણ વ્યકત જગતમાં એટલે કે વહેવારમાં એથી ઊલટું બનતું હતું. એટલે પ્રભુ પ્રાર્થના માટે એ ઉપવાસ હતા.

આ અનુબંધ વ્યકત જગતમાં સાધવો કેટલું અઘરું છે તે અનુભવી જાણી શકે છે. પણ આ જગતના અનુબંધ વગર વિશ્વશાંતિ શકય નથી એવું પણ સ્પષ્ટ લાગે છે. એટલે કેટલીક વાર રચનાત્મક કાર્યકરોને દુઃખ થાય તેવું કોંગ્રેસ માટે લખાયું હશે, કેટલીક વાર ગામડાંને આંચકા આપવાના આવ્યા હશે. સાધુ-સંતો તો આ જૂની છતાં નવી રીતે રજૂ થયેલ વિચારસરણીથી ભડકી જ જાય છે. તેઓ એમ માને છે કે "આ બધો જગતનો અનુબંધ શા માટે? આપણે તો આત્માની જ વાતો કરવાની? આપણે અને રાજ્યને શું લાગે વળગે?" આમ અરસપરસ સંવાદી વિરોધી સૂર નીકળવાના કારણે કોઇ નજીક આવે છે તો કોઈ દૂર ભાગે છે. કેટલીક વાર નજીક આવેલા દૂર ગયા છે અને દૂર ગયેલા નજીક આવ્યા છે. પણ આશા છે કે જ્યાં સુધી ધર્મ–સંબંધના અનુબંધની વાત નહીં વિચારવામાં આવે ત્યાં સુધી વિશ્વની સમતુલા નહીં જળવાય અને પરિણામે વિશ્વશાંતિ જોખમમાં મૂકાય છે.

## ચર્ચા વિચારણા

### વાઢકાપ કે સાફસૂફી

**આજની ચર્ચાનો પ્રારંભ કરતાં પૂ. નેમિ મુનિએ કહ્યું: "અનુબંધ વિચાર ધારાના પાસાંઓમાં વાઢકાપ શબ્દ આવ્યો છે તેના બદલે બીજો મૂકાય તો સારું નહીં?"**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડૉ. મણિભાઈએ કહ્યું: "બીજું તો ઠીક પણ સુભાષ બોઝ જેવા નેતાજીને પણ કોંગ્રેસમાંથી છુટા કરવા પડ્યા અથવા તેમને થવું પડયું એ વાઢકાપ નહીં તો બીજું શું? આજે તો વ્યક્તિઓને છૂટી પાડવી; આખી કોંગ્રેસનું વિસ્તરણ કરવું તેમ જ રૂપાંતર કરવું, એ ત્રણે કોંગ્રેસ અંગેના કાર્યો આપણા માટે અનિવાર્ય છે. કારણ કે અનુબંધ વિચારધારામાં કોંગ્રેસનું અગત્યનું સ્થાન રખાયું છે.

નોંધ: સંપાદનમાં 'વાઢકાપ'ની સાફસૂફી થઈ ગઈ છે. સં.

## કોંગ્રેસનું અનુબંધમાં સ્થાન ખરૂં?

પૂ. મુનિશ્રી સંતબાલજીએ કહ્યું: "મુંબઈમાં એક ટુંકો શિબિર યોજાયેલો તેમાં ભાગ લેવા આવેલા સૂરત પ્રાર્થના સંઘવાળા શ્રી સ્વામી ભદ્ર કહેતા હતા કે આપણે અનુબંધમાં કોંગ્રેસને સ્થાન ન આપીએ તો સારૂં. આ બાબતમાં હાજર રહેલા શિબિરાર્થી ભાઈ બહેનો શું માને છે?"

તરત બળવંતભાઈએ કહ્યું: "કોંગ્રેસ સંસ્થા રાજકીય છે એ ખરૂં છતાં કેટલાક સત્તાવાદી કોંગ્રેસીજનોએ એવી તો પકડ જમાવી છે કે જો તેની સાથે અનુબંધ નહીં રખાય તો તે બગડતી જશે અને સત્તાવાદીઓ પોતાની પકડ એવી જમાવશે કે એ પકડમાં આવેલી કોંગ્રેસ પ્રજાનું કોઈ કામજ સ્વતંત્રપણે નહીં કરવા દે અને ન કોઈ બીજી સંસ્થાને શાંતિથી કામ કરવા દેશે."

આ બાબતમાં બધા સભ્યો સહમત થયા હતા. તરત ગુજરાતની સહકારી પ્રવૃતિનો, વિદ્યાપીઠનો તાજો તેમ જ નવજીવન બંધ થયાનો દાખલો રજૂ થયો હતો.

પૂંજાભાઈએ કહ્યું: "અમુક કોંગ્રેસીઓ તો રાજ્ય વારસા હક્કમાં મળ્યું હોય એ રીતે વર્તે છે?"

મુનિશ્રી સંતબાલજીએ ટકોર કરી: "આપણે નિસંકોચપણે સહ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચિંતન કરીએ તેમાં રોકટોક નથી પણ અંગત, કે સંસ્થાગત અથવા કોઈ જૂથગત વાતો સમાજમાં ન કરીએ તો સારું ?"

## રાજકીય સંસ્થાની શુદ્ધિ અને સંગીનતા હોવાં જોઈએ.

શ્રી દુલેરાય માટલિયાએ કહ્યું : " હું તાત્વિક રીતે થોડી વાત કરું.

સન ૧૮૩૨ માં યુરોપની અને સન ૧૯૦૦ પછી ભારતની ઔદ્યોગિક ક્રાંતિની વિજ્ઞાનને લીધે જે સ્થિતિ થઈ છે તે જોતાં રાજકારણ આજે આગળ આવી ગયું છે. આ સો વર્ષનો યુગ પરિપાક હોઈ, રાજકીય સંસ્થાની શુદ્ધિ અને સંગીનતાનો વિચાર છોડી જ ન શકાય.

મારા નમ્ર મત પ્રમાણે કોઈપણ સંસ્થાને ચકાસવા માટે ત્રણ કસોટીઓ ઠીક પડે છે:—

(૧) સત્યની કસોટી
(૨) કરુણા (અહિંસા) ની કસોટી
(૩) ચૈતન્ય વિકાસની કસોટી.

રાજકીય સંસ્થાની પસંદગીમાં આપણે એ કસોટીઓ લાગુ પાડીએ તો સત્યનો પ્રયોગ કરનાર સંસ્થાઓને જે રાજ્ય સંસ્થા ટેકો આપતી હોય અથવા કમમાં કમ સહિષ્ણુતા તેના તરફ હોય – તેવી સંસ્થા હોવી જોઈએ.

બીજી કસોટીએ કસતાં એ સંસ્થા મંડળોને (આર્થિક સંગઠનો) સ્વતંત્રપણે ખીલવા દેવામાં માનતી હોય, એટલે કે સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક અને સામાજિક કાર્યક્રમો નાનાં નાનાં ઘટકો જેમ કાર્યક્ષમ બને તેમ તેમ તેને આપતી જતી હોય. રાજકીય પરિભાષામાં કહું તો તે (૧) લોકશાહી, (૨) સમાજવાદ (અંગત માલિકી મર્યાદા) અને (૩) વિકેંદ્રીવકરણમાં (ઉપરથી નહીં પણ ઠેઠ નીચેથી સ્વતંત્રપણે

૪

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તૈયાર થતાં ઘટકોને સત્તા સોંપાય એ જાતનું ) માનતી હોય. આ દેશમાં આ દૃષ્ટિએ કોંગ્રેસ સિવાય કોઈ પણ સંસ્થા એ કસોટીએ પાસ નહીં થાય. પણ, કોંગ્રેસે જે જે વાત બંધારણમાં, છેવટે ઠરાવોમાં પરિપત્રોમાં સ્વીકારી છે પણ વહેવારમાં મૂકી નથી; તેને વહેવારમાં મૂકાવવી પડશે.

બાકી કોમવાદી, સામ્યવાદી બળો તો આ ત્રણ કસોટીમાંથી પાર ઉતરશે જ નહીં. તે જ રીતે લશ્કર શાહી બળો પણ પાર નહીં ઉતરે. લોકશાહીમાં માનનારાં છતાં જે સમાજવાદી નહીં હોય તે આમાંથી પાર નહીં ઉતરે. ઉપરાંત વિકેંદ્રીકરણમાં દેશ–પરદેશના સમાજવાદીઓ પણ પાર નહીં ઉતરે. એટલે ભલે પાયાની લોકશાહીવાળી પંચાયતો રચવાની વાતો પકિસ્તાનના અયુબખાન કરે પણ ત્યાં લશ્કર શાહી હોઈને એ ભલામણ શબ્દો નકામા છે. એવું જ દરેકે દરેક રાજ્યોનું અને રાજ્ય સંસ્થાઓનું લાગે છે."

વચ્ચે પૂ. દંડી સ્વામીએ કહ્યું : "સામ્યવાદનો ભય તો નકામો છે?"

શ્રી માટલિયાએ ખુલાસો કરતાં કહ્યું: "આજે તો દુનિયાની પ્રજાનો બહુ મોટો ભાગ લશ્કરવાદ અને સરમુખત્યાર શાહી તળે છે."

એમ કહી તેમણે એશિયા ખંડમાં, ભારત સિવાયના અપવાદને બાદ કરતાં બધા ભાગો ગણીને બતાવ્યા અને કહ્યું : "આ બધી પ્રજાઓ, રશિયા વગેરે ગણતાં મારી આ ગંભીર વાતનો ખ્યાલ આવી જશે. આ બધા પાસે દંડ શકિત, કાનૂન વગેરે તો છે જ. એ ન ભૂલાવું જોઈએ. ઉપરાંત હવે તો ઘણાં રાજ્યો પાસે અણુશકિત પણ છે. આવી સ્થિતિમાં લોકો નિઃશસ્ત્ર જેવા છે અથવા નાના હથિયારો હોવા છતાં રાજ્યો ચઢી આવે ત્યારે તેમને જોતાં રહેવાનું છે. આ બધા સત્તાશાળી રાજ્યોને નાથવાં જ રહ્યાં."

પૂંજાભાઈ : "ભાલનળ કાંઠા પ્રયોગની ફરજિયાત બચતની યોજનાનો મુનિશ્રીનો અમલ કરનારી સહકારી મંડળીઓ સદ્ધર બનતી જાય છે; એનો બધેય અમલ થવો જોઈએ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટલિયાએ કહ્યું: "એ તો વિગતની વાત થઈ. તેને ન લઈએ તો ઠીક રહેશે. પ્રથમ રાજ્યસંસ્થાની જ વાત ચર્ચીએ."

પૂંજાભાઈ કહે: મારા ખ્યાલ પ્રમાણે ગુ. પ્ર. કોંગ્રેસના હાલના પ્રમુખ એક પ્રવચનમાં કહેતા હતા કે સંતબાલની પૂરકની વાત મને સમજાય છે પણ પ્રેરકની વાત સમજાતી નથી."

માટલિયાએ કહ્યું: "સંત વિનોબાજીની વાતો હું જે રીતે સમજ્યો છું. તે આ પ્રમાણે છે કે સંત બાલજીની વાત સાચી છે પણ કોંગ્રેસને સુધારવામાં તો ઘણી શકિત વેડફાઈ જાય. પછી, જનશકિતને જાગૃત ક્યારે કરી શકાય? ગાંધીજી જેવા પણ થાકી ગયા, પછી આપણું શું ગજું?

દાદાધર્માધિકારીએ એકવાર પ્રવચનમાં કહેલું કે, કોંગ્રેસનું પૂછડું છોડી દેવાય તો સારૂં પણ સંતબાલજી તો કહે છે કે એ પૂછડું બરાબર પકડી રાખવા જેવું છે. નહીંતર, બધું બાળી નાખવામાં એનો દુરૂપયોગ થઈ જાય. મતલબ કે રાજશકિતને બરાબર ઘડવી પડશે અને એ કામ જનતાએ અને જનસેવકોએ કરવું જ પડે તો જ સંતબાલની વાત સહુએ સ્વીકારવી પડશે.

એમની પરિભાષા જરાક કઠણ છે. તે જો રાજકીય નેતાઓ સમજે તેવી પરિભાષામાં ગોઠવાય તો તરત સૌ તેને અપનાવી લે એમ મને નમ્રપણે લાગે છે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારાનાં પાસાંઓ – ૨ [ ૩ ]

**મુનિશ્રી સંતબાલજી ]** [ ૧–૮–૬૧

અનુબંધ એટલે ધ્યેયને અનુરૂપ ( વિશ્વવાત્સલ્યને અનુકૂળ ) યોગ્ય જોડાણ એ અંગે વિચાર થઈ ગયો છે. આ જોડાણ કરતી વખતે કઈ કઈ વસ્તુઓનું ધ્યાન રાખવું જોઈએ એની છણાવટ તેના વિવિધ પાસાંઓ ઉપર વિચાર કરતાં કરવાનો છે. બે મિત્રો મળે, બે કુટુંબો બંધાય, બે વેપારીઓ મળે અને સંબંધ બાંધે ત્યારે તેઓ પણ કેટલી તકેદારી રાખે છે. અને જેઓ વિચારી, પરસ્પરની સગવડ–અગવડ સાચવે છે. તેઓ પોતે પણ સુખી થાય છે અને જગત પણ તેમની વાહવાહ કરે છે.

ત્યારે, આ તો આખા વિશ્વના પરસ્પરના જોડાણનો પ્રશ્ન છે. તે માટે ઊંડી અને વ્યાપક વિચારણા હોવી જોઈએ. જગતના બધાયે સારાં તત્ત્વોને જોડવા એ માટે ઘણું બારીકાઈથી વિચારવાનું રહે છે અને એ છે અનુબંધ વિચારધારાનાં અલગ અલગ પાસાંઓ.

### પાસું પ્રથમ : શુદ્ધિ અને પુષ્ટિ :

એના પહેલાં પાસાં તરીકે શુદ્ધિ અને પુષ્ટિને લેવામાં આવ્યું છે. એ સારાં તત્ત્વોના જોડાણમાં બહુ જરૂરી છે. દા. ત. ઘણા માણસો ભેગા થાય છે એટલું જ જરૂરી નથી. વ્યાખ્યાન ચાલતું હોય તો તેને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાંભળવા ઘણા લોકો આવે પણ તેમની શુદ્ધિ ન હોય તો તેઓ કેવળ સાંભળીને ચાલ્યા જવાના. સંત તુકારામ અને એકનાથનું મિલન થવાનું હતું. એટલે મોટો સમુદાય ભેગો થયો. પેલા બે જણાએ મુંગી પારસી કરી કે આ લોકો તો તાલ તાશરો જોવા ભેગા થયા છે; એમને જીવનની ફિલસુફીની કંઈ પણ પડી નથી. એટલે બન્ને મૌન રહીને છુટા પડ્યા. લોકો કચવાયા પણ ત્યાં તત્ત્વજ્ઞાન માટે તેઓ ભેગા નહોતા થયા. આજે ધર્મસ્થાનકોમાં વારતહેવારે જે વ્યાખ્યાનો થાય છે તે પણ કંઈક આવા સ્વરૂપમાં છે. પરિણામે લોકો સુધરતા નથી. માત્ર લોકોને ભેગા કરી દેવાથી કે કોઈ સંસ્થાના ઘણા સભ્યો બનાવી દેવા માત્રથી અનુબંધ થતો નથી. પણ તેમાં શુદ્ધિનું તત્ત્વ હોવું જોઇએ.

શુદ્ધિ એટલે પાપનો ક્ષય થાય; અને પુષ્ટિ એટલે પુણ્યનો સંચય (સંગઠન) થાય; ત્યારે માનવું કે પાયો મંડાયો છે. આમ જોશું ત્યારે સંખ્યા તરફ નહીં પણ તત્ત્વ તરફ જોવાશે. સંસ્કૃતિનું માપ સંખ્યા ઉપરથી નથી નીકળતું. એટલે અનુબંધ માટે ત્રણ અંગો કલ્પ્યા છે. સમાજ હોય ત્યાં સમાજમાં જુદી જુદી જાતના લોકોને સ્વેચ્છાએ કે પરેચ્છાએ અંકુશમાં રાખવા માટે, વ્યવસ્થા માટે રાજ્ય જોઇએ; અને તે પણ સારૂં રાજ્ય હોવું જોઈએ. રાજ્ય હોય એટલે તે કેવળ હિંસાથીજ કામ ન લે એ માટે વિચાર થયો કે સામાજિક સંસ્થા (જનસંગઠન અને જનસેવક સંગઠન) જોઈએ. તેમાંથી ચાર વર્ણોની આપણે ત્યાં ઉત્પત્તિ થઈ, આ ચાર વર્ણોનું રાજ્યશાસનમાં પ્રતિનિધિત્વ હતું અને રાજ્ય તેમની સલાહ–સૂચના પ્રમાણે કામ કરતું હતું. આમ લોકસંગઠન અને લોકસેવક સંગઠન એ બન્ને પ્રેરક–પૂરકનું (રાજ્ય સંગઠનના) કામ કરતા હતા. આમ શુદ્ધિ અને પુષ્ટિની વાત થઈ કે ખરાબ તત્ત્વોને શુદ્ધ કરવાં અને સારાં તત્ત્વોની પુષ્ટિ કરવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પાસું-બીજું : સમાજનું ઘડતર-સંસ્થા :

બીજો મુદ્દો આવ્યો ત્યારે સવાલ એ થયો કે બધુંયે ચોકખું થઈ શુદ્ધ થઈ જાય તે માટે શું કરવું? ત્યારે કહેવામાં આવ્યું કે જેમ વ્યક્તિનું ઘડતર થવું જોઇએ તેમ સમાજનું પણ ઘડતર થવું જોઇએ. એટલે સમાજના ઘડતર માટે સંસ્થાઓ આવીને ઊભી રહે છે.

વ્યક્તિ ગમે તેટલી મહાન કેમ ન હોય પણ પ્રજા એને વિભૂતિ તરીકે નહીં સ્વીકારે. ત્યાંસુધી એનું અનુકરણ નહીં થાય; પણ સંસ્થા થાય તો તેનું અનુસરણુ કરે છે. ગાંધીજી ગયા, રામ ગયા, મહાવીર ગયા પણ સંસ્થાઓ રહી ગઈ છે. આ બીજું પાસું વિચાર્યું.

## પાસું ત્રીજું : વ્યક્તિ વિશેષનું અનુસંધાન :

બીજા પાસાંનો જ્યારે ઊંડાણુથી વિચાર કરવામાં આવે ત્યારે સંસ્થા સ્થાપ્યા પછી જે બહાર રહ્યા હોય તેનું શું કરવું? એ વિચાર આવીને પ્રશ્નાત્મક રીતે ઊભો રહે છે. આ અંગે ભગવાન મહાવીરનો દાખલો લઈ ઘણી ચર્ચા કરી હતી. ભગવાન મહાવીરે સંઘ સ્થાપ્યો ત્યારેજ પોતાના જમાઈ જમાલી મુનિ છુટા પડ્યા. ગોશાલક તો સંઘની સ્થાપના પહેલાંજ છુટા પડી ગયા હતા તેમણે તો બીજો સંઘ સ્થાપ્યો હતો.

આ અંગે ઉડાણુથી વિચાર કરતાં લાગશે કે ભગવાન મહાવીરે એ રીતે વિચાર કર્યો છે. તે વખતના તેમના સમકાલીન બુદ્ધ ભગવાન છૂટા વિચરતા હતા પણ તેમનો વિરોધ ભગવાન મહાવીરે કદિ કર્યો નથી પણ, તેમણે જમાલિ-ગોશાલકનો વિરોધ કર્યો છે. એમાં પણ એમણે કાળજી રાખી છે. ગોશાલકનો કટ્ટર વિરોધ કર્યો પણ જમાલિનો સૌમ્ય ધીમો ધીમો—વિરોધ કર્યો. ગોશાલક પાંચસો શિષ્યો લઈ ગયો પછી રજા લેવા આવ્યો ત્યારે ભગવાન મહાવીર કંઈ બોલ્યા નહીં. એણે પોતાનો જુદો ચોકો જમાવ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવી રીતે એમના સંસાર પક્ષના જમાઈ જમાલિએ પણ નવો સિદ્ધાંત સ્થાપિત કર્યો. તેમની સાથે પણ થોડાંક સાધુ–સાધ્વી થઈગયાં. એમાં ભગવાનની સંસાર પક્ષની દીકરી પ્રિયદર્શના–સાધ્વી પણ થઈ. જમાલિનો વિરોધ શબ્દો વાપરવા અંગે વહેવાર સંબંધમાં હતો. ભગવાન કહેતા કે કોઈ કામ શરૂ થયું તો તે 'થયું' એમ કહી શકાય ત્યારે જમાલિ કહેતા કે એ પૂરૂં થાય ત્યારેજ "થયું" કહેવું જોઈએ.

એકવાર તેમનાં પત્ની પ્રિયદર્શના સાધ્વી ઢંક નામના એક કુંભારને ત્યાં જાય છે. તેની ધર્મશાળામાં ઉતરે છે. એ ઢંક શ્રમણોપાસક પૂછે છે કે "તમે ભગવાન મહાવીરના મતને માનો છે કે જૂદા પડ્યા છો?"

પ્રિયદર્શના સાધ્વી (ભગવાન મહાવીરનાં પુત્રી) જમાલિ ને પરણ્યાં અને અનુરાગના કારણે, જમાલિ સાથે દીક્ષા પણ લીધી. વિકાર તો ચાલ્યો ગયો પણ અનુરાગ રહી ગયો હતો. પિતા કરતાં પતિનો અનુરાગ વધારે હોય.

ઢંક કુંભારના પ્રત્યુત્તરમાં પ્રિયદર્શના કહે છે: "વણકર કપડું બનાવે છે. તે બની ગયા પછી જ કહેવાય ને કે કપડું બની ગયું છે? ભગવાન કહે છે કે જ્યારથી કપડું બને છે ત્યારથી બનીજ ગયું છે. એટલે જમાલિ મુનિ સાચા છે."

ઢંક કુભાર એક યુક્તિ કરે છે. ડાહ્યા માણસો વાતને સમજાવવા કંઈક યુક્તિ પણ કરે. એણે નીંભાડામાંથી એક તણખો કાઢી પ્રિયદર્શનાએ પછેડી કાઢી હતી ત્યાં મૂકી દીધો. પ્રિયદર્શનાએ બૂમ પાડી: "મારી પછેડી બળે છે."

એટલે ઢંક કુંભારે કહ્યું: "શા માટે બૂમ પાડો છો? આખી બળે ત્યારેજ બળી ગણાય ને! હજુ તો છેડોજ બળ્યો છે ને!"

સાધ્વી પ્રિયદર્શનાને ખ્યાલ આવ્યો કે ભગવાન નિશ્ચય અને વહેવારના મેળ રૂપે વાત કરે છે. તેણે કહ્યું: "તમારી વાત સાચી છે. થોડું બળ્યું એટલે વધારે બળી જવાનું–ભગવાનની આ વિશેષતા છે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે આ પ્રસંગ ઉપરથી જાણી શકાશે કે વ્યકિતનું અનુસંધાન રાખવું. તેનો વિરોધ કેટલા પ્રમાણમાં કરવો કે ચૂપ રહેવું ?

એક આશ્રમવાસી ભાઈએ એક આશ્રમમાં અખતરો કર્યો. તેણે કહ્યું: "અહીં આશ્રમમાં જે ભાઈ બહેનો છે તે નિર્વિકારી થઈ ગયા છે. માટે ભેદભાવ રાખવો નહીં. સાથે સુવામાં પણ શું વાંધો છે ?" તેમણે ગાંધીજીની સલાહ પૂછી. ખરી રીતે પહેલાં પૂછવું જોઈતું હતું. પણ પછી પૂછ્યું. ગાંધીજીએ વિરોધ કર્યો: "સમાજમાં કરવા જેવો આ પ્રયોગ નથી. દેવતા સાથે બાથ ન ભીડાય !"

એ ભાઈને ગાંધીજીની વાત ગળે ન ઊતરી. પણ અનુભવ થયો કે સમાજ વિરોધ થયો. ગમે તે કારણે એ ચાલ્યું નહીં, આમ છતાં ગાંધીજીએ તેમની મિત્રતા છોડી નહી. તેઓ સંપર્ક રાખતા રહ્યા. એ ભાઈને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને મિત્ર બની ગયા. આમ પ્રિય દર્શના પણ સમજી ગઈ અને પિતાના રસ્તે આવી ગઈ.

ગાંધીજીના પણ ઘણા પ્રસંગો છે. તેમની પાસે ત્રણ જણ બેસતા. સરદાર, યાજ્ઞિક, અને બેન્કર. યાજ્ઞિક જુદા પડયા પણ ગાંધીજીએ કદિ તેમનો જાહેર વિરોધ નકર્યો, એટલે યાજ્ઞિક કાયમ તેમને નમતા રહ્યા. નાનાલાલ કવિ ગાંધીજીનો સખ્ત વિરોધ કરતા પણ ગાંધીજીએ કહ્યું: "નાનાલાલ ગુજરાતની કામધેનુ છે." જ્યાંસુધી વ્યક્તિ સમજી કરીને ઈરાદાપૂર્વક નુકશાન ન કરે ત્યાંસુધી તેની સામાજિક પ્રતિષ્ઠા ન તૂટે એ જોવું રહ્યું.

એવીજ રીતે ભાલ નળકાંઠાનો પ્રયોગ જોતાં એ ખ્યાલ આવશે કે શ્રી. રવિશંકર મહારાજ પ્રાયોગિક સંઘથી છૂટ્ટા પડી ગયા તો પણ તેમની સાથે મીઠા સંબધો તો ચાલુજ છે. સર્વોદયની વાત ચાલે છે ત્યારે એટલું જ કહેવાનું છે કે વિચારોમાં ભલે મતભેદ હોય, પણ વિનોબાજી તરફની શ્રદ્ધા ડગવી ન જોઇએ; તેવું કરવું. તેમની સાથેનું અનુસંધાન તોડવું નહીં, તે સિવાય બીજી એક વાત જરૂર યાદ રાખવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડશે કે વિભૂતિ ગમે તેવી મોટી હોય તો પણ એ વિભૂતિ કોઇ સિદ્ધાંત વગરના રાજકીય પક્ષમાં જોડાઇ હોય તો તેનો વિરોધ કરવો જોઇએ. જો વિરોધ ન કરીએ તો ખોટાં સામાજિક મૂલ્યો સ્થપાઈ જાય.

જૈન સૂત્ર સૂયગડાંગના પહેલા અધ્યાયમાં એક ગાથા આવે છે. :—

संघए साहूधम्मं च पावधम्मं निराकरे।
उर्वहानवीरिए भिक्खू कोहंमानं पत्थए॥

એનો અર્થ એ છે કે સાચા ધર્મ (સંગઠન) અથવા સાચા ધર્મવાળા લોકોનું અનુસંધાન (અનુબંધ) કરજો. તેમનું સમર્થન કરજો, પણ જે પાપ-ધર્મી હોય (અનિષ્ટ કરનારી વ્યકિત હોય) તેની પ્રતિષ્ઠા તોડજો. તેનું નિરાકરણ કરજો. આ બધું કોણે કરવાનું છે? તો, તેવી વ્યક્તિઓ સાધુ-સાધ્વીઓ ભિક્ષાજીવીઓ છે. તેમણે ઉપાધાન (તપ-ત્યાગ)ની શક્તિથી આ બધું કરવું જોઈએ. તેમની પાસે તપોબળ છે. તે વડે તેમણે અપ્રતિષ્ઠા લાયક તત્ત્વો, પ્રતિષ્ઠા મેળવી રહ્યાં હોય તેમને અટકાવવાનો વિચાર કરવો જોઈએ. એનો વિરોધ કરતાં, પોતાનામાં ક્રોધ, કે માન તો નથી આવતાં; તેનો ખ્યાલ રાખવો જોઇએ. "આ એક સૂત્રમાં અનુબંધકારે કેટલી કાળજી રાખવી જોઈએ તે બતાવી આપ્યું છે. આપણે તેને વિસ્તારથી વિચારીએ.

જ્યારે ગૌતમ ઋષિએ અહલ્યાને બહુ ઠપકો આપ્યો ત્યારે તેને ખૂબ આઘાત લાગ્યો. તે સુનમુન બની ગઈ. શાસ્ત્રકારો કહે છે કે તે પત્થર જેવી બની ગઈ. આવું બની શકે ખરૂં? ઘણીવાર બને છે. એક છોકરાને એના બાપે એવો માર્યો કે છોકરો હેબતાઈ ગયો. આખો વખત તે ધ્રૂજ્યા કરે, ભાન પણ તે ભૂલી ગયો. આ પ્રયોગ કરવા જેવો નથી, છતાં એ વાત ઊભી થાય છે કે કઠોર થવાથી મૂલ્ય સચવાય છે, અને પ્રેમ કરીએ તો મૂલ્ય ખોવાઈ જાય છે. તો જે સત્યાર્થી છે તે ઉપરથી કડક લાગે છે, પણ અંદરથી કોમળ હોય છે. અહીં ઋષિપત્ની અહલ્યાનું પણ એમ જ થયું. તે કંઈ ખાય નહીં, પીએ નહીં, અચેતનની જેમ પડી રહે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ, રામનું તે તરફ આગમન થયું. તેમનો ચરણ-સ્પર્શ થયો અને ઝબકારો થાય તેમ તેના અંતરમાં પ્રકાશ પથરાઈ ગયો. અહીં શુભસંયોગ એવો બને છે કે હિમાલયમાંથી ગૌતમઋષિ પણ પધારે છે. અવ્યક્ત જગતનો જે તાર છે તે પહોંચી જાય છે. ગૌતમ-અહલ્યાનો મેળાપ થાય છે. આમ કુટુંબનું અનુસંધાન કર્યા પછી, વિશ્વનું અનુસંધાન થાય છે. મતલબ કે બન્ને તપ કરવા ચાલ્યા જાય છે. બન્ને વિભૂતિ હતી એટલે ન જોડાયાં હોત તો ભેદભાવ રહી જાત. રામે એવું કામ કર્યું જેથી, તૂટેલો અનુબંધ જોડાઈ ગયો. જેમને કામ ન મળ્યું હોય તે જડ જેવા બની જાય, તેમને કામ મળે એટલે ચેતનવંત બની જાય.

## ચોથું પાસું: યોગ્યની પ્રતિષ્ઠા અને અયોગ્યની અપ્રતિષ્ઠા (સાચું મૂલ્યાંકન)

કામની વાત આવી એટલે રાજ્ય તરફ નજર જાય તે સ્વભાવિક છે. હમણાં ચૂંટણી આવી રહી છે અને સૌ તે કામમાં લાગ્યા છે. કહે છે કે અમને મત આપજો પણ સામ્યવાદીને ના આપજો. આ દેશમાં, અનુબંધ વિચારધારા પ્રમાણે વિરોધ કરવા જેવા મુખ્ય બે બળો છે. એક તો ધર્મને ધતિંગ ગણાવતો સામ્યવાદ અને બીજો માનવ માનવ વચ્ચે ભેદભાવ કરાવતો કોમવાદ. એ બન્નેને કોઈ પણ રીતે પ્રતિષ્ઠા ન મળે તે જોવું જરૂરી છે.

રવીન્દ્રનાથ ઠાકોર શાંતિનિકેતન માટે ફંડફાળો કરવા નીકળે છે. તેઓ નાટક પોતે કરે અને ભાગ પણ ભજવે. ગાંધીજીએ કહ્યું તમે નાટક ભજવો તે તો ઠીક પણ તેમાં આ ઉમ્મરે, તમારી સંસ્થા માટે અભિનય કરવો પડે એ તો શરમ છે. તેમણે તરત બિરલાજીને બોલાવી, જોઈતી રકમનો કવિવરને પ્રબંધ કરાવી આપ્યો. વહુ બેસી બેસીને જોયા કરે કે સાસુ કામ કરે તે સારું છે; ટેવ પડે અને શરીર સારું રહે. પણ પોતે બેઠી રહે તો દેરાણીને તેનો ચેપ લાગ્યા વગર ન રહે. એટલે ગાંધીજીએ રવિબાબુના પ્રસંગમાં કેવળ ચૂપ બેસી રહેવું ઠીક ન ગણ્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ સાથે જ તેમણે તેમની પ્રતિષ્ઠા જળવાઈ રહે, એવું કરી આપ્યું. ગાંધીજી, તિલક અને રવિબાબુની પ્રતિષ્ઠા જાળવતા અને તેમને મહાન ગણતા.

વ્યકિતને કયાં સાચવી લેવી? કઈ સંસ્થાને પ્રતિષ્ઠા આપવી? એ અંગે ગાંધીજી શું કરતા તેનો ખ્યાલ આ ઉપરથી આવી શકે છે. હવે એ જ રીતે અયોગ્યવ્યકિતની પ્રતિષ્ઠા.

આચાર્ય નરેન્દ્રદેવને લાગ્યું કે કોંગ્રેસમાં ઉગ્રદળ રહેવું જોઈએ. એટલે તેઓ ઇચ્છતા કે ગાંધીજી મવાળ જૂથના નેતા મટીને અમારા નેતા બને. સ્વરાજ્ય આવ્યું. ૧૯૪૮ ની જાનેવારીમાં મુંબઈની કોંગ્રેસમાં સમાજવાદી ગૃપ અલગ રીતે ચૂંટણી લડ્યું. તે વખતે તેઓ કોંગ્રેસથી છૂટા નહોતા પડ્યા. સાણંદમાં એ જ વખતે કાર્યકરોનો એક ચાતુર્માસિક વર્ગ ચાલતો હતો. અમદાવાદમાં જયપ્રકાશ નારાયણની જાહેર સભા થઈ અને સભ્યોને જવાની ચર્ચા ચાલી.

લાલાકાકાએ કહ્યું : કોંગ્રેસીઓએ એમાં ભાગ ન લેવો જોઈએ." મેં કહ્યું કે "કોંગ્રેસીઓએ કાકાનું માનવું જોઈએ." એમનો ભાવ એવો હશે કે કદાચ જયપ્રકાશ કોંગ્રેસથી છૂટા પડે તો? પણ, રચનાત્મક કાર્યકરોએ સારાસારનો વિચાર કરીને વર્તવું જોઈએ. મારો પોતાનો મત સ્પષ્ટ રીતે એવો હતો કે જ્યાં સુધી સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી ન જવું.

આચાર્ય નરેંદ્રદેવ વગેરે સમાજવાદીઓ દિલ્હીમાં બાપુ પાસે ગયા અને કહ્યું કે "હવે અમે કોંગ્રેસમાંથી છુટા પડવા માગીએ છીએ."

ગાંધીજીએ કહ્યું : "આ સંજોગોમાં છૂટા પડવું તે બરાબર નથી. છતાં છૂટા પડશો તો ભગવાન પણ તમને માફ નહીં કરે."

અહીં ગોશાલક અને જમાલી સાથે મહાવીરના વિરોધની વાતનો તફાવત દેખાઈ આવશે. સમાજવાદી પક્ષ અલગ નહોતો થયો ત્યાં સુધી ગાંધીજીએ એને ટેકો આપ્યો પણ, પક્ષ અલગ થતાં આશીર્વાદ ન આપ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુનાના ઠરાવ વખતે ગાંધીજી પોતે કોંગ્રેસમાંથી છૂટા પડ્યા છતાં તેમણે કહ્યું : " હું નીકળી ગયો, કદાચ સરદાર નીકળી જાય અને જવાહર પણ કદાચ નીકળી જાય તો પણ કોંગ્રેસ મરનાર નથી." એ જ ગાંધીજીએ સ્વરાજ્ય મળ્યા પછી કહ્યું કે " કોંગ્રેસે લોકસેવક સંઘમાં પલટી જવું જોઈએ."

આ વાક્યનો અર્થ દરેક પોતપોતાની રીતે કરશે. જ્યાં જ્યાં કોંગ્રેસનું અનુસંધાન રચનાત્મક કાર્યકરો સાથે રહ્યું છે ત્યાં એની જીત થઈ છે. જ્યાં સંપર્ક તૂટયો છે ત્યાં હાર થઈ છે. કોઈપણ સંસ્થા સાથે અનુસંધાન થાય એટલે તેની ખૂબીઓ અને ખામીઓ બન્ને આવવાની. એટલે તે અંગે કાળજી રાખવી પડે. જેમ ડોકટર દર્દી પાસે જાય એટલે તેનો ચેપ પણ લાગે તે માટે તે કાળજી રાખે એવું સંસ્થાઓના અનુસંધાનનું છે.

સમાજવાદીઓ જૂદો પક્ષ રચવા ગયા તો ગાંધીજીએ તેમને કહ્યું કે તમને ભગવાન માફ નહીં કરે, પણ કોંગ્રેસીજનો બીજી સંસ્થા–લોકસેવક સંઘ જેવી–ઊભી કરત તો બાપુ ના ન પાડત. કારણ કે તે વ્યક્તિઓ પોતાની સંસ્થા સાથેના અનુબંધપૂર્વક તે નવી સંસ્થાને ઊભી કરત. સંસ્થાને લઈને માણસે સીધા ચાલવું પડે છે. એટલે જ ચૂંટણીમાં કોંગ્રેસ તરફથી ઊભેલો માણસ દોષપાત્ર હોય અને બીજી બાજુ વિરોધ પક્ષનો સારો માણસ ઊભો હોય તો પણ, સંસ્થાને ધ્યાનમાં રાખી દોષવાળાને ટેકો આપવો જોઈએ. એનું કારણ સંસ્થાની જાળવણી છે.

બનાસકાંઠાના એક ભાઈ બહુ સારા કાર્યકર છે. પતિપત્ની બંને સેવાના કાર્યોમાં રસ લે છે. એકવાર ખેડૂત મંડળમાં જોડાવા આવ્યા. મને કહે : " આ કોંગ્રેસના રાજકીય માતૃત્વની વાત છોડી દો તો ભળું !"

મેં કહ્યું : " એ તો ન બને પણ તમારે જાતે કોંગ્રેસના સભ્ય થઈ જવું જોઈએ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી કહે : "તો એટલું કરો કે એમાં જોડાનારો કોઈ પણ પક્ષમાં ન ભળે તો ચાલે !"

મેં કહ્યું : "જે વિરોધ પક્ષમાં હતા તેમણે એક વાર કોંગ્રેસના સભ્ય થવું જોઈએ."

તેમને એ વાત ગળે ન ઉતરી. પણ હમણાં તેમણે પોત પ્રકાશ્યું. પ્રાયોગિક સંઘમાં જોડાવાની વાત આવી ત્યારે કહે--મતભેદ પડે તો છેવટનો નિર્ણય કોંગ્રેસનો જ માનવો જોઈએ. પ્રાયોગિક સંઘ ચેતી ગયો કે આ ભાઈ માત્ર સત્તા માટે કામ કરી રહ્યા છે.

આ બધી બાબતો કહેવાનો સાર એ છે કે દરેક બાબતમાં વ્યકિત, સમાજ અને સમષ્ટિનો અનુબંધ હોય તો જ તે સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી શકે.

## ચર્ચા – વિચારણા

### પૈસો અને પ્રતિષ્ઠા

શ્રી બળવંતભાઈએ અનુબંધ વિચારધારા વિષે ચર્ચા ઉપાડતાં કહ્યું : "અમર ચરિત'માં કહ્યું છે, આજે ઉપરનો ઈશ્વર દેવ છે અને નીચેનો ઈશ્વર શ્રીમંત છે. ગમે તેવા પૈસાને ધર્મસંસ્થાઓ લઈ લે છે અને હોંસથી તખ્તીઓ મૂકી દે છે."

નેમિમુનિએ પણ કહ્યું : "પૈસા અને સત્તાને પ્રતિષ્ઠા ન આપનારી સંસ્થાઓ વિરલ છે. તેથી તેવી વિરલ સંસ્થાઓનું ક્રાંતિનું કામ આગળ ચલાવવામાં મુશીબત પડે છે."

પૂંજાભાઈ કહે : "ધનિકો પણ આપણામાંના છે. તેમને જો સાચું માર્ગદર્શન મળે તો તેઓ પણ સુધરે છે. તેના તાજા દાખલા તરીકે શંકરલાલ બેંકર, અનુસૂયાબેન વગેરેને રજૂ કરી શકાય છે.

ખરેખર તો આજે સાચા પ્રેરકની કમી છે. લોકો ખોટી વાતને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પકડી રાખે છે. એક વાળંદના છોકરાનો દાખલો આપું. તે એક કોન્ટ્રાકટરને ત્યાં રહ્યો. ધીમે ધીમે તે અંદરની પોલ જાણી ગયો અને મજૂરોની ખોટી દાનકી લખી પૈસા મારી આવ્યો હતો. ઉપરથી પોતાના આ કૃત્યને ભગવાનની દયા (મહેરબાની) ગણાવતો હતો.

આવાઓને સમજાવનારાઓની ખાસ જરૂર છે.

## અનુબંધ વિચારધારાની વાત વ્યાપક થવી જોઈએ :

દેવજીભાઈએ કહ્યું : "ભચાઉના મામલતદારનો કાપડના કવોટા સંબંધનો પ્રસંગ પણ આવો હતો. એક બાજુ તે સ્વામીનારાયણનો ભક્ત હતો અને બીજી તરફ લાંચ ખાવાની વાત હતી. પણ આવું બને છે.

અંતે તો, અનુબંધ વિચારધારાની વાત વ્યાપક થશે તેમ તેમ શ્રીમંતો અને સત્તાધારીઓ દોડતા આવશે એવી મને શ્રદ્ધા છે.

આપણે ધનિકોને પણ સાથે રાખ્યા છે, કોંગ્રેસનો અનુબંધ પણ જોડી રાખ્યો છે છતાં તે બંને કરતાં આપણે જનતા અને જનસેવકોને જે આગળ રાખીએ છીએ તો જ સામ્યવાદ અને મૂડીવાદ તથા કોમવાદથી ઉગરવાનો રસ્તો સાફ જણાશે. ચિંતકો પણ તેને અપનાવશે.

ચર્ચિલ કહેતો : "અમે વિજય માટે છીએ." તેમ આપણે અભિમાનથી નહીં, પણ નમ્રતાથી કહીએ છીએ. અવ્યકત જગતને આપણે માનીએ છીએ તે કયારે અને શું પલટો લેશે તે નક્કી ન કહી શકાય !

નાનપણમાં અમે સાવ ગરીબ હતા. મારી બહેનને એ કારણે કચ્છમાં પરણાવેલ એટલે અમે નાતબહાર હતા. એ કારણે નાતીલાઓએ મને વાગડમાંથી નાતીલાને ત્યાંથી નોકરીથી પણ હટાવ્યો. તે જ વખતે મુંબઈનો તેડાનો કાગળ આવ્યો અને મારા આંસુ હર્ષમાં પલટાયાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાતમાં પણ હું લેવાયો અને લગ્ન પણ થયાં. આવું અવ્યકત જગતનું છે.

## અવ્યક્ત જગતની મદદની વાત

પછી જુદા જુદા દાખલાઓ શિબિરાર્થી ભાઈએ અવ્યક્ત જગતની મદદ અંગેના ટાંકયા હતા. પૂંજાભાઈએ નવલભાઈને જરૂર વખતે અવ્યક્ત જગતની મદદ શી રીતે મળી હતી અને બળવંતભાઈએ ખરે વખતે મહેમદાવાદમાં માણસ શી રીતે આવેલો અને મદદ મળી હતી તે પ્રસંગો કહી બતાવ્યા. ગાંધીજીને પણ આશ્રમમાં અણી વખતે મદદ મળી હતી. રાણા પ્રતાપને ભામાશાહની મદદ મળી હતી.

## અવ્યકત જગતનું બળ કેમ વધે?

પૂ. દંડી સ્વામીએ કહ્યું: "મુંબઈમાંજ કરોડો રૂપિયા, ધર્મ સંસ્થાના શ્રીમંતો વાપરે છે. છતાં ધર્મગુરુઓ કંઈ બોલી શકતા નથી. તેનું કારણ એ કે તેમણે એટલું વ્યક્તિત્વ કેળવ્યું નથી કે તેઓ પડકાર કરી શકે. તેમને એમ થાય છે કે બોલવા જશું તો કયાંક રોટલો-ઓટલો અને સાહેબી બંધ થશે તો? એ માટે ધર્મગુરુઓ અને લોકસેવકો બન્નેએ ત્યાગ વૃત્તિ કેળવવી જોઈએ; તેમણે વિશાળ દ્રષ્ટિ પણ કેળવવી જોઈએ. નિસર્ગ નિષ્ઠા જો કેળવાય તો ગામડાંમાંથી દાંડ તત્ત્વોનું અને શહેરોમાંથી રાજકીય સત્તાવાદી તથા મૂડીવાદીઓનું પ્રભુત્વ ઘટી જાય. સંસ્કૃતિનું પ્રભુત્વ વધતાં અવ્યકત બળને વિવેકપૂર્વક જાગૃત થયેલું જગતમાં તરત જોઈ શકાશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારાનાં પાસાંઓ – ૩ [૪]

મુનિશ્રી સંતબાલજી ] [ ૮-૮-૬૧

અત્યારસુધી અનુબંધ વિચારધારાનાં ચાર પાસાંઓ અંગે વિચારણા થઈ ચૂકી છે. અનુબંધ શબ્દ એવો છે કે તેને જ્યાં સુધી ફરી ફરીને તેના ખરા અર્થમાં નહીં બેસાડીએ તો તે હૃદય અને મનમાં સ્થાન નહીં પામે એટલે ફરીથી સંક્ષેપમાં જોઈ જઈએ.

અનુબંધ એટલે યથાયોગ્ય અનુસંધાન. પગનું કામ પગથી જ લેવાય, હાથનું કામ હાથથી, પેટનું પેટથી અને મગજનું મગજથી. એ અંગો યોગ્ય ઠેકાણે ન હોય તો તેને ગોઠવવા રહ્યા તો જ શરીર સુડોળ બને; અને તેની પાસે કામ લઈ શકાય.

એવી જ રીતે વ્યક્તિનો સમષ્ટિ સાથેનો વિશ્વવાત્સલ્યની રીતે અનુબંધ બાંધવા માટે પણ વ્યક્તિ, સમાજ અને રાજ્યને તેનાં યોગ્ય સ્થાને ગોઠવવાં જોઈએ. તે પ્રમાણે સારી વસ્તુઓ અને સંસ્કૃતિની જાળવણી માટે વ્યક્તિ તરીકે ક્રાંતિપ્રિય સાધુઓનું પ્રથમ સ્થાન આવે છે. તેનાથી પ્રેરણા પામીને સુસંસ્થાઓ તરીકે લોકસંગઠન, લોકસેવક સંગઠન અને રાજ્યસંસ્થાનું ક્રમશઃ સ્થાન આવે. આ અંગે આપણે આગળ ઉપર વિસ્તારથી વિચાર કરશું. અત્યારે આ ચારેના અનુબંધમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્યા કયા પાસાંઓ અનુબંધ વિચારધારા પ્રમાણે આવે છે તેની વિચારણા કરવાની છે.

## (૧) નિર્મળતા અને પુષ્ટિ :

પહેલાં પાસાં તરીકે જૈન આગમની ગાથા પ્રમાણે જોઈ ગયા કે શુદ્ધિ અને પુષ્ટિ થવી જોઈએ. જૈન પરિભાષા પ્રમાણે પુણ્યનો સંચય થાય તેવી ક્રિયા કરવી જોઈએ અને ભાવનામાં શુદ્ધ તત્ત્વ રહેવું જોઈએ. જેથી પુણ્ય બંધનકર્તા ન થઇને મુકિત આપનારૂં પરિણમે. જ્યાં સંગઠનનો વિચાર આવ્યો, ત્યાં શક્તિ તો વધવાની જ. શકિત વધી એટલે–જો સાથોસાથ શુદ્ધિ નહીં હોય તો એનો દુરુપયોગ પણ થવાનો જ. શકિત અને સદુપયોગ હોવા છતાં બીજાં સુસંગઠનો સાથે સંકલન નહીં હોય તો એનું શુદ્ધ સંગઠન જગતને દોરવા માટે નાનું પડવાનું. વિજ્ઞાને અને રાજકારણે જગતને નજીક આણી મુકયું છે. તેથી આજે જગતને દોરવું પડશે. આથી જ સંગઠન, શુદ્ધિ અને સંકલન (અનુબંધ) આજની યુગમાગણી છે.

અનુબંધ વિચારની પરિભાષામાં કહીએ તો દરેક સંગઠનો શુદ્ધ બનવાં જોઇએ, અશુદ્ધ થયાં હોય તો શુદ્ધ કરવાં જોઈએ; તેમ જ તેવાં સંગઠનોની સંખ્યાં નાની હોય તો તે વધારવી જોઇએ. આથી જ શુદ્ધિ અને પુષ્ટિ–સંગીનતા શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલ છે. આ અંગે ત્રણ મુખ્ય સંસ્થાઓ ઉપર પ્રાચીનકાળમાં જોર આપવામાં આવેલ છે :—

(૧) રાજ્ય સંસ્થા
(૨) લોક સંસ્થા
(૩) સાધક સંસ્થા

સાધક સંસ્થામાં તો સાધુ સંસ્થા મુખ્યત્વે આવશે, પણ અબઘડીએ તો લોકસેવક (ગૃહસ્થ સાધક = શ્રાવક) સંસ્થાને ધર્મનીતિપ્રધાન



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બનાવી આગળ વધારવી પડશે. તેથી આગળ જતાં ક્રાંતિપ્રિય બહાર પડેલા સાધુ-સાધ્વીઓને સંકલિત કરવાનું સરળ પડશે.

## ( ૨ ) વ્યક્તિ અને સમાજનું ઘડતર-સંસ્થા વડે :

બીજા મુદ્દામાં વ્યકિત અને સમાજના ઘડતરની વાત લીધી. સમાજમાં માનવ સમાજ આવે એ દેખીતું છે. આવા માનવસમાજનું ઘડતર સુસંસ્થા દ્વારા જ થઇ શકે.

## ( ૩ ) વ્યકિત-વિશેષનું અનુસંધાન :

જેવી સુસંસ્થા ઊભી થાય કે સુસંસ્થા ઊભી થઈ શકે તેવી હોય, તેને આકાર આપવામાં આવતાં (क) એવી વ્યકિતઓ છુટી પડી શકે જેમને સંસ્થામાં નફાવતું હોય પણ તે વિભૂતિ હોય. આવી વ્યકિતના અનુસંધાનનો લાભ ન ખોવો જોઈએ. (ख) જે વ્યક્તિઓ વિચાર ભેદે છૂટી પડે છતાં જ્યાં લગી સંસ્થાઓ કે સથાજને બાધક ન થાય, ત્યાં લગી તેમનો વિરોધ ન થવો જોઈએ. નહીં તો નાહક એવી વ્યક્તિઓ છેટી તો પડી હોય છે; તે વધારે છેટે થઈ જાય છે અને તેમનો લાભ મળવો બંધ થઈ જાય છે.

એ દ્રષ્ટિએ જમાલિનો ભગવાન મહાવીરે પ્રથમ વિરોધ કર્યો નથી. પરિણામે સુદર્શના સાધ્વી અને જમાલિ સાધુના સાથીઓ પોતાની ભૂલ સમજતાં પાછાં મહાવીર સંઘમાં દાખલ થઈ શકયા. કેશીમુનિ પણ મહાવીર સંઘમાં ભળી શકયા. સાધુ જમાલિએ જૈન શાસ્ત્રો પ્રમાણે નિન્હવ ઊભું કર્યું પણ તેનો પ્રબળ વિરોધ કે ટીકા કદિ ન કરી, પણ ગોશાલકનો કરવા યોગ્ય વિરોધ તેમણે જોરશોરથી કર્યો. કારણ કે વિરોધ ન કરે તો ગોશાલકના એકાંકી નિવૃત્તિવાદથી જગતને નુકશાન થાય તેમ હતું. આમ વ્યક્તિના અનુસંધાન સાથે, ટેકો, વિરોધ કે મૌન અંગે પણ કાળજી રાખવી એ પણ ત્રીજાં પાસાંની વિચારણા હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (૪) ઈચ્છનીયની પ્રતિષ્ઠા અને અનિચ્છનીયની અપ્રતિષ્ઠા :

ચોથાં પાસાં તરીકે વિચારવામાં આવ્યું કે અનિચ્છનીય વ્યક્તિ અને અનિચ્છનીય સંસ્થાઓની પ્રતિષ્ઠા સમાજમાંથી તોડવી અને ઈચ્છિનીય વ્યક્તિ અને ઈચ્છિનીય સંસ્થાઓની પ્રતિષ્ઠા ઊભી કરવી જોઇએ.

આ પાસાંના અન્વયેજ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, કોંગ્રેસ જેવી સંસ્થા અને રચનાત્મક કાર્યકરોમાંની ચુનંદી વ્યકિતઓની પ્રતિષ્ઠા સતત કરે છે. એવીજ રીતે સાધુ સંસ્થાને ટકાવી રાખવામાં માને છે. ગામડાઓ, નારીજાતિ અને પછાતજાતિને પણ આગળ લાવી જગત માટેના હિતમાં એમનો ઉપયોગ થાય તેટલી હદે પક્ષપાતપૂર્વકની પ્રતિષ્ઠા પણ આપવામાં માને છે.

એવીજ રીતે અનિચ્છનીય તત્ત્વો તરીકે સામ્યવાદ મૂડીવાદ કે કોમવાદ કે તેવા ધોરણે ઘડાયેલી સંસ્થાઓ અને સંસ્થાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓની પ્રતિષ્ઠા તોડવી જોઈએ. એની સાથે ભૂતકાળમાં એવી સંસ્થાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓની ચકાસણી કરી લેવી જોઈએ. ધર્મના નામે ચાલતાં પાંખંડો, સંકીર્ણતા, ચમત્કારો, ભય અને લાલચોનો વિરોધ કરવો જોઈએ. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ આ રીતે કાર્ય કરી રહ્યું છે એ વિનમ્રપણે જણાવવું રહ્યું.

## (૫) યોગ્ય સ્થાને યોગ્યને સ્થાપવાં :

ઉપરનાં ચાર પાસાંઓ અંગે ઘણું ઘણું કહેવાઈ ગયું છે. અત્યારે પાંચમાં પાસાં અંગે વિચાર કરવાનો છે. તેના અન્વયે એમ કહી શકાય કે સુસંસ્થાઓમાં પણ જેમનું જે સ્થાન છે તેજ સ્થાને તેમને મૂકવી જોઈએ. જેનું આગળ સ્થાન જોઈએ અને તે પાછળ રહી ગઈ હોય તેવી સંસ્થાઓને તેનું સ્થાન પાછું અપાવવું જોઈએ એ અનુબંધ વિચાર ધારાનું પાંચમું પાસું છે. એના કારણે યોગ્ય વાઢકાપ અને રૂપાંતરની ક્રિયાઓ કરવાની પરિસ્થિતિ ઊભી થાય તો તે પ્રમાણે કરવું રહ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે :—

જ્યાં જ્યાં જે યોગ્ય છે
ત્યાં સમજવું તેહ......

એ જ પ્રમાણે શું જોડવું અને શું તોડવું તે અંગે ઠાણાંગ સૂત્રમાં કહેવામાં આવ્યું છે :—

चतारि जाना पनत्ता तंजदा :—

( १ ) जुत्ते नाममेगे जुत्ते ( २ ) जुत्ते नाममेगे अजुत्ते
( ३ ) अजुत्ते नाममेगे जुत्ते ( ४ ) अजुत्ते नाममेगे अजुत्ते

—એટલે કે ચાર પ્રકારના વાહન બતાવ્યા છે :—( ૧ ) બળદ-ગાડાં વગેરેથી યુકત અને બધી સામગ્રી યુકત, ( ૨ ) બળદ-ગાડું વગેરેથી યુકત પણ સામગ્રીથી અયુકત, ( ૩ ) બળદ-ગાડું વગેરેથી અયુકત પણ સામગ્રી યુકત, ( ૪ ) બળદ-ગાડું વગેરેથી અયુકત અને સામગ્રીથી પણ અયુકત.

એવી જ રીતે પુરૂષોના પણ ચાર પ્રકાર હોય છે :—( ૧ ) ધન, સુંદર શરીર સાધનથી યુકત અને ધર્માનુષ્ઠાનથી પણ યુકત ( ૨ ) ધનાદિથી યુકત પણ ધર્મથી વિમુખ ( ૩ ) ધનાદિથી અયુકત પણ ધર્માદિથીયુકત ( ૪ ) ધનાદિથી પણ વિમુખ અને ધર્માદિથી પણ વિમુખ.

ઉપરની દષ્ટિએ આપણે જગતની પ્રતિનિધિ સંસ્થાને લઈએ. તેણે જગતના બધા પ્રશ્નને પોતાને હસ્તક રાખ્યા છે; અને જગતનો ઠેકો લઈને બેઠી છે. પરિણામે પેટ મોટું થાય અને હાથ પગ દોરડી જેવા થતાં, જલોદરના દર્દીની હાલત જેવી તેની હાલત થઈ છે. આજે તેના હાથ પગ મજબૂત કરીને જલોદરના પાણીને બહાર કાઢવાની જરૂર.છે. વિશ્વસંસ્થા યૂનોમાં જે કેંદ્રીકરણ રાજકારણનું થયું છે તેના કારણે ઘણું બધું ગુલ થઇ જવા બેઠું છે. એક વખત ભાલની ખાડીમાં મોટો મગરમચ્છ આવ્યો હતો. ઓટમાં પાછું ન જઈ શકતાં તે બૂમો પાડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાડીને મરી ગયો. ડોકટરોએ તેના પેટને ચીર્યું તો હોજરીમાં પચ્યા વિનાના ઘાસલેટના ડબ્બા વગેરે ઘણું નીકળી પડ્યું. આવું જ કેન્દ્રીકરણનું છે. જે પોતે વિકૃત રૂપે થઇને આખા કલેવરને નિષ્પ્રાણ બનાવે છે. ત્યારે વિકેંદ્રીકરણ થાય તો કોઈ પણ પ્રકારનો મેલ ન જામે. કીડી મરી જાય તો પણ તેના પેટમાં કોઈ પચ્યા વગરનો કણ નહીં રહે. એટલે જગતની સંસ્થાએ વિકેંદ્રીકરણ કરવું જ પડશે તો જ તે સક્રિય-સફળ થઈ શકશે નહીંતર ધ્યેય સારૂં છતાં વિશ્વને જોઈએ એટલી ઉપયોગી નહીં બની શકે.

હવે રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસનો વિચાર કરીએ. સદ્‌ભાગ્યે એ વિકેંદ્રીકરણમાં માને છે. તેણે તો ચારેક વર્ષ ઉપર એવો ઠરાવ પણ કર્યો હતો-પોતાના પાર્લામેન્ટરી બોર્ડ મારફત-કે "આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કોંગ્રેસીઓએ કોંગ્રેસ સંસ્થાનો ઉપયોગ ન કરવો." ઠરાવ તો પસાર થઈ જાય છે પણ તેની પ્રદેશ સમિતિઓ તેનું હાર્દ પાળે છે કે કેમ તે સવાલ છે. માટે નવી સંસ્થાઓ શુદ્ધિના પાયા ઉપર તૈયાર કરી-કરાવીને, તેમની મારફત ઉપરના કાર્યક્રમો રાજ્ય સંસ્થા પાસે લેવડાવી લેવાં જોઈએ. કદાચ ખુશીથી ન આપે તો અહિંસક લડતના આંચકા આપી પરાણે આંચકી લેવાં જોઈએ. વિભૂતિ કરતાં આ અંગે સંસ્થાને મહત્વ આપવાનું પણ કારણ છે.

બે એકડા ભેગા થાય તો તેથી અગ્યાર બનતા નથી. બે એકડા બાઝે તો તો એક અને શૂન્ય પણ થાય. તેમનો સરવાળો થાય તો બેજ થાય; પણ બન્નેનું સહયોગી ઘડતર થાય તોજ અગ્યાર થઈ શકે છે. આથીજ માનવનાં સહિયારાં જીવનની મહત્તા છે. માનવમાંથી સમાજ અને સંસ્થા બની શકે છે. સંસ્થા હશે તો વ્યકિતઓ જતાં પણ કામ ચાલશે પણ વ્યકિત તરીકે વિભૂતિ જતાં કોઈ તેમનું કામ આગળ નહીં ધપાવે.

એટલે જ માનવને મહત્વ આપ્યું છે અને તે સંસ્થા દ્વારા ઘડતર કરી શકે એને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. બીજાં પ્રાણીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમુક હદ સુધી વ્યકિતગત વિકાસ કરી શકે છે; પણ, સ્વપર કલ્યાણનો માર્ગ અને સાચાં સામાજિક મૂલ્યોની રક્ષા તો માનવ જ કરી શકે છે. તેથી માનવને જ કેવળ મોક્ષનો અધિકારી ગણ્યો છે; તેને સાધુસંસ્થાનો સર્જક પણ કહ્યો છે. જૈનાગમોમાં તીર્થંકરો ક્ષત્રિયો જ હોય છે અને સાધુસંસ્થામાં પ્રવેશ્યા પછી, તેવા સંઘો સર્જી શકે છે એમ પણ બતાવ્યું છે. અલબત્ત અહિંસક ક્રાંતિ આમ તો વ્યકિત દ્વારા થાય છે પણ સંસ્થાઓનો સહારો લઈને કાર્ય કરતાં સફળતા વધારે મળે છે. આવા ક્રાંતિ પુરૂષો જ માયાળુ સર્જનની જેમ વાઢકાપ અને રૂપાંતર કરી શકે છે.

રાજ્યસંસ્થાનું કલેવર મોટું થઈ ગયું છે તેમ ધર્મસંસ્થાઓનું કલેવર સાંકડું બની ગયું છે. એટલે જ મોટા ફેરફારો કરવા પડશે. હું જે સંપ્રદાયનો છું, તે સંપ્રદાયના અહીંના એક સંઘના આગેવાન થોડા વખત પહેલાં આવ્યા હતા. વાત નીકળતાં તેમણે કહ્યું: "આપ જેવા સમર્થની વાત જુદી છે. બાકી અમારા જેવાએ તો પહેલાં અમારા નાના વર્તુળમાં જોવું જોઈએ.

મેં કહ્યું: "ભલે, નાના વર્તુળમાં જુઓ અને રહીને સતત કાર્ય કરો પણ દૃષ્ટિ અને અનુસંધાન માટે વિશાળ વિશ્વ રાખજો. નહીં તો જૈનધર્મ વિશ્વધર્મ કે અહિંસાપ્રધાન ધર્મ નહીં રહે!"

એવી જ રીતે મારે સારા એવા સાધક જેવી કોટિના ઉચ્ચ પુરુષોને. દા. ત. મોરારજીભાઈ દેસાઈ જેવાને—એ જ કહેવાનું છે: "ભલે તમે રાજકીયક્ષેત્રમાં રહો, પણ રાજકીય સંસ્થાના હોદ્દેદારો રહી, રચનાત્મક કામો કે શિક્ષણ અથવા સંસ્કૃતિની સંસ્થાઓને તમારે વશ ન કરશો. નહીં તો બધી બાબતો રાજકારણની નીચે આવતાં જેમ કૃષ્ણ-યુગમાં ઝંખાયું તેમ થશે."

જો યોગ્ય સ્થળે યોગ્ય સંસ્થાઓ મુકાઈ જાય અને ન હોય તે ઊભી થઈને યોગ્ય મહત્તા પામી જાય તો વિશ્વશાંતિનું કામ ઝડપી અને વ્યવસ્થિત થઈ જશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભારતમાં અનુબંધ વિચારધારાના પ્રયોગની અજોડ ભૂમિકા એટલા માટે છે કે અહીં (૧) વ્યક્તિ, (૨) સમાજ, (૩) સંસ્થા અને (૪) સમષ્ટિનો એકીસાથે વિચાર થયો છે. માનવ સમાજ સુઘડતરને પામે તો વિશ્વનાં પ્રાણીમાત્રને શાંતિ મળે તે સ્વાભાવિક છે. નાનાં નાનાં સંસ્થાકીય ઘટકો પોતપોતાના સ્થાને વિશાળ વિશ્વની દૃષ્ટિ રાખીને કાર્ય કરે તો જગતનાં ઠંડા-ગરમ યુદ્ધો આપોઆપ અટકી જાય.

## અનુબંધ વિચારધારા દરેક યુગમાં

ભારતમાં આ અનુબંધ વિચારધારા અને તેને અનુરૂપ સંસ્થાઓ અંગે હવે વિચાર કરીએ. ઉપર વિચાર કરી ગયા તે પ્રમાણે વિશ્વના અનુબંધ માટે આ યુગે ચાર સંસ્થાઓનો પરસ્પર અનુબંધ હોવો જોઇએ તો જ વિશ્વની સમતુલા રહે એવા નિર્ણય ઉપર આવીએ છીએ. આ માટે ચાર સંસ્થાઓ છે :—

(૧) રાજ્યની પ્રતિનિધિ તરીકે = રાજ્યસંસ્થા

(૨) લોકોની પ્રતિનિધિ તરીકે = લોકસંસ્થા

(૩) લોકોના નેતાઓની પ્રતિનિધિ તરીકે = લોકસેવકસંસ્થા

(૪) ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વી સંન્યાસીઓની પ્રતિનિધિ તરીકે = સાધુસંસ્થા

આ ચારેય પ્રતિનિધિ સંસ્થાઓનો પરસ્પરનો અનુબંધ જ્યાં સુધરેલા રહ્યો છે ત્યાં ત્યાં રાજ્યમાં શાંતિ અને લોકોમાં સંતોષ રહ્યો છે. એ સાથે દરેક સંસ્થાને તેનું યોગ્ય સ્થાન મળ્યું છે ત્યારે પણ લોકોની સુખાકારી જ કેવળ વધી નથી, જગતના પ્રાણીમાત્રને પણ સુખશાંતિ વધ્યા છે. એટલે ચારે સંસ્થાઓના અનુબંધ અંગે અલગ અલગ યુગની સ્થિતિ જોઈ જઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**રામયુગ – કૃષ્ણયુગ :**

રામયુગમાં બન્ને પ્રકારની સંસ્થાઓની વ્યવસ્થા હતી. જેમ રાજ્યસંસ્થા તરીકે રાજા હતો તેવી જ લોકસંસ્થાના પ્રતિનિધિ રૂપે લોકસંસ્થા ( મહાજનોનું સંગઠન ) હતી તેને પંચ કહેવાતું. લોકસેવક સંસ્થા ( બ્રાહ્મણોનું સંગઠન ) પણ હતી. તે વખતે રાજા ( રાજ્યસંગઠન ) બ્રાહ્મણોના અંકુશમાં રહેતા. અને લોકસંગઠનો પણ બ્રાહ્મણોની પ્રેરણા તળે ચાલતા. રામચંદ્રજીને દશરથમહારાજ પોતાની હૈયાતીમાં રાજ્ય આપવા માગતા હતા. એટલે પોતે નિર્ણય નહિ લઈને વશિષ્ઠ ગુરુને બોલાવ્યા અને પૂછ્યું. વશિષ્ઠ ગુરુએ કહ્યું—

" जो पांचहि मह लाका नीगे तो रघुवरसन करदेहुटीका । "

ગુરુ વશિષ્ઠ ( બ્રાહ્મણ–રાજગુરુ ) રાજાદશરથને કહે છે મને એમાં કાંઈ વાંધો નથી પણ પંચ ( લોક સંગઠન ) ને પૂછો, તેને આ વાત ગળે ઉતરે, સારી લાગે તો રામચંદ્રજીને રાજ્યાભિષેક આપવામાં મને કાંઈ બાધ જણાતો નથી."

ઋષભનાથ ( જૈન ) યુગે તો માનવો સરળ હોઈ ત્રણે સંસ્થાઓ ઠીક ઊભી થઈ ગઈ ( ૧ ) રાજ્યસંસ્થાના પ્રતિનિધિ તરીકે પોતે પૂર્વાશ્રમમાં રાજા હતા. ( ૨ ) ખેતી–શિક્ષણ અને શસ્ત્રો બધાં લોકોને સોંપ્યા અને લોકસંસ્થા બનાવી. ( ૩ ) અને તીર્થંકર બની તેમણે સાધક ( ધર્મ ) સંસ્થા ઊભી કરી. પણ સંસ્થાઓ ઊભી થાય અને ઘડાય તે બન્ને જુદી વાત છે.

રામયુગમાં રાજ્યસંસ્થા ઘડાઈ ચૂકી હતી, તેથી તો :—

" रघुकुल रीत सदा चली आई
प्राण जाइ अरु बचन न जाई "

—ગુરુ વશિષ્ઠ એટલું બોલે તે પહેલાં પ્રાણપ્રિય પુત્રોને દશરથ રાજા ઋષિ વિશ્વામિત્રને હવાલે કરી દે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ, રાજા અને લોક સંગઠન (પંચ) સંસ્થા બન્ને જ ઘડાયેલ હોય તો કામ ન ચાલે. રામયુગમાં લોકસંસ્થા રૂપે લોકો કેળવાયેલા ન હતા. નહીંતર ધોબીના વચનથી સીતા વનવાસ ન આવત. કારણ કે જેમ પ્રજા રામને ચાહતી હતી તેમ સીતાને પણ ચાહતી હતી. પણ ધોબીને સમજાવવા નતો લોકસેવકો ગયા કે ન લોકો ગયા.

પરિણામે, કૃષ્ણયુગમાં લોકસેવકો (બ્રાહ્મણો) રાજ્યાધીન બની ગયાં. તેમને ચેપ પણ લાગ્યો અને તેઓ લોકોથી વેગળા પડી ગયા. નહીં તો, દ્રોપદી ચીર-હરણ પ્રસંગે દ્યુતમાં હરાએલી સ્ત્રીઓનો અથવા ધૂતમાં જિતેલાનો એવી સ્ત્રી પરનો હક કેટલો એવી ચર્ચામાં ન રાચત. સાફ સાફ રીતે પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાના ભોગે પણ દુર્યોધનને સંભળાવી દેત. આજે પણ લોકસેવકો; અરે સાધુ- સાધ્વીઓ પણ નાહકની અને અત્યારે નકામી એવી ચર્ચામાં અમૂલ્ય સમય ગુમાવી દે છે; અને પોતે જે સ્વ-પર કલ્યાણના કાર્ય માટે બધું મૂકીને જગતના પ્રાણીમાત્રની અનુકંપા માટે નીકળ્યા છે તે મૂળવાત જ વીસરી જાય છે.

### બુદ્ધ-મહાવીરનો યુગ:

એટલે જ ભગવાન બુદ્ધે સ્પષ્ટ કહ્યું: "આ વાગેલું તીર કાઢો છો તે વખતે એ ઘાયલને એમ પૂછવામાં આવતું નથી કે આ તીર શાનું બન્યું છે? કોણે માર્યું છે? વગેરે. તે વખતે તો પહેલું કામ તરત એ તીરને કાઢવાનું છે. તે કાઢીને મલમપટ્ટી કરો છો. તેમ આજના ત્રસ્ત જગતને સન્માર્ગે દોરતા તમારા જીવનમાં સાવધાન બનો તે પણ જરૂરી છે." આમ એ યુગમાં રાજ્ય કરતાં પ્રજા મોટી, પ્રજામાં ધર્મ મોટો અને એ ધર્મને દેવ-દેવીઓ પણ નમે છે એ વાત સિદ્ધ કરી બતાવી. પ્રેમ સત્તાનું આધિપત્ય રાજ્ય સત્તા પર સ્થપાયું. અલબત રાજાઓ ખેંચાયા-પ્રજા ખેંચાઈ તે માટે. જ્યારે રાજાઓ તરફ ખેંચાયા એટલે લોકસેવકો ઈંદ્રભૂતિ-ગૌતમ જેવા પણ સંપૂર્ણ ખેંચાયા. એથી વિરોધ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ઓછો થયો હોય એવું નથી. તે પણ ઘણો થયો. તેથી જ જૈન સૂત્રોમાં :—

'जे संखया तुच्छ परप्पवाई.......'

[ એટલે કે જે સુસંસ્કૃત કહેવાય છે, પણ માત્ર વાતોમાં કે બીજાની નિંદામાં જ રાચી રહે છે; તે લોકો મુક્તિ સાધી શકતા નથી. ] જેવાં વાકયો મળે છે એટલું જ નહીં, દેવાનદાની કૂખમાંથી ત્રિશલા ક્ષત્રિયાણીની કૂક્ષીમાં ભગવાન મહાવીરનો જીવ લઈ જવાની વાત કરીને બ્રાહ્મણોને હલકા પાડવાનો પ્રયાસ થયો છે. દિગંબર જૈન સૂત્રો આ વાતને માનતા નથી. હું આ વાતને પોતે એ રીતે ઘટાવું છું કે માત્ર બ્રાહ્મણ-જ્ઞાનથી કામ ન ચાલે. જ્ઞાન પાયામાં જોઈએ પણ પછી ક્ષત્રિય એટલે કે વીરતા-ચારિત્ર્ય સાથે જ ઉમેરવું જોઈએ. ટુંકમાં માત્ર શિક્ષણ ન ચાલે પણ સાથે ઘડતર-ચારિત્ર્ય પણ હોવું જોઈએ. આ દૃષ્ટિએ તે વખતના લોકસેવકો-બ્રાહ્મણોએ બુદ્ધ અને મહાવીરને પ્રારંભમાં પાછા પાડવા પ્રયત્નો કર્યા પણ લોકો અને રાજાઓ બન્ને ખેંચાવાથી તેમને પણ અંતે ખેચાવું જ પડયું. જન્મજીત બ્રાહ્મણ-જેમના માટે ગૃહસ્થાશ્રમ જરૂરી જ નહીં. પણ સંતાન વગર મુક્તિ નથી. એમ માનનારા વર્ગમાંથી જગદ્ગુરુ શંકરાચાર્ય સંન્યાસ ગ્રહણ કરે છે તે પ્રભાવ બતાવી દે છે સાધુ સંસ્થાનો. આમ છતાં તે કાળે પણ લોકસંસ્થા વ્યવસ્થિત ન બની શકી તે કારણે ખુદ ભગવાન મહાવીરના સમયમાં અહિંસા આટલી ઝીણવટથી (મન, વચન અને કાયાએ હિંસા ન કરવી, ન કરાવવી અને અનુમોદન ન આપવું એમ નવપ્રકારે) વિચાર્યા બાદ પણ ચેટક જેવા મહાશ્રાવક રાજાને પોતાની આગેવાની તળે એક કરોડ એંસી લાખ માનવ હણાય એવાં મહાયુદ્ધો-અનાસકતભાવે ખેલવાં પડયાં છે. યુદ્ધની વાતનો મુદ્દો કેવળ હાર-હાથી હતો અને આજે વિચારકને એમ લાગશે કે શું આટલી નજીવી બાબત માટે પણ યુદ્ધ થઈ શકે ખરૂં ? પણ, તે થયું. એનું કારણ ટુંકમાં ગણીએ તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકો અને લોકસેવકો વચ્ચે સંગઠિત અને વ્યવસ્થિત, અનુબંધ નહતો એટલે જ આ યુદ્ધ થવા પામ્યું.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના ખેડાણને લીધે દર્શન કાળે વાદવિવાદ મોંથી થાય છે. તેમાં ઉગ્રતા ઓછી આવે છે. તે વાટાઘાટો અને વાદવિવાદ પણ કેવા ? મંડનમિશ્ર તેમજ શંકરાચાર્ય તથા મધ્યસ્થ બનેલા મંડન મિશ્રના ધર્મપત્ની ભારતી સુંદર ઉદાહરણ રજુ કરી જાય છે. ભારતીનું ઉદાહરણ ભલભલા ન્યાયાધીશને અનુભવ જન્ય પ્રેરણા પૂરે તેવું છે.

**ગાંધી યુગ :**

આ રીતે ગાંધીજીને ભારતીય લોકોની લગભગ તૈયાર ભૂમિકા દક્ષિણ આફ્રિકામાં મળી; અહીં વિશાળ પાયા પર મળી. કોંગ્રેસ સંસ્થા દ્વારા અપૂર્વ તક મળી. એ ભારતનું સદ્‌ભાગ્ય ગણવું જોઈએ. તેવી જ રીતે તપ ત્યાગ વડે ઘડાયેલી એ સંસ્થાને રાજકીય સત્તા ન છૂટકે લેવી પડી તે દુર્ભાગ્ય પણ થયું. નહીંતર કોંગ્રેસ જેવી સંસ્થાને કેટલાક વિરલ સાધુ સંસ્થાના સભ્યોનું (અમારા દીક્ષાગુરુ નાનચંદ્રજી મ. જેવા) તપત્યાગ પૂર્ણ સહાનુભૂતિભર્યું બળ મળ્યું; વિનોબા, કિશોરલાલ જેવાનાં જ્ઞાન–ત્યાગ મળ્યાં; આખા દેશની ભકિત મળી વિશ્વપ્રિય પં. જવાહર જેવી ને લોખંડી સરદાર જેવી નેતાગીરી મળી છતાં દેશ અને દુનિયાનું રાજકારણ એ સંસ્થા કોંગ્રેસ દ્વારા શુદ્ધ અને પવિત્ર કેમ ન થયું ? ન લોકોની સસ્થાઓ ન લોકોસેવકોની સંસ્થાઓ ન જાગૃત અને વિશાળ દષ્ટિવાળા સાધુ-સાધ્વીઓનું સંકલન, વિ. કેમ ન થવા પામ્યું ?

ગાંધીજી તો લોકસેવક સંઘ અને લોક સંગઠનનો બન્ને ઇચ્છિતા હતા, પણ જે તેમની હાજરીમાં ન થયુ તે હવે સૌને સહકાર લઈ બનાવવું પડશે. આ છે અનુબંધ વિચારધારાની ભૂમિકા અને રહસ્ય. તેથી જ અનુબંધ વિચાર ધારાનાં પાંચ પાસાંઓને કાળજીપૂર્વક વિચારીને ભાલ-નળ કાંઠા પ્રયોગને આચરવાં પડે છે. અને જરૂરી કાપકુપ કે સાફસૂફી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને રૂપાંતર કરવા જતાં ક્યારેક દરેકનો ખોફ વહોરવો પડે છે. જો કે બધાનું પરિણામ તો અંતે સારૂં જ આવ્યું છે કે આજે દેશમાં એનો આદર ધીમે ધીમે વધતો જઈ રહ્યો છે.

ગાંધીજીએ સ્વરાજ્ય પછી પણ સામુદાયિક અહિંસાના પ્રયોગોનો ચીલો જાતે નોઆખલી જઈ ચાલુ રાખી બતાવ્યો જ છે. તેમની હૈયાતીમાં ખ્રિસ્તી, મુસ્લિમો વગેરે બધા ધર્મોનાં અનુયાયીઓ ભળ્યાં. તેમણે જે પ્રયોગો કર્યા તેમાં જેમ સાધુ સંસ્થાના સભ્યો ભળ્યા તેમ શરૂમાં વિરોધ પણ કર્યો. છતાં લોકો એ મહાત્મા પુરૂષ ગાંધીજીની પડખે હતા એટલે સૌને ખેંચાવું પડ્યું.

ગાંધીજી કહેતા : "હું ધર્મ અને ધર્મગ્રંથો બંનેને માનું છું. પણ જે પ્રત્યક્ષ અનુભવની સાથે ન મળે ત્યાં તેનું સંશોધન કરવામાં પણ માનું છું." આમાં ગાંધીજીની હૈયાતીમાં સાધુઓ સંસ્થારૂપે અલિપ્ત રહી ગયા. ગાંધી નિર્વાણ બાદ લોકસેવકો પણ સંસ્થાગત રીતે અલગ રહ્યા, એટલું જ નહીં પણ સામ્યવાદ, કોમવાદ. મૂડીવાદ, દાંડાઈવાદ અને ભ્રષ્ટાચારો વધતા ગયા; તો યે ન રોકી શક્યા કે ન કોંગ્રેસને શુદ્ધ, સંગીન અને રાજકીય ક્ષેત્રની મર્યાદાવાળી બનાવવામાં રસ લઈ શક્યા. હવે માત્ર અવ્યવસ્થિત લોકો શું કરી શકે?

અવ્યવસ્થિત લોકો તો 'ટોળાંનો ગાડરિયો પ્રવાહ' જેવા છે. તેમને રાજકીય પક્ષો અને પૂંજીવાદી હિતોનાં સંગઠનો હાથા બનાવે તેમાં શી નવાઈ છે. સદ્‌ભાગ્યે શહેરી મજૂરોનાં સંગઠનનો નાનો દીવડો મજૂર-મહાજન રૂપે બાપુ મૂકી ગયા છે. પણ તેનેયે અનુબંધમાં જોડવાની જરૂરિયાત આવીને ઊભી છે. એટલે લોક સંગઠનની વાતને સ્થાન આપવામાં આવેલ છે.

સુસાધુઓ પ્રવૃત્તિથી અલિપ્ત રહેવામાં માનતા થયા છે; અને તે પણ જે સદ્‌પ્રવૃત્તિના સંઘ નિર્માતા ભગવાન મહાવીર સ્વામીના નામે! એ પણ કેટલું વિચિત્ર ગણાય. સદ્‌ભાગ્યે શ્રી હેમચંદ્રાચાર્યજીએ રાજ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કારણુમાં ઊંડો રસ લઈ ધર્મ, રાજ્ય અને લોકસંગઠનનો સમન્વય સાધી, જૈનોને સાચું સત્ય બતાવી દીધું. તે છતાંયે આજે પાંચમા અને છઠ્ઠા આરાને નામે અકર્મણ્યતાને – જૈન દર્શનની પરંપરા વિરૂદ્ધ – પોષવામાં આવે છે એટલું જ નહીં અનિચ્છનીય સંગઠનોને તોડી નાખવાના બદલે તેને પ્રતિષ્ઠિત બનાવી મૂકે છે.

## ક્રાંતિપ્રિય સાધુઓ-સાધુ સંસ્થા સર્વથી પ્રથમ :

એટલે અનુબંધ વિચારધારામાં ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓની ફરજ પહેલી માનવામાં આવી છે. આ દિશામાં પ્રારંભિક સફળ પ્રયોગો વ્યકિતગત રીતે કર્યા બાદ આ સાધુ–સાધ્વી શિબિર યોજવામાં આવી છે. આજે સાધુ-સંસ્થા લોક–પૂજ્ય ભલે રહી હોય પણ તે લોકમાન્ય રહી નથી. એના કારણે એ સંસ્થાનું સંસ્થાન છેલ્લું થઈ ગયું, છતાં તેને પ્રથમ નંબરે લાવવી પડશે.

## બીજો નંબર : લોકસેવક સંસ્થા

ત્યારબાદ જેનું સ્થાન છે તે લોકસેવકોનું છે. ક્રાંતિપ્રિય સાધુઓ પાસે પ્રેરણા પામી અનુભવ અને ઘડતર પામેલા લોકસેવકો જ લોકોનું સંગઠન કરી શકે. આવા સેવકોએ સંગઠિત થઇને સંસ્થારૂપે કામ કરવું જોઇએ; જેથી જૂના સેવકોના લોક સંગઠનના કાર્યની સાથે નવા સેવકો તૈયાર કરવાનું કાય પણ ચાલુ રહી શકે.

## ત્રીજો નંબર—લોક સંગઠનો :

ત્યારબાદ લોકોના ગામડા અને શહેરોના સંગઠનોને મૂકવા જોઇએ. સંગઠિત લોકશકિત એજ કેવળ માનવજીવનની નહીં, પણ વિશ્વની આબાદીનું પ્રતીક છે.

## ચોથો નંબર—રાજ્ય સંસ્થા

ચોથે નંબરે દેશ અને દુનિયાની રાજ્ય સંસ્થાઓને મુકવી પડશે. આ ભગીરથ કાર્ય છે અને તે માટે સર્વાંગી ક્રાંતિકારો હોવા જોઇએ એ આજના યુગની માંગ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**અડચણો :**

( ૧ ) રાજકારણે આજે દુનિયાભરમાં અડ્ડો જમાવ્યો છે, તેને બાપુએ ધર્મનો જે પુટ આપેલો તે લોપાઇ જવા બેઠો છે તેને ફરી વધારે દૃઢતાપૂર્વક પાછો લગાડી દેવો જોઈએ.

( ૨ ) દુનિયાના વહેવારમાં આજે મૂડીવાદનું વર્ચસ્વ સ્પષ્ટ જણાઈ આવે છે. મૂડીવાદી દેશ કે મૂડીવાદી તત્વો દુનિયામાં માલ સંગ્રહી લે, તો મધ્યમ વર્ગનાં માણસો અને નીચલા થરો તેમાં તણાય અને દબાય તે સ્વાભાવિક છે. મગફળી ખૂબ જ પાકી હોય છતાં એકદમ તેલનો ભાવ વધી જાય એ મૂડીવાદી પકડનું પરિણામ છે.

( ૩ ) ગામડાંમાં દાંડ તત્વોનું જોર અને અડ્ડો છે. તેના કારણે જન સંગઠનો કરવામાં પણ પારાવાર અડચણો છે. ઘણીવાર અમલદારો, દાંડતત્વો અને મૂડીવાદીઓનું સંકલન—એટલે કે ખોટો અનુબંધ થઈ જાય છે. એટલે માણસ વ્યકિતવાદ અને રાહતનાં કામોમાં પડે છે. આ યુગમાં જે અનિવાર્ય અને તાત્કાલિક તદ્દન સરળ છતાં મહત્વનું કામ ખોરંભે મૂકાય છે. કેટલાક તો વળી એવા મહત્વનાં કામ કરનારાંઓ પ્રતિ નફરત કરતા થઈ જાય છે.

**આજે સુઅવસર છે અબંધનો :**

પણ, જગતમાં જેમ જેમ દાંડતત્ત્વો, સ્વાર્થહિતો અને હિંસક-તત્ત્વો વધતાં જાય છે તેમ તેમ લોકો પણ જાગૃત થતાં જાય છે અને અનુબંધ વિચારધારા પ્રમાણે આજની કટોકટીમાં કાર્ય કરવાનો સરળ સુઅવસર છે.

બર્ટ્રેન્ડ રસલ જેવા ફિલસુફર અને આગેવાન સાહિત્ય-ચિંતક આગેવાની લઈ 'અણુ'નો વિરોધ કરવા તૈયાર થયા છે અને એ માટે હજારો સ્વયંસેવકો પણ મરણિયા બનીને નીકળવા તૈયાર છે. આફ્રિકામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રંગભેદ નિવારણુ માટે આજે ગાંધીજી જેવા સત્યાગ્રહી નેતાને ત્યાંના લોકો ઝંખે છે. અવકાશયાત્રાની સિદ્ધિઓ હાંસલ કર્યા બાદ પણુ રશિયા એમ માને છે કે લોકશાહી તરફ વળવું પડશે અને તે માટે એ શાંતિ અને વાટાઘાટો વડે પ્રશ્નો પતાવવાની વાતો ગમે તે કારણે પણુ તૈયાર થયું છે. અવકાશમાં રશિયાએ ગેગેરિન પછી પણુ બીજા અવકાશ યાત્રીને મોકલ્યો છે એમ અમેરિકાએ પણુ કેપ્ટન કારપેંટરને મોકલી આપેલ છે. તે છતાં શાંતિની ચાહના કરતા ત્યાંના પ્રમુખ કેનેડીએ શાંતિ માટે રશિયા સાથે વાટાઘાટો કરવાની હમેશાની તૈયારી બતાવી છે, મતલબ એ કે આજે અહિંસાને કામ કરવાના અજોડ સંયોગો ઊભા થયા છે. પણુ, એ ત્યારે થઈ શકે જ્યારે રાજ્ય કે જે આજે મોટું પેટ લઈને (જલોદરના રોગ જેવું) બેઠું છે, તેની પાસેથી આર્થિક, સામાજિક, શૈક્ષણિક, અને સાંસ્કૃતિક કાર્યક્રમો આંચકી લઇને લોકોના સંગઠનોને હવાલે તથા લોકસેવકોને હવાલે કરાવવાં જોઈએ.

કેવળ રાજકીય ક્ષેત્ર કોંગ્રેસના હસ્તક રહેવું જોઈએ અને તેનું સ્થાન દેશ અને દુનિયામાં એ ક્ષેત્રમાં એટલે કે રાજકારણમાં મહત્વનું હોવું જોઈએ; કરાવવું જોઈએ. જો કે એનો અર્થ એવો નથી કે રાજકીય ક્ષેત્રનું સ્થાન પહેલું હશે; તેનું સ્થાન તો અનુબંધ ક્રમ પ્રમાણે ચોથું જ હશે. પણુ જ્યાં રાજકીય કે આંતરરાષ્ટ્રીય પ્રશ્નો આવ્યા ત્યાં કોંગ્રેસ વિના, દુનિયાનો સંસ્થાનવાદ, કોમવાદ, સામ્યવાદ, મૂડીવાદ વ.ને કોઈ પણ યોગ્ય સ્થાન બતાવી શકે તેમ નથી. 'યૂનો'ને પણુ એ જ રીતે વિશ્વના પ્રશ્નો અંગે મહત્વ આપવું પડશે કારણુ કે દુનિયાભરના રાષ્ટ્રોને સંકલિત કરી નિયંત્રિત રાખનારું રાજ્યબળ એ એક જ છે. પણુ કોંગ્રેસનું બળ–પ્રભુત્વ વધારી તેના અનુસંધાને ભારત અને દુનિયાની પ્રજાઓનાં અને પ્રજાસેવકોનાં તેમજ આધ્યાત્મિક બળોનું જોર 'યૂનો'માં વધારવું પડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સદ્‌ભાગ્યે કોંગ્રેસના બંધારણમાં તો વિકેન્દ્રીકરણની વાત છે અને તે અંગે તેણે ઠરાવ પણ પસાર કર્યો છે પણ તેનો અમલ વિલંબમાં મૂકાયો છે–તે જલ્દી કરાવવાનું છે.

આમ અનુબંધ વિચાર ધારાનાં વિવિધ પાસાંઓ ઉપર વિચાર કરી (૧) ક્રાંતિ પ્રિય સાધુ સંસ્થા, (૨) લોક સેવક સંસ્થા (૩) લોક સંસ્થા અને (૪) રાજ્ય સંસ્થા એને એના યોગ્ય સ્થાને મૂકવા જતાં પ્રારંભમાં વિરોધને વંટોળ પણ ઊઠી શકે. સાધુઓ, લોકસેવકો, કોંગ્રેસીઓ, દાડતંત્વો સ્થાપતિ હિતો અને તકવાદીઓ પોતપોતાનું સ્થાન જતું જોઈને જરૂર બળવો કરે; પણ, તેની વચ્ચે શ્રદ્ધા, ધીરજ અને પ્રાણ-પરિગ્રહ તેમજ પ્રતિષ્ઠાના ભોગે તપ–ત્યાગથી ટકી રહેવું પડશે. એ માટે અનુબંધ વિચારધારાનાં પાંચમાં પાસાં "યોગ્યને યોગ્ય સ્થાન અને પ્રતિષ્ઠા અને અયોગ્યની અપ્રતિષ્ઠા" એનો ખૂબ જ ઊંડાણથી અનુબંધકારે વિચાર કરીને આગળ વધવાનું રહે છે.

卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચર્ચા-વિચારણા

## દાંડતત્ત્વો અને લાંચ સામે ઝૂંબેશ

**શ્રી માટલિયાએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં શિબિર સામે પ્રશ્ન મૂકયો : "અનુબંધ વિચારધારા માટે આપણે ગામડામાં દાંડતત્ત્વો સામે અને શહેરમાં લાંચ સામે જો ઝૂંબેશ ઉપાડીએ તો ?"

તેના જવાબમાં તેમણે જ કહ્યું : "વેદવાદીઓ યજ્ઞની ચર્ચા કરતા રહ્યા અને બુદ્ધ ભગવાને કરૂણા અને ભગવાન મહાવીરે અહિંસાને માટે યજ્ઞની હિંસા નિવારવાની ક્રિયા ઝડપી લીધી. તેમાંથી 'દેવને યજ્ઞ' તો એવો દેવ કોઈ છે જ નહીં એ વિચાર વ્યાપક થયો. ત્યારે તેમણે કહ્યું: શબ્દ પ્રમાણ નહીં, પણ અનુભવ પ્રમાણ જ સાચુ પ્રમાણ : એ જ પ્રકારે નિર્ણયકર્તા જન્મે નહીં પણ ગુણે બ્રાહ્મણ હોવો જોઇએ. ભાષા સંસ્કૃત નહીં પણ લોકભાષા. એ બધા ય ઝીલી શકે માટે સૌનાં સંગઠન !" એમ આખી વ્યવસ્થા ફેરવી નાંખી. ગાંધીજીએ પરદેશી સામેના અહિંસક યુદ્ધથી આખી દેશ—પ્રજાને એકાગ્ર કરી નાખી. એમ આ અનુબંધ વિચારધારાની વિશાળ વ્યાપ્તિ માટે આપણે કોઇ એવી ક્રિયા લઇએ કે જેમાં સૌ એકાગ્ર થાય અને પછી આપોઆપ એનું શાસ્ત્ર ઘડાતું જશે અને પ્રજા ઉપાડી લેશે."

**બલવંતભાઇ:** જેમ અમલદારો લાંચ લે છે તેમ સામે ચાલીને પોતાનું સ્વાર્થી કાર્ય સાધવા જાતે લોકો લાંચ આપી અમલદારોને બગાડે છે તેનું શું ?"

**માટલિયા:** "બધાને એ દોષ સાલે છે એટલે એ દોષ-નિવારણ સહેજે સર્વ સ્વીકૃત થશે !"

**પૂંજાભાઈ:** "ખાનગી ચાલે ત્યાં શું કરવું ?"

**દડીયા:** "સંગઠન મજબુત થાય. તો જરૂર એને પણ નિવારી શકાય !"



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પૂંજાભાઈ:** "આર્થિક પ્રશ્નો સરળતાથી ઉકેલાય તો બીજું બધું સરળ થાય."

**નેમિમુનિએ** ધ્યાન ખેંચ્યું: એકલો ઉપદેશ કે કોરી વાતો ખપ નહીં લાગે. આજે મુખ્યત્વે સામાજિક દબાણની ક્રિયા જોડવી પડશે."

**દેવજીભાઈએ** કહ્યું: "પણ, રાજ્ય કે રાજકીય પક્ષનાં માણસો એવું કરતાં હોય છે, એ ઉપરથી એનાં મૂળ કેટલાં ઊંડાં છે અને કેવી રીતે છે તેનો ખ્યાલ આવે તે માટે એક બે પ્રસંગ ટાંકું:—

(૧) પ્રધાન ગામમાં આવવાના હતા. કેટલાયે મોટા મોટા અમલદારો ત્યારે આવ્યા હતા. બધો ખર્ચ મામલતદારને ભોગવવો પડયો. હવે એના મનમાં થવાનું જ કે આ પૈસા કયાંથી કાઢવા? એટલે કાં તો જમીન અંગેના કામોમાં એ લાંચ લેશે અથવા પરમીટોના ક્વોટા આપવામાં લાંચ લેવા લલચાશે.

આવા સમયે મારૂં માનવું છે કે જો પ્રધાનશ્રી પોતાના આગમનનો ખર્ચ જાતે ઉપાડે કે રાજ્ય તરફથી થાય તેની વ્યવસ્થા કરે તો આમ ન બને.

(૨) એવી જ રીતે એક કોંગ્રેસી કાર્યકર છે. તેઓ ધારાસભાના સભ્ય પણ છે. તેમણે એક ધનવાન પાસે કોઇ રાહત કાર્યમાં પૈસાની માંગણી મૂકી. એ મૂડીદારે કહ્યું: "આ ચેકબુક...લખવી હોય તે રકમ લખો."

તેમણે કહ્યું: "હમણાં એક હજાર બસ છે. પણ ચૂંટણી વખતે પાંચ હજાર જોઇશે."

હવે આવી પરિસ્થિતિમાં અનિષ્ટો જાય શી રીતે?"

**બલવંતભાઇએ** કહ્યું: "હું પણ એક દાખલો ટાંકું.

એકવાર ન્યાયાધીશનાં કારકૂને ચોરેધોળે પાંચ રૂપિયા ફેંસલાની નકલ માટે માગ્યા. મેં ના કહી. ત્યારે વકીલ કહે: "તો તમને ફેંસલાની નકલ કઢાવતાં દિવસો નીકળી જશે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેં કહ્યું : "ના, લાંચ ન અપાય."

પેલો ખેડૂત કહે : "મારી ખેતી બગડે અને એવા ધક્કા ખાવાનો મને શોખ નથી"

"હું અલગ રહ્યો; પણ ખેડૂતે લાંચ આપી દીધી."

**દેવજીભાઈએ** કહ્યું : "એક ગામમાં ખાંડની પરમીટ છતાં, મામલતદારના નાના નોકરે પચાસ રૂપિયા વેપારીઓ પાસે માગ્યા. વેપારીઓએ અરજી કરી છતાં અનિષ્ટ ન અટક્યું.

મેં મામલતદારને કહ્યું : "તમારા નોકરો આમ કરે તેમાં તમારે જાગૃતિ રાખવી જોઈએ, નહીંતર કરશે એ લોકો અને નામ તમારૂં આવશે!" એની ઘણી અસર થઈ."

**ચંચળબહેન** : "સેવકે પોતાની પ્રતિષ્ઠા એવી જમાવવી જોઈએ કે નાનાથી માંડીને મોટા લગી અસર પડે."

**ડો. મણિભાઈએ** કહ્યું : "સાધક છીએ, એ ખ્યાલ હરદમ રહેવો જોઈએ."

**માટલિયા** : આપણા ઉચ્ચ આદર્શો મુજબ આપણું ચારિત્ર્ય, ભાષા, મીઠાશ અને સંસ્થાભક્તિ રહે તો એ બધું થઈ શકે?"

**સન્યાસીજી** : "પણ લોકો ફરી જાય તો?"

બધી ચર્ચાનું તારણ એ નીકળ્યું કે સત્યને ચકાસી, પૂરી તપાસ પછી જ શુદ્ધ સાધન વાપરવાથી મુશ્કેલી ટળી જાય છે.

**મુનીશ્રી સંતબાલજીએ** કહ્યું : "મુક્તચર્ચા છતાં આપ સૌની સાવધાની સારી છે. જીવતી વ્યક્તિઓનાં નામો વખાણમાં પણ ઓછાં આવે તો સારૂં. કારણ કે મૃત્યુ વખત સુધી તે વ્યક્તિ કેવી રહેશે તેની કોને ખબર?"

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારનાં અંગો [૫]

મુનિશ્રી સંતબાલજી ] [ ૧૫-૮-૬૧

અનુબંધ વિચારધારાનાં અલગ અલગ પાસાંઓ ઉપર અત્યાર સુધી ખૂબ જ વિચારણા થઈ ચૂકી છે અને એ પાસાંઓ ઉપર વિચાર કરતાં તેના અંગોનો પણ આડકતરી રીતે ઉલ્લેખ થયો છે. એ અંગો ઉપર હવે વધારે વિચાર કરવાનો છે.

આ ચાર અંગો આ પ્રમાણે છે:—

(૧) લોકો (ગામડા કે નગરોની ખેડૂત, મજૂર, પશુપાલક, મધ્યવર્ગીય પ્રજા અને માતાઓ) નાં સંગઠનો.

(૨) રાજકીય સંગઠન (હાલે કોંગ્રેસ).

(૩) રચનાત્મક કાર્યકરો (લોકસેવકો) નું સંગઠન.

(૪) ક્રાંતિપ્રિય સાધુસંસ્થા – એટલે કે સાધુસંન્યાસીઓ.

આમતો સાધુ – સંસ્થામાં જૈન, બૌદ્ધ, હિંદુ સર્વે સાધુઓ આવી જાય છે પણ તેમાંયે જેઓ નવ નિર્માણ અને અનુબંધમાં માનતા હોય એવા ક્રાંતિપ્રિય સાધુઓ છે તેને અલગ મૂકવા રહ્યા.

અનુબંધ વિચારધારાનાં પાસાંઓ ઉપર વિચારણા કરતાં એ પણ વિચારાયું છે કે રાજ્ય, લોકો, લોકસેવકો કે સાધુઓ, જ્યાંસુધી તેમનું સંસ્થાકીય રૂપે ઘડતર ન થાય ત્યાંસુધી તેઓ વિશ્વની સમતુલા જાળવી રાખવામાં મદદ રૂપ ન થાય. એટલે અનુબંધકાર ક્રાંતિપ્રિય સાધુઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવી ઘડતર પામેલી સંસ્થાને અનુમોદન આપે અને ન હોય ત્યાં એવી સંસ્થાઓ ઊભી કરે અને જરૂર પડે ત્યાં એ અર્થે પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો પણ ત્યાગ કરે; એનો પણ વિચાર થયો છે.

ઉપરના જુદા જુદા અંગોને રજૂ કરવા માટે સંસ્થારૂપે નીચે જણાવેલ પ્રતિનિધિ સંસ્થાઓને ગણવામાં આવેલ છે:—

(૧) **લોકસંગઠન** : લોકોનાં શુદ્ધ નૈતિક સંગઠનોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલે એની અંદર ગામડાંનાં કિસાન, મજૂર, પશુપાલક લોકોનાં સંગઠનો ( ગ્રામ – સંગઠન ) નગરના મધ્યવર્ગીય લોકો, મજૂરો અને સ્ત્રીઓનાં સંગઠનોનો સમાવેશ નગરસંગઠનમાં કરવામાં આવ્યો છે.

(૨) **રાજ્યસંગઠન** : આમાં અત્યારે રાજ્યની બહુ જ વિશાળ સંખ્યક, ઘડતર પામેલી અને ગાંધીજીએ પણ માન્ય કરેલ એવી પ્રતિનિધિ રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસને લેવામાં આવેલી છે. રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસને લેવા અંગે આ અગાઉ ઘણી વિચારણા થઈ ચૂકી છે.

(૩) **લોકસેવકસંગઠન** : વ્યાપક અને સર્વાંગી દૃષ્ટિવાળા રચનાત્મક કાર્યકરો ( જનસેવકો--લોકસેવકો ) ની સંસ્થાઓ, જેઓ વિશ્વનો અનુબંધ સાંધવાની દૃષ્ટિએ કામ કરતાં હોય તેવાઓની પ્રતિનિધિ સંસ્થાઓને આમાં ગણવામાં આવેલી છે.

(૪) **ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ** : એવા સાધુઓ જે આ ત્રણેય સંગઠનોનો અનુબંધ સાંધવા–સુધારવામાં માનતા હોય તેવા, ગમે તે સંપ્રદાયના પ્રાણપ્રતિષ્ઠા–પરિગ્રહના ત્યાગી સાધુઓ–જેમની વિશિષ્ટ જવાબદારીઓ રહેશે અને જેઓ અનુબંધકાર તરીકેની પવિત્ર ફરજ બજાવશે. આવા સાધુ–સાધ્વીઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ચારે અંગોનો અનુબંધ રહેવો જોઈએ એટલે કે તેમને તેમનું યોગ્ય સ્થાન મળવું જોઈએ. આ અંગે અનુબંધ વિચારધારાનાં પાંચમાં પાસાં અંગે વિચારણા કરતાં ઊંડાણથી ચર્ચા થઈ ચૂકી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એનું બીજું કારણ એ છે કે આજે રાજકારણ કે રાજકીય સંસ્થાઓનું જોર આખા જગતમાં વધી રહ્યું છે અને તેના ખોટા પ્રભાવ નીચે લોકો, કાર્યકરો અને બીજાઓને સહન કરવું પડે છે. એને જોઈએ તેના કરતાં વધુ મહત્વ અપાઇ ગયું છે. એટલે એનાથી નિર્લેપ તો ન જ રહી શકાય. વિશ્વવાત્સલ્યની દૃષ્ટિએ સમાજરચનાનો ખ્યાલ કરતાં રાજ્ય-સંસ્થા કે રાજકારણને અલગ રાખી શકાતુ નથી.

ભગવાન ઋષભદેવે તો સમાજ વ્યવસ્થા પછી રાજ્ય કરેલું અને રાજ્યસંસ્થાનો પ્રારંભ કરેલો. રામ અને કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર, રાજકુમારો અને રાજાઓ હતા. તેઓ કદિ ત્યાગ–તપના નામે રાજ-કારણથી અલગ રહી શક્યા ન હતા. તે ક્ષેત્ર એમને અડયું જ પડેલું. ગાંધીજી પણ રાજકારણમાં પડ્યા ત્યારે ઘણાને લાગ્યું કે તેઓ ગંદકીમાં ઉતરી રહ્યા છે. ગાંધીજીને ઘણાએ એ અંગે પ્રશ્ન કરેલો અને ગાંધીજીએ તેમને જણાવેલું કે :—" અધર્મનો વધારેમાં વધારે અડ્ડો જામ્યો હોય તો તે રાજકારણમાં છે. દુનિયાનું અસરકારક બળ રાજકારણ છે, એટલે તમે એને પલટો નહીં ત્યાંસુધી કોઇ પણ કામ કરશો તો ઉપરથી આડું આવીને ઊભું રહેશે."

જૈન સાધુઓની વાત લઈએ. તેઓ એમ જ કહેશે કે આપણે રાજકારણ સાથે શું ? એને છોડો ! પણ હમણા ચેરીટી ટ્રસ્ટનો કાયદો આવ્યો. તે બધાને લાગુ પડ્યો એટલે બીજા બધા તો ઠીક પણ જૈન સાધુઓ વિરોધ કરવા લાગ્યા. એમ કહો કે એમાં સાધુઓને શું ? તો જવાબ મળ્યો કે " રાજ્ય બધામાં ડખલ કરે છે. મંદિરના પૈસા સાર્વજનિક કાર્યમાં ખર્ચો–આમ કરો તેમ કરો એવું કહે છે " પણ કોઇનું કંઇ ચાલ્યું નહીં. જોવા જોઇએ તો સાધુઓનો અવાજ બુલંદ હોવો જોઇએ પણ રાજ્યને ખોટું મહત્વ અપાઇ જતાં તેના પ્રભાવમાં સાધુઓનો અવાજ દબાઇ જાય છે.

બીજી એક વાત લઈએ મત્સ્ય ( માછલાં ) ઉદ્યોગની. આ ભારત-ભૂમિમાં બુદ્ધ અને મહાવીર જેવાઓએ અહિંસાનું ખેડાણ કર્યું છે. હેમચંદ્રાચાર્ય જેવાઓએ પણ અહિંસાનું ખેડાણ કરાવ્યું છે ત્યાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માંસાહારનો પ્રચાર થાય અને તે સરકાર દાખલ કરે ત્યારે તો જરૂર ઊભી થાય છે રાજકારણના આ પ્રભાવને ઘટાડવાની અને તે માટે રાજકારણમાં પ્રવેશ કરવાની. કસ્તુરભાઇ જેવાને કહ્યું કે તમારો વિરોધ નહીં ચાલે. પણ આવા રાજકારણને તે ગંદુ છે કે રોજ બ રોજની ડખલના કારણે કોઇને તેમાં રસ લેવાની ઇચ્છા ન થાય અને પડતું મૂકાય તો આ દેશની અહિંસા પ્રધાન ખેડાયેલી સંસ્કૃતિ ભૂંસાઇ જશે. જોડા પહેરીએ તો ડંખ કેવો છે તેની ખબર પડે તેવું આ રાજકારણનું છે. હા, સાધુઓ રાજકારણમાં પડીને કોઇ હોદ્દો કે પદ, પ્રતિષ્ઠા નહિ લે, સંસદ સભ્ય નહિ બને, પણ રાજકારણની શુદ્ધિ અને પુષ્ટિ તો તેમણે કરવી જ પડશે, નહિતર રાજ્ય ધર્મ ઉપર ચઢી વાગશે.

આજે યોગાનુયોગે ૧૫ મી ઑગસ્ટ છે. રાજકારણ અંગે જેટલો ઊંડો વિચાર કરશું તેટલું સ્પષ્ટ સમજાશે કે તેની ખામીઓ દૂર કર્યા સિવાય વિશ્વ શાંતિ આણવી કઠણ થઇ પડશે. ૧૪ વર્ષ ઉપર જે આનંદનું મોજું હતું તે આજે ઓસરી ગયું લાગે છે તેના ઘણા કારણોમાં વિશ્વનું રાજકારણ પણ એક છે. આજે જગતના પ્રશ્નો વિમાનોની ગતિએ ટુંકાવી નાખેલ જગતની લંબાઈઓની દૃષ્ટિએ વિચારવા પડશે. અમને શું છે? એમ કહી સાધુઓ તેનાથી અલગ ન રહી શકે.

મારૂં તો એમ ચોક્કસ માનવું છે કે વિદેશમાં આજે ભારતીય જીવન અને સંસ્કૃતિ માટે વ્યાપક ભૂમિકા તૈયાર છે. ગઈકાલે રંગૂનવાળા ભાઈઓ આવ્યા હતા. મને કહે : "આપ રંગૂન પધારો ! પગ રસ્તો છે. લોકો ઇચ્છી રહ્યા છે..."

સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદ પરદેશ ગયા. ત્યાંની પ્રજા મુગ્ધ બની ગઈ. ત્યાંની પ્રજા તો Ladies & Gentlemen સન્નારીઓ અને સજ્જનો વાપરે! વિવેકાનંદ તો બોલ્યા "બહેનો અને ભાઈઓ..." Sisters and Brothers of America! બધાયે તાળીઓનો ગડગડાટ કર્યો. ત્યાંની પ્રજામાં આવું વિશ્વબંધુત્વ કયાં જોવા મળે? એટલે ત્યાં કંઈક અધ્યાત્મ જોવા માટે લોકો તરસે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રશિયાએ જે વાત પકડી તેમાં ફ્રીડમ ફેમિલી ફુડ અને ફ્રેન્ડશીપ હોવાં જોઈએ તે વાત આવી પણ ધર્મભાવના જે હોવી જોઈએ તે ત્યાં નથી. ભારતના જેવી કોઈ કુટુંબ સંસ્થા ત્યાં નથી. કુટુંબો છે તો સંયુક્ત ભાવનાશાળી કુટુંબો નથી. ભોગપ્રધાન કુટુંબો છે. બાળક મોટો થાય એટલે જુદો થઈ જાય. તે ઘર માંડે. પણ કુટુંબ ન હોય. કુટુંબ હોય તો ત્યાં નગર વ્યવસ્થા ન મળે અને કુટુંબવાત્સલ્ય કે નગર વાત્સલ્ય અગર તો વિશ્વવાત્સલ્ય તો ઓછું જ જોવા મળે.

જિસસ ક્રાઈસ્ટને એ લોકો ખીલા ભોંકે છે અને જિસસ તેમના માટે પ્રાર્થના કરે છે કે "હે પ્રભુ! તું એમને માફ કરજે!" એવા ધર્મવાળા દેશના લોકોએ હીરોશીમા અને નાગાસાકી જેવાં શહેરોનો બોંબ વર્ષાદ્વાર નાશ કર્યો પણ ધર્મનું નૈતિક દબાણ ત્યાંયે આવ્યું અને આજે જગતના પ્રશ્નો ઉકેલવા માટે શાંતિમય વાટાઘાટો કરવા દબાણ આવ્યું છે.

ધર્મ-સંસ્થા તરીકે સાધુ સાધ્વીઓ કે ગમે તેવા સેવકો રાજકારણથી અલગ ન રહી શકે. તેમણે એની સાથે અનુબંધ જોડવો જ પડે. જે લોકોને ધર્મ પમાડવો છે—સુધારવો છે તેમના શાસન અંગે એટલે કે રાજ્ય અંગે ઉદાસ ન રહી શકાય.

ભારતમાં બ્રિટીશરો આવ્યા અને ગયા એમાં આપણે શું? એમ કહીને બેસવું એ ઉપયુક્ત નથી. બ્રિટીશરો આવ્યા તેમાં આપણા માટે સારી વાત એ કે પરદેશો સાથે સંબંધો વધ્યા. આપણે આઝાદ થયા. આપણો ઇતિહાસ-સંસ્કૃતિ બહાર વખણાવા લાગ્યા અને આપણી અહિંસક નીતિએ જગતને યુદ્ધ વગર શાંતિએ વાતો કરતાં શીખવી દીધુ છે. રંગભેદની જબ્બર નીતિ હોવા છતાં ભારત રાષ્ટ્રસમૂહના સભ્ય તરીકે પોતે અને બીજા રંગીન દેશોને રાખી શકયું અને દક્ષિણ આફ્રિકાને ખસી જવું પડ્યું. એનું કારણ એક તો આ દેશમાં અહિંસાનું જે ખેડાણ થયું છે તે છે, અને બીજું કારણ ગાંધીજી અને ગાંધીજી પછી જવાહરલાલજીની વિશ્વના રાજકારણને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપેલી દોરવણી છે. જૈનોનો 'અહિંસા' શબ્દ ઘણો સારો પણ રાજકારણમાં ગાંધીજીએ ઊતરીને એને વ્યાપક ન કર્યો હોત તો તેની મહત્તા કોણ સ્વીકારત?

જૈન ગૃહસ્થ માટેનાં વ્રતોમાં છઠ્ઠું અને દશમું વ્રત દિશાવ્રત અને દેશાવકાસિક વ્રત છે. તેનો અર્થ એ છે કે તું જ્યાં જન્મ્યો હોય ત્યાંથી પેટ (રોટલો) પહેરણ અને પથારી મેળવજે પણ સંસ્કૃતિ માટે બીજે જજે! પણ આપણા કમનશીબે આપણે બહાર ગયા ધન કમાવવા અને બ્રિટીશરો અહીં આવ્યા તે પણ ધન કમાવવા માટે. તેમણે પોતાની સાથે શિક્ષણ ક્ષેત્રમાં વિલાસિતા આણી. મોટા શહેરોમાં ટાપટીપ અને સૌંદર્યના પ્રસાધનો લાવ્યાં. પરિણામે શિક્ષણ જીવન કેળવવાનું સાધન બનવાને બદલે વિલાસનું સાધન બનવા લાગ્યું.

જે દેશમાં બ્રહ્મચર્યનાં ગુણો ગવાયાં છે; જ્યાં પચ્ચીશ વર્ષ પહેલાં ફ્રાંસથી એક બાઈ (મિસ માર્ગેરિટ) સંતતિ નિયમનનો પ્રચાર કરવા આવી અને ગાંધીજી જેવાએ વિરોધ કર્યો કે બાઈ તું ચાલી જા. તે દેશમાં આજે સરકાર એ કામ કરવા માટે કરોડો રૂપિયા ખર્ચે છે. હવે ધર્મના નામે બ્રહ્મચર્ય ઉપર જોર આવવું જરૂરી છે ત્યારે શું રાજકારણના નામે એને પડતો મૂકી શકાશે? એના ઉપેક્ષા સેવવાથી શું પરિણામ આવે છે તેનો એક દાખલો જોઈએ.

એક કોલેજ કન્યા બહેનપણીને ત્યાં ગયેલી પણ પાકીટ ભૂલી ગઈ. એટલે એ લોકો પાકીટ ઘેર આપી ગયા. પિતાએ સહજભાવે પાકીટ ખોલ્યું, તો પુસ્તકોના બદલે સંતતિ નિયમનનાં સાધનો જોયાં. ખાનદાન કુટુંબ, કુમારી કન્યા અને આ સાધન! એટલે પિતાને ખૂબ લાગી આવ્યું. દીકરી આવી એટલે તેમણે પૂછ્યું: "બેટા! આ શું છે? તો કહે બાપા, આપ ન સમજો! એ તો જીવનની જરૂરિયાત છે."

હવે જો આવી રીતે સમગ્ર રાજ્યનું–વિશ્વનું નૈતિક ધોરણ ઉતરતું જતું હોય તો તે ન સુધરે તો સાધુઓ કે લોકસેવકો માટે સાધના અઘરી થઈ પડે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ચારેય અંગોનો અનુબંધ :**

આ બધું કહેવાનો અર્થ એટલો જ છે કે આજે જગતના પ્રશ્નો કે દેશના પ્રશ્નો પ્રતિ ઉપેક્ષા રાખી શકાતી નથી. એટલે અનુબંધ વિચારધારાનાં રાજકીય અંગો તરીકે દેશમાં 'કોંગ્રેસ' અને વિશ્વમાં 'યૂનો' ને મહત્વ આપીને તેમનું અનુસંધાન લોકો સાથે કરવું રહ્યું.

રાજકારણની વાત ચાલે છે એટલે એક વાત કહી દઉં કે ઘણા લોકો કહે છે કે "તમે રાજકારણને શું સમજો?" ખરેખર રાજકારણ વાંચીને તેના વિદ્યાર્થી અમે થયા નથી પણ અમારૂં રાજકારણ લોકસંપર્કમાંથી આવ્યું છે.

રાજકારણની શુદ્ધિ માટે સર્વ પ્રથમ પ્રજાનાં નાના નાના ધંધાદારી નૈતિક પાયા ઉપર સંગઠનો રચીને તેનો રાજકીય ક્ષેત્રે અનુબંધ કોંગ્રેસ સાથે જોડવો પડશે અને રાજકીય સંસ્થાઓ કેવળ રાજકીય પ્રશ્નો ઉકેલે એ રીતે તેની પાસેથી ક્ષેત્રો ઓછા કરાવવાનું કાર્ય કરવું પડશે.

અનુબંધ વિચારધારાનાં આ ચાર અંગોની રચના વ્યકિત, સમાજ, સંસ્થા અને સમષ્ટિને પ્રતિનિધિત્વ આપવા માટે થયેલ છે. વ્યકિત એટલે પરાકાષ્ટાવાળી વિભૂતિ. સમાજ એટલે વ્યવસ્થિત વિચારથી બનેલી જુદી જુદી સંસ્થાઓનો સમૂહ, સંસ્થા એટલે સમાજનાં ઘડતર માટે વ્યવસ્થિત મંડળ. ઘડતર પામતું પામતું માનવબળ આગળ જાય તે મંડળ. અને સમષ્ટિ એટલે સમગ્ર વિશ્વની જીવસૃષ્ટિ આ બધાંને ટકવાના સ્થાનો. એટલે, રાજ્યસંસ્થા લોકસંસ્થા, લોકસેવક સંસ્થા અને ક્રાંતિપ્રિય સાધુ સંસ્થા છે. એ જ રીતે એમનો પરસ્પરનો વહેવાર ગોઠવવા માટે ચાર અંગો લેવામાં આવ્યાં છે તે લોકોની સંસ્થા (ગામડા, નગરના), રચનાત્મક કાર્યકરોની સંસ્થા રાજકિય સંસ્થા અને ક્રાંતિપ્રિય સાધુ સંતો.

આ અલગ અલગ અંગો, અને તેમનો અનુબંધ કેવા પ્રકારનો હોવો જોઈએ તે અંગે હવે પછી વિચાર કરશું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચર્ચા-વિચારણા

## અનુબંધ એ સ્વાભાવિક છે

**શ્રી માટલિયાએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : " આજે સવારના મુનિશ્રી સંતબાલજીએ રાજકીય સંસ્થા તથા અનુબંધ વિચારધારાનાં ચાર અંગો ઉપર ઠીક ઠીક કહ્યું છે. હું એની તાત્ત્વિક બાજુ રજૂ કરું છું.

અનુબંધની વાત સ્વાભાવિક નથી એમ કોઈ માનતું હોય તો મારો એ આગ્રહ છે કે આમ માનનારે સૌથી પહેલાં પોતાના શરીરનો જ વિચાર કરવો જોઈએ. ગર્ભાધાનને પહેલે જ દિવસથી આંખ, લીવર, હાડકાં રચાય છે. ચામડી, વાળ વગેરે બધું એક જીવ છતાં સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈએ તો હજારો જંતુઓ એ કામમાં લાગે છે. અનુબંધપૂર્વક, તાલબદ્ધ થઈ આ બધા ય જંતુઓ કામ કરે છે. જૈન પરિભાષા પ્રમાણે તો મનુષ્યના એક દેહમાં ખુદ સમૂર્છિમ મનુષ્યો કેટલા બધા હોય છે ? લાળ, લીંટ, મળ, મૂત્ર વગેરેમાં કરોડો જીવો છે. મકાનની ઈંટો મંડાઈને મકાન બનાવાય તેમ આ બધું રચાય છે. શકિતની દૃષ્ટિએ જોઈએ તો તમામ પ્રકારની શકિતઓ છે. આમ બધાં તત્ત્વો એક સાથે એક મનુષ્ય-દેહમાં વ્યવસ્થિત કામ કરે છે. વિશ્વરચનામાં મનુષ્ય એક નાના કોષ જેવો છે. જીવસૃષ્ટિનું કામ વ્યવસ્થિત થાય છે. સૂર્ય મંડળ અને તારા મંડળ, ગ્રહો અને નક્ષત્રો પણ ક્રમબદ્ધ ચાલે છે. આ તાલબદ્ધતામાં જરાક ફરક પડ્યો તો ભયંકર ઉલ્કાપાત અને પ્રલય થઈ જાય. જળ હોય ત્યાં સ્થળ અને સ્થળ હોય ત્યાં જળ થઈ જાય. એવી જ રીતે ફેફસાં, કીડની, અને ચામડી જરાક કામ છોડી દે ત્યાં લકવા વગેરે રોગોથી શરીર ઘેરાઈ જાય છે. ત્યારે કુશળ વૈદ્ય ઉપચારથી ઠીક કરીને તેને સરખું કરી દે છે તેમાં જો અનુબંધ સ્વાભાવિક છે, તો કાચા માલનું ઉત્પાદન, આખો ગ્રામસમાજ કરે, હૃદયની જેમ શહેરો માલનો વિનિમય કરે અને રાજ્ય મગજની માફક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમૂક વસ્તુનું નિયમનં કરે તો એ રાજ્ય તથા આ બધા સમાજને શુદ્ધ રાખવા વૈજ્ઞાનિક ઢબની નૈતિક સંગઠનોની વાત અસ્વાભાવિક કેમ લાગવી જોઈ એ?

મારા વિનમ્ર મત પ્રમાણે અનુબંધ વિચારધારાની વાત ભારતની ધરતી સાથે વધુંમાં વધુ સુસંગત જ છે.

## દેશ અને જગતની રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસ

**દેવજીભાઈ**એ કહ્યું : "દેશ અને દુનિયામાં રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસ જ એકમાત્ર આશા છે, તો એની શુદ્ધિ અને પુષ્ટિ માટે પ્રયત્નો કરવા જ રહ્યા. કારણ કે વિશ્વની દૃષ્ટિએ જોતાં રાજ્યક્ષેત્રે સત્ય અને અહિંસાના માર્ગે એ જ બળ નજીકનું બને છે. તે જ વિશ્વની (રાજકીય ક્ષેત્રે) પ્રતિનિધિ સંસ્થા છે, અહિંસક મધ્યસ્થબળ તરીકે આંતરાષ્ટ્રિય ક્ષેત્રે અહિંસક પ્રેરણા આપી શકે છે.

હમણાં સ્વતંત્ર પક્ષના એક આગેવાન સાથે મારે ચર્ચા થઈ હતી. એક ભાઈએ તેમને મારો પરિચય આપતાં કહ્યું : "આ ભાઈ, કચ્છના એક તાલુકામાં સંતબાલજીની અનુબંધ વિચારધારા પ્રમાણે એક ખેડૂત-મંડળ ચલાવે છે. તે મુજબ તેઓ કોંગ્રેસને સદ્ધર ટેકો આપે છે. કોંગ્રેસ ગમે તેવા દાંડ કે મૂડીવાદી ઉમેદવારને ઊભો કરશે તો યે તેને મત અપાવશે. મહાન કોંગ્રેસી કરતાં પણ કેડ બાંધીને વધુ દઢતાથી કોંગ્રેસને જિતાડશે."

આવી ઓળખાણ પછી એ આગેવાને મને પૂછયું : "કેમ, આ ભાઈ કહે છે તે સાચું છે?"

મેં એમને પૂછયું : "જો દેશ અને દુનિયામાં આજ બળ રાજ્યક્ષેત્રે અનુકૂળ હોય તો આખા દેશે એને બચાવવું ન જોઈએ? તમો પણ એમાં હતાજ ને? આજે તેમાં જે સડો છે તેને આપણે કાઢવો હોય તો તેના દોષોને આપણા ગણીને સુધારવા જોઈએ ન કે જુદા વાડા કરીને બેસી જવું જોઈએ. સાથે રહીને જ આપણે તેને સુધારી શકશું એમ તમને નથી લાગતું!"

તેમણે એ સ્વીકાર્યું કે "અમે બધા દંભી છીએ. ખુરશી માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રયાસ કરીએ છીએ. કોંગ્રેસને પાછી પાડવામાં મજા નથી. તેને સુધારવામાં મજા છે. રાજ્ય કરતાં પ્રજા મોટી અને પ્રજા કરતાં સત્ય મોટું એ તમારી વાત યથાર્થ છે. પ્રજાસેવકોનાં સંગઠનોએ અહિંસા–સત્ય નીતિનાં પ્રજાઘડતરનાં કામમાં લાગી જવું જોઈએ."

આમ હું તો સહુ મળે છે ત્યારે એમને કહું છું; સ્પષ્ટ કરૂં છું: "અહીં વર્ણવ્યવસ્થાની ધરતી હોઈને અનુબંધ વિચારધારા દ્વારા, સર્વાંગી ક્રાંતિ માટેનાં બી ભારતમાં જ છે. જેમ ઘાસનાં બી હોય જ્યારે વૃષ્ટિ પડે ત્યારે તે પાંગરે, તેમ રામયુગથી આ બી ફેલાતાં ગયાં છે અને ગાંધીયુગમાં તો વધુ અવસરો ઊભાં થયાં છે. આ અંગેનું સંકલન કરી અનુબંધકાર તરીકે નિસ્પૃહી સંતો જગતને ભારત દ્વારા આનંદમય બનાવી શકે તેમ છે. આમ મારી માન્યતા દિને દિને દૃઢ થતી જાય છે."

## સ્વાર્થ વિહીન સંગઠનો, યોગ્ય સ્થાને :

**પૂંજાભાઈ**એ કહ્યું: "ઘરમાં પતિ બહારનું કામ કરે છે અને પત્ની વિશેષ રૂપે અંદરનું કામ કરે છે. તેજ રીતે ગામ, નગર એમ દરેક ઠેકાણે કામ ચાલે જ છે પણ એ બધાં સંગઠનો સ્વાર્થના પાયા ઉપર છે. એટલે એ બધાં નિસ્વાર્થતાના પાયા ઉપર અને પોતપોતાના યોગ્ય સ્થળે ગોઠવાવાં જોઈએ.

લુહારની કોઢમાં અંકોડા (લોઢાના) પડ્યા હોય પણ સાથે ન જોડાય ત્યાં લગી સાંકળ ન બની શકે. તેવી જ રીતે જુદી જુદી સંસ્થાઓનો અનુબંધ ન બંધાય ત્યાં સુધી વિશ્વશાંતિ કે સમતુલા ન આવી શકે.

ધર્મનેતાઓની વિચિત્ર દશા છે. એક અભણ બ્રાહ્મણને ટીપણું જોતાં ન આવડ્યું. તેથી તેણે પોતાના સ્વાર્થ માટે 'ગબલા – ચોથ" કરાવી હતી. તેવી જ રીતે ધર્મનું હાર્દ ન સમજી, ધર્મગુરુઓ આજે પોતપોતાના વાડામાં રહી, ભેદભાવની–સ્વાર્થની "ગબલા–ચોથ" કરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકોને ખોટે માર્ગે દોરવામાં લલચાઈ જાય છે. આથી જે વસ્તુ જ્યાં જ્યાં શોભે ત્યાં જ તે મૂકવાનું કામ અનુબંધકાર અને તેના સાથીઓએ વ્યવસ્થિત સંગઠનો દ્વારા કરવું પડશે.

## અલગતા મૂકવી રહી :

**બળવંતભાઈએ** કહ્યું : "વડીલો, દાંડરનો, સ્થાપિત હિતો તથા રાજકીય પક્ષોનાં તડાં ભાઈભાઈથી માંડીને સર્વ અલગતા જ ઊભી કરે છે. મેં ખોખરા મહેમદાવાદમાં જોયું કે મજૂર મહાજનના કાર્યકરોએ 'મજૂર-દિન' ઉજવ્યો તો ત્યાં ખુદ કોંગ્રેસીઓ જ ગયા ન હતા. એક ભાઈની પત્ની મજૂર મહાજનમાં હોઈ, તેનો કાર્યક્રમ હતો, છતાં બીજો કાર્યક્રમ કોંગ્રેસે રાખ્યો હતો. એટલે અંદરના વેર-ઝેરના કારણે કેટલાક કોંગ્રેસીઓ જ કોંગ્રેસ સંસ્થાને નુકશાન પહોંચાડે છે.

ભાલનળકાંઠાની સંસ્થાઓ દરેક રીતે કોંગ્રેસને ટેકો આપે છે; તેને શુદ્ધ અને મજબૂત બનાવે છે; છતાં જે કોંગ્રેસીઓ એના ઉપર ધૂળ ઉરાડે છે તેને કોંગ્રેસ મોવડીઓ પણ રોકી શકતા નથી. આમ કોંગ્રેસ મધ્યમ વર્ગ અને ગામડાંથી અલગ થતી જાય છે બીજી બાજુ, જ્ઞાતિવાદ, સામ્યવાદ અને કોમવાદ એને તોડે છે.

ધર્મસંસ્થા તરફ જોઈએ તો સાધુઓ પોતાના અભિમાનના કારણે કાં તો પરસ્પર મળતા નથી, કાં તો મૂડીવાદીઓ અને રૂઢિચૂસ્તોની પકડને લઈને આગળ આવી શકતા નથી. તેઓ ક્રિયાકાંડોના તત્ત્વોને મૂકી તેનાં ખોખાંને વળગી રહે છે. રાજ્ય અને પ્રજા વચ્ચેનો અનુબંધ રાજકીય પક્ષો તોડતા રહે છે."

## સર્વાંગી ક્રાંતિનો માર્ગ કઠણ :

**દેવજીભાઈ** : "એતો પ્રત્યક્ષ છે જ. એટલે જ તો કહેવાયું છે કે સર્વાંગી ક્રાંતિનો માર્ગ કઠણ છે. ભાલનળ કાંઠા પ્રયોગની ચોમેરથી કસોટી થાય છે. જેટલી જે કિંમતી ચીજ, તેની કસોટી તેટલી જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વધુ થાય. સર્વાંગી ક્રાંતિના આવા કાર્યોમાં કાર્ય કરવાનો જ આનંદ માણવો જોઈએ, ફળની આશાથી નહીં. કોંગ્રેસ પણ ધીમે ધીમે ભાલ નળકાંઠા પ્રયોગની નજીક આવી રહી છે. સંભવ છે કે વહેલે મોડે સત્ય સમજાયા વગર નહીં જ રહે. સત્ય આપમેળે પ્રકાશે છે. સત્યને વશ સૌને થવું પડે છે.

**ચારેય અંગનો અનુબંધ :**

**પૂ. નેમિમુનિએ** કહ્યું : "આપણે માનીએ છીએ કે ભારતમાં સર્વાંગી ક્રાંતિનો બધો મસાલો પડયો છે. પણ જ્યારે રાજ્ય સંસ્થા ડખલ કરવા માંડે ત્યારે જ ધર્મસંસ્થાઓ સળવળે છે. રાજ્યસંસ્થા ઉપર લોકો અને લોકસેવકોની પકડ જામવી જોઈએ અને લોકો અને લોકસેવકો સાથે ધર્મગુરુઓનો પ્રેરણા સબંધ બંધાવો જોઈએ. આમ ન થાય ત્યાં સુધી રાજ્ય ઉપર સાચા ધર્મગુરુઓની પણ અસર શી રીતે પડે ?

આંધળા અને પાંગળા બન્નેમાં શક્તિ હતી. પણ નોખાનોખા હતા ત્યાં લગી બન્ને હેરાન થઈ ગયા. ભેગા થયા અને સહુએ પોતપોતાનું કામ સંભાળ્યું કે કામ પતી ગયું. આપણે પણ છેલ્લાં બસો વર્ષોની ગુલામીથી ટેવાયેલા છીએ એટલે વાર તો લાગશે પણ હવે સમય પાકયો છે. સાધુસંસ્થાએ એકાંત સાધનાના નામે જનસંપર્ક અને જનજાગૃતિ બન્ને ભૂલાવ્યાં છે. તે માટે સર્વ પ્રથમ સામાન્ય છતાં સમજુ અને ચારિત્ર્યવાન સાધુઓ અનુબંધ વિચારધારાના પથે આગળ વધતા થશે એટલે તેમના તેમ જ સમાજના દબાણને લઈને ધર્માચાર્યો મોડે પણ જરૂર જાગશે.

**બલવંતભાઈ:** "પણ સડો ચોમેર ખૂબ છે."

**બ્રહ્મચારીજી :** "આપણા શિબિર સભ્યો ઉપર ઘણી મોટી જવાબદારી છે. જનતા અને જનસેવકોના પીઠબળથી રાજ્ય પર તરત દબાણ લાવી એનું સ્થાન એને નકકી કરી આપવું જોઈએ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**દેવજીભાઈ**: "એ મુસ્લિમથી નહીં, પણ કર્તવ્યથી થશે."

**માટલિયા**: "આજના પક્ષોમાં જો લોકશાહી, સમાજવાદનો પાયો લઈ રચનાત્મક કાર્યકરો આટલું કરે તો ઘણું થાય:- (૧) પોતે સંગઠિત થઈ જાય. (૨) જનતાને જગાડે અને સંગઠિત કરે. (૩) ખાનગી માલિકી અંતરાયરૂપ છે તે સમજે અને હિંદુવાદ કે મુસ્લિમવાદ જોખમી છે તેમ માને (૪) રાજ્યસત્તા પ્રજામાં વિલીન થાય તેમ માને. (૫) અને આ બધું માનવા છતાં, સ્વતંત્ર પક્ષોને ટેકો ન આપવો, પાકિસ્તાન પ્રત્યે આંખમીંચામણા કરતાં સામ્યવાદી અને કોમવાદી બળોને સીધી કે આડકતરી રીતે સમર્થન ન મળે તેની હરહંમેશ તકેદારી રાખે!"

એથી તેઓ આચાર, વિચાર અને સિદ્ધાંતમાં સ્પષ્ટ થઈ લોકશાહી સમાજવાદી બળોને તટસ્થ ભાવે એક કરી શકશે એટલું જ નહીં કોંગ્રેસમાં ઘૂસેલાં કે ઘૂસવા માંગતા અનિચ્છનીય તત્ત્વોને રોકી શકશે. અને કોઈ પક્ષ અશુદ્ધ સાધન ન વાપરે તેવું વાતાવરણ પેદા કરી શકશે.

સમય પૂરો થતાં સભ્યોના મત અંગે વાત પડતી મૂકાઈ હતી.

卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારામાં રાજકીય સંસ્થાઓનું સ્થાન [૬]

મુનિશ્રી સંતબાલજી ] [ ૨૨-૮-૬૧

અનુબંધ વિચારધારા માટે વિશ્વ-સમાજના ચાર અંગો લેવામાં આવ્યા છે કે તેમનો પરસ્પરનો અનુબંધ (વાત્સલ્ય સંબંધ) હોવો જોઈએ. એ છે (૧) લોકો એટલે કે ગામડાં અને નગરના લોકો અને તેમના સંગઠનો-અર્થાત જનસંગઠન કે લોકસંગઠન, (૨) વિશ્વના રાજકીયક્ષેત્રનો અનુબંધ અહિંસા અને સત્યના ઘડતર સાથે સાંધી શકે એવી ઘડતર પામેલી રાજ્યસંસ્થા-તેના પ્રતિનિધિ રૂપે આ દેશમાં એવી સંસ્થા રૂપે કોંગ્રેસ, (૩) જગતના શોષિત, પીડિત અને ત્રસ્ત લોકોની સેવા કરનારા પ્રજાનાં સંગઠનો અને રાજ્યસંગઠન (કોંગ્રેસ)ને નૈતિક પ્રેરણા આપનારા પ્રજાસંગઠનોનું સંચાલન કરનારા લોકસેવકોનું જે સંગઠન તે લોકસેવક સંગઠન, અને (૪) અનુબંધ વિચારધારાને લઈને ઉપલા ત્રણેય અંગોને સાંધવા મથનારા વિશ્વવાત્સલ્ય પ્રગટાવવા માટે આગળ નીકળી પડેલા ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ અને ભવિષ્યમાં તેમનો રચાતો સંઘ.

આમાં સર્વ પ્રથમ લોકોને લીધા છે પણ વિશ્વના સંપર્કમાં ઊંડા ઊતરવા માટે જે સંસ્થાની જરૂર છે તે રાજ્યસંસ્થા છે. એટલે અહીં



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનુબંધ વિચારધારામાં રાજકીય સંસ્થાઓનું સ્થાન શું છે? તે અંગે વિચારણા કરવાની છે.

આ રાજકીય સંસ્થાઓમાં અનુબંધ વિચારધારા પ્રમાણે એવી જ રાજકીય સંસ્થાઓ માન્ય રહી શકે જેનું લક્ષ પ્રજાનું ધર્મલક્ષી ઘડતર હોય. આ લક્ષને રાખીને જે સંસ્થા કામ કરતી હોય તેવી દરેક રાજ્ય-સંસ્થા સાથે અનુબંધ બાંધવો જ રહ્યો. એ અંગે એટલું પણ ચોખવટ કરી લઈએ કે કદાચ તદ્દન કોઈ શુદ્ધ અને સંગીન સંસ્થા ન મળે, તો તેની શુદ્ધિ અને પુષ્ટિ કરવા માટે તેનો અનુબંધ કરવો પડશે.

## રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસને સ્થાન શા માટે?

આજે અહિંસા અને સત્યના પ્રયોગોએ ઘડાયેલી આ દેશમાં કોઈ રાજકીય સંસ્થા હોય તો તે કોંગ્રેસ છે. જો કે 'અહિંસા–સત્ય' શબ્દો તેના બંધારણમાં નથી છતાં પણ ગાંધીજી જેવા યુગપુરૂષે તેનું ઘડતર અહિંસક રીતે થવા દીધું છે. તેના વડે ગાંધીજીએ જગત સમક્ષ અહિંસક ક્રાંતિનો પ્રયોગ કરીને દેખાડ્યો છે. એણે દેશને સ્વતંત્રતા વગર લોહી રેડે કે શસ્ત્રો પકડ્યા વગર, કેવળ માનવ મનોબળની ભવ્યસિદ્ધ રૂપે અહિંસક સત્યાગ્રહોથી અપાવી છે. સાથે જ સર્વ માનવ સમાન થાય તે માટે ઉંચનીચના ભેદો હટાવ્યા છે; કોમવાદને ઉખેડ્યો છે અને માનવ-તાની પ્રતિષ્ઠા કરી છે. નારી જાગૃતિ અને પછાત વર્ગની ઉન્નતિ તેણે કરાવી છે. તેણે તપ–ત્યાગ વડે લોકોનુ ધોરણ ઉંચુ આણ્યું છે અને રચનાત્મક કાર્યકરોની હારમાળા ઊભી કરી છે.

ગાંધીજી પછી તેમના અધ્યાત્મ વારસ તરીકે સંત વિનોબાજીએ પણ 'ભૂદાન' પ્રયોગ વડે અહીંની અહિંસક શકિતને પ્રગટાવી છે. ત્યારે કોંગ્રેસના મોવડી તરીકે અને રાજકીય વારસ તરીકે પંડિત જવાહરલાલ નેહરૂએ અણુશસ્ત્રોના નિર્માણના કાળની વચ્ચે પણ ભારતની નૈતિક શકિત અને મધ્યસ્થતાનું માન ઊંચુ કરાવ્યું છે અને બધાં રાષ્ટ્રોને શાંતિમય વાટાઘાટો કરવા માટે પ્રેરણા આપી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમની એ પ્રેરણાનું ક્ષેત્ર 'યૂનો' બન્યું છે. એટલે રાજકીય સંસ્થાઓમાં વિશ્વની પ્રતિનિધિ સંસ્થા તરીકે અનુબંધમાં તેને સ્થાન અપાયું છે. કારણ કે 'યૂનો'ની સ્થાપનાના છેલ્લાં પંદર વર્ષના ઇતિહાસમાં પછાત દેશોની ઉન્નતિ; ગૃહયુદ્ધોમાં શાંતિ માટે મધ્યસ્થી તેમ જ સંસ્થાનવાદની નાબુદી જેવા માનવજાતિના ગૌરવ સમી ઘણી સક્રિય વિચારણા થઈ છે. રશિયા અને અમેરિકા જેવી બે સશસ્ત્ર, અણુબોંબથી સુસજ્જ છાવણીઓ વચ્ચે ભારતની લોકશાહી ટકી છે તેનું કારણ કોંગ્રેસ, તેનુ ઘડતર અને તેને મળેલી ભવ્ય નેતાગીરી છે.

## પંડિત નેહરૂની નેતાગીરી :

આજે પંડિત નેહરૂ કેવળ એકલા ભારતના નેતા નથી, પણ તેઓ વિશ્વશાંતિની નીતિના પ્રખર પ્રેરક અને પરોક્ષ ઘડવૈયા મનાય છે. આંતરરાષ્ટ્રિય રાજકારણમાં વિશ્વશાંતિ આણવા માટે તેમણે—પંડિતજીએ—પંચશીલ એટલે કે પાંચ સિદ્ધાંતો મૂકયાં છે. આ પાંચ સિદ્ધાંતો પાછળ સ્પષ્ટપણે અહિંસા અને સત્યની છાપ જોવાશે.

**પંચશીલ** : પ્રારંભમાં પંચશીલને લોકો પાંચ શીલાઓ સમજવા લાગ્યા. શીલ એટલે આચાર જૈનો આ શબ્દને સારી રીતે જાણે છે. જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં તેનો ઠેર ઠેર ઉલ્લેખ મળે છે. પંચશીલ એટલે વિશ્વના દેશોના પરસ્પરના આચારના પાંચ સિદ્ધાંતો.

**(૧) સાર્વભૌમત્વ :** આમાં પહેલું છે સાર્વભૌમત્વ. આ સાર્વભૌમત્વ એટલે દરેક રાજ્ય લોકશાહી પ્રજાશાસનનું પોતાનું સર્વસ્વ તેના ઉપર તે નાનું રાજ્ય છે કરીને કોઈનું દબાણ નહીં. બ્રિટીશરોએ રાજાઓને સાર્વભૌમત્વ આપી તેમને નિરંકુશ બનાવી પ્રજાનું શોષણ કરાવ્યું હતું. આવું સાર્વભૌમત્વ એક વ્યક્તિનું નહીં, પણ પ્રજાકીય રીતે શાસન થતાં રાજ્યનું સાર્વભૌમત્વ એ અહીં સ્વીકારવામાં આવ્યું છે. ભારતના સારા નશીબે સરદાર પટેલની આગેવાની હેઠળ બધાં નાનામોટાં રાજ્યો ભારતમાં ભળી ગયા છે. કેવળ કાશ્મીરનો પ્રશ્ન મુઝવે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. અમેરિકા પાકિસ્તાનને મદદ કરે છે અને તે એની મદદનો ભારત સામે ઉપયોગ કરે છે. એટલે ભારતને તેની સામે મજબૂત બનીને ઊભા રહેવા ખર્ચના અંદાજપત્રનો ત્રીજો ભાગ સંરક્ષણમાં વાપરવો પડે છે. તે એની પતાવટ શાંતિથી કરવા માગે છે આમ બે દેશ વચ્ચેના સાર્વભૌમત્વને સ્વીકારવા વિશ્વસંસ્થાની પણ એટલી જ જરૂર રહે છે.

**(૨) સહઅસ્તિત્વ** : બીજું તત્ત્વ છે સહ–અસ્તિત્વ. સાર્વભૌમત્વ સહઅસ્તિત્વના સિદ્ધાંત વગર ન ટકી શકે. બધાં રાષ્ટ્રો સાથે રહેશે અને તેમને વિશ્વસંસ્થામાં સ્થાન મળવું જોઈએ. આ અંગે ભારતના પ્રયાસો કેટલે હદ સુધી ચાલુ છે તેનો ખ્યાલ ચીનના પ્રશ્ન ઉપરથી આવશે. ચીન જો કે આપણી જ સરહદ પચાવી જવાની ખોટી દાનત રાખે છે તે છતાં તેને પણ વિશ્વસંસ્થામાં સ્થાન મળે તે માટે ભારતના પ્રયાસો સુવિદિત છે.

ભારતે સદ્‌ભાગ્યે કોલંબો પરિષદ યોજી, તેમાં ચાર પાંચ રાષ્ટ્રો ભળ્યા છે. બાડુંગ પરિષદ એ પણ એશિયાઈ રાષ્ટ્રોના સહઅસ્તિત્વની વિચારણાને અમલમાં લાવવા માટે જાણીતી છે.

**(૩) પરસ્પર આર્થિક સહકાર** : બધા રાષ્ટ્રોએ પરસ્પર આર્થિક મદદ કરવી સહકાર કરવો. જેથી વિકસિત અને છતવાળા રાષ્ટ્રો અણુવિકસિત અને અછતવાળાં રાષ્ટ્રોના વિકાસમાં મદદરૂપ થઈ શકે અને જગતની તમામ પ્રજાઓનું આર્થિક ધોરણ ઊંચું આવે.

ભાગ્યયોગે આર્થિક મદદના આ સિદ્ધાંતનું મૂલ્યાંકન અમેરિકા, રશિયા, બ્રિટન, જર્મની, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે શક્તિશાળી અને સમૃદ્ધ દેશોએ આંકયું છે અને અણુવિકસિત દેશોને ઉન્નત કરવામાં આ બધા રાષ્ટ્રો પોતાનો મહત્વનો ફાળો આપી રહ્યા છે. એના કારણે પણ વિશ્વ–વિગ્રહ ઓછો થતો જાય છે.

**(૪) અનાક્રમણ નીતિ** : આર્થિક સહકારની જેમ આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સિદ્ધાંત પણ મહત્વનો છે. આ અનાક્રમણ એટલે પોતાના સાર્વભૌમત્વના ભોગે ચૂપ રહેવું એ નથી. જ્યાં સતત ઉપેક્ષા સાર્વભૌમત્વની થતી હોય અને અંતે પ્રતિષ્ઠાનો સવાલ ઊભો થતો હોય તો ભારતે દીવ–દમણ–ગોવામાં લીધેલાં પગલાં એ વ્યાજબી છે. જો ભારત એ પગલાં તાત્કાલિક ન લેત તો ત્યાં ભારતને કેવળ ધીખતી ધરા જોવા મળત.

પંચશીલની આ અનાક્રમણ નીતિની અસર વિશ્વસંસ્થા ઉપર જબ્બર થઈ છે અને ગૃહયુદ્ધોને બાદ કરતાં પરસ્પર દેશોની લડાઈ ઓછી જોવા મળે છે.

**(૫) આંતરિક ડખલ નહીં :** એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રની આંતરિક બાબતોમાં ડખલ ન કરે એ પાંચમો સિદ્ધાંત છે. ભારત પોતાના એ સિદ્ધાંત ઉપર અડગ છે અને જ્યાં ગૃહ–વિગ્રહમાં એવી વાતો બીજા દેશમાં જુવે છે તેને તટસ્થ રીતે ખુલ્લી પાડે છે. એના કારણે ભારતને ઘણું શોષવું પડે છે. જગતની બે અશક્ત શકિતઓ વચ્ચે તટસ્થ છતાં એણે પોતાનું ગૌરવ ભર્યું સ્થાન જમાવી રાખ્યું છે એજ અહીંની રાજ્યસંસ્થા કોંગ્રેસના માર્ગદર્શનની ભવ્ય સિદ્ધિ છે.

ચીને પંચશીલને માન્ય રાખ્યું અને હવે તે ભારતની સીમાને પચાવી બેસવા પ્રયત્નો કરી રહ્યું છે. ભારતના સામ્યવાદીઓમાં પણ તકવાદીઓ, તોફાનવાદીઓ અને ગૂંડાતત્ત્વો પેસી ગયાં છે. ત્યાં પણ ચીનના પ્રશ્ન અંગે મતભેદ ચાલે છે. પણ દરેક દેશના વાસીઓએ આવા લોકોને ઉત્તેજન આપવું ન જોઈએ.

**જગતને શાંતિ માટે માર્ગદર્શન :**

આવા સુંદર પાંચ સિદ્ધાંતો પંચશીલ રૂપે પંડિતજી જગતને દઈ શક્યા. તેની પાછળ તપ-ત્યાગ વડે ઘડાયેલ તેમનું જીવન છે અને તપ–ત્યાગ વડે ઘડાયેલી સંસ્થા કોંગ્રેસની નેતાગીરી છે. એજ કારણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેઓ બ્રિટીશ રાષ્ટ્ર સમૂહ, યૂનો અને અન્યત્ર ભારતનું નામ ઊંચું કરી શક્યા છે.

આજે ઇતિહાસ ઝપાટાબંધ બદલાઇ રહ્યો છે. જગત એ ઝંખી રહ્યું છે કે માનવના હાથે રચાયેલ શસ્ત્રો વડે માનવ વિનાશ કઈ રીતે અટકે અને તે માટે તેને કોઈ એવી પ્રેરણા કે નેતૃત્વની જરૂર છે જે અહિંસા અને શાંતિ તરફ બધાં રાષ્ટ્રોને વાળી શકે.

સારા નશીબે ભારત એવા રાષ્ટ્ર તરીકે દાવો કરી શકે છે અને તેની પાસે કોંગ્રેસ જેવી એ રીતે ઘડાયેલી રાજ્યસંસ્થા છે. વિશ્વના તમામ લોકો ઉપર ભય ઝઝૂમતો હોય ત્યારે કેવળ આપણા પોતાના જ લોકોનો પોતાના પ્રાંતના અને તેમાં પણ જિલ્લાનો વિચાર ન થઈ શકે. એટલેજ રાજકારણ અને તેનું પ્રતિનિધિત્વ કરતી સુસંસ્થાને અનુબંધમાં સ્થાન આપવામાં આવેલ છે. આ સંસ્થા રૂપે કોંગ્રેસને મહત્વ આપવાનું એટલા માટે જ જરૂરી છે. તેને મળેલી પંડિતજીની નેતાગીરીએ વિશ્વને ઘણી વસ્તુઓ આદર્શ રૂપે ભેટ કરી છે. પંચશીલના પાંચ સિદ્ધાંતો, એશિયા, આફ્રિકાના સંબંધોમાં સુધાર; એશિયા આફ્રિકા અને અમેરિકાના સુધરતા સંબંધો. આ બધી બાબતો મહત્વની ઐતિહાસિક સિદ્ધિઓ છે. એક રીતે કહીએ તો જગતની પ્રજાના સુધરતા સંબંધોના માર્ગદર્શક રૂપે ભારત રહી શક્યું છે તે કોંગ્રેસ અને તેની વિદેશનીતિને આભારી છે.

## બીજી કઈ સંસ્થા?

ઘણા કહેશે કે શા માટે અનુબંધમાં કેવળ કોંગ્રેસને મહત્વ આપો છો? અનુબંધ વિચારધારામાં તો પ્રજાના હિત માટે, તેને ધર્માભિમુખી બનાવતી કોઈ પણ રાજ્યસંસ્થાનો વિચાર કરવામાં આવ્યો છે અને તેને એ વિચારધારાનાં અંગ રૂપે ગણવામાં આવી છે. આવી રાજકીય સુસંસ્થા આજે કઈ છે?

સામ્યવાદીઓને ભારતના લોકોની કંઈ પડી નથી. તેઓ હિંસા અને ખૂનામરકી તેમજ ભાંગફોડમાં માને છે. તેમજ તેઓ ભારતની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આધ્યાત્મિક સંસ્કૃતિની વિચારધારામાં નથી માનતા પણ પરદેશી આયાત કરેલી સામ્યવાદી પ્રણાલિકામાં માને છે. તે ઉપરાંત તેમાં પણ ફાટફૂટ છે. એટલે એ સંસ્થા દેશનું ભલું કરશે એમ માની ન શકાય.

એવું જ કોમવાદી સંસ્થાઓનું છે. બાકીની રાજકીય સંસ્થાઓનું કોઈ વિશાળ પ્રતિનિધિત્વ નથી. રાજકીય સંસ્થા અંગે અનુબંધ વિચારધારામાં એવી જ સુંસ્થાઓને સ્થાન આપવામાં આવે છે જે વિશાળ પ્રતિનિધિત્વ ધરાવતી હોય, તપ-ત્યાગ વડે ઘડાયેલી હોય અને લોકશાહીના પંથે જવામાં માનતી હોય એ મુખ્ય બાબત કદિ પણ ન ભૂલાવી જોઈએ. એ રીતે કેવળ કોંગ્રેસ જ હાલના તબક્કે એક માત્ર સુસંસ્થા દેખાય છે. લાંબી નજર કરીને જોઈએ તો વ્યક્તિ તરીકે ઘણી યોગ્ય વ્યક્તિઓ જોવામાં આવે છે પણ સિદ્ધાંત અને આદર્શ ઉપર ઘડાયેલી સંસ્થા તરીકે તો કોંગ્રેસ એક જ આગળ આવે છે.

આચાર્ય કૃપલાની, જયપ્રકાશ નારાયણ, રાજાજી, અશોક મહેતા વગેરેનું વ્યક્તિ વિશેષ તરીકે અનુસંધાન રાખવું જોઈએ પણ સંસ્થા તરીકે છોડવા જોઈએ. એવું જ સંત વિનોબાનું છે. તેમનું વ્યક્તિ વિશેષ તરીકે મહત્વ કદાપિ ભૂલવું ન જોઈએ પણ રાજકીય સંસ્થા રૂપે તેમને સ્થાન ન આપી શકાય.

આપણા દેશની કોંગ્રેસ સિવાય કોઈ પણ સંસ્થા નથી જે ઘરઆંગણે અને ઘરબહાર "યૂનો"માં પોતાનો પ્રભાવ પાડી શકે. તે ઉપરાંત વિશ્વના પ્રશ્નોમાં જે પ્રેરણા આપી શકે તેવું અંગ કેવળ રાજકીય સંસ્થા જ છે. ધર્મસંસ્થા એ દિશામાં સર્વાંગી કામ ન આપી શકે. લોકસંસ્થા પોતપોતાના વર્તુળ પૂરતુ અને લોકસેવક સંસ્થા પોતાના ક્ષેત્ર પૂરતી સફળ કામગીરી બજાવી શકે. એટલે કોંગ્રેસને સ્થાન આપવું પડે છે કારણ કે તેજ આ દેશની જૂની, પીઢ, તપ-ત્યાગ વડે ઘડાયેલી અને વિશાળ જનસમૂહનુ પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા છે.

એ પણ ખરું છે કે કોંગ્રેસ આજે સર્વાંગી શુદ્ધ નથી. સ્વતંત્રતા મળ્યા બાદ સેવાના બદલે તેના કાર્યકરોમાં સત્તાએ અડ્ડો જમાવ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સત્તા અને ધનનાં પ્રલોભનો તેમાં પ્રવેશ્યાં છે. એટલે એ અંગે એવો વિચાર કરવામાં આવ્યો છે કે સુસંસ્થા તરીકેનો તેનો જે ભાગ છે અને ક્ષેત્ર રૂપે રાજકારણનું ક્ષેત્ર ને રાખવું અને બાકીનાં બધાં ક્ષેત્રો–સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રો–સ્વતંત્ર રાખવા. સારા નશીબે કોંગ્રેસ પણ એ બોજો હલકો કરવામાં માને છે અને રાષ્ટ્રઘડતરના પ્રશ્ન સાથે આ દરેક પ્રશ્ન સ્વતંત્ર રહે એમ સ્વીકારે છે. તેણે શિક્ષણના ક્ષેત્રમાં કામ કરતા દરેક વિશ્વવિદ્યાલયોનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું છે. આર્થિક અને ઉદ્યોગના ક્ષેત્રમાં સ્વતંત્ર ઉદ્યોગોને પણ સ્વીકાર્યા છે. પણ, સ્વતંત્રતાની પહેલાંના સમયમાં કોંગ્રેસને દેશનો સર્વોદય કરવાનું ભગીરથ કામ કરવાનું આવી પડ્યું હતું; અને દરેક ક્ષેત્રમાં તેનું માર્ગદર્શન માંગવામાં આવતું. આનું બીજું એક કારણ એ પણ હતું કે અંગ્રેજી શાસન સમયે તેણે આ બધાં ક્ષેત્રોને કચડી નાખવા માટે પોતાને કબ્જે રાખેલા. સ્વતંત્રતા મળ્યા પછી આ રીતે કોંગ્રેસને બધા ક્ષેત્રો મળ્યા અને અગાઉ તે એ બધાં ક્ષેત્રોમાં કામ કરતી હોઈ તેને કામ ચાલુ રાખવું પડ્યું. દેશની આઝાદી બાદ ભાગલાના પ્રશ્નોથી લઈને રાષ્ટ્રઘડતર અને વિકાસનાં કાર્યો વચ્ચે, જ્યાં સુધી યોગ્ય સંસ્થાઓ તૈયાર ન થાય ત્યાં સુધી તે કાર્યો બીજાને સોંપવા એ પણ અટપટો પ્રશ્ન હતો. હવે ધીમે ધીમે બધા ક્ષેત્રોનું વિકેંદ્રીકરણ કરવું એ નીતિ ઉપર કોંગ્રેસ આગળ વધી રહી છે, એટલે હવે તેને અનુબંધ વિચારધારાના અંગ રૂપે સ્વીકારવી જ રહી.

## વિશ્વસંઘ તરીકે "યૂનો"ને દોરવણી

આ ઉપરાંત રાજકીય સંસ્થા તરીકે વિશ્વસંઘમાં 'યૂનો'ને કોઈપણ મહત્વનું નિર્દેશન કરી શકે તો તે ભારત છે અને ભારતની વિદેશનીતિ કોંગ્રેસની ઘડેલી છે એ રીતે પણ કોંગ્રેસનું મહત્વ છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ–યૂનો–એ વિશ્વનું પોતાનું આગવું પ્રતિનિધિ બળ છે. આજે તે ઠેલણ ગાડી રૂપે રશિયા, અમેરિકા, બ્રિટન અને ફ્રાંસના વીટો પાવર રૂપી પૈંડા ઉપર ચાલે છે. તે છતાં આજે તે ચાર રાષ્ટ્રોને અને જગતને ખ્યાલ આવે કે કેટલીક સારી વાતોને તેઓ રોકી રહ્યાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. આમ વિશ્વનું રાજકારણ જાગૃત કરવા અંગે ભારત જ જવાબદાર છે. આજે ભલે વીટો પાવર ચાર મોટા રાષ્ટ્રો પાસે રહ્યા, પણ વિશ્વ-સંઘમાં અન્ય દેશોનું નૈતિક દબાણ વધી રહ્યું છે અને તે વિશ્વના દરેક પ્રશ્નોને માનવતાની દૃષ્ટિએ વિચારે છે; એટલું જ નહીં, તેના વડે વિશ્વ–માનવવિકાસનો સામૂહિક કાર્યક્રમ પણ અનેક સ્થળે રચાઈ રહ્યો છે.

ઘણા લોકો કહે છે કે રાજકારણને શા માટે મહત્વ આપવું જોઈએ? એક વાત વિચારીએં કે આજે ભારતે યૂનોમાં જઈને વિશ્વને અહિંસક દોરવણી ન આપી હોત તો શું થાત? પરસ્પરના સંહાર માટે શસ્ત્ર નિર્માણની હરિફાઈમાં ઉત્તેજના વધી જાત અને જો યુદ્ધ ફાટી નીકળત તો આજે આપણે બધા જે ચર્ચા કરી રહ્યા છીએ તે ન કરી શકત.

એટલે જ જનસંગઠનોએ (પ્રજાનાં સુસંગઠનોએ) અનુબંધ વિચાર-ધારામાં કોંગ્રેસ જેવી રાજકીય સુસંસ્થાઓનું માતૃત્વ સ્વીકારવું જોઈએ એમ કહેવામાં આવે છે. કોઇપણ પ્રકારનું સંગઠન હોય તેને એક યા બીજી રીતે રાજકીય પક્ષ સાથે જોડાવું પડશે. કોઇપણ વ્યક્તિ કે સંસ્થા રાજકારણથી પર રહી શકતી નથી તો પછી જેનો ઓછો ભાગ બગડેલો હોય તેવી સંસ્થા સાથે જોડાણ કરી તેની શુદ્ધિ અને પુષ્ટિનો કાર્યક્રમ મૂકવો એ જ અનુબંધકારની ફરજ બની રહે છે. રાજકારણ માટે લોકો એ રીતે જ ઘડાશે. સત્યનો જ્યાં વહેવાર સિદ્ધાંત આવ્યો ત્યાં રાજકારણ આવીને ઊભું જ રહે છે. દેશ અને વિદેશ બન્નેની દૃષ્ટિએ પણ જગતની ચાલુ ઘટનાઓથી વિમુખ ન રહી શકાય; એટલે કોંગ્રેસને રાજકારણ ક્ષેત્રનાં બળ રૂપે સ્વીકારીને વિશ્વ સાથે અનુબંધ જોડવામાં મદદ રૂપે થાય તે રીતે સક્રિય કાર્ય કરવું રહ્યું.

બે પ્રશ્નો–જગતના સાથે સાથે આવ્યા. તે વખતે ભારતની સક્રિય તટસ્થતાની આકરી કસોટી હતી. પણ તેમાં સારો ભાગ ભજવ્યો. એક પ્રશ્ન હતો સુએઝ નહેરનો. તેમાં ભારતની વાતને વિશ્વનો ટેકો મળ્યો અને વિશ્વના દબાણ આગળ વીટો પાવર ધરાવતાં બ્રિટનને નમતું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૂકવું પડ્યું. તે વખતે ખાત્રી થઈ કે કોંગ્રેસ સંસ્થા વિશ્વનું સક્રિય તટસ્થ બળ બને તો સુંદર કાર્ય થઈ શકે.

બીજો પ્રશ્ન આવ્યો હંગેરીનો એમાં ભારત થોડું મોડું પડ્યું એટલે જયપ્રકાશનારાયણ, સમાજવાદીઓએ દેશમાં આક્ષેપ કર્યા અને વિદેશમાં અમેરિકા વગેરેને લાગ્યું કે ભારત સામ્યવાદ તરફ તો ઢળતું નથી ને? આવા આક્ષેપો માટે નવાઈ ન લાગવી જોઈએ. એ બીજી રીતે બતાવે છે કે જગતને ભારતની સક્રિય સમયસરની તટસ્થતા જોઈએ છે. આ તટસ્થતા એટલે કયારેક મૂડીવાદી દેશો તરફ કૂણી નજર થાય તો કયારેક મેનન ઉપર ઝડી પણ વરસે. કારણ કે તેને તટસ્થતા કેળવવા સાથે સંરક્ષણ અંગે પણ મજબૂત કાર્ય કરવાનું છે. તટસ્થતાના નામે દેશની સ્વતંત્રતા કે સંરક્ષણને ન વેચી શકાય. તેમજ એ પણ તકેદારી રાખવાની છે કે કયાંક કુણી નજરના કારણે હંગેરી જેમ ન થાય. એવું ચીનનું છે. તે પંચશીલ અને હિંદી–ચીની ભાઈ ભાઈની ભલે વાતો કરે પણ જરાક ગફલત થતાં મોટું સંકટ બની રહ્યું છે; તે ન ભૂલવું જોઈએ.

આજે તો રાજકીય સંસ્થાઓનાં સ્થાન અંગે વિચારણા કરવાની હતી અને તેમાં રાજકારણથી નિર્લેપ ન રહી શકાય તેમજ દેશ અને વિદેશના રાજકારણ અંગે કોંગ્રેસ જેવી રાજ્યસંસ્થાનું પોતાનું મહત્વ વિશ્વ–અનુબંધ માટે સ્વીકારવું રહ્યું. જો કે કોંગ્રેસની અમૂક ક્ષતિઓ છતાં, તેના ઇતિહાસ તરફ જુદી વિચારણા કરશું તો તેની ઉપયોગિતાનો પણ સ્વીકાર કરવો પડશે. તે હવે પછી વિચારશું.

## ચર્ચાવિચારણા

**જગતનું તટસ્થબળ :**

**શ્રી. માટલિયા**એ અનુબંધ:વિચારધારામાં રાજકીય સંસ્થાઓનું સ્થાન વિષે ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : ઇંગ્લાંડની મજૂર સરકારે જોયું કે એક બાજુ લોકશાહી તરફ ઢળેલું અમેરિકન જૂથ છે છતાં તે મૂડીવાદ તરફ વળેલું છે અને બીજી બાજુ રશિયા–ચીન બંને દેશોનું જૂથ છે જે વ્યક્તિત્વ વિકાસની પાયાથી જ અવગણના કરીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મજૂરોને ઉંચે લાવવા મથે છે. એટલે ભારત જો લોકશાહી સમાજવાદના માર્ગે જાય તો જગતમાં તટસ્થ બળ ઊભું થાય. એટલે તેણે રાજસત્તા ભારતને સોંપી.

હમણાં મજૂર પ્રધાન-મંડળના એક પ્રધાનનું પુસ્તક વાંચ્યું. ત્યાં રાજકીય પક્ષથી સ્વતંત્ર ધંધાદારી મંડળો ( ટ્રેડ-યુનિયનો ) રચાય છે. પણ તેઓ રાજ્ય સાથે બેસીને નીતિ ઘડે છે :—( ૧ ) મિલ્કતની સ્થિરતા, જેના કારણે જીવનની સ્થિરતા આવે. ( ૨ ) ફરજિયાત બચત ( ૩ ) યોજનાપૂર્વક દેશનું અર્થતંત્ર. પણ બ્રિટનમાં મજૂર સરકાર ન આવી અને રૂઢિચૂસ્તો ( કંજરવેટિવ ) સત્તા ઉપર પાછા આવ્યા. અમેરિકાના મૂડીવાદી જૂથને તેના કારણે સદ્ધર બળ મળ્યું અને જગતમાં એક પછી એક જોવા જેવી ઘટનાઓ થઈ. અમેરિકાએ અર્ધવિકસિત રાજ્યોની પ્રજાને આર્થિક અને રાજકીય મદદ આપી, અને ત્યાંની પ્રજાને જ્ઞાતિ અને ધર્મની દિશામાં વાળી. આફ્રિકામાં બેલ્જીયમ ગયા પછી જે ભેદો કોંગોમાં પડ્યા અને આજની પાકિસ્તાનની સ્થિતિ; એ બન્ને મૂડીવાદી મદદના નમૂના રૂપે છે. મૂડીવાદી માનસ ઇચ્છે છે કે કાશ્મીરનો ઝઘડો સળગતો જ રહે અને કોમવાદી, ધનિકો અને વર્ગવિગ્રહીઓ મૂડીવાદી અંકુશ નીચે દબાયેલા પડ્યા રહે. તેથી "કોમવાદી બળ ન જોઈએ !" એવું જવાહરલાલનું મંતવ્ય ઉડાડી દેવાશે; એમ માનવું અને તે નિમિત્તે અમેરિકા-બ્રિટનના રૂઢિચૂસ્ત જૂથે જે કંઈ કર્યું તે એક ભયંકર ભૂલ હતી.

બીજી તરફ રશિયા, ચીન વગેરેએ આવું ન હોય તો કાગડો ચાંચ મારે તેવું કાર્ય કર્યું. કોરિયા, ઇન્ડોનેશિયા, અને ફરતો ( બર્મા ) ભાગ ગળી જવો વગેરે કાર્યો તે નીતિનાં પ્રમાણરૂપ છે. તેઓ પણ તકને શોધતાં જ ફરે છે. સેનાપતિ ટ્રોટસ્કીને જર્મન સાથે વાટાઘાટો કરતાં રશિયાએ સંદેશો આપેલો કે ઘાઘરી પહેરવી પડે તો તે પહેરીને પણ, સમાધાન કરી લેજો—આ તક છે.

આમ બન્ને જૂથની ચાલચલગત જોઈને પં. જવાહરલાલ સક્રિય તટસ્થ રહેવા માગે છે. ભૂત કે પલિત બન્નેય ન જાગવા જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમેરિકાના હિંદ ખાતેના ભૂ. પૂ. એલચી ચેસ્ટર બાઉલ્સ જેવાને પણ આ વાત સમજાઈ છે ત્યારે જગતને પણ સમજાશે.

મારા વિનમ્ર મત પ્રમાણે આ છે અનુબંધ વિચારધારામાં કોંગ્રેસ તરીકે રાજકીય સંસ્થાના આગ્રહનું રહસ્ય."

**ગામડાંથી કોંગ્રેસને ભરી દો :**

**પૂંજાભાઈ** કહે : "મુનિશ્રી સંતબાલજી"નું ગામડાંથી કોંગ્રેસને ભરી દો"—એ કથન પાછળનું ખરું મૂળ હવે સમજાય છે. મહાગુજરાત – સંયુકત મહારાષ્ટ્રની લડતોમાં પરદેશી સામ્યવાદનો હાથ અને જબલપુર જેવા કોમી રમખાણોમાં પરદેશી મૂડીવાદ કેવો કામ કરે છે, તે સમજાઈ આવે છે.

(૧) આર્થિક સામાજિક ક્ષેત્રે ગામડાંને ધડી ને ભાર ઉપાડવા દેવો જોઇએ અને જૂના જાગી પડેલા કોંગ્રેસીઓએ તે ક્ષેત્રોમાંથી ખસી જવું જોઇએ; (૨) શિક્ષા અને સંસ્કૃતિના ક્ષેત્રે રચનાત્મક કાર્યકરોની સંસ્થાએ ધડાઇને કામ કરવું જોઇએ. (૩) ત્યાં જામી પડેલા લોકોએ ખસી જઈને કાંતો તેના પ્રતિ વફાદારી સાથે રહીને કામને આગળ વધવા દેવું જોઈએ (૪) ગ્રામ પંચાયત, સુધરાઈ, લોકલ બોર્ડ વ.માં ગામડાનાં લોકસંગઠનો કે ઇન્ટુક જેવી કોંગ્રેસ સાથે જોડાયેલી સંસ્થાનું ચાલવા દેવું જોઈએ (૫) સલાહકાર પણ ભલે રહે પણ કોંગ્રેસનું મુખ્ય ક્ષેત્ર આંતરરાષ્ટ્રિય ક્ષેત્ર હોવું જોઈએ – આ બધી બાબતો હવે બહુબહુ સ્પષ્ટ દેખાય છે.

દુર્ભાગ્ય એટલું જ છે કે કોંગ્રેસી જૂથમાંથી અમૂકને આ વાત સમજાતી નથી, તે કદાચ આ ચૂંટણીમાં પ્રજાકીય સંગઠનોના વિરોધીઓને ધારાસભા કે લોકસભામાં મૂકશે.

તે છતાંયે અનુબંધ વિચાર ધારા પ્રમાણે તો કોંગ્રેસને જ મદદ કરવાની રહેશે અને લોકોને ગળે એ વાત ઉતરશે નહીં.

**કોંગ્રેસમાંથી સડો દૂર કરવો જોઈએ :**

**ગોસ્વામી** : "એક દાંડ કુટુંબનો માણસ સફેદ ટોપી ઓઢીને, કોંગ્રેસમાં ઘૂસી લોકલબોર્ડનો પ્રમુખ બની ગયો છે."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**બળવંતભાઈ** : કોંગ્રેસ સિવાયના પક્ષો સ્વાર્થ જુએ છે પણ જામેલા કોંગ્રેસીઓ કોંગ્રેસના હાર્દને પણ સમજતા નથી. આવી સ્થિતિમાં કોંગ્રેસના રાજકીય માતૃત્વનો આ કાળ સારી પેઠે ઘર્ષણો જન્માવશે પણ તે સાત્વિક હશે. એટલે સત્ય, પ્રેમ, ન્યાયને સામે રાખીને આ બધું પાર કરવું પડશે.

**નેમિ મુનિ** : "મુનિશ્રી સંતબાલજીએ સવારે પ્રવચનથી આપણને સ્પષ્ટ સમજાવ્યું છે કે 'યુનો' ને સુધારવાનું કામ અને ન સુધરે તો તેનું સ્થાન લેવાનું કામ ભારતીય કોંગ્રસને એક દિ આવશે. જો વિશ્વની વ્યાસપીઠ ઉપર રાજકારણની શુદ્ધિ ન જળવાય તો વિશ્વશાંતિની આખી કલ્પના ભૂંસાઈ જાય.

દેશમાં રાજ્ય સંસ્થા પ્રથમ નંબરે આવી ગઈ છે. તેનું કારણ રાજકારણનો વધતો જતો પ્રભાવ છે. તેને તપ-ત્યાગ વડે લોકશાહીને જાગૃત કરી ઘટાડવો પડશે અને ચોથે નંબરે મૂકવી પડશે. આમ રાજ્ય દુનિયામાં જ રહે છે તો કોંગ્રેસના ઘડતરના સિદ્ધાંતો માટે કોંગ્રેસને પકડી શુદ્ધ-પુષ્ટ રાખવી જ જોઈશે અને રાજકીય ક્ષેત્રો સિવાયના બધા ક્ષેત્રો કોંગ્રેસે ભય-મોહ દૂર રાખીને, છોડવાંજ પડશે તોજ તે વિશ્વના રાજકારણમાં યોગ્ય અનુબંધ કરી શકશે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારામાં રાષ્ટ્રીય મહાસભાનું સ્થાન [૭]

મુનિશ્રી સંતબાલજી] [૨૯–૮–૬૧

અનુબંધ વિચારધારાનાં મહત્વનાં અંગો રૂપે માનવસમાજના પ્રતિનિધિ રૂપે રાજ્ય, લોકો, લોકસેવકો અને ઉચ્ચસાધકોને લઈને તેમનાં સંગઠિતબળ રૂપે લોકસંસ્થા, લોકસેવકસંસ્થા, રાજ્યસંસ્થા અને ક્રાંતિપ્રિય સાધુસંસ્થા એમ ચારને સ્થાન આપવામાં આવ્યું છે. લોકો તો રહેવા જોઈએ તેમના સંગઠનોનું સંચાલન–પ્રેરણા કરવા માટે લોકસેવકો પણ જોઈએ અને તેમને સુમાર્ગે વાળવા માટે ક્રાંતિપ્રિય સાધુઓ પણ રહેવા જોઈએ. પણ અનુબંધ જેવી વિચારધારામાં રાજ્યસંસ્થાનું સ્થાન શા માટે?' તે અંગે વિસ્તારથી વિચાર થઈ ચૂક્યો છે. એ વિચારણા દરમ્યાન એ પણ સાર નીકળ્યો કે કોંગ્રેસ જેવી દેશની પ્રતિનિધિ સંસ્થા અને 'યુનો' જેવી વિશ્વની પ્રતિનિધિ સંસ્થાઓનું રાજ્યસંસ્થા રૂપે આગવું મહત્વ છે અને તેની ઉપેક્ષા સેવીને આગળ ન વધી શકાય.

અહીં વિશેષ રૂપે કોંગ્રેસ–રાષ્ટ્રીય મહાસભાનું અનુબંધ વિચારમાં સ્થાન શા માટે? અને તેના વિકાસમાં કયા કયા તત્ત્વોએ ભાગ ભજવ્યો છે અને હાલના તબક્કે તેનામાં શું શું ખામીઓ છે તેનો વિસ્તારથી વિચાર કરવામાં આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**કોંગ્રેસનો ઇતિહાસ :**

સર્વ પ્રથમ તેનો ઈતિહાસ જોઈએ. તેની સ્થાપના ૧૮૮૫ માં કેટલાક અંગ્રેજી અને હિંદી શિક્ષિત સજ્જનોના હાથે દેશમાં શાંતિ સ્થપાય તે નિમિત્તે થઈ. મિસ્ટર હ્યૂમન તેના સંસ્થાપક તરીકે માનવામાં આવે છે અને આ સજ્જન અંગ્રેજ હતા.

સન ૧૮૫૭ માં બળવો થયો તે પહેલાંના કેટલાંક રાજકીય બનાવો એ કોંગ્રેસની સ્થાપના પાછળની ભૂમિકા હતી. બળવો નિષ્ફળ ગયો એનું કારણ અહીંના મોગલ અને મરાઠા રાજ્યો વચ્ચેનો પરસ્પરનો દ્વેષ હતો અને ભારત નાના નાના રાજ્યો વચ્ચે વહેંચાયું હતું. ૧૮૫૭ માં બળવો દબાઈ ગયા બાદ ભારતના ઇતિહાસ માટે ઉલ્લેખનીય બે બાબતો થઈ (૧) હિંદ પહેલી વાર, અશોક પછી એક અખંડ ગુલામ રાષ્ટ્ર તરીકે બ્રિટીશ શાસન નીચે આવ્યું (૨) લોકોમાં પરતંત્રતા ન જોઈએ, પણ સ્વતંત્રતા જોઈએ તે ભાવના આવી. ગુલામ રાષ્ટ્ર તરીકે અંગ્રેજોએ પરોક્ષ રીતે ભારતને, અખંડ ભારતની કલ્પના આપી; આ એક સુંદર તત્ત્વ આવ્યું. પણ સ્વતંત્રતા મેળવવી કઇ રીતે ? આ દિશમાં ભારતીય લોકો પાછા હિંસાને રસ્તે ન વળે તે માટે દેશની શાંતિના નામે જે પ્રયાસો થયા તેની પશ્ચાદ ભૂમિકા સાથે કોંગ્રેસનો જન્મ થયો. સામાન્ય રીતે સ્વતંત્રતા અંગે લોકોની જે પ્રબળ ભાવના હતી તે પણ એક યા બીજી રીતે કોંગ્રેસમાં પડઘા રૂપે પડવા લાગી.

સ્વતંત્રતા મેળવવા માટે બે રસ્તાઓ હતા. એક તો હિંસાનો, ઉપદ્રવનો હતો જેને ન તો સરકાર પસંદ કરતી હતી કે ન તો લોકોનો એક વિશાળ સમુદાય. બીજો રસ્તો હતો શાંતિ–અહિંસાની રીતે જવાનો... ! કોંગ્રેસનો ઇતિહાસ જોતાં, તેણે પ્રારંભથી જ શાંતિ અને અહિંસાની રીતેં લોકકલ્યાણ તરફ જવાનું નક્કી કર્યું હતું તે જણાયા વગર નહીં રહે. અંગ્રેજોએ ભારતને ગુલામ બનાવ્યા છતાં જેમ ભારતની અખંડ એકતાના સ્વપ્નને સાકાર થવામાં પરોક્ષ રીતે મદદ કરી, તેવી જ રીતે પ્રારંભમાં શાંતિ અને અહિંસાની વાતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેવળ હાસ્યાસ્પદ જ બધાને લાગતી. તે આગળ જતાં ઇતિહાસને પાને એક જબ્બર નૈતિક શક્તિ રૂપે પરિવર્તિત થઈને રહેશે તેનો કોઈને ખ્યાલ નહતો.

**ધાર્મિક અને ક્રાંતિકારી પૂર :**

૧૮૮૫માં **સરહ્યૂમ** સાથે કોંગ્રેસની સ્થાપનામાં જે વ્યક્તિ મુખ્ય હતી તે દાદાભાઈ નવરોજી. તેમણે જે બીજ રોપ્યું તેમાં સ્પષ્ટ ખ્યાલ એ હતો કે "જે કંઈ કરવું તે સારી રીતે કરવું, અને સારી રીતે કરવું તે સાચું કરવું, તેમાં અશો જરથોસ્તનો ફાળો છે." શાંતિથી કામ લેવું શાંતિમય સાધનો વડે જ શાંતિના કાર્યો કરવાં. એ સિદ્ધાંતમાં પારસી ધર્મનો ફાળો હતો. આમ કોંગ્રેસની પ્રારંભની નેતાગીરીમાં ધાર્મિક પૂટ જોવા મળે છે. રાજ્યને કેટલી હદ સુધી સ્વીકારવુ અને ધર્મની છાયા હોય તેવું નેતૃત્વ સ્વીકારવું એ વિચારો પાયામાં હતા.

પારસીઓ સાથે જે સુધરેલા હિન્દુઓ કોંગ્રેસ તરફ વળ્યા તેમાં સ્વામી શ્રદ્ધાનંદ, લાલા લજપતરાય વ.નો ફાળો મુખ્ય છે. આ નેતાઓ અને તેમનાથી પ્રેરાઇને બીજી ભળેલી વ્યકિતઓ હિંદુસમાજની સુધરેલી શાખા આર્યસમાજની હતી. આર્યસમાજે હિંદુસમાજની સુધારણામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એટલે ઉદાર ધાર્મિક વિચારણા કહી શકાય તેનું બળ ધરાવતી નેતાગીરી પણ કોંગ્રેસને મળી. એટલે તેના પાયાના ઘડતરમાં ધાર્મિક ઉદારતા અને શાંતિમય સાધનો વડે લોકકલ્યાણની ભાવનાઓ દઢપણે હતી. પરિણામે ભવિષ્યમાં કોંગ્રેસ કયારેય પણ અશાંતિમય સાધનો વડે સશસ્ત્ર હિંસક લડતથી બચતી રહી. તેની લડત શાંતિમય અહિંસક સાધનો અને નૈતિક દબાણની રહી.

**ક્રાંતિનો જુસ્સો અને લાલ-બાલ-પાલનો ત્રિવેણી સંગમ :**

એક તરફ કોંગ્રેસને શાંતિ અને ઉદારતાની નીતિનો પૂટ મળ્યો. ત્યારે બીજી તરફ તેમાં બંગાળ, પંજાબ અને મહારાષ્ટ્રનું જે જૂથ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યું, તેમાં જોર અને જુસ્સો બન્ને ખૂબજ હતાં. આ નેતાગીરીના કારણે 'ગમે તે ભોગે સ્વરાજ્ય મેળવવું, ભલે પ્રાણોનું બલિદાન આપવું પડે!' આવી ફના થઈ જવાની ભાવના શહીદી ભાવના પણ આવી. જ્યાંસુધી કોઈ કાર્યની સિદ્ધિ માટે ફના થઈ જવાની ભાવના ન આવે ત્યાંસુધી એ ફળીભૂત ન થઈ શકે. બંગભંગ કે બીજા મરણિયા પ્રયાસોમાં જોવા જઈએ તો તેમનો મહત્વનો ફાળો હતો. લાલ-પાલ અને બાલ આગણેની જોડીએ કોંગ્રેસ ને વધુ જુસ્સાથી કામ કરતી કરી મૂકી. લાલ એટલે લાલા લજપતરાય, પાલ એટલે સુરેંદ્રનાથ પાલ અને બાલ એટલે બાલગંગાધર તિલક, પંજાબ, બંગાળ અને મહારાષ્ટ્રની પ્રજાના જુસ્સાના પ્રતિનિધિ રૂપે આ ત્રિવેણી સંગમ થતાંજ તે વખતે કહી શકાયું: "શાંતિમય બંધારણથી સ્વરાજ્ય મળે તો તે સર્વોત્તમ છે પણ જો સીધી રીતે ન મળે તો આડી રીતે પણ લેવું તો ખરું જ!"

## વિનીત નેતાગીરી :

તે વખતે કોંગ્રેસમાં વીનીત-મવાળ લોકો પણ ઘણા હતા. આ બુદ્ધિવાદી વર્ગ કોઈપણ પ્રકારના રચનાત્મક કે જૂસ્સાત્મક કાર્યોમાં ઓછું માનતો હતો. તેમનું માનવું હતું કે પ્રસ્તાવો કરવા મતલબ કે વાણીથી જેટલું મેળવાય તેટલું મેળવવું. બીજો વર્ગ સક્રિય અને ઉગ્ર (હિંસક) કાર્યવાહીમાં પણ માનતો હતો.

## ગાંધીજીની નેતાગીરી :

આના કારણે એક વસ્તુ લોકમાનસમાં ચોક્કસ થઈ કે સ્વતંત્રતા જરૂરી છે. બ્રિટીશરોને લોકો સમજી ગયા કે આ લોકો તો બધું ધન પરદેશ લઈ જાય છે. તેઓ લોકોનું શોષણ કરે છે. કોંગ્રેસના અહીં સુધીના ઇતિહાસમાં ગાંધીજીનો ક્યાંયે ઉલ્લેખ નથી. તેમણે આફ્રિકામાં રંગભેદની નીતિ સામે લડત ચલાવી અને ત્યારથી તેમને દુઃખી દરિદ્રનારાયણના ઉદ્ધારની કલ્પના સાકાર કરવાનું મન થયું. ગાંધીજી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહુ મોડે હિંદમાં આવ્યા. તે વખતે ગોખલે સજ્જન અને પ્રતાપી પુરૂષ ગણાતા. ગાંધીજી તેમના સાનિધ્યમાં રહ્યા. તેમણે સમગ્ર ભારતમાં ફરીને ભારતના પ્રશ્નોનો અભ્યાસ કર્યો અને તેમણે દેશવ્યાપી બલિદાન અને તપ-ત્યાગના કાર્યક્રમો આપ્યા. એક તો ભારતની ભૂમિમાં ઉત્સર્ગની ભાવના શરૂઆતથી રહેલી છે, તેમાં ઉગ્રદળે લોકમાનસને સ્વતંત્રતા માટે ફના થવાની જગાવેલી ભાવના-આ બન્ને તૈયાર ખેડાણ હોઈને ગાંધીજીના કાર્યક્રમોએ રાષ્ટ્રવ્યાપી સફળતા પ્રાપ્ત કરી. લોકોને તેમનામાં શ્રદ્ધા આવી અને જો કે ગાંધીજી કોંગ્રેસમાં મોડા જોડાયા તે છતાં તેમણે ૧૯૨૦ પછી જે અજોડ નેતાગીરી સ્વીકારી તેના કારણે તેઓ તરત આગળ આવી ગયા.

કોંગ્રેસે વિનીત નેતાગીરી વખતે અને પ્રારંભથી દેશ સાથે વિશ્વની બાબતોને પણ નજર સામે રાખી છે. આનું એક કારણ તો ભારતની સંસ્કૃતિ છે કે અહીં કયારે પણ વ્યક્તિ, પ્રાંત કે દેશના સીમાડા પણે ચિંતન થયું નથી. વિશ્વ અને સમષ્ટિનાં નાનાં જીવોને સમાવેશ કરતી વિચારણા થઈ છે. એટલે ભારત પોતાની સાથે વિશ્વની બાબતો તરફ ધ્યાન આપે એ સ્વાભાવિક હતું. તે વખતે પ્રારંભમાં કોંગ્રેસ નાનું મંડળ જ હતું. નેતાઓ ભેગા થાય, વાતો કરે ઠરાવો કરે અને યોગ્ય ઠેકાણે મોકલી આપે. દેશની સ્વતંત્રતા પણ જે સિદ્ધ ન હતી, તે માટે કોંગ્રેસ પ્રસ્તાવ પારિત કરતી. તે વિશ્વના પ્રશ્નો અંગે વાતો કરે તે મશ્કરી જેવું ઘણાને લાગતું. જો કે ઘણાએ આ વાતનું મૂલ્યાંકન કર્યું નથી, પણ ભારતની વિશ્વના પ્રશ્નો અંગેની તે વખતની મશ્કરી જેવી લાગતી નીતિનું પોતનું મહત્ત્વ હતું. આજે ભારત વિશ્વના પ્રશ્નોમાં સક્રિય તટસ્થબળે કામ કરી શકયું છે અને કરી રહ્યું છે, તે એ નીતિનું પરિણામ છે.

ગાંધીજી આવ્યા પછી જે વાતો હતી. ઠરાવો હતા, તેને તેમણે રચનાત્મકરૂપ આપવું શરૂ કર્યું. આ પહેલાં તેમણે સામુદાયિક ક્રાંતિના પ્રયોગો આફ્રિકામાં કર્યા હતા. તેમને તે વખતના પ્રખર ક્રાંતિકારો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રવીન્દ્રનાથ ટાગોર, રસ્કિન, લિંકન, વોશિંગ્ટન અને ટોલ્સ્ટ્રોયના જીવન ચરિત્રોમાંથી કાર્યક્રમોનો ઘણો મસાલો મળ્યો હતો. તેથી તેમના કામને વેગ મળ્યો. ફિનીક્સ આશ્રમ પણ ચાલુ રહ્યો અને તેમનું જીવન રાષ્ટ્રવ્યાપી થયું એટલું જ નહીં પણ ધીમે ધીમે વિશ્વવ્યાપી બનતું ગયું. ત્યારબાદ ગાંધીજીના કાર્યક્રમોનું બળ કોંગ્રેસ બની ગઈ. આ આખીયે પૃષ્ઠ ભૂમિકા રજુ કરવાનું કારણ એટલું જ કે એના ઉપરથી ખ્યાલ આવી શકશે કે રાજકીય સંસ્થા તરીકે રાષ્ટ્રીય મહાસભાને શા માટે સ્થાન અનુબંધ વિચારધારામાં આપવામાં આવેલ છે.

બીજું કારણ, તેને વધુ જનસંખ્યાનો ટેકો છે. રાજકારણમાં અગાઉ જોઈ ગયા તેમ તેનો ઉદ્દભવ વ્યવસ્થા અને દંડશકિત માટે થયેલો છે. આ દંડશકિતના ઠેકાણે હવે જનશકિત આવી છે. એટલે પ્રથમ સંખ્યા કેટલા લોકોનું કોને સમર્થન છે તે જોવાશે. સંખ્યા એજ લોકશાહીમાં પ્રધાન વસ્તુ છે. આ સંખ્યા ટોળાંની હોય કે ઘડાયેલાંની હોય તેનો ભેદ જોવામાં આવતો નથી. જેને વધુ મત મળ્યા તે જીત્યા કહેવાય છે. આમાં કેટલા સમજુ લોકોએ કે ઘડાયેલાએ વિચારીને મતો આપ્યા, કે કેટલા દારૂ પાઈને, કે પૈસાથી મેળવ્યા તે કોઇ જોતું નથી. એટલે એ દષ્ટિએ પણ ભારતમાં લોકશાહીમાં વધુ જનસંખ્યાનુ પીઠબળ ધરાવનાર હોય તો તે કોંગ્રેસ છે.

લોકોને કેળવવા એ પણ રાજ્યની ફરજ છે. તેમાં પણ વધારે મહત્ત્વ તો સાધુ સંસ્થાની લોકોને મળતી પ્રેરણા એજ તેમના ઘડતર માટે જરૂરી છે. રાજકારણમાં જયારે સંખ્યા મહત્વની છે ત્યારે ધર્મ કારણ કે ધર્મસંસ્થામાં સત્ય અહિંસા વગેરેની દષ્ટિએ થયેલ ઘડતર કે ગુણવત્તાનું મહત્વ છે. ત્યાં વ્યકિતત્વનો વિકાસજ ધ્યાનમાં રાખવો પડે.

## કોંગ્રેસની કેટલીક ત્રુટિઓ અને ભયસ્થાનો:

કોંગ્રેસને અનુબંધ વિચારધારામાં સ્થાન આપવા જતાં તેની ખામીઓ અને ભયસ્થાનોનો પણ વિચાર કરવો પડશે. તેમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર્વપ્રથમ એ છે કે કોંગ્રેસની અત્યાર સુધીની નીતિનું મોટું ભયસ્થાન છે તેની સામ્યવાદ તરફ લેખાતી કૂણી નજર. આ કૂણી નજરનું એક કારણ એ છે કે માનવજીવનના પ્રાથમિક તબક્કે તે દરેક માનવને રોટલો, ઓટલો અને માવજત આપવાનું સ્વીકારે છે. એટલે પછાત દેશના લોકો તે તરફ આકર્ષાય તેમ તે તરફ આકર્ષણ રહી શકે. સામ્યવાદનો ભય એ છે કે તેના પાયામાં વ્યક્તિને ભોગ-સુખો આપવાનું છે. તેના વિકાસને બાંધી લેવામાં આવ્યો છે. સ્વતંત્ર વિચારને ત્યાં સ્થાન નથી; તેમજ ભૂતકાળની કે વર્તમાનની કોઇ પણ મહત્વની વ્યક્તિની કારકિર્દીનું કોઈ મૂલ્યાંકન નથી. આપણે ત્યાં ખ્રુશ્ચેવ સાથે પ્રમુખ બુલ્ગાનીન આવ્યા હતા. આજે એ બુલ્ગાનીન ક્યાં છે તેની કોઈને ખબર નથી. જે સ્ટાલિને રશિયાને લોખંડી સંરક્ષણતા આપી તેના મડદાંને પણ ફેંકી દેવા જેટલી ધૃષ્ટતા ત્યાં થઈ શકે છે. મરેલાંને બધા માફ કરે છે પણ સામ્યવાદમાં એ માફ નથી. જો કે કહેવાય તો એ જ છે કે "વ્યક્તિ માટે, વ્યક્તિ વડે વ્યક્તિઓનું શાસન" પણ તેમાં વ્યક્તિના સ્વતંત્ર વિકાસને, સ્વતંત્ર વિચારને કે સ્વતંત્ર વિરોધને જરા પણ સ્થાન નથી. હજારો અને લાખોની સંખ્યામાં વિરોધીઓની માનવ-હત્યા કરી નાખવી એ ત્યાં શકય છે. એટલે જ અનુબંધ વિચારધારામાં એનો વિરોધ છે. આ તો લોકોનું એક સમૂહ મળીને સરમુખત્યારશાહી ભોગવે છે અને બધાંને બંધનમાં જકડે છે ત્યારે મૂડીવાદમાં એક વ્યક્તિ પોતાના ભોગ-સુખો માટે બીજાની અવગણના કરે છે એટલે તેનો પણ અનુબંધ વિચારધારામાં સ્વીકાર કરવામાં આવ્યો નથી. એવી જ રીતે કોમવાદી પક્ષો માનવ-માનવ વચ્ચે ઝેર-વેર રેડે છે, ભેદો ઊભા કરે છે, ભારતીય સંસ્કૃતિ માટે એ કલંકસમા છે, એટલે તેમને પણ સ્થાન આપવામાં આવ્યું નથી.

પણ, સામ્યવાદ તરફ કહેવાતી કૂણી નજર રાખનાર કોંગ્રેસનું ધ્યેય સમાજવાદનું છે; અને જો કે હંગેરીના પ્રશ્નમાં તેની સહેજ ઢિલાસ થયેલી, પણ કોંગોના પ્રશ્નમાં તો એણે મક્કમતા દાખવી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમજ તેની સક્રિય તટસ્થતાનો પરિચય આપ્યો છે, તે છતાં એ ભયસ્થાન તો છે જ.

સામ્યવાદને દૂર કરનારી અથવા તો મચક ન આપનારી એવી રાજકીય સંસ્થાઓમાં અમેરિકા તરફ ધ્યાન જાય છે. બીજી છે વિશ્વ-સંસ્થા યૂનો. પણ તે બે જૂથોમાં અટવાઈ ગઇ છે. એટલે ભારતને સક્રિય તટસ્થ બળ બનવામાં કોઇકનું સક્રિય માર્ગદર્શન જોઈએ. બાળકને ઠેલણગાડીની જરૂર પડે તેમ રાજ્ય હોય ત્યાં સરકારની પણ જરૂર પડે. ભારતમાં કોંગ્રેસ સરકાર રહે–તે સામ્યવાદથી અલગ રહે તેમ ઇચ્છીએ, તેની સાથે એ પણ ભય ખરો કે કયાંક તે મૂડીવાદ સાથે ન જોડાઈ જાય. કયારે પણ તે કોમવાદ સાથે હાથ ન મેળવે. એટલે સરકાર ઉપર અંકુશ લાવવાની ફરજ, લોકો અને લોકસેવકોના નૈતિક સંગઠનો ઊભાં કરી તેમને સોંપવી જોઈએ. તેમ ન થાય તો બધા સ્વાર્થી તત્ત્વો ભરાઈ જાય.

સામ્યવાદ કોઈને ગમતો નથી. જ્યારે સામંતશાહી અત્યાચારો અને શોષણ વધ્યાં છે ત્યારે લોકોના અણઘડ ટોળાંઓએ મેળવેલી એ રાજ્ય સત્તા છે. તેનો કોઈ પાયો નથી. વધુ પીડિત લોકોને તાત્કાલિક જીવનની જરૂરતોની જવાબદારી સ્વીકારે છે તે માટે લોકોની કૂણી નજર છે અને તેમાં કોંગ્રેસ પણ બાકાત નથી. કોંગ્રેસના ઉંચામાં ઉંચા રચનાત્મક કાર્યકરોને પૂછવામાં આવે તો તેઓ કહેશે કે "સામ્યવાદ ઠીક છે–તેને સામ્ય-યોગ કહેશે. ધીમે ધીમે સુધરી જશે. આપણે ઇર્ષા રાખ્યા સિવાય સારૂં હોય તે લેવું."

પણ સામ્યવાદમાં ક્યાંક પાયાની મહત્વની ભૂલ રહી જાય છે. નહીતર આજે ૪૫ વર્ષના ઘડતર બાદ તેના નેતાઓને ભૂતકાળના નેતાઓની કારકિર્દીનો ભય તેમનુ નામોનિશાન ભૂંસી નાખવાની હદ સુધી ન લાગે; તેમને વર્તમાન સાથીઓનો પણ વિચારફરક અસહ્ય એટલે હદ સુધી ન બને કે તેમને પદભ્રષ્ટ કે અયોગ્ય સ્થાને ગોઠવવામાં આવે; અને અબજો રૂપિયાના ભોગે અણુશસ્ત્રોની સંરક્ષણની વાડ સામ્યવાદને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ટકાવી રાખવા કરવામાં ન આવે. શું સામ્યવાદ એટલો બધો નબળો છે કે તેને ભૂત, વર્તમાન અને ભવિષ્ય સામે આવો સતત ભય હોઈ શકે ? તો પછી એના ઘડતરમાં ખરેખર ક્યાંક ભૂલ છે—અને તે મોટામાં મોટી ભૂલ એ છે કે તેણે વ્યક્તિવિકાસ કે માનવ-વિશ્વાસ એ તત્ત્વોને પાયામાં રાખ્યા નથી. નીતિ વગરનો કોઇપણ વાદ સતત ભય અને શંકામાં જીવે છે અને તે આજે સ્પષ્ટ રીતે સામ્યવાદ અંગે તેમજ મૂડીવાદ અંગે કહી શકાય છે. જે ભયો સામ્યવાદને છે તે જ ભયો મૂડીવાદને છે.

દિલ્હીની રોજનીશીમાં સામ્યવાદ અંગે પ્યારેલાલે ગાંધીજીનું એક મહત્વનું મંતવ્ય રજૂ કર્યું છે. ગાંધીજીને સવાલ પૂછવામાં આવ્યો : "સામ્યવાદમાં હિંસાને સ્થાન ન હોય તો તમે સામ્યવાદને સ્વીકારશો ?"

ત્યારે ગાંધીજીએ કહ્યું છે કે "સામ્યવાદનું જે રીતે ઘડતર થયું છે ! તે જોતાં તેનો પાયો સાવ ઢીલો છે. કાલમાર્ક્સે ભલે તે (સામ્યવાદ) આપ્યો હોય પણ રાજ્ય દ્વારા ક્રાંતિ એ સૂત્ર લગભગ તેનામાં વણા ગયું છે." ત્યારે સિદ્ધાંત પ્રમાણે રાજ્ય દ્વારા (સત્તા દ્વારા) ક્રાંતિ એ ખરેખરી ક્રાંતિ નથી—તે તો પ્રજા વડે થવી જોઈએ. સામ્યવાદ એક તરફ તો કહે છે કે રાજ્ય છેવટે સૂકાઈ જશે. બીજી બાજુ યેનકેન પ્રકારેણ સત્તા મેળવવા પ્રયત્ન કરે છે એ બન્નેનો તાળો (મેળ) મળતો નથી. ખ્રુશ્ચેવ સ્ટાલિનને નહીં માને અને જરા જેટલા વિરોધને દબાવવા પોતાના ગ્રૂપ વડે પ્રયત્ન કરશે. એ સરમુખત્યારશાહી છે જેનો અર્થ એ થાય છે કે પોતે જે કહે તે જ સાચું અને તે જ પ્રમાણે બધાયે વર્તવું જોઈએ.

**પાશ્ચાત્ય દેશોમાં સંગઠન-સંસ્થાઓ :**

પાશ્ચાત્ય દેશોમાં-ખાસ કરીને યુરોપમાં લોકસંગઠનનો પાયો હમેશાં ગૌણ રહ્યો છે. એટલે ખરી લોકશાહી ત્યાં કદિ આવી નથી. ક્રોમવેલની ક્રાંતિ બાદ પણ ઈંગ્લાંડમાં રાજાશાહીના ગુણ ગાતું રાજ્ય-ભક્તિનું ગીત ગવાય છે Long live our gracious King-ફ્રાંસમાં,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇટાલીમાં, જર્મનીમાં લોકશાહી સરમુખત્યારશાહીમાં બદલી અને નેપોલિયન, મુસોલિની, હિટલર વગેરે જેવા પાકયા જેમણે લાખોની નૃશંસ હત્યામાં ભાગ લીધો. ત્યાં રાજ્ય સત્તાશાહીમાં ચાલ્યું ગયું. એવું જ ચીનનું પણ થયું. બૌદ્ધ ધર્મ હોવા છતાં, ત્યાં વર્ણાશ્રમ જેવાં સંગઠનો ન હોઈને ચાંગકાઈ શેકનું કાંઈ પણ ન ચાલ્યું.

ત્યાં ધર્મસંસ્થા રૂઢિચુસ્તતા તરફ ઢળી ગઈ અને તેમાં પણ મધ્યયુગમાં એટલી બધી પોલ પટ્ટી પોપ લીલાના નામે ચાલવા લાગી કે સુધારવાદીઓ પ્રોટેસ્ટંડ રૂપે અને તેમાં પણ ઉગ્ર સુધારવાદીઓ પ્રેસ્બેટેરીયન તરીકે નીકળ્યા. તે છતાં ધર્મસંસ્થાનું સ્વરૂપ ન બદલાયું અને તેનો રાજાશાહીને ટેકો હોઈને-ધર્મના નામે લોકો ઉપર રાજા અને જમીનદારોનાં જુલમ થતાં, લોકોએ રાજ્યદ્વારા લોહિયાળ ક્રાંતિ કરી. અને તેમાંથી સામ્યવાદ આવ્યો.

આજે પછાત લોકોની પ્રાથમિક જરૂરતોને સ્વીકારતો એ એક જ માર્ગ હોઈ અને સામાન્ય લોકોની પોતાની જરૂરતો પ્રમાણે એનામાં શ્રદ્ધા હોઈને મતસંખ્યા નિશ્ચિત બને તે માટે એ તરફ ભારતમાં ઘણા કાર્યકરો કૂણી નજર રાખે છે. એમ પણ હોઈ શકે કે મૂડીવાદનું વર્ચસ્વ ન વધે તે માટે પણ એવું બની શકે. આ અંગે સુએઝ અને હંગેરીની વાત રજૂ થઇ ચૂકી છે.

## ભારતની ઉતાવળ અને ધીરજ :

ભારતે વિશ્વના અનેક પ્રશ્નોમાં ભાગ લીધો છે. તેમાં કયારેક ઉતાવળ પણ થઇ હશે અને ધીરજ, અતિ-ધીરજ પણ રાખી છે. કયારેક ઘર આંગણેના પ્રશ્નોના કારણે પણ એવું બનવા પામે એ પણ સંભવ છે. એટલે સહેજે ભૂલો થાય એ પણ સ્વાભાવિક છે. પણ આ ભૂલોના કારણે તેનું મહત્વ ઘટી જતું નથી. દેશનું ઘડતર અને વિશ્વમાં સક્રિય તટસ્થતા જાળવવી. આ બન્ને કપરાં કામો છે. દેશના ઘડતરમાં કયારેક કોંગ્રેસને મૂડીવાદ તરફ ઢળેલી બતાવાય છે તો કયારેક સામ્યવાદ તરફ. આજે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિશ્ચિત મત સંખ્યા મેળવવા માટે કોંગ્રેસ નચિંત નથી. કોંગ્રેસ સામે મૂડીવાદી 'વર્ચસ્વ ન વધે તેનો પણ પ્રશ્ન છે અને સામ્યવાદ ન પેસે તેનો ભય પણ છે. આવા સમયે ઘડાયેલી સંસ્થાની ટીકા કે ઉતારી પાડવાની નીતિ અપનાવવામાં ભૂલ થશે. આવા વખતે તેને ટેકો આપવો તેની સાચી વાતોને પ્રગટ કરવી અને ભૂલોનો વિરોધ કરી તેને સુધારવી. અને જનસંગઠનોએ મત આપી તેને નચિંત બનાવવી એ ધર્મ બની રહે છે.

## કોંગ્રેસને રાજકીય માતૃત્વ મળવું જોઈએ :

સામ્યવાદ જ સંપત્તિની વહેંચણી કરે છે એવું નથી. આ ભારત દેશમાં ધર્મદષ્ટિએ ( વર્ણાશ્રમધર્મની રૂએ ) જે સમાજવાદ ઘડાયો છે તેમાં સંપત્તિની વહેંચણી આવી જ જાય છે. એટલું જ નહીં, તેના ધર્મ સંસ્કારોમાં માનવતાના નામે પણ દાન કરી જવાતું પણ આવે છે. એટલે એ તો અહીં સરળ છે. જરૂર છે જનસંખ્યા કોંગ્રેસની પડખે રહે તેની. તોજ તે ટકી શકે અને વિશ્વમાં પોતાનો પ્રભાવ ઊભો કરી શકે. છેલ્લી ચૂંટણી વખતે એ સ્પષ્ટ જોઈ શકાયું છે કે જગતની મહાન શકિતઓ પણ ભારતની સક્રિય તટસ્થતા અને પ્રભાવને સાંખી શક્તિ નથી અને કોંગ્રેસને તોડી પાડવા માટે એક વિશાળ પાયા ઉપર અંદરખાનેની તૈયારીઓમાં વિદેશીઓનો પણ હાથ હતો. કોંગ્રેસ ત્યારેજ પ્રભાવ પાડી શકે જ્યારે તેને મત નિશ્ચિંતતા હોય અને તેથી કરીને તેને મનની નિશ્ચિંતતા મળે. આ માટેજ કોંગ્રેસની સાથે જનસંગઠનોનો રાજકીય માતૃત્વ સંબંધ હોવો જોઈએ એમ અનુબંધ વિચારધારામાં કહેવામાં આવે છે.

આ અંગે ગામડાનાં નૈતિક લોકસંગઠનો ઊભાં ન થાય ત્યાં સુધી અને રચનાત્મક કાર્યકરોનાં નૈતિક સંગઠનો લોકસેવક સંગઠનો ન થાય ત્યાંસુધી પ્રજાને સહન કરવું પડશે. વિનોબાજીએ એક વાર કહેલું કે કોંગ્રેસ કદાચ અહિંસક કાર્યક્રમોમાં આડખીલી ઊભી કરે ખડકસમી ઊભી રહે. ભાલ નળકાંઠાની પ્રવૃત્તિમાં આપણને પણ ત્યાંથીજ મુશ્કેલી આવે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. પણ, આ બધુ થવાનું કારણ મનની અનિશ્ચિતતા છે: મનની નિશ્ચિતતા નહીં આવે ત્યાંસુધી સ્થાનિક કોંગ્રેસીઓ મૂડીવાદી કે દાંડ-તત્ત્વોને જોર આપવાના, ઉંચી કક્ષાએ અગ્રગણ્ય નેતાઓ સામ્યવાદને ભૂણી નજરે જોવાના! આ બધું દૂર કરવા માટે કોંગ્રેસની સાથે જનસંગઠનોનો રાજકીય માતૃત્વ સંબંધ લોકસેવકો અને ક્રાંતિપ્રિય સાધુઓએ ગોઠવવો જોઈએ.

## સ્વરાજ્ય બાદનો કોંગ્રેસનો ઇતિહાસ અને નૈતિક દોરવણી :

સ્વરાજ્ય પહેલાં કોંગ્રેસનો ઈતિહાસ તપત્યાગનો હતો. સ્વરાજ્ય બાદનો ઈતિહાસ તપ ત્યાગ અને સેવાનો નથી રહ્યો કારણ કે સત્તા આવી છે. એટલે કોઈપણ જુદાં લોકસંગઠનો ઊભાં ન થાય, કોઈ પ્રશ્નની પતાવટ એના દ્વારા જલદી ન થાય એવી કાર્યવાહીઓ થતી જોવા મળે છે.

હમણાં એક ચુસ્ત કોંગ્રેસવાદી બહેન આવેલા. તેમણે કહ્યું કે "આ અલગ મહિલા સંગઠન (માતૃસમાજ) થાય તેના કરતાં કોંગ્રેસની નીચે થાય તો શું ખોટું?" તેમને સમજાવ્યું કે "માતૃસમાજ છે તે એક રીતે કોંગ્રેસનું બળ છે. પણ જો માતૃસમાજ કોંગ્રેસમાં સમાઈ જશે તો રાજકારણ મુખ્ય બની જશે. શિક્ષણ, સંસ્કૃતિ કે સામાજિક, આર્થિક એ બધાં કાર્યો માતૃસમાજના ક્ષેત્રનાં છે તે ગૌણ બની જશે."

જામનગરથી એક ભાઈ આવેલા તેઓ કહેતા હતા કે "ઇન્ટુક"ની સાથે મજુરોને જોડવા કે નહીં? ઈન્ટુકની સાથે જોડે તો કોંગ્રેસ સાથે તેનો સંબંધ હોવાને કારણે બીજા મજૂરો તેમાં ભળતા અટકે છે! "તેમને કહ્યું :" એમને કોંગ્રેસનો સૈદ્ધાંતિક ઇતિહાસ સમજાવવો જોઇએ. મજૂરોને ન્યાયપુરઃસર અને શાંતિમય માર્ગે રોજી જોઇતી હોય તો એનું સંધાન સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી. જેમના મનમાં કંઈક બીજું છે તેઓ કોંગ્રેસના નામથી ડરે છે. એટલું ખરું કે કોંગ્રેસે બધાં પ્રશ્નોમાં માથું ન મારવું જોઈએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેં ઇન્ટુકને પણ કહ્યું છે: "તમારે હડતાલની અવેજી કરવી પડશે. તમે હડતાલ પાડશો અને સામ્યવાદીઓ પાડશે તો કોની અસર થવાની? એટલે એના બદલે અવેજીમાં શુદ્ધિ પ્રયોગ આપવો જોઈએ. અને તે થાય ત્યારે તેની ચોકી કરનાર અસરકારક બળ પણ જોશે." ખંડુભાઈ, વસાવડા વગેરે ગાંધી વિચારના અને ઘડાયેલા સેવકો છે; તેઓ છે ત્યાં સુધી ઠીક છે. પણ મજૂરોને જો સત્તા અને ધન તરફ વધારે ધ્યાન રહેશે તો અંતે તો તેનાં પરિણામો ખતરનાક નીવડશે. જો સંસ્કૃતિ તરફ ધ્યાન આપવું હોય તો નૈતિક ચોકી ઊભી કરવી પડશે.

ગુજરાતનાં તોફાનો વખતે કુરેશીભાઈએ ઉપવાસ કર્યા ત્યારે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘે દોરવણીનું કામ ઉપાડી લીધેલું. સમાજને ટકવાનું અસરકારક સાધન, કોંગ્રેસને રાજકીય રીતે નિશ્ચિંત કરવી જોઈએ. સાથે સાથે ગામડામાં કામ કરવા માટે, કેટલાક કાયદા ગામડાંને સ્પર્શે છે, માટે ગામડાનું પ્રતિનિધિત્વ સ્વીકારાય તે મુજબ કાર્ય કરવું જોઈએ.

ગ્રામ સંગઠનો (લોક સંગઠનનો એક ભાગ)નો સ્વીકાર થયો છે પણ હજુ કેટલાક કોંગ્રેસીઓને ગળે આ વાત ઉતરી નથી. તે છતાં ગ્રામ પંચાયત રૂપે ગામડાંનું કાર્ય ગામડાં કરે અને તેનું પ્રતિનિધિત્વ જિલ્લા સમિતિમાં આવે તે અંગે ઘણાં પ્રાંતોમાં કાર્ય થઈ રહ્યું છે. જો કે પંચાયતોમાં ગ્રામ સગઠનોએ જવું કે નહીં તે પ્રશ્ન છે?

આ દિશામાં મારૂં માનવું છે કે લોકોનું નૈતિક ધોરણ સુધારવા નિમિત્તે સત્તા તો હાથ ધરવી જોઈએ નહીંતર વિજાતીય તત્ત્વો પ્રવેશી જાય તેવો ખતરો રહે છે. એકવાર શહેરની સુધરાઈઓમાં કોંગ્રેસે ભાગ ન લેવો એવો ઠરાવ આવેલો ત્યારે મેં એનો વિરોધ કરેલો.

સાંસ્કૃતિક કે શિક્ષણના ક્ષેત્રે કોંગ્રેસ પોતાનો ઉપયોગ હરિફાઈમાં ન કરે અને તે સંબંધનાં સંગઠનોને સ્વતંત્રપણે વિકસવા દેશે તો સુંદર પરિણામ આવશે. આ સંસ્કૃતિ અને શિક્ષણના ક્ષેત્રમાં પણ નૈતિક પુટ મળે તો તેનું ભવિષ્ય ઘણું સારૂં થશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શહેરોમાં મધ્યમ વર્ગની બહેનો દ્વારા માતૃ સમાજો પછાત, વર્ગો, અને શ્રમજીવી મજૂરો દ્વારા ઇન્ટુકની એક શક્તિ ઊભી થઈ છે. આર્થિક પ્રશ્નો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુધર્યા છે એટલે સામ્યવાદને ન પેસવા દેવો હોય તો વેપારી સંગઠનો જ નહીં, બધા ધંધાદારી (મધ્યમ વર્ગીય લોકોના) નૈતિક સંગઠનો ઉપર જોર આપવું પડશે.

દેશની મુખ્ય વસ્તી ગામડામાં છે એટલે તેમનું નૈતિક સંગઠન સાધવું જોઈએ અને તેમને આર્થિક સામાજિક ક્ષેત્રે સ્વતંત્ર રાખવા જોઈશે. તેની સાથે આ ગ્રામ સંગઠનોએ કોંગ્રેસને મત નિશ્ચિંતતા આપવી જોઈએ અને એ રીતે તેનું રાજકીય સંધાન કોંગ્રેસ સાથે થવું જોઈએ. આ દિશામાં ગ્રામ્ય પ્રાયોગિક સંઘે સક્રિય દોરવણી આપવાની રહેશે.

કોંગ્રેસને મતનિશ્ચિંતતા આવતાં, તેની જે શક્તિ એ દિશામાં વેડફાઈ જાય છે. તે નહીં વેડફાતાં તે છેલ્લે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કામ કરી શકશે અને જગતની પ્રજાઓમાં નૈતિક જાગૃતિ આણી સક્રિય વિશ્વશાંતિ લાવી શકશે.

આ અંગે પાયાથી કાર્ય કરવાનું છે. તે છે ગામડાં. તેનું પીઠબળ મળતાં કોંગ્રેસનું બળ વધે. દેશનાં પ્રશ્નો અને શાંતિ માટે શાંતિ સૈનિકો તૈયાર કરવા, તે ન થાય ત્યાં સુધી લશ્કર રહે; પણ શાંતિસેના તેના તૈયાર થતાં દેશની શાંતિ અંગે તેણે લોક ઘડતર કરવાનું સક્રિય કાર્ય ઉપાડી લેવું પડશે.

આમ ગામડાં, કોંગ્રેસ અને દોરવણી માટે પ્રાયોગિક સંઘનો અનુબંધ જરૂરી છે. શુદ્ધિ પ્રયોગો દાંડતત્ત્વો અને લાંચરૂશ્વતને દૂર કરવા જોઈએ અને તેને વિશ્વફલક ઉપર લઈ જવા જોઈએ તો તેની નૈતિક છાપ જગત ઉપર પડ્યા વગર નહીં રહે.

છેલ્લી પચ્ચીશીમાં શાંતિમય વાટાઘાટો, અહિંસક સહઅસ્તિત્વ વગેરે બાબતો વિશ્વના રાજકારણમાં પ્રવેશી ચૂકી છે અને તેનું ઉદ્દગમ ભારતની રાજ્ય સંસ્થા કોંગ્રેસ અને તેનો તપ ત્યાગ સેવાના કાર્યક્રમોથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat     www.umaragyanbhandar.com

ભરપૂર ઇતિહાસ છે. તેજ માર્ગે એનું બળ વિશ્વશાંતિ માટે વપરાય એ માટે અનુબંધ વિચારધારામાં તેને મહત્વ આપવામાં આવેલ છે.

## ચર્ચા – વિચારણા

### વિશ્વવાત્સલ્ય સર્વોદય અને કોંગ્રેસ

**શ્રી બળવંતભાઈ**એ આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : મારી દૃષ્ટિએ સર્વાંગી ક્રાંતિ માટે બે સંસ્થાઓ (૧) વિશ્વવાત્સલ્ય (૨) સર્વોદય દેખાય છે. આમ એ બન્નેનાં ધ્યેયને ઉપર ઉપરથી જોતાં એક જ દિશા લાગે છે. બાપુનું અધૂરું કાર્ય આ બન્ને સંસ્થાઓ આગળ ધપાવવા માંગે છે. ૐ મૈયાના પ્રતીક દ્વારા જગતના તમામ ક્ષેત્રો, સંસ્થાઓ અને લોકો વિશ્વવાત્સલ્યની સામે છે જ્યારે સર્વોદય સામે કેવળ થોડી વ્યક્તિઓ છે. રાજ્ય (કોંગ્રેસ) આ બન્ને વચ્ચે આવરણ રૂપ દેખાય છે. છતાં ત્રણેય સંસ્થાઓએ કાર્યક્રમો આપી, પોતે શું છે? તે બતાવી આપ્યું છે.

કોંગ્રેસ સિવાયના બીજા કોઈ રાષ્ટ્રીય પક્ષો પાસે હડતાલ, તોફાન, અને હિંસા સિવાય કોઈ કાર્યક્રમ નથી. સત્તા પર બેઠેલા પક્ષના દોષો બતાવવા સિવાય તેમણે કાંઈજ રચનાત્મક કાર્ય કર્યું નથી. આ બધું જનતા જાણે છે. તેથી સત્તા, સ્વાર્થ અને સોનું તેમજ ધર્મના નામે ભેદો દૂર કરવામાં જો વિશ્વવાત્સલ્ય, સર્વોદય અને કોંગ્રેસ ત્રણેય અનુસંધાન કરીને કામ કરે તો વિશ્વમાં સર્વાંગી શાંતિ અને ક્રાંતિ થઈ શકે. આ કામ ઝટપટ થવું જોઈએ. એટલે જ અનુબંધ શબ્દ ખૂબ અગત્યનો થઈ પડે છે.

### લોકો અને રાજ્ય વચ્ચે નિકટતા અને અંતર :

**દુલેરાય માટલિયા** : "મેં રચનાત્મક સમિતિ સૌરાષ્ટ્રને એક પત્ર લખ્યો છે. તેમાંનો "પક્ષાતીત" ભાગ વાંચું તે પહેલાં રાજ્ય, લોકો અને સંરક્ષણ અંગે થોડુંક કહું. પ્રથમ હાથી, ઊંટ, ઘોડા વગેરે સાધનો રાજ્ય પાસે હતાં. તે સંરક્ષણનું મુખ્ય કામ કરતું. શાસ્ત્રોમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેવળ તલવાર બંદુકો જેવાં સાધનો હતાં. એટલે પ્રજા પાસે હતું તેવું જ રાજ્ય પાસે હતું. પણ, આજે સમય બદલાઈ ગયો છે. આજે રાજ્ય પાસે રોકેટ, જેટ વિમાન અને બોંબ જેવી શક્તિઓ વધવાથી શસ્ત્ર શક્તિ ખૂબ જ વધી ગઈ છે. પૈસા મેળવવાની ચાવી અને સાધનો પણ રાજ્ય પાસે વધી પડ્યાં છે. એટલે રાજ્ય દરેક રીતે પોતાની સર્વોપરિ સત્તા ચલાવવા માગે છે. લોકશાહીમાં માનતું હોય તોયે તે બધાં ક્ષેત્રો, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક શૈક્ષણિક કાર્યક્રમો પોતે જ લઈ લેવા માગે છે. પરિણામે વ્યકિતગત સરમુખત્યારશાહી અથવા પક્ષીય સરમુખત્યારશાહી આવી છે. આમેય રાજ્ય અને પ્રજા વચ્ચેની નિકટતા હટી ગઈ છે અને અંતર વધ્યું છે.

**સંસ્થાઓની સ્થિતિ :** એટલે રાજ્યને પોતાને સ્થાને મૂકવાનું કામ અત્યંત જરૂરી છે. ધર્મસંસ્થા આજે કર્મકાંડ લગી જ મર્યાદિત બની છે. મહાજન સંસ્થા પાંજરાપોળ સંભાળનાર જેવી બની છે. સૌરાષ્ટ્રની રચનાત્મક સમિતિમાં, ખાદી, શિક્ષણ, લોક સંગઠન વગેરે અનેક કાર્યો કરતી સૌરાષ્ટ્રની સંસ્થાઓ જોડાઈ ગઈ છે. કે સંધાઈ ગઈ છે. તેના રાજ્ય સંસ્થા સાથે મીઠા સંબંધો છે. બીજી બાજુ સર્વસેવાસંઘ સાથે પણ તેના મીઠા સંબંધો છે.

આથી મેં આજના યુગે કોંગ્રેસને ટેકો આપવો, તેને ઘડવી, અને શુદ્ધ-સંગીન બનાવવી, તથા જે રાજકીય પક્ષો લોકશાહી સમાજવાદમાં માને છે તેમને કોંગ્રેસ સાથે જોડવા અને બીજા પક્ષોનો વિરોધ કરવો, તેમજ અનિષ્ટો સામે સત્યાગ્રહ-શુદ્ધિપ્રયોગ કરવો વગેરે જણાવતો, વિનવતો લાંબો પત્ર લખ્યો છે.

**પક્ષાતીત એટલે ?** એમાં 'પક્ષાતીત' એટલે પક્ષથી અલગ રહેવું એમ નહીં પણ જેમ ત્રિગુણાતીત કે દેહાતીત એટલે દેહ છતાં નિર્લેપ રહેવું, તે બાપુનું ઉદાહરણ આપીને કહ્યું છે.

બાપુએ વિદ્યાપીઠ સ્થાપી, આશ્રમ સ્થાપ્યો અને હોમ્યો. અંદર જઈ કોંગ્રેસને ઉપર આણી-પ્રતિષ્ઠિત કરી, છતાં સિદ્ધાંત ખાતર અલગ થયાં તોયે ૧૯૪૨માં સરમુખત્યાર બન્યા. સાધુઓ દીક્ષા લેવા છતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગૃહસ્થો સાથેનાં સંબંધો તો રાખે જ છે. એટલે કોંગ્રેસની સાથે રહી પ્રજ્ઞાવાન સંતો અને તત્ત્વ ચિંતકોની દોરવણી અને સંપર્ક રાખી, કોંગ્રેસને માત્ર રાજ્ય ક્ષેત્રે મૂકી વિશ્વરૂપ બનાવવી જરૂરી છે.

**કોંગ્રેસનો સડો:**

આજે કોંગ્રેસમાં આ સડો દેખાય છે: (૧) ઘણાં ક્ષેત્રો કબ્જે કરી વ્યાપ્તિ દોષ વહોર્યો છે. (૨) વહીવટી ક્ષેત્રના દોષો પોતાના ઉપર ઓઢી અવ્યાપ્તિ દોષ વહોર્યો છે, (૩) અને સત્તા તેમજ મોહ માટે હાંડ તત્ત્વો, મૂડીવાદી, કોમવાદી બળોને તે પંપાળવા મંડી પડી છે. આ દોષોને નિવારવા માટે કેવળ ઉંટવૈદુ નહીં પણ ધરમૂળથી ઉખાડવા માટે સાચા ઇલાજ કરવા પડશે. નહીંતર લોકશાહી ઉપરની માનવ શ્રદ્ધા ડગી જશે અને સેનાપતિશાહી કે પક્ષીય સરમુખત્યાહી આવશે. માટે કોંગ્રેસને આંચકો આપીને તથા તે પોતાનું કાર્યક્ષેત્ર યોગ્ય રીતે નક્કી ન કરે તો તેની પાસેથી, પ્રજા અને નૈતિક બળો તથા આધ્યાત્મિક બળોનો સાથ લઈને બીજાં કાર્યક્ષેત્રો પણ આંચકી લેવાના સત્યાગ્રહના પ્રયોગો, કાનૂન ભંગ અને રાજ્ય સંસ્થાને તોડવાનું કાર્ય કર્યા વિના કરવા જ પડશે.

**ઘડાયેલી સંસ્થા કોંગ્રેસ:**

**દેવજીભાઈ:** "ઘડાયેલી સંસ્થા કોંગ્રેસ જ છે. રાજકારણ જો આજના વિશ્વમાં અનિવાર્ય છે તો તપ ત્યાગના ઘડતરવાળી તે સંસ્થા તજે નહીં ચાલે. આ અંગે જૈનોના ગ્રંથોમાં આવતું શૈલક ઋષિનું દૃષ્ટાંત આપવા જેવું છે. શૈલક ઢીલા પડે છે ત્યારે ૪૯૯ શિષ્યો તેમને તજી દે છે પણ પંથકમુનિ તેમને તજતા નથી. તેઓ વિચારે છે કે મારા ઉપર ગુરુનો ઉપકાર છે. ગુરુતત્ત્વની આજે જગતને જરૂર છે. જે ઢીલા પડ્યા તે સ્થિર પણ થશે. પોતાની ભક્તિથી ગુરુસેવા કરતા રહ્યા અને એની અસર ગુરુ ઉપર થઇ અને તેઓ સ્થિર થયા. આમ ગુરુ–શિષ્યં બન્નેનાં નામ ઉજ્જ્વળ થયાં; પેલા ૪૯૯નાં નહીં.

એવી જ રીતે કોંગ્રેસથી અલગ થઈને પણ, સંત વિનોબાજી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જયપ્રકાશ, નારાયણ, રાજાજી, કૃપલાણીજી વગેરેએ કોંગ્રેસને સીધો કે આડકતરી રીતે ફટકો મારવાના બદલે તેની શુદ્ધિ અને પુષ્ટિમાં રસ લેવો જોઇએ.

**વિરોધ પક્ષથી શું ફાયદા ?**

**પૂંજાભાઈ :** "આજના લોકશાહી યુગમાં આખો સમાજ એક અર્થમાં રાજકીય પક્ષ છે. એટલે વિરોધ પક્ષોની કયાં જરૂર છે? વિરોધ-પક્ષોથી આ દેશમાં કશો ફાયદો થયો નથી. નુકશાન પારાવાર થયું છે.

મહાગુજરાત જનતા પરિષદ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળી તેથી ખાદી ટોપીની, કોંગ્રેસની અને ગાંધીજીની ભકિતને ધક્કો લાગ્યો, કંઈ પણ લાભ ન થયો. દા. ત. પત્તા રમનાર પહેલાં ડરતા હતા તેમને તોફાન પછી ડર ન રહ્યો. એટલે વિરોધ પક્ષોની આ દેશમાં કશી જરૂર નથી. તેમને સત્તા સિવાય કાંઇ પણ જોતુ નથી. એટલે કોંગ્રેસમાં પણ ભળેલી અનિચ્છનીય વ્યકિતઓ કાંતો દૂર થવી જોઇએ અને કાંતો સુધરવી જોઇએ તેવો જનતા અને જનસેવકોનો કાબૂ જરૂરી છે."

**રાજકીય પક્ષોનો સમન્વય–એક ભ્રમ :**

**પૂ. શ્રી નેમિમુનિએ** કહ્યું : "આપણા દેશમાં કેટલાક લોકો માને છે કે રાજકીય પક્ષોનો સમન્વય થવો જોઈએ મારા નમ્ર મતે એ ભ્રમ છે. કારણ કે ધર્મોનો સમન્વય થઈ શકે તેનું કારણ દરેકના પાયાનાં સારા તત્ત્વો સમાન છે :—અહિંસા, સત્ય, સદાચાર વગેરે. પક્ષોમાં એવું નથી. કેટલાકનો પાયો જનતા પણ નથી સત્તા છે. સેવા, અહિંસા, સત્ય વગેરે તત્ત્વો પણ નથી. એનુ જ પરિણામ છે કે લોકશાહીમાં માનનાર પક્ષ પણ કોમવાદ, મૂડીવાદ, સામ્યવાદ અને દાંડ તત્ત્વોને થાબડવા મંડી પડે છે.

એ માટે જ પૂ. મુનિશ્રી સંતબાલજી આપણી સામે બે ત્રણ વાતો સ્પષ્ટ કરે છેઃ—(૧) કોંગ્રેસને મતથી નચિંત બનાવવી.

(૨) કોંગ્રેસને અન્ય પક્ષો સાથે બાંધછોડ ન કરવી પડે તે માટે, પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠાના ભોગે કોંગ્રેસને શુદ્ધ સંગીન બનાવે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેવી સંસ્થાઓ સાથે જોડવી. આમાંથી જ પૂરક અને પ્રેરક સંસ્થાઓની વાત આવીને ઊભી રહે છે. લોકસંગઠનો કોંગ્રેસનાં પૂરક છે. લોક સેવક સંગઠનો તેનાં પ્રેરક રહેવાં જોઈએ. નૈતિક પાયા ઉપર રચાયેલાં ગ્રામસંગઠનો કોંગ્રેસનું રાજકીય માતૃત્વ સ્વીકારે, તેમ શહેરની ઈન્ટુક મધ્યમવર્ગીય સંગઠન કે માતૃસમાજો પણ એ માર્ગ સ્વીકારે તો કોંગ્રેસ નચિંત બને.

ગામડામાં ગ્રામ પ્રાયોગિક સંઘો અને કસબા તથા શહેરોમાં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘો નૈતિક દોરવણી આપે તો કોંગ્રેસ, ઈન્ટુક અને જનતા શુદ્ધ, ઘડાયેલ અને સંગીન બને. રચનાત્મક કાર્યકરોએ વાણીનો અતિ સંયમ સાધવો જરૂરી છે તેમજ તેમણે રાજ્યાશ્રિત બનવા કરતાં બાપુનો તપ-ત્યાગ સેવાનો માર્ગ લેવો જોઈએ, તોજ તેઓ સક્રિય તટસ્થ અને સત્યાગ્રહી બની તેજસ્વી બની શકશે.

મહાગુજરાતનાં તોફાનો વખતે ગામડાંમાંની અજોડ ગ્રામ ટુકડીઓએ તથા શહેરોની તપસ્યાએ કોંગ્રેસને ઉગારી, શુદ્ધ અને સંગીન બનાવી શકી હતી. કોંગ્રેસમાં મૂડીવાદી કે સામ્યવાદી કે કોમવાદી કોઈ પણ બળ ન પેસે તેની પૂરી કાળજી રાખવી જોઈએ અને તે રાજકીય ક્ષેત્રે કામ કરી શકે તે માટે તેની પાસેથી, આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રો લોકસંગઠનો અને લોકસેવક સંગઠનોને આપવાં જોઈએ.

## એકપક્ષની વાત ક્યારે થાય ?

**માટલિયા** : "અનુબંધ વિચારધારા એકપક્ષની વાત જનતાની તાકાત ઉપર કરે છે. આરબ જૂથની જેમ રાજ્યની તાકાત ઉપર નહીં અને જેમ ધર્મ જો સદાચારનો પાયો સ્વીકારે તો તેનો સમન્વય થઈ શકે તેમ જે પક્ષો લોકશાહીને આચરણ (વાતો) ના પાયા ઉપર સ્વીકારે તો જ તેમને કોંગ્રેસ સાથે ભેળવી શકાય; એ વાત આપણે સ્વીકારીએ છીએ."

મુનિશ્રી સંતબાલજીએ કહ્યું કે નેમિમુનિ અને માટલિયા બન્નેની વાત વસ્તુ તત્ત્વરૂપે એક છે, એટલે અનુભવે બંધનું સાચું સત્ય પ્રગટ થશે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારામાં લોક સંગઠનનું સ્થાન [૮]

મુનિશ્રી સંતબાલજી ] [ ૧૯-૯-૬૧

અનુબંધ વિચારધારાનાં ચાર અંગો ગણવામાં આવ્યા છે. આમાં ગામડું પ્રથમ આવે છે. પણ આની અગાઉ રાજકીય સંસ્થાનું શું સ્થાન છે અને તેમાં પણ કોંગ્રેસને શા માટે મહત્વ આપવામાં આવે છે. તે અંગે વિચાર થઈ ચૂકયો છે. એનું કારણ રાજ્યસંસ્થાનાં આજના લોકો ઉપર વ્યાપક પ્રભાવ અને પકડ છે. રાજ્ય પાસે વિજ્ઞાન છે. બુદ્ધિશાળી લોકો, ધર્મસાધકો એ બધાં પણ સીધી કે આડકતરી રીતે તેમને વશ છે. લોકો પાસે જાણે કોઈ રસ્તો ન હોય તેમ કિંકર્ત્તવ્યવિમૂઢ જેવા થઈ ગયા છે. રાજ્યની આવી પકડથી મોટો ભય એ છે કે તેના કારણે સત્તા અને સાસન ચાલે પણ લોકોની જે નૈતિક જાગૃતિ થવી જોઈએ તે થાય નહીં. આવા સમયે એક આશ્વાસન મળે છે કે જો જનસંગઠનો (લોકસંગઠનો) થાય અને તેનો પાયો નીતિનો હોય તો આ બધું નીતિપૂર્વક ટકે. જનસંગઠન શી રીતે થાય? તો વિચાર્યું કે તેમાં ગામડાં પ્રથમ લેવાં. આ ગામડાંના નૈતિકપાયા પરનાં લોકસંગઠનો કોઈ પણ રાજ્યસંસ્થાને પૂરકબળ હોવાં જોઈએ. આ લોકસંગઠનો ન હોય તો લોકસેવકસંગઠનો ટકી ન શકે. લોકસેવક સંગઠનો સામાન્ય રીતે પ્રેરકબળ છે પણ તે કોનામાં પ્રેરણા જગાડે?



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે એમનું એ પ્રેરિત કરવાનું સ્થાન લોકસંગઠનો અને રાજ્યસંગઠન છે. ગાંધીજીએ રાજકારણને સર્વ પ્રથમ લીધું પણ લોકસંગઠનોનાં અભાવે, લોકસેવક સંગઠનોનો વિચાર કરવા છતાં તે કાર્ય અધૂરું રહ્યું. આજે એ કાર્ય પૂરૂં કરવાની જરૂર છે. કારણ કે વિશ્વના રાજકારણની શુદ્ધિ માટે ભારતને સક્રિય :તટસ્થબળ બનાવવા માટેની અગત્ય છે. અને એ માટે રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસને નચિંત કરવા માટે, તેને શુદ્ધ અને સંગીન બનાવવા માટે પ્રેરક અને પૂરક બળની જરૂર છે.

લોકસંગઠનોમાં પણ ત્રણ સંગઠનો લેવામાં આવ્યા છે : (૧) ગ્રામસંગઠન (૨) નગરના મધ્યમવર્ગીય અને મજૂરોનાં સંગઠનો અને (૩) માતૃસમાજ. આમાં સર્વ પ્રથમ,ગામડાંને લેવામાં આવેલ છે.

આજે ગામડાંની સ્થિતિ શું છે તે અંગે વિચાર કરીએ. દેશમાં યંત્રો વધ્યા છે એટલે ગામડું ચૂંથાઈ ગયું છે. મોટા મોટા શહેરોની વસતિ વધતી ચાલી છે અને ગામડાં ભાંગી પડ્યાં છે. આ બધું હોવા છતાંયે ભારતનો પ્રાણ કહીએ તો તે ગામડાં છે. એનું એક કારણ તો એ છે કે અહીં વસતિ વધારે છે અને તે પ્રમાણે દરેકને ન્યાય પુરઃસર રોજી અપાવી શકે તો તે ગામડાં છે. એશિયામાં વધુ વસતિ વાળાં બે દેશો છે ભારત અને ચીન. ભારતને પોતાની વસતિના જીવન માટે ખેતી ઉપર આધાર રાખવાનો છે. અહીં ખેતી માટે વધુ અવકાશ છે. ચીન તો સામ્યવાદ, તરફ ઢળી ગયું છે એટલે તેનો પ્રશ્ન રહેતો નથી પણ ભારત માટે ગામડામાં વસતી ૮૨% પ્રજાની નૈતિક જાગૃતિ માટે લોકસંગઠનોનો અવકાશ રહે છે.

ગાંધીજીએ બે વાત રજૂ કરેલી. (૧) ભારતનું એકમ ગામડું રહેશે અને (૨) બીજી વાત એ કરી કે કિસાન (ખેડૂત) એ જ કોંગ્રેસ છે. આજે ગામડું અને ખેતી એનો વિચાર કરીએ. યંત્રોની ધમાલ, વિજ્ઞાનની દોટ-અને શહેરનાં આકર્ષણો આ બધાં વચ્ચે ગામડું અટવાઈ ગયું છે. તે છતાં તેને જ જગાડવું પડશે અને બહાર કાઢવું પડશે કારણ કે ગાંધીજીએ નાદ વહેતો કર્યો છે કે ભારતનું મૂળ ગામડું છું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગામડું સરળ છે કોઈ પણ નવો વિચાર મૂકતાં તે તરત અપનાવી શકશે નહીં, પણ તેનું હૈયું સરળ અને કોમળ છે એટલે ત્યાં નવા વિચારોનુ વાવેતર થઈ શકશે. તે ઉપરાંત જનસંખ્યા પ્રમાણે આજે પણ પંચોતેર ટકા ઉપરાંત વસતિ ગામડાંમાં છે. એટલે લોકશાહીની રીતે ટકવામાં ગામડાંનો પ્રથમ વિચાર કરવો પડશે. લોકશાહીમાં જે સત્ય અને અહિંસાની શકયતા છે. તે સરમુખત્યારશાહીમાં નથી. એટલે બે વિકલ્પોમાં લોકશાહીનેજ પસંદ કરી છે. લોકશાહીમાં લોકો મુખ્ય રહેશે. દુનિયાના બીજા ભાગોમાં છે તે પ્રમાણે પક્ષીય લોકશાહી, જે આગળ જતાં સરમુખત્યારશાહીનું જ સ્વરૂપ લે છે તેવી લોકશાહી જોતી નથી. આજે જે રીતની ભારતની સમાજવાદી લોકશાહી છે તેનેજ જગતમાં પ્રેરણા પાત્ર બનાવવાની છે. તે એકલી રાજ્યસંસ્થા કોંગ્રેસથી નહીં થઈ શકે પણ તે માટે સમાજ કાર્ય કરી શકશે. આ સમાજ ગામડાંમાં પડેલો છે. આજે ગામડાં સામે મોટો ભય શહેરનો છે; પણ ગામડાંનું સંગઠન થતાં તે ટકી શકે અને આદર્શ પણ બની શકે.

ગામડાંને ટકાવી રાખવાનુ જીવાડવાનું બીજું કારણ એ છે કે તે જીવવા માટેની સામગ્રી, ખોરાક, પોષાક વગેરે આપે છે. કાચો માલ ત્યાંજ તૈયાર થાય છે. છેલ્લાં દાયકામાં કેવળ ૧૫ થી ૨૦ ટકા જેટલી વસતિ ગામડામાંથી શહેરમાં જતાં, કાચા માલના ઉત્પાદનમાં મોટો ફરક પડી ગયો છે અને અનાજ વગેરે પરદેશથી મંગાવવાની જરૂર આવીને ઊભી રહી છે.

આના કરતાં પણ વધારે વિશેષતા તો ગામડાંની સંસ્કૃતિની છે. રાજ્ય સામે કોઈ પણ પ્રકારનું આંદોલન ન્યાય માટે ઉપાડો ત્યારે નૈતિક બળ જોઈએ; સત્ય અહિંસા જોઈએ. તે ગામડાંમાંથી જ મળી શકે. ગાંધીજીએ સામુદાયિક અહિંસાના પ્રયાસો કર્યા તે ભારતીય જનતાના સહારાથી ગામડાંમાં જે પ્રયોગો થયા તેમાં ગામડાંએ પૂરેપૂરો સાથ આપ્યો. બારડોલીમાં, યૂ. પી. માં, ખેડા જિલ્લામાં, મીઠાની લડતમાં ગામડાંએ મોખરે રહીને મદદ કરી છે; સ્વયંસેવકોને પોષ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આમ જોઈ શકાય છે કે ગામડામાં એક તો જનસંખ્યા વધારે છે (૨) તે જીવન–ઉપયોગી ચીજોનું ઉત્પાદક છે, (૩) ત્યાં શ્રમનું ગૌરવ છે (૪) અને સંસ્કૃતિનાં તત્ત્વો છે. આ બધાં કારણોસર જો તેનું વિશ્વ સાથે અનુસંધાન થાય તો વિશ્વ શાંતિ માટે મહત્વનું કામ થાય.

આજે કયાંયે શાંતિ નથી દેખાતી. બર્ટ્રાંડ રસેલ જેવા શાંતિવાદીઓના મગજમાં મંથન ચાલી રહ્યું છે કે શું કરવું? યુનોના મહામંત્રીનું વિમાની અકસ્માતમાં પૂર્વયોજીત યોજના મુજબ મૃત્યુ થયું. કોંગ્રેસને ચૂંટણીઓમાં ખૂબ મહેનત કરવાની છે. (ચૂંટણીઓ પહેલાંની આ વાત છે.) યૂરોપ, અમેરિકા, ફ્રાંસ અને રશિયા વચ્ચેનાં સંઘર્ષો દૂર થયાં નથી. આ બધાની વચ્ચે શાંતિનો રસ્તો અનુબંધ વિચારધારાનો છે.

તેમાં વ્યક્તિને મહત્વ તેના વ્યક્તિત્વ પૂરતું જ છે. પણ ખાસ મહત્વ તો સમાજને અપાયું છે. સમાજ ઘડાય છે સંસ્થાને લીધે. એ સંસ્થા એવી હોવી જોઈએ કે જેમાં સંસ્કૃતિના અંશો હોય. એટલે જ અનુબંધમાં લોકસંગઠન, રાજ્યસંગઠન, લોકસેવક સંગઠન અને ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓની સંસ્થા એ ચારેનો સાથે વિચાર કરવામાં આવે છે.

ભારતની સંસ્કૃતિમાં, અહિંસક સંસ્કૃતિમાં જેમનો મોટો ફાળો છે, તેઓ છે રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર. છેલ્લાં બે બુદ્ધ અને મહાવીરને ઐતિહાસિક રીતે જાણી શકાય છે. પહેલાં બેને રામ અને કૃષ્ણને રામાયણ અને મહાભારતથી જાણી શકાય છે. ભગવાન મહાવીરે સંઘની રચના કરી જેથી વ્યવસ્થિત રીતે એ યોજના કામ કરે છે–લોકોત્કર્ષ માટે એ યોજના આજે પણ એટલી જ મહત્વની છે. બુદ્ધનો ધર્મ પરદેશમાં એની જીવન તરફની મધ્યમ માર્ગીય નીતિના કારણે વ્યાપક બન્યો.

આ ચારેયને આપણે અનુબંધકાર તરીકે–ક્રાંતિકાર તરીકે ઘટાવી શકીએ. એ ચારેયનો લોકસંપર્ક કઈ રીતે રહ્યો તેનો વિચાર કરીએ. ગામડાં–કે ગ્રામ પ્રજા સાથે તેમનો અનુબંધ નીચે પ્રમાણે હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રામ યુવાન થાય છે. પરણે છે અને રાજ્યાભિષેકના બદલે વનવાસે જવાનું આવે છે. આ ચૌદ વર્ષના વનવાસમાં તેમને સર્વ પ્રથમ વનવાસીઓનો વધુ સંપર્ક થાય છે. લોકસેવક કહી શકાય તેવા ઋષિ–મુનિ–બ્રાહ્મણોનો પણ સંપર્ક થાય છે. આ આદિવાસીઓ જંગલી અવસ્થામાં હતા. ચોરી, લૂંટફાટ કરતા, પણ રામના સંપર્ક પછી બધો સુધારો થઈ થઇ ગયો. એનું કારણ એ કે પ્રજાની સરળતા હતી. સરળતા વગર ધર્મ આવતો નથી. ધર્મના મૂળ સિદ્ધાંતો સત્ય અને અહિંસા છે. પણ તે અન્યાય સામે માથું ઝૂકાવીને નહીં. આ વાતો લોકોના સંસ્કારોમાં વણી દેવા માટે લોકસંગઠનોની જરૂર રહે છે. આદિવાસી અને વાનર-જાતિએ રાવણ સામેના યુદ્ધમાં રામને મદદ કરી છે, અને સંસ્કૃતિમાં મોટો ફાળો આપ્યો છે, એનું કારણ એમને મળેલી રામની સરખી દોરવણી હતી. ગામડામાં જેમ ખૂબીઓ છે તેમ કેટલીક ખામીઓ પણ છે. એક તો એ કે જો દોરનાર ન હોય તો તે અટકી જાય. બીજું ત્યાં રૂઢિચૂસ્તતા વધારે હોય છે એટલે તેમને સીધે રસ્તે લઈ જનાર જોઈએ, નહીં તો તે ઉલ્ટે રસ્તે પણ જઈ શકે છે.

આ બાબતમાં કૃષ્ણ યુગમાં ગામડાંની સરળતા અને લોકસંગઠનને સીધો વળાંક ન આપતાં તે ઉંધે રસ્તે જાય એ બન્ને દાખલાઓ મળી શકે છે. કૃષ્ણને જીવાડવામાં વધારે મદદ, ગોવાળિયાઓએ કરી છે. જો કે મદદ ન મળત તો તેમનો આટલો બધો વિકાસ ન થાત. તેમણે ન કેવળ મોટા મોટા અસૂરોનો સંહાર કર્યો, પણ જરાસંધ અને કંસ જેવાને મારી નાખ્યાં અને દુર્યોધનની સામે લોકસંગઠનની સ્થાપના કરી. એ બધા ગામડાનાં લોકો હતાં અને તેમનું પીઠબળ હતું એટલે કૃષ્ણ ભગવાન ગોપીઓનાં પ્રેમ જોઈને ગાંડા થઈ જતા. આમ કૃષ્ણ ભગવાનને મદદ મળી તે નેસડામાં રહેતી અને સામાન્ય ગણાતી પ્રજાની. આ તો વાત થઈ લોકસંગઠનને સરખી દોરવણી મળે તો તે વ્યક્તિનું બળ બનીને ઊભું રહે તેની. હવે એજ લોકસંગઠનને દોરવણી ન મળે તો તેની પ્રગતિ અટકે અને તે ઉંધે રસ્તે પણ જઈ ચડે એનો દાખલો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યાદવોના નાશ ઉપરથી મળે છે. યાદવો મદમાં આવીને દારૂડીયા, માંસાહારી અને અંતે સ્વયંનાશક બની ગયા. યાદવોના પ્રતીક રૂપે શહેરોને લઈ શકાય. ત્યાં ભપકો દેખાશે પણ બલિદાનની વાત આવશે, કંઈક ત્યાગ કરવાનું આવશે ત્યારે તે અટકી જશે. એટલું જ નહીં, સંસ્કૃતિનો પ્રવાહ ગામડામાં, પછાત વર્ગોમાં અને નારી જાતિમાં વહેતો જોવા મળશે ત્યારે શહેરના ભદ્ર લોકો એને રૂંધવા પ્રયત્ન કરશે. ભેદ-ભાવ ઉપર રચાયેલ શહેરની સભ્યતામાં તો એમને (ગામડાનાં લોકોને) માનવ રૂપે ગણવામાં પણ અશિષ્ટતા આવી જાય છે. શહેરી લોકો એમ માને કે આ ગામડીયાઓ તો અભણ – અજ્ઞાન છે – તેઓ શું જાણે?

બુદ્ધ અને મહાવીર બન્નેએ ઉપદેશ આપતાં પહેલાં તપસ્યા કરી, ફરી ફરી જનસંપર્ક સાધ્યો હતો એટલું જ નહીં લોકોને મહત્વ આપ્યું હતું અને તેમણે પોતાનો ઉપદેશ લોકસભામાં આપ્યો હતો.

આમ બધા સમયમાં રામકૃષ્ણ, બુદ્ધ, મહાવીર અને ગાંધી સુધી જોઈ શકાય છે કે ગામડાના અનુબંધ વગર કોઈ પણ ક્રાંતિકાર–અનુબંધકાર પોતાનું કાર્ય કરી શકયા નથી. ગામડાંઓએ દરેક કાળમાં પોતાનો ફાળો લોકક્રાંતિમાં નોંધાવ્યો છે. વચમાં ભકિતકાળ આવ્યો તો તેમાં પણ ગામડાંઓ તલ્લીન બન્યાં. પણ જે એક વસ્તુ ભૂલાઈ જવા પામી તે એ કે તેમને સંગઠિત શકિત રૂપે કોઈએ આગળ ન કર્યા. જો ગામડાં સંગઠિત હોત તો પરદેશીઓ આવી શકયા ન હોત અને અહીંની ભેદભાવની નીતિનો લાભ ન લઈ શકયા હોત.

છતાં આજે ગ્રામસંગઠન–લોક સંગઠનને ઘણો અવકાશ છે. ગામડાંઓમાં આજે સહકારી મંડળીઓ કાર્ય કરે છે; પંચાયતો ચાલે છે; હરિજનો તરફ ભેદભાવ ઘટયો છે; પછાત વર્ગોને આગળ વધવામાં દરેક શકય મદદ ઊભી થઈ છે.

કેટલાક ગામડે તો ભલે ઘરમાં ભેદભાવ હોય પણ સમાજમાં હરિજનો પ્રતિ ભેદભાવ ઓછો થયો છે. કોઈ સારા–માઠાં પ્રસંગે તેમની જમીન–મિલ્કત બધું યે કામ આવે. ગામડાઓ કાર્યકરોને પોષે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ છે. કોઈ સાધકે આવે તો નમી પડે છે અને બધી જરૂરત પૂરી પાડે છે.

એક જ વસ્તુની કમી છે કે ત્યાં વ્યાપક દૃષ્ટિ ઓછી છે. તેની પૂર્તિ પ્રાયોગિક સંઘે (રચનાત્મક કાર્યકરોના સંઘે) કરવી જોઈએ. ગામડામાં જે બુદ્ધિશાળી લોકો ગયા તે કેવળ ધન અને સત્તા માટે ગયા. તેમની બુદ્ધિનો ઉપયોગ, તેમના ઉત્થાન માટે ન થયો. એટલે પછાત વર્ગો અને શ્રમજીવીઓ પાછળ રહી ગયા. ત્યાં જે સંકુચિતતા છે, ઈર્ષ્યા છે તેને તો દૂર કરી શકાશે, લોકસેવકો આવ્યા અને લોકશાહીને તેમણે સ્થિર કરી. ચૂંટણી આવી એટલે રાજકારણ આવ્યું; સાથે રાજ્ય સંસ્થા આવી. એમાં ઉણપો હશે પણ તેને પૂરી કરવા કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

ગામડાંની જે ચાર ખૂબીઓ છે:—(૧) જનસંખ્યા, (૨) જરૂરતોનું ઉત્પાદન, (૩) શ્રમ અને (૪) સરળતા, એને બહાર લાવવી જોઈએ અને તેની અંદર જે બગાડ થયો છે તેને દુર કરવો જોઈએ.

થોડાં વર્ષ પહેલાં અમેરિકાથી એક કુટુંબ આવેલું. તેમને ભારતના ગામડાની સંસ્કૃતિનો અભ્યાસ કરવો હતો અને ગામડાં ઉપર ગાંધી યુગની કેટલી અસર છે તે પણ જોવું હતું. એટલે પક્ષાપક્ષીની અસરથી પર એવાં એક નાનકડાં ગામમાં રહ્યા હતા. આનો અર્થ એ થયો કે સાચી સંસ્કૃતનાં દર્શન ગામડામાં જ થઈ શકે છે. શહેરોમાં નહિ.

આપણે ખૂબીઓ વધારવાની છે અને ખામીઓ દૂર કરવાની છે. આ કામ કોઈ એકલ–દોકલ વ્યકિતનું નથી, તેમ જ એનું ક્ષેત્ર પણ કોઈ એક–બે વ્યકિત નથી. એટલે સંગઠનની વાત આવી છે. સંગઠન સિવાય વ્યાપક સમાજને અસર પહોંચાડી શકાય નહીં; સારાં તત્ત્વોને લઈ લેવાં અને બુરી આદતોને દુર કરવી આ માટે બધાયે પ્રયત્ન કરવો જોઈએ.

ગામડામાં બે ખામીઓ મુખ્ય છે. એક તો વ્યાપક દૃષ્ટિનો અભાવ; અને બીજી દાંડ તત્ત્વો સામે થવાની હિંમતની કમી. એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ બાબતોમાં પૂર્તિ કરવી રહી. પછી આ ગામડાંઓ કોંગ્રેસના પૂરક બળ બની રહે તો કેટલો ફાયદો થઈ શકે તે પણ અગાઉ વિચારાઈ ગયું છે.

આ ગામડાંઓમાં જે ખૂબીઓ પડી છે. એના ઊંડાણમાં જે તત્ત્વ પડયું છે તેને પ્રગટાવવાનું છે. જો તેમ નહીં થાય તો સત્ય અહિંસા-વાળી લોકશાહી અને સાચો સમાજવાદ નહીં આવે, કેવળ રોજી-રોટલી નિમિત્તે સંઘર્ષ કરતાં લોકો નજરે ચઢશે; રવિશંકર મહારાજ ચીન ગયેલા. ત્યાં જોયું તો દેવમૂર્તિઓ ઉપર ધૂળ ચડેલી. તેમણે લોકોને પૂછયું : "આમ કેમ ?" તેમને જવાબ મળ્યો કે બુદ્ધિની પ્રતિમા છે પણ હવે તે અમારા ઉપાસ્ય દેવ રહ્યા નથી. હવે આ કોદાળી–પાવડો અમારા ઉપાસ્ય દેવો છે. આ ગામડામાં રહેલ ખામીઓ દૂર ન કરવાનું પરિણામ !

ત્યારે ભારતના ગામડાંઓમાં ગાંધીયુગમાં તેની ખામીઓ દુર કરી, ખૂબીઓ પ્રગટાવવાના ઘણા કાર્યક્રમો થયા છે. એટલે જ પેલા અમેરિકનને ભારતના ગામડાંમાંથી કેટલાંક સુંદર તત્વો મળ્યા તે એની વિશેષતા છે.

આજે જ્યારે વિશ્વયુદ્ધ ફાટી નીકળે તેવાં સંયોગો ઉભા થયા છે ત્યારે અહિંસક ઢબે તેને નિવારવાના ઉપાયો યોજાય એ જરૂરી છે. ગામડાં ઉપર શહેરનું જે નિયંત્રણ છે તેને અહિંસક રીતે દુર કરવા માટે વિચારવાનું છે. આ માટે રાજ્ય સંસ્થા પાસે મદદની આશા રાખવી વધારે પડતી છે. તે માટે જનતા દ્વારા ક્રાંતિ કરવી હોય તો લોકસંગઠનના મુખ્ય ભાગ રૂપે ગ્રામ સંગઠનની ખાસ જરૂર છે.

મને શ્રદ્ધા છે કે ગામડામાં આ બધા બળોનો અનુબંધ થાય તો ભારતનું ગામડું વિશ્વનું પ્રેરણાસ્થાન બની જશે અને કોંગ્રેસ ઘડાશે, નહીં તો તેનું રૂપાંતર થઈ જશે. એ રીતે અહિંસક સમાજ રચના શક્ય બનશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચર્ચા – વિચારણા

## યૂરોપની નગર સંસ્કૃતિનો વારસો:

આજની ચર્ચા ઉપાડતાં **શ્રી માટલિયાએ** કહ્યું : માલપરા બાજુમાં અમો જે ભૂગોળ દશમા ધોરણમાં ચલાવીએ છીએ; તેમાં યૂરોપ અને એશિયાનાં ગામડાંની સરખામણી કરીએ છીએ. મારે કહેવું જોઈએ કે યૂરોપનો વિકાસ નગરોને કેંદ્રમાં રાખીને થયો છે. ત્યાં જે નગર હોય એની આસપાસ ભલે ગામડાં હોય પણ તેનું કેંદ્ર શહેર રહેવાનું. રોમના ઈતિહાસમાં, શિબિરમાં પણ એવું સાંભળ્યું છે. દુર્ભાગ્યે બ્રિટીશરોનો એ વારસો આપણુને મળ્યો છે તે હજુ પણ મોટેભાગે છે. મુંબઈ, અમદાવાદ જેવાં કોરપોરેશનોને જે અધિકારો છે તે ગામડાંને મળ્યા નથી.

## ગામડું સ્વાવલંબી :

નહીં તો, સન ૧૮૬૧ સુધી કોઇપણ ગામડું પોતાના ન્યાય માટે રાજ્ય પાસે ન જતું. હા, મોગલકાળમાં હિંદુઓ કે મુસલમાનોની જ્યાં જંગી બહુમતી હોય ત્યાં લઘુમતીને અન્યાય ન થાય તે માટે રાજ્ય સામે જોતું થયેલું પણ, મુસ્લિમ રાજાઓ જ્યાં તટસ્થપણું લાગે તે ગામડાંને જ આવો ન્યાય કરવાનું સોંપી દેતા. જાનમાલની રક્ષા માટે પણ ગામડું મોટાભાગે સ્વાવલંબી હતું. શિક્ષણનું પણ તેવું જ હતું. બંગાળના ઇતિહાસમાં, નેવું ટકા શિક્ષણ બ્રાહ્મણ ગુરૂઓના હાથમાં હતું અને તે અંગે ગામડું સ્વાવલંબી હતું. દુષ્કાળો પડે ત્યારે રાજાઓ અને શ્રીમંતો સામેથી મદદ કરવા ભલે આવે, બાકી અનાજ અંગે સ્વાવલંબન અને સાવચેતી રહેતાં. અનાજ – ગોળ વિ.માં સડો ન પેસે તેમ તેને સાચવી રાખવામાં આવતાં. અવરજવરનાં વધુ સાધનો નહીં, તેમ વધુ સ્વાર્થ નહીં એટલે સાધર્મિકોને જમાડવાનું; અન્નક્ષેત્રો, અને ધર્મસ્થળોમાં યાત્રીજમણ વગેરે ચાલુ જ હતાં. ગુજરાતમાં આજે પણ કેટલી જગ્યાઓ, ભગતની જગ્યાઓ અન્ન ક્ષેત્રનાં સ્થાન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**આજનો બગાડ :**

જો કે એમાં આજે બગાડ ઘણો પ્રવેશી ગયો છે. સો વર્ષ પહેલાં એટલો બગાડ ન હતો. આમ શક, હૂણ, યવન, મોગલ વગેરેનાં આક્રમણો અને આવા ગમનો છતાં ગ્રામ-સંસ્કૃતિ આબાદ હતી. જ્યારથી અંગ્રેજોએ ખેડૂતોની જમીન પરનો કબ્જા હક વેચી નાખવાનો, ગિરો મૂકવાનો, જપ્ત કરી શકવાનો, કાયદો કર્યો ત્યારથી રાજ્યનો હાથો શાહુકાર બન્યો. હજારો ખેડૂતો જેલમાં ગયા; વ્યાજ ઉપર કાબૂ ન રહ્યો; જમીન જાય તોયે રાજ્ય ખેડૂતને રક્ષણ ન આપે. પરિણામે ગામડાં ભયભીત બન્યાં. ગ્રામ સંસ્કૃતિ જમીન વેચાણ, વ્યાજ, કુર્કી અને જેલના ત્રાસમાં પીંખાઈ ગઈ.

ત્યારબાદ થયું કે અંગ્રેજી ભણે તેને નોકરી, રાજ્યના પસાયતોની ચોકી વગેરે કારણ ગામડું રાજ્યાશ્રિત બનતું ગયું. ૧૮૫૭ના બળવા પછી અંગ્રેજો બીના, આથી જ્ઞાતિ અને ધર્મને તેમણે હાથ ન લગાડ્યો પણ જ્યાં અભિમાન અને ભય આવે ત્યાં ધર્મ અને જ્ઞાતિ ટકે શી રીતે? અને ટકે તો કાંટારૂપ ભોંકાય; તે સ્વાભાવિક હતું.

આ રીતે પાંચ હજાર વર્ષનો ખેડૂત-ગ્રામ-સમાજ તૂટી ગયો. સદ્-ભાગ્યે હજુ ધર્મભાવનાનાં મૂળિયાં અને ખેતીની પરિસ્થિતિને કારણે સમાધાન પ્રિયપણું છે. આપણે એ બન્ને પકડીને ગ્રામસંસ્કૃતિને ફરી બેઠી કરીએ.

સંત વિનોબાના "જમીન પરની વ્યક્તિગત માલિકી જવી જોઈએ!" તે સૂત્રને "જમીન વેચી વેચાય નહીં" અને કોઈ કારણે બદલો કરવો પડે તો નૈતિક ગ્રામ સંગઠન દ્વારા થઈ શકે, તે રીતે ઘટાવાય તો ખેડૂત; નીતિથી સંગઠિત અને આજીવિકા માટે નચિંત તથા નિર્ભય બની જાય."

**લોકસંગઠનની અનોખી શક્તિ :**

**દેવજીભાઈ** કહે: "અમે અનુબંધ વિચારધારાના અન્વયે ભચાઉ તાલુકામાં કચ્છમાં ખેડૂત મંડળો કર્યાં તેમના અનુભવો ઘણા સુખદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થયા છે. ગામડાનાં ખમીરમાં બાપુશાહી વણાઈ હતી. બાપુ સફેદ કપડાં પહેરીને ફરે. તેમનાં હાથા "કાટિયા વરણુ" કહેવાય છે તેવા લોકો બને. આવા લોકોને પણ અમે ૫૦-૬૦ની આજીવિકાઓ બાંધી આપી. સમાજમાં તેમને પ્રેમ અને સત્સંગ મળ્યા; પ્રતિષ્ઠા મળી. આથી બાપુ કે ઠાકરો ઢીલા પડ્યા. તેઓ પણ શ્રમજીવી બની ખેતી કરવા લાગ્યા. નાનાં અમલદારો ઢીલા પડ્યા. તેઓ પણ શ્રમજીવી બની ખેતી કરવા લાગ્યા. નાના અમલદારો પણ આવાં તત્ત્વોને જોરે લાંચ, જોહુકમી કરતા, તે પણ ઢીલા પડ્યા.

હમણાં પત્ર આવે છે તેમાં લખે છે: "ગુંડાઓનું જોર હવે તૂટી જ ગયું છે. કારણ કે સમાજમાં જાગૃતિ આવી છે. આથી કાંતો તેમને સુધરવું પડશે અને કાં તો ભાગવું પડશે." આમ સંગઠન સાચું હોય અને યોગ્ય માર્ગદર્શન મળે તો બધાં ગામડાંનું સંગઠન જગતભરમાં અનોખી ભાત પાડશે."

**ચારેયનો અનુબંધ :**

પછીની પ્રશ્નાવલીમાં એવો સાર નીકળ્યો : "આજે ચારેય અંગોનો અનુબંધ નથી. સંઘબળ વગર ભલભલા વ્યક્તિને ટકવું પણ દુર્લભ છે છતાં પ્રતિષ્ઠા, પ્રાણુ અને પરિગ્રહને હોમનારાં સાધુઓ સંકટ સમયે ટકી શકે તો સમાજને અહિંસાની દિશામાં ઘણું આગળ વધવાનું નિમિત્ત ઊભું થઈ જાય.

એક સમાજ ન આવકારે તો બીજો સમાજ આવા સાધુસાધ્વીઓને મળીજ રહેવાનો. ભગવાન મહાવીર તો ચાલી ચલાવીને અનાર્ય દેશમાં ગયાજ હતા. એમના અનુયાયીઓ પણ એજ ચીલે ચાલે તો ઘણું થઈ શકશે.

卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારા અને ગ્રામસંગઠિત [૯]

મુનિશ્રી સંતબાલજી ] [ ૨૯-૯-૬૧

અનુબંધ વિચારધારામાં લોકસંગઠનોનું સ્થાન, એના અન્વયે ગામડું અને ગ્રામસંગઠન અંગે પ્રારંભિક વિચાર થઈ ચૂકયો છે. ગામડાંમાં ખૂબીઓ કયાં છે. અને ખામીઓ કયાં છે તેની પણ વિચારણા થઈ ચૂકી છે. આજે ગ્રામસંગઠનો કરવામાં કઈ કઈ વસ્તુ જોશે અને કયો મસલો ત્યાં છે તે જોઈએ

**ગ્રામસંગઠન શા માટે?**

એ અંગે ગાંધીવિચાર પ્રમાણે આપણે જોઈ શકયા કે લોકશાહી સમાજવાદ માટે જે પાયો છે તે ગામડું છે. તેની અંદર આપણી સંસ્કૃતિનાં ઊંડા મૂળ પડયાં છે. ગામડાનું મહત્ત્વ ચાર બાબતોને લીધે છે:—(૧) જનસંખ્યા (૨) જરૂરતોનું ઉત્પાદન (૩) શ્રમનો આનંદ (૪) સરળતા.

આ ચારેય બાબતો શહેરમાં જોવા નહીં મળે. આજે શહેર વિજ્ઞાન અને આધુનિકતામાં તેમ જ કેટલીક બીજી બાબતોમાં આગળ છે પણ સ્વરાજ્ય આવ્યાના પંદર વર્ષ પછી પણ ત્યાં પશ્ચિમનો પવન વધારે જોરથી ફૂંકાઈ રહ્યો છે. ગામડાંમાં પણ જો કે એની થોડીઘણી અસર પહોંચી છે પણ હજુ ત્યાં પૂર્વની અસર ઊંડી છે. જનસંખ્યાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દૃષ્ટિએ મહા નચિંતપણું કે પીઠબળ તેનું સદ્ધર ગણી શકાય. જીવનની જરૂરતનો માલ તે જ બનાવે છે. લોકો સરળ છે અને શ્રમજીવીઓ છે. એટલે લોકશાહી સમાજવાદને ટકાવી રાખવો હોય તો ગામડાંના સંગઠનો નૈતિક ભૂમિકાએ થાય એ જરૂરી છે.

આ ગામડાંનું અનુસંધાન રાજ્યસંસ્થા સાથે કરવાનું છે. એટલે રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસને લીધી છે. અને વિશ્વના પ્રશ્નો માટે 'યૂનો'ને લેવામાં આવી છે. હવે આ અનુબંધ વિચારધારા પ્રમાણે બન્નેનો લોકસંગઠન અને રાજ્ય સંસ્થાનો—અનુબંધ જોડવાનો છે; તો એ કાર્યને ગતિ કોણ આપે? એનો સીધો ઉત્તર એ જ છે કે લોકશાહીમાં તો લોકો જ ગતિ આપે. લોકો વધારે પડતા ગામડાંઓમાં છે.' એટલે ગામડાં જ તેને ગતિશીલતા આપી શકશે. પણ ખૂબીની વાત એ છે કે તેમ બનતું નથી. એનું કારણ એ છે કે લોકોની સંખ્યા વધારે છે; પણ તે સંગઠિત ન હોઈને તેની અસર પડતી નથી. એટલે જ ગ્રામસંગઠનો ઊભાં કરવાની જરૂર છે.

## પાંચ વધારે કે હજાર?

એક દાખલો આપું! આ તો સમજવા માટે છે. એકવાર સવાલ આવ્યો કે પાંચ વધારે કે સોળસો વધારે? આમ તો સંખ્યાની દૃષ્ટિએ સોળસો વધારે લાગે છે પણ વાસ્તવમાં પાંચ વધી જાય છે.

એકવાર સોળસો માણસની વસતિવાળા ગામમાં ધાડ પડી. આખા ગામને પાંચ લુંટારાઓ લૂંટી ગયા. એમની પાસે શસ્ત્રો હતાં તે કરતાં ગામમાં વધારે હતાં. સંખ્યા વધારે, શસ્ત્રો વધારે તે છતાં ય તેઓ હાર્યા, એનું કારણ શું! કયું તત્ત્વ ખૂટયું? તેની કડી મળી ગઈ કે પેલા પાંચ કડી બનીને આવ્યા હતા. પાંચ એકડા ભેગા થાય એટલે ૧૧૧૧૧ અગ્યાર હજાર એકસો અગ્યાર થાય. પેલા ગ્રામવાળા બધા જુદા જુદા હતા. બોલો કોણ વધે? બીજી વાત એ હતી કે પેલાં પાંચમાંથી એક ઉપર ઘા પડે તો બીજો ઝીલે. ગામડાવાળામાં કોઈ પર ઘા પડે તો બીજા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાગી જાય. એટલે પેલાઓમાં હિંમત અને સંગઠન વધુ, જ્યારે અહીં કાયરતા અને ભાગલા!

આ દાખલો આપ્યો પણ આ જ ખામીઓના કારણે ગામડાં આગળ આવી શકતાં નથી. આજે ગામડાંનો દોર સંચાર જોવા જઈએ તો કોના હાથમાં છે? શહેરોની પછવાડે કસ્બા (નગર) ચાલે છે. નગરની પાછળ ગામડાં ચાલે છે અને ગામડાં પણ અમૂક દાંડ તત્ત્વો કહે તેમ ચાલે છે. જ્યાં સુધી લોકસંખ્યા સંગઠિત નહીં હોય ત્યાં સુધી કોંગ્રેસ ઉપર વજન નહીં પડે. કદાચ કોઈ બીજી રીતે લાવવા માગતું હોય તો પણ તે જૂથ બાજી કરીને સત્તા દ્વારા લાવી શકે છે. પણ જનતા દ્વારા ક્રાંતિ કરવી હોય તો બધો વિચાર કરવાનો રહે છે.

એ માટે ગામડાંના નૈતિક પાયા ઉપર સંગઠનો કરી તેમનુ અનુસંધાન વિશ્વ સાથે કરવું પડશે. જો તેમ ન થાય તો ગામડું અલગ પડી જવાનું અને અંતે તે પડી ભાંગવાનું, ઇતિહાસના પાને એવું પણ જોવા મળે છે કે જ્યારે આક્રમણકારીઓ આવ્યા ત્યારે દરેક ગામડાંવાળાઓએ એમ કહ્યું; "અમારૂં ગામ ન લૂંટશો. આગળ જાવ!" તેણે આમ પોતાનો બચાવ કર્યો; આખા દેશનો નહીં. દરેકનો નોખો ચોકો–રસોડું. બીજે ગમે તે થાય પણ આ ચોકા–ચોકઠામાં કંઈ નહીં. હું તો શુદ્ધ જ રહું છું. આમ ગામડું પોતે સલામત રહેવા ગયું અને દેશમાં ભંગ પડતો ગયો. છેવટે એની અસર ગામડાંને થયા વગર ન રહી.

અગાઉ ન્યાયનું કામ બાદશાહો ગામડાંને જ સોંપતા. કેળવણી કેવી આપવી તે પણ તેમને જ નક્કી કરવા દેતા પણ આજે વિચિત્ર પરિસ્થિતિ છે. પોલિસ પટેલ ગામનો; પણ નોકર સરકારનો, મહેસુલ પટેલ પણ સરકારી, તલાટી તોલમાં ઊભો રહેનાર, તે પણ હવે સરકારી. આ બધા અગાઉ ગામમાંથી જ ન્યાયપૂર્વકનું વળતર પામતા. પણ હવે એ બધો પ્રબંધ રાજ્યે હાથમાં લીધો એટલે રાજ્ય તેમનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પગાર ચુકવે છે. એટલે અગાઉ જે પોતાના ગામની ભાવના હતી તે રાજ્યની અંદર જતાં, સરકારી નોકરશાહીમાં બદલાઈ ગઈ છે. આજે ફરી ગામડામાં પ્રારંભની ' એક મોટા કુટુંબ ' જેવી ભાવના ઊભી કરવી પડશે અને તે એમના નૈતિક સંગઠન વગર નહીં આવે.

આજે લોકો બૂમો પાડે છે કે રાજ્ય આમ કરે છે? રાજ્ય તેમ કરે છે. હિંદની સંસ્કૃતિ ચાલી ગઈ. પણ એ બુમો પાડવાથી શું અર્થ સરવાનો છે? કોઈ પણ પ્રશ્નનું મૂળ જોવું જોઇએ. પ્રથથ નદી ક્યાં જાય! નદી મળે નદને, નદ મળે અખાતને અને અખાત મળે સમુદ્રને. આમ તબક્કાવાર કામ થવું જોઈએ. તબક્કા ઊભા થવા જોઇએ. એનો પહેલો તબક્કો ગામડું છે. ત્યાં હજુ પણ સંસ્કૃતિનાં ઊંડા મૂળ પડયાં છે, ત્યાં અતિથિ સત્કાર પડયો છે. દુષણોએ ઊંડા મૂળ નાખ્યાં નથી. શહેરમાં તો બધું રેલાઈ ગયું છે. એટલી હદે ગામડું ગયું નથી. તો તેની બાજી સુધારી લેવી જોઈએ. એ સુધરશે એટલે શહેરી બુદ્ધિશાળી છે. તે તો તરત સુધરી જશે.

ગાંધીજીએ એક ઠેકાણે એવો ઉલ્લેખ કર્યો છે કે: “ સ્વરાજ્યમાં દિલ્હીનું તંત્ર ખેડુત ચલાવશે. એ રહેશે ગામડાંમાં, હળ ચલાવતાં, ચલાવતાં રાજ્ય ચલાવશે.” એની વ્યાખ્યા એ કરી કે પંડિતજી એનાં મંત્રી તરીકે કામ કરશે.

આનો અર્થ એમ કરી શકાય કે ઘરમાં બેઠેલી માતા એવા અહિંસક પ્રયોગો કરે કે આંતરખંડીય શસ્ત્રો ( રોકેટ ) જેમ ધારેલ નિશાને પહોંચી જાય છે તેમ એનો લાકડીયો તાર દરેક ઠેકાણે પહોંચી જાય તો દેશમાં અને વિશ્વમાં તેની અસર કરે. ભરવાડ લોકોને ગુજરાતની વાત ખાનદેશમાં પહોંચાડવી હોય તો પોસ્ટના તાર કરતાં તેમનો લાકડીઓ તાર જલદી પહોંચી જાય છે. તેનું સંધાન એવું કરેલું હોય છે. એવી જ રીતે ગામડાંનું સંધાન ભારતમાં, અને ભારતનું સંધાન વિશ્વ સાથે એવી રીતે હોવું જોઈએ કે એક માતા, કે એક હળ હાંકતો ખેડૂત તેઓ આવા કોઈ લાકડીયા તાર જેવા સંધાનથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંધાઈ જાય અને તેની અસર વિશ્વમાં પહોંચાડી શકાય. આ બાબતમાં જરા પણ શંકા નથી.

આપણે જો કોઈ પણ પરદેશનાં સારા ગામડાંની વાત અહીં સાંભળી શકીએ તો ભારતનાં ગામડાંનું સંધાન પણ વિશ્વ સાથે શા માટે ન થઈ શકે. પણ આ સંધાનનું કાર્ય તબક્કા વાર થવું જોઈએ! નદી નદને, નદ અખાતને અને અખાત સમુદ્રને મળે એમ ગામડાંનું અનુસંધાન કોંગ્રેસ સાથે; કોંગ્રેસનું આખા ભારત સાથે અને ભારતનું વિશ્વ સાથે અનુસંધાન થતાં એક ગામડું વિશ્વ સાથે અનુસંધાન સાધી શકે.

## વિશ્વના અનુસંધાન માટે કોંગ્રેસને જ માધ્યમ :

કોંગ્રેસ માટે લોકોને ઘણું કહેવાતું છે એ સડી ગઈ છે; બગડી ગઈ છે. એ અંગે અનુબંધ વિચાર ધારામાં રાજકીય સંસ્થા સંબંધમાં લંબાણથી ચર્ચા-વિચારણા કરતી વખતે તેનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. આજે વિશ્વ સાથે અનુસંધાન કરવું હોય તો બીજી એવી કઈ સંસ્થા છે. જે એ કામ કરી શકે? કોઈ ધર્મ સંસ્થા પણ એવી નથી કે જે 'યૂનો'માં પ્રભાવ પાડી શકે એટલે જેનો કોઈ આદર્શ છે; જેને લોકશાહીની તમન્ના છે વિશ્વહિતની દૃષ્ટિ છે તેવી કોંગ્રેસજ નજર સામે આવે છે.

એક ચૂંટણી વખતે જયપ્રકાશજી આવેલા. ત્યારે રવિશંકર મહારાજે પૂછેલું કે 'પ્રજાસમાજવાદી પક્ષને સરકાર સોંપી દેવામાં આવે તો તમે ચલાવશો?" તો તેમણે જવાબ આપ્યો: "અમારી પાસે ક્યાં એટલા બધા માણસો છે?" જો પ્રજાસમાજવાદી પક્ષ પાસે એટલા બધા માણસો નથી. શક્તિ નથી તો જનતા કેવી રીતે તેમના ઉપર વિશ્વાસ મૂકી શકે. ક્રાંતિ કરવી હોય તો તે સત્તા દ્વારા કે જનતા દ્વારા? તે નક્કી કરી લેવું જોઈએ. સત્તાઓ દ્વારા થતી ક્રાંતિમાં લોક-પરિવર્તન થતું નથી ત્યારે જન જાગૃતિએ થતી જનતા વડેની ક્રાંતિમાં સુખ શાંતિ અને સમાધાન આવે છે. પણ હવે, કોંગ્રેસ પણ સત્તા દ્વારા ક્રાંતિમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માનતી થઈ છે; એ દુઃખદ છે. લોકશાહીનો મૂળ પાયો લોકો–ગામડાં છે એ ભૂલાઈ જવાય છે. રાજ્ય ચલાવવાનો અધિકાર પ્રતિનિધિઓનો આધાર તો જોશે ને? માત્ર જનતા જનતા કરવાથી જનતા આવી જતી નથી. એ જનતા માટે લોકસંગઠન જરૂરી છે. એની ઉપેક્ષા કરવાથી તે ઊંધે માર્ગે દોરવાઈ જાય એનો હંમેશાં ભય રહેલો જ છે.

## ગાંધીજીની દોરવણી અને પસંદગી :

સંત કબીરે કેટલું કામ કરી બતાવ્યું? પ્રત્યક્ષ આચરીને બતાવ્યું બતાવ્યું પણ એ વાત આગળ ચાલી નહીં. તેનું કારણ સંગઠનો થયાં નથી. એટલે જે કાર્ય લોકો સુધી પહોંચવું જોઈએ તે અટકી જાય; અથવા થાય તો તે એક નાના વાઢા રૂપે ચાલે.

આનાથી જુદું કામ ગાંધીજીએ કર્યું. તેમણે વાડો ન બનાવ્યો પણ વિશાળ ધ્યેયવાળી કોંગ્રેસ સંસ્થાને માધ્યમ બનાવી અને પોતાના કાર્યને સમસ્ત ભારત સુધી લંબાવ્યું. તેમણે પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહ છોડ્યાં; ધર્મનું સંશોધન કર્યું અને એ બધાનો સાર, તેમણે કોંગ્રેસને સબળ માધ્યમ બનાવી; તેની પ્રગતિ કરી, દેશને સંભળાવ્યો.

ગાંધીજીના જીવનમાં સમૂળી સક્રિય ક્રાંતિ માટેનાં મંથનો ઠેર ઠેર જોવા મળે છે. એમની મુખ્ય વાત અહિંસા દ્વારા ક્રાંતિ કરવાની હતી અને આજે પણ તેનો જગત ઉપર પ્રભાવ છે કે ભલે અણુશસ્ત્રો બનાવ્યા હોય. અવકાશે જતાં હોય છતાં લોકો–જગતનાં બળો–શાંતિમય વાટાઘાટોમાં માને છે.

ગુરુ નાનકે ઘણી સુંદર વાતો કરી પણ તેમણે પોતાનો વાડો કરી લીધો. પરિણામે એ વાતો એ વાડામાં જ અટવાઈ ગઈ. કબીરે નવો વાડો ન બનાવ્યો. પણ વ્યાપકતા પામે એ રીતે તેમણે કાર્યક્ષેત્ર ન ફેલાયું એટલે ટૂંકા ક્ષેત્રમાં જ ક્રાંતિ અટકી ગઈ. દૂધપાક ગમે તેટલો મીઠો હોય પણ તેમાં થોડુંક મીઠું પડે તો બગડી જાય, એવું જ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાડાબંધીમાં થાય છે અને દુધપાક ગમે તેટલો સારો હોય પણ તેને પીનાર ન હોઈને તે વ્યક્તિવિશેષ સુધી જ સ્વાદ-લાભ આપે છે. દયાનંદ સરસ્વતીએ ત્યારબાદ કાર્ય આગળ ધપાવ્યું. તેમણે માધ્યમ રૂપે નવો સમાજ-(સંસ્થા) રચ્યો. પણ ગાંધીજી અને તેમનામાં ફેર છે. દયાનંદે કહ્યું : "મને ઝેર આપો તો હું સહી લઉં પણ સમાજ એ નહીં ચલાવી શકે. તેણે તો હિંસક રીતે પણ સામનો કરવો જ જોઇએ." આમાં અહિંસક રીતે ઘડાયેલ સમાજ કરતાં, "ઇંટનો જવાબ પથ્થરથી" એવી પ્રતિહિંસાની ભાવનાવાળા સમાજની ઝલક જોવા મળે છે. પરિણામે તેમણે જે ઉગ્ર સુધાર કરેલો તે આજે તેમના અનુયાયી પૂરતો જ આદર પામે છે. આ અનુયાયીઓએ પણ તેને વાડામાં બાંધી લીધો છે.

ત્યારે દયાનંદ સરસ્વતી કરતાં ગાંધીજીએ જુદી જ વાત કરેલી. તેમણે અહિંસાથી કામ લેવાની વાત કરી હતી. તેમણે કહેલું : "હાકલ પડી છે માતની" એ માતા કોણ? એમણે હિંદની જનતાને માતા રૂપે રજૂ કરી અને લોકોમાં, એક જ દેશના વાસીઓમાં પરસ્પર સદ્ભાવ, પ્રેમ રહેવાં જોઈએ, એમ કહ્યું. દેશે એમનો નાદ ઝીલ્યો. લોકો પોતાનું દુઃખ દૂર કરવા કટિબદ્ધ થયા. કોંગ્રેસના માધ્યમ વડે ગાંધીજી તેમને તબક્કાવાર ચકાસતા ગયા. એ સંસ્થા હતી એટલે બધું થયું. ગાંધીજી એકલા હોત તો આ બધું થાત? બીજાની જેમ તેમના ગયા પછી બધું ચાલ્યું ગયું હોત. પણ રહ્યું છે તેનું કારણ સંસ્થા છે. એ સંસ્થા-કોંગ્રેસમાં દોષ નથી, એમ તો ન કહી શકાય પણ એ દોષોને દૂર કરવા માટે તો ગ્રામસંગઠન અને પ્રાયોગિક સંઘોની રચનાની વાત છે.

ધર્મ અને ધાર્મિક સંસ્થાઓની આજે વધારે પડતી જવાબદારી છે. એક તરફ વિજ્ઞાન વધી રહ્યું છે. જો તેમાં ધર્મ ન ભળે તો એ વિનાશને નોતરશે. આજનો યુગ વિજ્ઞાનનો છે અને તેવા સમયે ધર્મની મહત્તા બતાવ્યા સિવાય ધર્મને ટકી રહેવું મુશ્કેલ છે. બીજી તરફ લોકોના દિલમાં ધર્મ પ્રતિ દિવસે દિવસે શ્રદ્ધા ઓસરતી જઈ રહી છે. પં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જવાહરલાલ નેહરુ માટે પણ એવું કહેવાય છે કે, એમની આગળ ધર્મની વાત કરો કે એ નારાજ થશે પણ તેમનાં દરેક કાર્યમાં અનંત ધર્મશ્રદ્ધા અને માનવહિત રહેલાં હશે. ઢેબરભાઈ કહેતા હતા કે તેમના પોતાના ખંડમાં બે છબિઓ છે એક ગાંધીજીની અને બીજી કમળા નેહરુની. તેઓ સતત એ બન્નેનું ચિંતન કરે છે. ગાંધીજીને તો કસ્તુરબાનો સહવાસ છેક છેલ્લે સુધી હતો પણ જવાહરલાને એ પણ નહીં. તે છતાં તેનું (કમળા) રટણ તેઓ રાતદિવસ કરે; અને તેની છાયા રૂપે ઈંદિરાને સાથે જ રાખે છે. ગાંધીજીની વાતો યાદ કરે પણ ધર્મની વાત આવતાં નારાજગી બતાવે.

આમ સારા માણસોને ધર્મ પ્રતિ રોષ થવાનું કારણ જોવા જશું તો જણાશે કે સો વર્ષ ધર્મના નામે ૨૭ ધર્મયુધ્ધો (ક્રુસેડ) થયાં. 'અલ્લાહો અકબર' નું નામ લે અને એને નામે છુરી હુલાવે. ધર્મને નામે ભારતના ભાગલા થાય. પૈસા લઇને સ્વર્ગની ચિઠ્ઠીઓ કપાવાય ધર્મગુરુઓ પણ 'God Save the King' જેવી રાજાને મહત્વ આપતી પ્રાર્થના કરે. હિંદુ લોકો અછૂતોને અડે નહીં. આ બધાની અસર પંડિતજી ઉપર પડી છે એટલે કોઇ ધર્મગુરુ મળવા આવે તો દૂરથી નમસ્કાર કરે છે. કોઈ માણસ તેમને પગે પડે તો ગુસ્સે થઇ જાય છે. બધા જ માણસ છે પછી પગે પડવાનું કેવું ?

આ બધી વાતો ગામડાનાં અનુસંધાનમાં થઇ છે. આજે પંડિતજીની નેતાગીરી છે. એ નેતાગીરી વખતેજ ગામડાનું કોંગ્રેસ સાથે અનુસંધાન થઇ જાય, એ જરૂરી છે. ધર્મના નામે આપણે છુટા પડયા છીએ પણ હવે બધાયે ભેગા મળવાનું છે. ગામડાનું અનુસંધાન જો કોંગ્રેસ સાથે થાય તો તે દુનિયાના અનુસંધાન માટે અસરકારક બળ બની શકે.

પણ એનો અર્થ એવો નથી કે જ્યાં જેને પ્રથમ મહત્વ અપાવું જોઇએ તે પણ ભૂલાઇ જવાય!" હમણાં બનાસ કાંઠાના ભાઇઓ આવેલા. ત્યારે ચર્ચા ચાલી કે કોંગ્રેસ નિષ્ઠા પહેલી કે ખેડૂત મંડળ–નિષ્ઠા પહેલ? ત્યારે મેં કહેલું કે "આ વિષયમાં (પ્રશ્નના સંદર્ભમાં)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારે કોંગ્રેસ કરતાં ખેડૂતમંડળની નિષ્ઠાને પ્રથમ ગણવી" એક બાજુ વિશ્વમાં કોંગ્રેસ જેવી ૬૦ વર્ષની ઘડાયેલી અજોડ સંસ્થા છે અને બીજી બાજુ નવા જ દશેક વર્ષની સ્થાપના વાળા ખેડૂત મંડળો છે; તેમાં પણ બનાસ કાંઠા ખેડૂત મંડળ તો નવું જ છે. એટલે તેમને સમજાવ્યા કે "ખેડૂત મંડળના બંધારણમાં સ્પષ્ટ લખ્યું છે કે રાજકીય બાબતમાં કોંગ્રેસનું માર્ગદર્શન અને સામાજિક-આર્થિક સાંસ્કૃતિક અને શૈક્ષણિકક્ષેત્રે નૈતિક માર્ગદર્શન પ્રાયોગિક સંઘનું સ્વીકારવું જોઈએ. કોંગ્રેસી ભાઈઓ માનશે કે નહીં તે આપણે જોવાતું નથી. ભલે એક માણસ હોય પણ નૈતિક માર્ગદર્શન પ્રાયોગિક સંઘનું જ રહેશે."

કહેવાનો ભાવ એ છે કે કોંગ્રેસ સાથે અનુસંધાન કરવાનું છે અને સાથે રૂપાંતર પણ કરવાનું છે. આ વાતો બે પાંચ જણા કરે એટલે કામ કેમ થશે એમ કોઈ કહેશે; પણ અનુસંધાનનો રસ્તો સાફ છે અને તે થતાં બધે અસર થશે જ.

ગણોતધારા અંગે કોંગ્રેસ સરકાર સામે શુદ્ધિ પ્રયોગ શરૂ કર્યો. અમરેલીની બે પંચાયતોએ ઠરાવ કરી ટેકો આપ્યો. ભૂદાન સમિતિએ પણ ટેકો આપ્યો. કોંગ્રેસ જિલ્લા સમિતિ બીજું તો કાંઇ ન કરી શકી, પણ કોંગ્રેસીઓએ ભાગ ન લેવો જોઇએ એવી વાત કરી. આવું તો થશે પણ તેથી કોંગ્રેસ સાથે અનુસંધાન તો બંધ નહીં જ થાય. ગામડાંમાં દાંડ તત્ત્વો ભરાયા છે. તેનું મૂળ કારણ તપાસતાં જણાશે કે સામંતશાહી અને મૂડીવાદ ત્યાં આવેલ છે અને શોષણ થાય છે એટલે ગાંધીજીએ શોષણ મુક્તિ માટે રેંટિયો આપ્યો હતો. પણ એ કાર્યનું સંગઠન આપી શકે તે પહેલાં તેઓ ચાલ્યા ગયા. હવે એ કામ આપણે આગળ ચલાવવું જોઇએ.

## ગામ સંગઠન અંગે તકેદારી :

ગામડાનાં સંગઠનોમાં સહકારી પ્રવૃત્તિને મુખ્ય બનાવવી પડશે. શોષણ ને મટાડવા માટે એ બહુ જ જરૂરી છે. તે ઉપરાંત તેમાં ખેડૂત મંડળ વગેરેનું ચોક્કસ પ્રતિનિધિત્વ હોવું જોઈએ. નાનાં નાનાં લોક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંગઠનોના અવાજનો પડઘો સહકારી પ્રવૃત્તિ અને ગ્રામપંચાયતો વ.માં પાડવો જોઇએ. ભાલનળ કાંઠા પ્રદેશમાં સહકારી પ્રવૃત્તિ ચાલે છે તેમાં આ નવી પ્રક્રિયા ચાલૂ કરવામાં આવી છે. ત્યાંની સહકારી મંડળીઓમાં ખેડૂતમંડળનું પ્રતિનિધિત્વ રાખવામાં આવેલ છે. જો તેમ ન થાય તો મૂડીવાદી અને સત્તાવાદી બળો તેમાં ઘર કરી જવાનાં, તેનો ભય સતત રહે છે. આ નૈતિક પ્રતિનિધિત્વ એટલે કે ગોપાલકમંડળ, ખેડૂતમંડળ કે મજુરમંડળ જ. ગ્રામસંગઠનના વિવિધ અંગોના સભ્યોનું સહકારી મંડળી સહકારી જીનપ્રેસ વ.માં પ્રતિનિધિત્વ હોવુ જોઇએ, જેથી આમાં આર્થિક ગોટાળા, લાંચરૂશ્વત, કે પક્ષપાત વ. દૂષણો ન પેસી જાય. સદ્ભાગ્યે વૈકુંઠભાઇ મહેતા સહકારી મંડળીઓમાં આવું નૈતિક પ્રતિનિધિત્વ હોવું જોઈએ તે અંગે સારો સહકાર આપે છે. સુરત જિલ્લામાં જુગતરામભાઇના પ્રયત્નથી જંગલ સહકારી મંડળીઓમાં ત્યાંની સેવાસભાનું પ્રતિનિધિત્વ સ્વીકાર્યું છે. જો આમ ના કરીએ તો સહકારી મંડળીઓ અને પંચાયતો મૂડીદારો અને દાંડાઇ કરનારાઓના હાથમાં ચાલી જશે. જેનો નમૂનો આજે જોવા મળે છે.

## શહેરોનાં પૂરક :

બીજી વાત છે, શહેરોનાં પૂરકની. ગાંધીજીએ શહેરોને શયતાનના કારખાના કહ્યાં છે. એમાં શહેરોનો દોષ નથી પણ પરિસ્થિતિ એવી બની છે કે ત્યાં જ બધું કેન્દ્રીકરણ થયું છે. જ્યાં કેન્દ્રીકરણ થાય ત્યાં દોષ આવ્યા વગર રહેતો નથી. એટલે શહેરો ગ્રામોના પૂરક બની શકે છે, અને એના દૂષણો ઓછા થાય, તે માટે વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની રચના શહેરમાં કરી છે. એના કાયમી મંત્રી તરીકે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના મંત્રી રહે તેવી જોગવાઈ એના બંધારણમાં કરવામાં આવી છે. આની પાછળ ઉદ્દેશ છે સાંસ્કૃતિક ક્ષેત્રે નૈતિક માતૃત્વ ગ્રામ્ય પ્રાયોગિક સંઘને આપવું. હવે સામાજિક આર્થિક ક્ષેત્રે માતૃત્વ કોને આપવું? ગામડાનાં લોકો સરળ છે પણ બુદ્ધિની તેમને જરૂર પડવાની. એટલે શહેરોને તેમના પૂરક બનાવીને શહેરોના વિ. વા.–પ્રાયોગિક સંઘ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દ્વારા આ કામ લેવું પડશે. આ બધી વાતો સમજવા માટે ઘણા પ્રયોગો કરવા પડશે. જેનો પ્રારંભ હવે કરવાનો છે,

આજે ગ્રામસંગઠનો અંગે આ બાબતો વિચારવામાં આવી છે :— (૧) ગામડાં સાથે વિશ્વનું અનુસંધાન સંધાય તે માટે તેમનું કોંગ્રેસ સાથે જોડાણ (૨) જીવનમાં ધાર્મિક તત્ત્વ ઉમેરવું પડશે. એ માટે નીચેથી (ગામડેથી) પ્રક્રિયા ઊભી કરવી પડશે. (૩) શોષણ નાબુદી માટે સહકારી પ્રવૃત્તિ વિકસાવવી પડશે. (૪) શહેરો સાથેનાં સંબંધો જોડી શહેરોને ગામડાનાં પૂરક બનાવવા પડશે. એ માટે શહેરમાં વિ. વા. પ્રાયોગિક સંઘની રચના છે.

ચીન અને જાપાન બૌદ્ધ ધર્મી છે પણ ત્યાં સંસ્કૃતિનાં તત્ત્વો ગામડાં સુધી પહોંચ્યા નહીં એટલે સામ્યવાદ પેસી ગયો. આપણાં ગામડાંઓ એ સ્થિતિએ ન પહોંચી જાય તે માટે આગળથી કામે લાગવું જોઈએ. એ માટે અસરકારક સાધનો એમનાં નૈતિક સંગઠનો બનાવીને આપીએ તો જ ગામડાં બધી દૃષ્ટિએ સદ્ધર બનીને ભારતને જ નહિ, વિશ્વને પ્રેરનારાં અને નૈતિક પૂર્તિ કરનારાં બની શકશે.

## ચર્ચા – વિચારણા

### રબારી કે રાહબરી

**શ્રી પૂંજાભાઈ**એ આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "જૂના વખતમાં ભારતમાં જંગલો હતા. ત્યારે પશુપાલકોએ એ સાફ કર્યાં હોય તેમ જણાય છે. રબારીની વ્યાખ્યા જો 'રાહબરી' કરીએ તો જંગલી પશુઓ સામે લડી લડીને જંગલોમાં એ પોતાનાં જાનવરો સાથે વસ્યો અને પછી ખેડૂત; વેપારી, વસવાયાં વગેરે બધું મળીને ગામ થયું. બધા સારા માઠા પ્રસંગે એક બીજાને ઉપયોગી થતા. આખું ગામ કુટુંબની જેમ રહેતું, ગામનો ભાણેજ ગામની દીકરી એવાં સગપણ દુઃખમાં પણ સાચવી રાખે.

પ્રારંભમાં નદી કિનારે, તળાવ કિનારે ગામો વસતાં પણ જેમ જેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાવ, કુવા, પાતાળકુવા મળતાં ગયાં તેમ તેમ તેમનો વિકાસ પણ સધાતો ગયો. ચોમેર પશુપાલન અને ખેતી પણ વધ્યાં, ત્યારે ગામડાનું પોતાનું સંગઠન અને પોતાનું પંચ, ગામડાનાં પ્રશ્નો ગામડાં ઉકેલે, એ વાતો થઇ.

ક્રાંતિમાં પણ ગામડાં મોખરે. ગાંધીજીની હાકલ પડે કે લોકો હોમાવા તૈયાર થાય. દારૂબંધી જેવા બધા કાર્યક્રમો ગ્રામ સંગઠનો–લોકસંગઠનોજ સફળ બનાવી શકે. અત્યારે તો ગામડાં ભાંગીને શહેર વસ્યાં અને ખીલ્યાં છે. સગવડો વધી અને ગામડાં આકર્ષાયાં તેથી ગામડાંનું શોષણ શરૂ થયું. ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા. રાત દિવસ સેવા કરનારા વસવાયા લોકો નીચા મનાયા. ગામડાની કડીઓ તૂટી. પછી તાલુકદારો અને અધિકારીઓની દાંડાઈ પણ વધવા લાગી. તેની સાથે દાંડતત્ત્વોનું પણ જોર વધવા લાગ્યું.

ધંધુકા તાલુકાના એક ગામની વાત છે કે ત્યાં જાન આવી. ગામ કાઠીઓનું છે. સૌને માંડવે જમાડયા છતાં બહારથી આવેલી જાનનો વરઘોડો ન નીકળવા દે. નીકળે તો પથ્થરાઓ મારે. જાનને વળોટાવી. ગાડાંમાં ઉચાળા ભરીને તે વેપારીઓ હજારોની ઉઘરાણી છતાં ચાલ્યા ગયા, વસવાયાં, નીતિમાન વેપારી વગેરેને ધંધો મળે, અને સૌ સંગઠનોનો નીતિમય અનુબંધ થાય તો ગામડું ગોકુળ થાય. ગામડાં ઉંચે આવે અને તેમનું વિશ્વ સાથે અનુસંધાન થતાં ભારતીય સંસ્કૃતિનાં સુંદર તત્ત્વોનું જગતમાં આચરણ થતાં શાંતિ શાંતિ થઇ જાય.

## બધાનું અનુસંધાન થવું જોઈએ

**બળવંતભાઈ**: રચનાત્મક કાર્યકરોનું નૈતિક ગ્રામસંગઠન સાથે અનુસંધાન થવું જોઇએ. તેમને ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓનું માર્ગદર્શન મળવું જોઈએ તેથી સારૂં કાર્ય વ્યાપક બને.

ચલાલા ગામનો દાખલો આપી શકાય કે ત્યાં નાગરદાસભાઈ ઉકાભાઈ તેમજ નરસિંહભાઈ જેવા ઘડાયેલા અને ખડતલ કાર્યકરો મળ્યા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે, તેમના દરેક કાર્યક્રમોમાં ગામનો સહયોગ અને સંસ્થાઓનું અનુસંધાન છે. આવાં ગામોનું અનુસંધાન વિશ્વ સાથે થાય તો જરૂર અસર પડે.

## ન્યાયી સંગઠનને નમન

**દેવજીભાઈ :** નૈતિક સંગઠન મજબુત હોય તો સૌની શુદ્ધિ થાય. એનો એક દાખલો આપું. અમારે ભચાઉમાં ગામના ટિલાટ તાલુકદારનો દીકરો ઉચ્છૃંખલ થયો. તેના ઘરવાળાં કણબી બહેન, બીજા છની સાથે એક કુંભારના ખેતરમાંથી ભારા બાંધી આવ્યા. કણબી તાલુકદાર પાસે ગયો પણ ભચુભાઇ (તાલુકદારે) એ દાદ ન આપી. કણબીએ ખેડૂતમંડળનો આશ્રય માંગ્યો ભચુભાઈ તેના પણ આગેવાન હતા. શરૂઆતમાં જરા વિરોધ થયો પણ અંતે ભૂલ તરીકે તેમણે ગામના ધર્માદામાં પ્રાયશ્ચિત રૂપે દંડ ભર્યો.

## રાહત ક્રાંતિને ન થોભાવે !

શ્રોફ : જે રાહતું ક્રાંતિને થોભાવે તેના કામમાં આપણે ન પડવું જોઇએ. દા. ત. રેડક્રોસ સોસાયટીનું કામ ઘાયલને સેવા આપવી એ છે. પણ જો લડાઇ બંધ થવા સાથે તેનું અનુસંધાન ન હોય તો તો ક્યારેક તે કામ લડાઈ ચાલુ રાખવા જેવું પણ બની જાય છે. એવી જ રીતે દાન દેનારના શોષણમાં ફર્ક ન પડે તો તે કાર્ય શોષણનું ઢાંકણુ બની જાય છે. હું ઘડિયાળના કામમાંથી અંબર ચરખાના કામ ઉપર એટલા માટે આવ્યો. પાયાનાં કામો સાથે આધ્યાત્મિક અનુબંધ રહેવો જોઈએ જે સંતબાલજી, મુનિ નેમિચંદ્રજી વ.ના કાર્યોમાં છે. એ જ આપણને પ્રેરણારૂપ બની અગાઉ ન થયેલાં કાર્યો કરવા માટે કટિબદ્ધ કરશે; પણ ક્ષુલ્લક બાબતોને મહત્વ આપી સમય બગાડવો ન જોઈએ.

## બધાં કાર્યોને યોગ્ય મહત્વ આપવું.

**પૂ. નેમિમુનિ :** "રેંટિયા અંગે શ્રોફે કહ્યું છે તે બરાબર છે. પણ તેની સાથે બાપુએ હરિજન સેવા, ન્યાય, આરોગ્ય, રોગીની સેવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ બધાં કાર્યો પણ કહ્યાં છે. એટલે અમૂક માણસ અમૂક ક્ષેત્રમાં, અમૂક કાર્યમાં ભલે એકાગ્ર થાય, પણ એક જ કાર્યને મુખ્ય માની બીજા કામોને ગૌણ કે હલકાં ન ગણી કાઢે તે જોવું રહ્યું.

બીજી ચોખવટ એ કરવાની કે બાપુએ જેમ શહેરમાં મજૂર–મહાજનનું સંસ્થાકીય બળ ઊભું કર્યું તેમ શહેરમાં હજુ પણ માતૃ–સમાજો, મધ્યમવર્ગીય લોકોનાં નૈતિક સંગઠનો અને ગામડાઓમાં ખેડૂતો, ગોપાલકો, શ્રમજીવી મજૂરોનાં સંગઠનો મુખ્યત્વે ઊભાં કરવાં જોઈશે. આવા સંગઠનોને આધ્યાત્મિક દોરવણી કાયમ રાખી તેમના કાર્યક્ષેત્ર સાથે રેંટિયો, ખાદી, અસ્પૃશ્યતા નિવારણ દારૂ નિષેધ વગેરેને જોડવાં પડશે.

ત્રીજી ચોખવટ એ કરવાની કે જે સંગઠન કે વ્યક્તિઓ આ અનુબંધ વિચારધારામાં આડખીલી રૂપે હશે તેમને આપણે માન્યતા નહીં આપીએ અને અહિંસક પ્રયોગોથી જન જાગૃતિ કરીને સમાજમાં તેને અપ્રતિષ્ઠિત કરવી પડશે. દા. ત. દાંડતત્ત્વો, શોષણવાદી, સત્તાવાદી તેમ જ સામ્યવાદની સાથે સીધો કે આડકતરી રીતે સંબંધ રાખનારને પ્રતિષ્ઠા નહીં આપીએ.

## શિબિર પ્રશ્નોત્તરી

આજના વિષય ઉપરની પ્રશ્નોત્તરીમાં આ પ્રશ્નોત્તર મુખ્ય હતા :—

પ્રશ્ન : (૧) "સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકરો ખાસ કરીને ઘડાયેલા હોય છે. તેઓ પ્રસંગોપાત જાતે ન્યાય અપાવવા પ્રયાસ કરે છે અને તેમાં રાજ્યસંસ્થા કે રાજ્યાધિકારીઓની મદદ મેળવે છે. તેઓ પોતે નિસ્પૃહી હોઈને બીજો સડો પેસતો નથી છતાં પણ, રાજ્ય સંસ્થાનો ગામડાં પછીનો નંબર અને રાજ્ય સંસ્થા કરતાં રાજ્યનો પછીનો નંબર લાવવાનો છે તે કેમ આવતો નથી?"

ઉત્તર : "સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકરો ઘડાયેલા છે. સદ્‌ભાગ્યે માટલિયા જેવા સમન્વયકાર પણ તે સંસ્થાની (સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની) મુખ્ય કમિટિમાં છે. રાજ્ય અને રાજ્યસંસ્થા સાથે એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંસ્થાના મીઠા સંબંધો છે. ભાલનળકાંઠા પ્રયોગના પ્રેરક તરફ તેમને આદર ભક્તિ છે અને કાર્યકરો સાથે મીઠા સંબંધો છે. એટલું જ નહીં; પોતાના કાર્યકરોને વેતન આપીને પણ એવી પ્રવૃત્તિઓ કરવાની તક તે સંસ્થા આપી શકી છે. હમણાંની સભામાં માટલિયાએ તેને સુંદર લાંબો એક પત્ર લખ્યો છે એટલે સર્વ સેવાસંઘ કરતાં ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ તે સંસ્થાની વધુ નજીક છે. તેથી નૈતિક ગ્રામ સંગઠનો અને ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓના અનુબંધે, તે ભાલનળકાંઠા પ્રયોગની પ્રવૃત્તિઓને સંપૂર્ણ રીતે અપનાવી દીપાવે એવી આશા રહે છે.

આખી અનુબંધ વિચારધારા અપનાવ્યા સિવાય એકાદ અંગને અપનાવી લેવાથી પૂરું સફળતાભર્યું કામ ન થાય તે દેખીતું છે. આપણે સામેથી આગ્રહ ન કરતાં, તે સંસ્થા જાતે આગ્રહથી માગે ત્યારે આપવું એ સારું છે.

## ઉપસંહાર

સર્વાંગી ક્રાંતિ સંસ્થા સિવાય એકલી અસાધારણ વિભૂતિથી પણ નહીં થાય એ વાત સાચી છે. સંસ્થાને બંધારણ અને નિયમો આવે, એટલે તેને લીધે નિયંત્રણ આવે.

અનુબંધ વિચારધારામાં એક નહીં પણ મુખ્યપણે ચાર સંસ્થાનો અનુબંધ આવે છે : ( ૧ ) ગામડાં અને શહેરોનાં પછાત અને મધ્યમ-વર્ગીય સંગઠનો. ( ૨ ) ઘડાયેલાં રાજ્ય સંગઠનો ( દેશમાં કોંગ્રેસ અને વિશ્વમાં યુનો ) ( ૩ ) દુનિયાભરના લોકસેવકોની સંસ્થાઓ તથા ( ૪ ) દુનિયાભરની સાધુ સંસ્થાના ક્રાંતિ પ્રિય સાધુ–સાધ્વીઓ.

આને લઈને અનુબંધ કાર્યમાં વિરોધો ડગલે અને પગલે અવશ્ય આવશે પણ કાર્યક્રમ આચરનારાં જિજ્ઞાસુ એવાં એકેએક ક્ષેત્રનાં નર-નારીઓને આમાં અવકાશ હોઈ વાડાને તોડનારાં નિમિત્તો બનશે, પણ તે જાતે વાડો નહીં બને કે નહિ બનાવે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચારધારામાં નૈતિક ગ્રામસંગઠન [૧૦]

**મુનિશ્રી સંતબાલજી] [૩-૧૦-૬૧**

અનુબંધ વિચારધારામાં જનસંગઠનો અંગે વિચાર ચાલી રહ્યો છે. લોકસંગઠનોનો પ્રમુખ ભાગ ભારતનાં ગામડાંમાં થવાનો હોઈને ગામડાંનું પોતાનું આગવું સ્થાન છે. એની ચાર વિશેષતાઓ (૧) જનસંખ્યા (૨) જરૂરતોનું ઉત્પાદનકેંદ્ર (૩) સરળતા (૪) શ્રમજીવિતા અંગે પણ વિચાર કરવામાં આવ્યો છે. એ બધી દૃષ્ટિએ ગામડાનાં અનુસંધાન અંગે વધારે વિચાર કરવાનો છે.

ગાંધીજીએ હિંદને વધારે ચાહ્યું છે અને તેમણે સ્વદેશી વ્રતને વેગ આપ્યો. એ સ્વદેશી પાછળ કોઈ સંકુચિત ભાવના નહતી પણ ભારતનું સાંસ્કૃતિક ચિત્ર હતું. ભારતની ખરી સંસ્કૃતિનાં દર્શન ગામડામાં જ થઈ શકે છે. ગાંધીજી જો કે ગામડામાં વધુ રહ્યા નથી પણ તેમણે ગામડાનું અનુસંધાન હંમેશાં રાખ્યું હતું. રેંટિયો અને સફાઇ યજ્ઞ એ બે ગામડાંનાં પ્રતીક રૂપે હતા અને ગાડીમાં સફર કરતી વખતે પણ તેમણે રેંટિયાને ચાલુ રાખ્યો હતો. તેમણે કોચરબ, સાબરમતી, સેગાંવ વગેરે સ્થળે આશ્રમો બાંધ્યા તે ગામડાં પાસે હતાં. તેમના ચિંતન મનન અને સાહિત્યમાં દરેક સ્થળે ગામડાંને સ્પર્શતી વાતો આવે છે. ગામડાનાં ઉદ્ધાર સિવાય દેશનો ઉદ્ધાર નથી એમ તેઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માનતા; પણ એ વખતે તાત્કાલિક પ્રશ્ન ભારતની આઝાદીનો હતો એટલે તેમણે એને મહત્વ આપ્યું અને કદાચ જીવતાહોત તો જરૂર ગામડાંના ઉદ્ધારનું કાર્ય આગળ ધપાવત. એમના રચનાત્મક કાર્યક્રમોનાં સૂત્રોમાં, રેંટિયો, સ્વદેશી, ખાદી, ગ્રામોદ્ધાર વગેરે ગામડાંને જ વધારે સ્પર્શે છે.

આજે એ ગામડાંને ફરી ખડાં કરવાનાં છે. તે એકલાં ન ટકી શકે. તેમણે વિશ્વમાં પહોંચવું પડશે. નદી, નદ અને અખાત દ્વારા સમુદ્રને મળે તેમ ગામડાં રાજકીય સંસ્થા કોંગ્રેસ દ્વારા વિશ્વમાં પહોંચી શકશે.

અત્યાર સુધી ગામડાંની વિશેષતાઓ ઉપર આપણે વિચાર કરી ગયા છીએ. હવે સાંસ્કૃતિક રીતે ગામડામાં ક્યાં ક્યાં તત્વો પડ્યાં છે તેનો વિચાર કરીએ. આજે દુનિયામાં મુખ્ય ચાર ધર્મો છે; હિન્દુ, ઈસ્લામ, ખ્રિસ્તી અને બૌદ્ધ. બધા ધર્મોનો મુખ્ય સંબંધ માનવ–સમાજ સાથે હોય છે. ક્યાંક વ્યકિત સાથે તે સંકળાયેલા અપવાદે નજરે ચઢે છે. હિન્દુધર્મનો વિકાસ હિન્દમાં થયો છે. તેમાં હિન્દમાં ઉત્પન્ન થયેલા ધર્મો અને બહારથી આવેલા ધર્મોનું મિશ્રણ છે. ઇસ્લામ, ખ્રિસ્તી, પારસી બધાંની સંસ્કૃતિ એમાં ભળી છે. શકો, હૂણો, યવનો બધાનું અહીં સંગમ થયું છે. સમુચ્ચય કે સંગ્રહ એનું જ નામ હિન્દુ ધર્મ છે. એટલે જ ગાંધીજીએ કહ્યું છે કે હું પહેલાં હિન્દુ છું. હિન્દી બાદમાં છું. આજની હિન્દુ–સંસ્કૃતિ એટલે ચાર મુખ્ય ધર્મોના સમન્વયનો સાર છે. છે. તેણે, જૈન બૌદ્ધ, હિન્દુ ધર્મના સિધ્ધાંતો તો પચાવ્યા જ છે પણ છેલ્લે છેલ્લે યવનો અને ઇસાઈ઼ઓ આવ્યા તો તેના પણ આદર્શોને અપનાવી લીધા છે. ગામડાઓમાં હિન્દુ સંસ્કૃતિ કે ભારતની સંસ્કૃતિનાં દર્શન થઇ શકે છે અને જે તત્વો બાકી રહ્યાં હોય તેવું વાવેતર પણ થઈ શકે છે.

આ અંગે આપણે થોડાક દાખલાઓ જોઈ જઈએ. સર્વ પ્રથમ ગામડામાં ન્યાતજાતના વર્ણભેદો હોતા નથી. થોડાં વર્ષો ઉપર હું સૌરાષ્ટ્રમાં ગયેલો ત્યારે એક વાત સાંભળી કે એક ભંગી કુટુંબ કરાંચીમાં રહેતું હતું. તેની દીકરી પોતાના બીમારપતિને સાથે લઇ પોતાના પિયરના ગામને પાદરેથી નીકળી. અહીં તો તેનું કોઈ ન હતું. પણ, ગામના પટેલે તેનું ગાડું જોયું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેણે કહ્યું : "દીકરી ! આમ ગામને છોડીને જવાય ?"

છોકરી કહે : "બાપા ! અહીં હવે કોઈ મારૂં સગું નથી."

પટેલે કહ્યું : આ ગામ તારું જ છે ને ? તારાથી એમ જવાય !"

એમ કહી તેણે એને પાછી વાળી, પ્રેમથી જમાડી અને કપડાં અનાજ વ. થોડીક જરૂરની વસ્તુઓ આપી.

આ વાત નાની છે. પણ ગામની વચ્ચેનો કૌટુંબિક પ્રેમ, ગામનો પટેલ આ રીતે એક ભંગી બાઈનું સ્વાગત કરે તે સામાન્ય વાત નથી. અલબત્ત, હજુ ગામડામાંથી અસ્પૃશ્યતા સદંતર નાશ પામી નથી પણ તેનું મહત્ત્વ ઘસાતું જઈ રહ્યું છે, એટલું જ નહીં ગામડાંનાં હૃદયમાં પ્રવેશો તો જણાશે કે ત્યાં અઢળક પ્રેમ પડયો છે.

અસ્પૃશ્યતા—નિવારણમાં મોટામાં મોટી આડે આવનારી વાત છે રાજકીય નેતાગીરી માનવ-પ્રશ્નને માનવતાની રીતે ઉકેલવો જોઈએ. તેને રાજનૈતિક રૂપ આપવામાં આવે તો તેનું મૂલ્યાંકન ઓછું થઈ જાય છે. મહારાષ્ટ્રના કેટલાક ગામોમાં હમણાં જવાનું થયું. હરિજનોને પૂછયું: "તમે હરિજન છો ?"

જવાબ મળ્યો : અમને હરિજન ના કહેશો, અમે તો નવા બૌદ્ધો છીએ." એ બાજુના ગામોમાં એ તત્ત્વ ખૂબ પ્રસરી રહ્યું છે. મૂળ તો આંબેડકરના સવર્ણો તરફના ખોટા પ્રત્યાઘાતોની આ અસર હતી. બૌદ્ધ ધર્મમાં ભેદભાવ નથી; અશોકચક્ર તેનું પ્રતીક છે. આ બધાયે કારણોસર અને ખાસ કરીને સવર્ણોએ તેમના તરફ બતાવેલી ઉપેક્ષાએ તેઓ બૌધ્ધ બનવા લલચાય છે પણ આ વટાળવૃત્તિ છે. તે એક જાતિ તરફની ઘૃણામાંથી પેદા થયેલ છે જેનો બૌદ્ધ ધર્મના માધ્યસ્થ સમભાવ સાથે મેળ ખાતો નથી. આવા નવા બૌદ્ધોથી માનવજાતિના સારા સંબંધો સુધરી ન શકે.

એક ઠેકાણે હરિજનવાસમાં જવાનું થયું. ત્યાં તેમણે બુદ્ધની મૂર્તિ બતાવી તેમને કહ્યું, ગાંધીજીએ તમારા ઉદ્ધાર માટે ઘણો પ્રયત્ન કર્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે તેમના આદર્શોને ન ભૂલશો. બુદ્ધને માનો તેની સાથે કંઈ પણ વિરોધ નથી પણ પરંપરાગત જે ધર્મ ચાલ્યો આવે છે તેને ન બદલવો જોઇએ."

ગામડે ગામડે જઈને આવી જે વટાળવૃત્તિ ચાલે છે તેને નષ્ટ કરવી પડશે. કારણ કે આની પાછળ આંતરરાષ્ટ્રીય રાજકારણ કામ કરે છે; તે આપણી સંસ્કૃતિને ભરખી જશે. મૂડીવાદના કારણે ભેદભાવો ઊભા થયા. સવર્ણ હલકા વર્ણના ભેદો થયા અને તેને 'ધર્મ'ના આધારે વધારવામાં આવ્યા. પરિણામે ભારતમાં પછાત અને આદિવાસી જાતિઓમાં ઈસાઇઓ બનવાનું; હરિજનોને નવા બૌદ્ધ બનવાનું અને જેમને કોઈ પણ ધર્મ નથી તેમને સામ્યવાદી બનવાનું આજે જોરશોરથી ચાલુ છે.

સાબરકાંઠામાં જોયું કે ત્યાં મોટી સંખ્યામાં આદિવાસીઓ ખ્રિસ્તી થઇ ગયા છે અને થાય છે. લુસડિયામાં એક મિશનરી દવાખાનું જોયું. ત્યાંના મુખ્ય ડોકટર વટલાયેલા આદિવાસી છે. તેમને વિલાયત મોકલી ભણાવી અને યુરોપિયન બાઇ સાથે લગ્ન કરાવેલાં છે. આમ બનવાનું કારણ એકજ છે કે ત્યાં એ લોકો પાસે નોકરી, ધંધો શિક્ષણ અને સહૃદયતા મળે છે પ્રેમ મળે છે. આપણે આનો વિચાર કરવો જોઇએ.

નવલભાઇ ગામડામાં ગયા ત્યાં તેમણે છાત્રાલય શરૂ કર્યું. તેમાં પ્રથમ ભંગી-બાળકને લેવાનું શરૂ કર્યું. હવે સવર્ણો કયાંથી આવે? પણ, કાળુ પટેલ નામના એક કોળી આગેવાને પોતાના કુટુંબના પાંચ છોકરાં મોકલ્યાં. આમ સવર્ણો આવવા શરૂ થયા. સુંદર શિક્ષણ મળે, ઘડતર મળે, રહેવાનું મળે, બાળકો હોંશિયાર થાય એટલે ધીમે ધીમે સંખ્યા વધતી ગઈ અને આભડછેટ ગઇ. આમ ગામડામાંથી જૂની અને સ્વાર્થી લોકોની આગેવાની બદલાઈ જાય તો આભડછેટ જાય.

એવી જ વાત મુસલમાનોની છે. હજુ હરિજનો સાથે મેળ પડે પણ મુસલમાનો સાથે મેળ પડવો મુશ્કેલ બને છે. આ હિંદુ-મુસ્લિમ એકતાના બી ગામડાંમાં વાવવાં જરૂરી છે. અમારી સંસ્થામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ભા. ન. કાંઠા પ્રાયોગિક સંઘમાં ) કુરશીભાઇ આવ્યા. તેમની સાથે કાર્યકરોનો ખાવા–ખાવા વહેવાર થયો. નાનચંદભાઇ નામના એક કાર્યકરના ગળે આ વાત ન ઊતરી. એટલે જુદી જુદી દલીલો કરી કે મને નહીં ફાવે. તેમને સમજાવ્યા તો કહે. “ જે માંસહારી હશે તેમને ત્યાંથી નહીં લઉં. ”

તેમને કહ્યું : “ બહુ સારૂ ! પણ, હિંદુ માંસાહારી હોય તો ત્યાંથી પણ નહીં લો ને ! પણ એવા હિંદુને ત્યાં જમતા હોય તો આ વાંધો ન લેવો જોઇએ ! ”

ભાલનળ કાંઠા પ્રદેશમાં મોટાં સંમેલનો થાય તેમાં બધી કોમના લોકો આવે અને આ બધા સાથેજ જમવા બેસે. સમૂહમાં કોઈને કાંઇ વાંધો આવતો નથી. માંસાહારીને ત્યાં ન જમવાનું નક્કી કરો તો એ કસોટી બધેજ લાગુ પાડો. પણ, આપણને ખાવા કરતાં લોક ટીકાનો વધારે ડર હોય છે. એટલે માંસાહારી બ્રાહ્મણને ત્યાં જમવા વાંધો આવતો નથી પણ બિન માંસાહારી હરિજન, ઇસ્લામી કે ઇસાઇને ત્યાં જમવામાં વાંધો આવે છે. હમેશાં સંબંધ સિદ્ધાંત સાથેનો હોવો જોઇએ; કોઇ વર્ગ સાથેનો નહીં. આમ કરવા જતાં ઘણી મુશ્કેલીઓ આવશે પણ વિશ્વને લક્ષ્યમાં રાખીને ચાલવા માટે એ જરૂરી છે અને આવી બાબતોમાં વિવેક પણ આવશ્યક છે.

હવે ગામડામાં કેવા સ્નેહ સંબંધો હતા તે અંગે જરા વિચાર કરીએ. રવિશંકર મહારાજ એકવાર કહેતા હતા કે એક કુટુંબમાં એક બાઇ નાનો છોકરો મૂકીને મરી ગઈ. તે છોકરો પાડોશની ભરવાડણને ધાવીને મોટો થયો. તેની મા ભરવાડણ થઈ. તે પરણ્યો ખરો પણ એ ભરવાડણ મા પાસે ગયા વગર તેને ન ચાલે. તેના બાપા ઘણું કહે, સારી વસ્તુઓ લઇ આવે પણ તેને મા વગર ચેન ન પડે. આવા વાત્સલ્ય સંબંધો ગામડામાં પડયાં છે.

ત્યાંનું લગ્ન જીવન પણ સમજપૂર્વકનું. શહેરોમાં તો લગ્ન પાછળ રૂપનું, ધનનું કે પછી ભણતરનું આકર્ષણ હોય છે. અરણેજમાં એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓડ કુટુંબ રહેતું ત્યાં એક વખત વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગ રાખેલો તેમાં રવિશંકર મહારાજ પણ આવેલા. તે વખતે વર્ગના સભ્યો તે ઓડને ત્યાં નાસ્તો લેવા ગયેલા. તે ઓડની સ્ત્રી બન્ને પગે લંગડી હતી. મહારાજે ઓડને પૂછ્યું : "શાથી લંગડા થયા? તમે એવી લંગડીબાઈને શું કામ પરણ્યા?' ઓડ કહે : "મહારાજ! હું જાણીને પરણ્યો છું. નાનપણથી એ લંગડી હતી. એ બીચારીને કોણ પરણત?"

આનું નામ પ્રેમલગ્ન. સ્ત્રી પુરુષને ઉપયોગી થાય અને પુરુષ સ્ત્રીને ઉપયોગી થાય ત્યાં જ ખરો પ્રેમ થાય. આજે મોટા ભાગે થતાં આંતર્જાતીય લગ્નો પાછળ રૂપ, ધન, વિકાર કે કોઈ પણ પ્રકારની લાલસા વધારે જોવામાં આવે છે. એક જૈનના મુસ્લિમ કન્યા સાથે લગ્ન થયા. સંતાનના નામ પાડવાની વાત આવી ત્યારે મને પૂછતાં મેં કહ્યું 'કોઈ ઇસ્લામી નામ આપો તો સારું, આત્મીયતા વધશે.' સદ્‌ભાગ્યે સંત વિનોબાજીએ પણ એ વાતને ટેકો આપ્યો.

એક જૈન આગેવાનની દીકરી ખ્રિસ્તીને પરણી. સમાજમાં ધડાકો થયો. પણ, જો એ ખ્રિસ્તીને સાચા જૈન બનાવવામાં આવે તો તેથી સમાજને ફાયદો જ થાય.

## "તારા સંગનો રંગ ન લાગે તો તું વૈષ્ણવ કાચો"

હિંદુ ધર્મમાં એટલી ઉદારતા હોય, સામા માણસને પચાવવાની તાકાત હોય તો સામો માણસ ધર્મિષ્ઠ કેમ ના બને? માંસાહાર કેમ ન છોડે? કુવ્યસનો કેમ ન છોડે? અકબરે હિંદુધર્મ સ્વીકાર્યો; કારણ કે તેને સારો સંગ મળ્યો. તો આવાં તત્ત્વો ગામડામાં તરત ઉપસી આવે તેવું તેનું ખેડાણ છે. માત્ર તેને સારો વળાંક મળવો જોઈએ. જૈન-મુસ્લિમ લગ્ન વખતે સૌભાગ્યમલજી મહારાજ તે ગામ ગયા અને તે વખતે સમાજે તે કુટુંબને અપનાવી લીધું.

રૂપ, ધન કે બીજી લાલસાના કારણે આવાં લગ્ન થયાં હોય તો તેને મહત્વ ઓછું અપાવવું જોઇએ અને વાતાવરણ એવું સર્જવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોઈએ કે ઈસાઈ અથવા મુસલમાનોને એમ ન લાગે કે અમે જુદા છીએ. એક બાઈ કે ભાઈ જૈન થાય એટલે તે માંસાહાર છોડે, સત્ય અહિંસા પાળે. વ્યાપક અર્થમાં એ બરાબર છે પણ ક્રિયાકાંડો જ પાળે એવું ન હોવું જોઈએ. એમાંથી વિષમતા ઊભી થાય છે. ઇતિહાસમાં ઘણા એવા દાખલા મળે છે કે સાસુ જૈન હોય, વહુ વૈષ્ણવ હોય. સાસુ–વહુના ઝઘડા પણ થયા હશે. છતાં કોઈએ એમ નથી કહ્યું કે તમે જૈન થઈ જાવ કે તમે વૈષ્ણવ થઈ જાવ! જેને જે શાંતિકર લાગે તે પાળે. પરસ્પરમાંથી ગુણગ્રાહી થતાં શીખવું જોઇએ. હેમચંદ્રાચાર્ય સાચા જૈન હતા તેમ જ સાચી રીતે શૈવ હતા. જ્યારે માણસ ખરા શબ્દોમાં સાચો માણસ બને છે ત્યારે તે બધાનો થઈ જાય છે. વિશ્વમાનવ બની જાય છે.

ગામડામાં હજુ ભેદભાવો છે, પણ ત્યાં આવાં વિશ્વમાનવ નિર્માણ કરવાની સામગ્રી પડી છે. ત્યાંના ભેદભાવો તોડવા માટે નવી નેતાગીરી ઊભી કરવી પડશે. તે માટે ગ્રામસંગઠનો આગળ 'નૈતિક' શબ્દ મુકવામાં આવ્યો છે. જેથી નાતના જાતના કે ધર્મના ભેદભાવો નડતરરૂપ ન બને. નીતિનિયમો ગમે તેવા કરી શકાય છે પણ તેમાં ઉદાર બનવું જોઈએ. જેને જે ધર્મ પાળવો હોય તે પાળે; એવી છૂટ રહેવી જોઇએ. એનાથી વર્ગભેદો અને ધર્મભેદોને દૂર કરવામાં સરળતા થશે.

લોકોમાં જાગૃતિ આણવાની છે, પણ તે નૈતિક રીતે અને લોકશાહી ઢબે. આજે આફ્રિકામાં કે બીજે પ્રજામાં જે જાગૃતિ આવી છે; તે સાચે માર્ગે આવે તેની કાળજી રાખવી જરૂરી છે. એમ ન થાય તો લોકશાહી તૂટશે અને પક્ષાપક્ષીવાળી સરમુખત્યારશાહી કે લશ્કરી સરમુખત્યારશાહી આવશે અથવા લોકોને આપસમાં અથડાવી તેમનાં લોહી વહેતાં થશે.

એટલે જ આપણે જનતાનો વિચાર કર્યો તેમ જનતાનાં સંગઠનોનો વિચાર કરવો જોઈએ. સંસ્થા (સંગઠન) સિવાય પ્રજાકીય ઘડતર



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઇ શકે નહીં. આ માટે લોકો વધારે ગામડાંમાં હોઈને ગામડાં પહેલાં લેવાં પડશે; કારણ કે ગામડાંઓ હજુ પણ સંસ્કૃતિમાં આગળ છે અને એ રીતે તેમનું વિશ્વમાં મહત્વનું સ્થાન છે. બીજું એ છે કે તેમનું નૈતિક ઘડતર કરવાનું છે એટલે કે ધર્મ જે રાજ્યઆશ્રિત બની રહ્યો છે તેના બદલે રાજ્યને ધર્મ–આશ્રિત કરવું પડશે. એ માટે પણ લોકસંગઠનો જરૂરી બનશે. શહેરનાં સંગઠનો આજે કાં તો આર્થિક પાયા ઉપર, કાં તો કોમવાદી, કાં તો રાજકીય પાયા ઉપર મોટા ભાગે રચાયેલાં છે. કયાંક જ્ઞાતિઓનાં પણ સંગઠનો છે. આવાં સંગઠનો કેવળ સંકુચિત વર્તુળ બનાવવામાં જ મદદરૂપ થઈ શકે; જો તેમાં બીજી જ્ઞાતિ, ધર્મ, કોમ તરફ ઉદારતાનું દષ્ટિબિંદુ રાખવામાં આવે તો જ તેમની ઉપયોગિતા થઇ શકે. ત્યારે ધર્મ અને સંસ્કૃતિની દષ્ટિએ ગામડાનાં સંગઠનો થાય તો તે સર્વકારણભૂત, સર્વહિતકારી અને ઉપયોગી થશે. ચારે ધર્મોના સમન્વયની ભૂમિકા પણ ગામડાનાં સંગઠનો દ્વારા ઊભી કરી શકાશે. આ ઉપરાંત ગામડાનાં સંગઠનોમાં બીજા કેટલાંક તત્ત્વો જરૂરી છે તેનો વિચાર હવે પછી કરશું.

## ચર્ચા – વિચારણા

### ગામડાં સંસ્કૃતિથી સભર છે

**બલવંતભાઈ** એ ‘ અનુબંધ વિચારધારામાં ગ્રામસંગઠનોનું સ્થાન ’ એ બીજા મુદ્દા ઉપર ચર્ચા શરૂ કરતાં કહ્યું : “ ગ્રામસંગઠનોનાં નૈતિક નિયમો તેમજ રોટી–બેટી વહેવારમાં એકતા આવે તે અંગે ઉદાર બનવાની અને આત્મીયતા પ્રગટાવવાની વાત મને ગમી છે. અરૂંધતી ઋષિપત્ની બન્યાં, હિડંબા રાક્ષસીનો વિવાહ પાંડવ સાથે થયો, શાંતનુ રાજા મત્સ્યગંધા સાથે પરણ્યાં, આવા અનેક દાખલાઓ વર્ણભેદ, જાતિભેદ અને ધર્મભેદને અપ્રમાણ કરાર કરતાં જોવા મળે છે. દરેક ધર્મોએ ગુણને જ પ્રધાનતા આપી છે તો પછી શુદ્રો અને ઇસાઈ કે મુસ્લિમો સાથે વર્ણભેદના કારણે શા માટે રોટી–બેટીનો ભેદભાવ પાડવો જોઈએ ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચલાલા ખાદી ભંડારમાં ગયા બાદ મેં આવા ભેદો રાખ્યા નથી. અલબત્ત શુદ્રો કે ઈતર ધર્મીઓએ માંસાહાર છોડવો અને સ્વચ્છતા રાખવી જોઈએ પણ તે માટે કોઈ પૂર્વગ્રહ ન રાખવો જોઈએ. એમાં પણ કેવળ એ લોકો જ માંસાહારી કે દારૂડિયા છે, એવું નથી કેટલાક ઉચ્ચ ગણાતા હિંદુઓ અને આજનો શિક્ષિત વર્ગ પણ દારૂ – માંસનું સેવન કરે છે. તો તેમની સાથે પણ એવો વર્તાવ રાખવો જોઈએ.

આ અંગે મારા માતુશ્રી સાથે થયેલ સંઘર્ષની વાત કરૂં. મેં કહ્યું કે કુતરાં – બિલાડાં પણ માંસાહારી છે–તે વાસણ ચાટી જાય તો ચાલે, તો હરિજનો માટે શા માટે વાંધો લેવો? મારે એ અંગે ઘણું સાંભળવું પડ્યું પણ હું સ્થિર રહ્યો. એટલે હવે સહુનો વિરોધ ઓછો થઈ ગયો છે; એટલું જ નહીં, મારા માજી હવે સમૂહભોજનમાં ભળ્યા છે – મારે ત્યાં હરિજન આવે છે. આ વાત પ્રત્યક્ષ છે અને એટલે ગુરુદેવ સંતબાલજીએ ખરૂં કહ્યું છે કે ગામડાં સંસ્કૃતિ – સભર અને સરળ છે. કેવળ તેને સાચી નેતાગીરી મળવી જોઈએ. તો તે દ્વારા દેશમાં સહેજે ધાર્મિક અને સામાજિક એકતા થઈ જાય અને ભાલનળકાંઠાના પ્રયોગો આખા ભારતના ક્ષેત્રમાં લેવાય તો દુનિયામાં વાત્સલ્ય સ્થાપવામાં અનુબંધ વિચારધારા અજબ કાર્ય કરી શકે.

## આંતર્જાતીય લગ્ન : એક કોયડો

**મીરાંબેને** સભ્યોની ખાસ રજા લઈને આંતર્જાતીય લગ્ન અંગે એક દાખલો ટાંકતા વાત રજૂ કરી :—

એક જૈન ભાઈએ સંત વિનોબાના આશીર્વાદ મેળવી ઇસ્લામી બહેન સાથે લગન તો કર્યા પણ એ પ્રેમ લગન થયેલાં. હવે આવાં લગ્નને દેહ-લગ્ન કહેવાં કે આધ્યાત્મિક એ આપ સહુ વિચારજો. બહેનને અલગ મૂકીને ભાઈ થેલો ભેરવીને ફરવા લાગ્યા. એ બહેન જૈન કુટુંબમાં ભળી ન શક્યા કે પેલું કુટુંબ એમને ન અપનાવી શક્યું. આ લગ્નને વિનોબાજીના આશીર્વાદ હતા એટલે સંતબાલજીએ પણ આવકાર્યું; એટલે સંતબાલજીના આશીર્વાદ પણ હતા. અમે મહારાષ્ટ્રમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતાં ત્યારે એ કુટુંબ અમારી પાસે આવ્યું તે વખતે બહેન જે છાતીફાટ રૂદન કરે અને "બકરાં કાપે એ રીતે મને કાપે" એવી ભાષા વાપરે. એ જોઈને મને થયું કે આવા લગ્નોનું શું પ્રયોજન! આવેશમાં આવીને આ રીતે લગ્ન થાય, છોકરાંઓ થાય અને કલેશ કે વિષમતા વધે એ રીતનું મિલન કોઇ કામનું ખરૂં ?

એ જ રીતે સૌરાષ્ટ્રમાં કેરલની એક હરિજન કન્યા સાથે એક કાર્યકરનાં લગ્ન થયાં. તે કુટુંબ પણ મળેલું. તેમાં ભાઈ ઘણું સહન કરે પણ મેળ ન મળે.

આ વાતો ઉપરથી એવું લાગે છે કે ભલે હૃદયથી એક ગણીએ પણ લગ્ન જેવી બાબતોમાં નાતમાં પરસ્પર થાય તે જ સારૂં છે. જમવાનો પ્રશ્ન જૂદો છે કે ગમે તે નિરામિષાહારીને ત્યાં જમી શકાય પણ લગ્ન—વહેવારમાં ઘણો વાંધો આવે છે.

લગ્ન અંગે વધુમાં વધુ ઉદાર એટલે હદ સુધી જ થવું જોઇએ કે એક સંસ્કૃતિ અને એક રિવાજવાળાઓમાં લગ્ન થાય તો જીવન વહેવાર સુખથી ચાલી શકે. અલબત્ત ગુરુદેવ કહે છે તેમ બન્ને પોતાનો ધર્મ પાળે અને બાળકનું નામ સ્ત્રી ઉપરથી અને બાલિકાનું નામ પુરૂષ ઉપરથી પાડવામાં આવે તો આગળ જતાં આત્મીયતા આવી શકે પણ વચલા ગાળાની અવદશાનું શું ? એ મિશ્ર બાળકોના રોટી–બેટી વહેવારનું શું ? વળી જે જાતિના એ કન્યા અને મુરતિયા હોય તે જાતિના બીજા નરનારીઓને, તેમની કન્યા કે મુરતિયાની તંગી પડે તો તેમનું શું ? આ ઉપરથી મને લાગે છે કે બેટી વહેવારની વાત બરાબર નથી."

## ઉપસંહાર

ઉપરોક્ત પ્રશ્ન પરત્વે ખૂબજ ચર્ચા ચાલેલી અને અંતે તારણ એ નીકળેલું કે બન્ને કુટુંબોની સમ્મતિથી આવાં લગ્નો થાય અને તેમાં પણ સંયમ અને સદ્ગુણ મુખ્ય હોય તો સારૂં. સાધુ સાધ્વીઓ કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંતના આશીર્વાદ કેવળ સંયમ સદ્દગુણ વૃદ્ધિ માટેજ ગૃહસ્થાશ્રમી દંપતિને હોઈ શકે.

તે ઉપરાંત 'સર્વધર્મ સમન્વય' અંગે જવાબી તારણ એ હતું :– આજે વિજ્ઞાને અનાયાસે દુનિયાની માનવજાતને નજીક લાવી મૂકી છે કે રોટી–બેટી–વહેવારની એકતા અનાયાસે થાય છે. તો સંયમ અને સદ્દગુણનુ લક્ષ્ય મુખ્ય બને અને લાલસા કે ભૌતિક સુખ ગૌણ બને એ તત્ત્વ આધ્યાત્મિકતા વ્યાપક થયા વિના માનવજાતમાં દાખલ ન થઈ શકે

સૌને ન્યાય અને આજીવિકાનાં સાધનો મળી રહે, વિકાસની સમાન તક મળે, ધર્મનું જ અંતઃકરણ દ્વારા કુદરતી દબાણ સૌ પર થાય તેમાં રાજ્ય, દાંડતત્ત્વો, સત્તા, ધન કે બુદ્ધિનું દબાણ ન રહે; ભય કે લાલચથી ધર્માંતર ન થાય, એમ કરવું હોય તો જેમ હાથ, પગ, માથું અને હૃદય જુદાં હોવાં છતાં એક ચૈતન્યને લીધે બધા પોતપોતાન સ્થળે રહીને કર્મો બજાવે છે અને એકરસ રહે છે; તેમ ધર્મે કરવું જોઈએ. જૈન ધર્મમાંથી આવાં તત્ત્વો, (સર્વધર્મ સેવાનાં) જરૂર મળી રહેશે. એનુ ખેડાણ મુખ્યત્વે એજ રીતે થયું છે. મતલબ કે ગામડાંમાં નૈતિક સંગઠનો હોય તો નાતજાતના ભેદો અને વિવિધ ધર્મોને લીધે પરસ્પર થતો ભિન્ન વ્યવહાર મટીને બધા એકરસ થઈ શકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગ્રામસંગઠનની આર્થિક અને સામાજિક સ્થિતિ [૧૧]

મુનિશ્રી સંતબાલજી] [૧૦-૧૦-૬૧

લોકસંગઠનોના એક મહત્ત્વના ભાગ રૂપે ગ્રામસંગઠન શા માટે તેનો વિચાર અત્યાર સુધી થઈ ચૂક્યો છે. હવે એ લોકસંગઠનના એક મુખ્ય અંગરૂપ ગ્રામસંગઠનોની આર્થિક અને સામાજિક નીતિનો વિચાર કરવાનો છે.

આર્થિક નીતિ ઉપર વિચાર કરતા પહેલાં જગતના અર્થતંત્રની દિશા અને તેના પ્રત્યાઘાતો ઉપર પણ વિચાર કરવો પડશે. આજના જગતનું અર્થતંત્ર 'કેમ વધારે કરવું અને કેમ વધારે વાપરવું?' એના ઉપર જ ચાલી રહ્યું છે. આ વ્યક્તિગત સ્વાર્થ ઉપર રચાયેલી ભાવના છે અને તેની અસર ગામડાંઓ ઉપર પણ થઈ છે.

સામાન્ય રીતે ગામડાંની અર્થનીતિનો આધાર યોગ્ય ઉત્પાદન અને યોગ્ય વિનિમય એ બે મુદ્દાઓ ઉપર રહેલો છે. આજે જો કે ગામડાંનાં ઉત્પાદનનાં સાધનોમાં વૈજ્ઞાનિક સહાયની અપેક્ષા રહે છે. તેમાં વ્યાપકતા નથી તો તે પણ લાવવી પડશે. ગામડાંની અર્થનીતિ સામૂહિક છે. સમૂહ-કલ્યાણ એની પાછળની ભાવના છે. આપણે એકલા પોતાના માટે ખેતી કરતા નથી, પણ આખું ગામ છે તે માટે કહીએ છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે જ્યારે બી વાવવા જાય છે ત્યારે સૌ પ્રથમ ગણુપતિને યાદ કરે છે અને પછી બોલે છે :—'આ વાવું છું તેમાં સંતનો ભાગ, સતીનો ભાગ, જોગીનો ભાગ, જતિનો ભાગ, પશુનો ભાગ, પંખીનો ભાગ." આમાં સૌનો ભાગ છે એવી ભાવનાથી એ કાર્ય થાય છે. આનાં બે કારણો છે :—(૧) કુદરત બધાને આપે છે; તેમ જ (૧) મારા જીવનને ટકાવી રાખવા બધાનો પુરુષાર્થ ભેગો છે તેમ આમાં પણ ભેગો છે. આવી સામૂહિક સહઅસ્તિત્વની ભાવના છે.

વરસાદ વરસે છે ત્યારે કોઈ એક માટે વરસતો નથી :—

"अन्नाद् भवंति भूतानि, पर्जन्यादन्न संभवः।
यज्ञाद् भवति पर्जन्यो, यज्ञःकर्मसमुद्भवः॥"

—એટલે કે વિશ્વના પ્રાણીમાત્ર યજ્ઞ કરે છે, પુરૂષાર્થ કરે છે. એ બધાનો પુરૂષાર્થ ભેગો થઈને વરસાદ વરસે છે. એ ન વરસે તો અનાજ થાય નહીં; ઘાસ પણ થાય નહીં. આમ તો વાદળાં વરસે અને પાણી મળે એમ ઉપરથી લાગે છે, પણ અંતરથી વિચારીએ તો જણાશે કે જ્યાં લીલોતરી હોય, પર્વતો હોય, નદીઓ હોય, સુંદર લીલી વનરાજી ખીલી હોય ત્યાં અંતઃકરણમાં એક અનેરો ભાવ પેદા થાય છે. આત્મ ઉન્નત બને છે, તેમ જ જગતનાં ચેતનોનો આવિર્ભાવ થાય છે. ત્યારે તેની ઇચ્છાનો સક્રિય પડઘો પડે છે. વરસાદ ન વરસે ત્યારે લોકો પ્રાર્થના કરે છે. મુસ્લિમો અને ઇસાઇઓ પણ વરસાદ માટે પ્રાર્થના કરે છે. બમીં લોકો તો એનો ઉત્સવ મનાવે છે.

શું ખરેખર અંતરમાં ચેતનનો આવિર્ભાવ થાય છે અને તેના પડઘા રૂપે વરસાદ પડે! એનો ખ્યાલ કરતા ઘણાં અચકાશે. પણ, સાયલા પાસેના સેજકપુર ગામનો એક પ્રસંગ છે : ત્યાં શ્રીજી મહારાજના એક ભક્ત રહેતા હતા. તેઓ બેરખો રાખીને માળા ફેરવે. એક દિવસ તેઓ સ્નાન કરવા બેઠેલા. ગરમ પાણી આવેલું પણ ઠંડુ પાણી નહોતું આવ્યું. ત્યાંથી ઓધવજી કલુ નામના શ્રાવક નીકળ્યા. તેમણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મજાક કરતાં કહ્યું : "બેરખો તો મોટો રાખો છો. ભગવાન ઉપર શ્રદ્ધા હોય તો તેને પાણી મોકલવા કહો.

ભગતને લાગી ગયું દિલમાં અને બોલ્યા: "આ બેરખો અમસ્તો નથી રાખ્યો. મને મારા શ્રીજી ઉપર શ્રદ્ધા છે. તે પાણી મોકલશે." તેમણે સંકલ્પ કર્યો. ઉપરથી નાથ પાણી ન મોકલે ત્યાં સુધી ઊઠવાનો નથી; ખાવા–પીવાનો પણ નથી. ગામ સાંભળીને છક થઈ ગયું. ઓધવજી ભાઈના પત્નીએ ઠપકો આપ્યો. ઓધવજી ભાઈએ ભગતને આજીજી કરી કે પ્રતિજ્ઞા છોડો. પણ ભગત રહ્યા મક્કમ ! ભગવાનના ધ્યાનમાં લીન ! કલ્પનામાં ન આવે એ રીતે વાદળાં ઘેરાવા લાગ્યા અંતે વરસાદ વરસ્યો.

હમણાંના સમયમાં વિજ્ઞાનથી વરસાદ વરસાવી શકાય છે તેવીજ રીતે આત્મશક્તિ, આત્માનું વિજ્ઞાન પણ કાર્ય કરે છે. ગામડામાં કહેવાય છે કે વરસાદ ના વરસે તો બધાનાં પાપ ભેગાં થયાં હશે. એવી જ રીતે ધરતી અન્ન ચોરે છે એમ સંભળાય છે. તેનો અર્થ એ કે આપણી માનસિક અસરો બધા ચેતન ઉપર થાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ગામડાંઓમાં જે ઉત્પન્ન કરાય છે તેની પાછળ તે બધા માટે છે; બધાને કામ આવે એવી સહિયારી સામૂહિક કલ્યાણ ભાવના રહેલી હોય છે. એજ રીતે અનાજ પાકે પછી વિનિમય કઈ રીતે કરવું ? એટલે વાણીયો તોળે તો તેને મહેનતાણાંમાં અનાજ મળે. સુથારે હળ વ. બનાવ્યાં તો તેનો પણ ભાગ, કુંભાર, વાળંદ, સાજો, લુહાર, મોચી, વણકર, ચમાર એ બધાનાં કામ અને સેવા બદલ ખેડૂત અનાજને વળતર રૂપે આપે. આજે પણ એ પ્રથા ઘણાં ગામડાંઓમાં ચાલુ છે. ગામડું આખું એક કુટુંબ હોય એ રીતે વર્તે છે. આ બધાને આપતા અનાજ વધે ત્યારે સતી સંત, પંખી બધાને પોષે છે.

બનાસકાંઠામાં જોયેલી અને સાંભળેલી આ વાત છે. ત્યાં ઢોરને ખાણમાં અનાજ ખવડાવતા, વસવાયાંને આપતા, પોતાને બાર માસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચાલે તેટલું રાખતા, બી માટે બચાવતા બાકી વધે તે અનાજને લોકો ખેતરમાં છોડી દેતા, એ લોકો એમ માનતા કે ભગવાને આપ્યું છે, તે જીવવા માટે; ભરી રાખવા માટે નહીં. બીજે વર્ષે પાછો એજ આપવાનો છે. એટલે સાથી સંગીઓને આપવાનો હક્ક ખરો. પણ સંઘરવાનો નહીં. અનાજ સિવાય કાપડ જોઈએ તો કપાસ વાવે અને સુતર કાંતે. ઘેરજ શાળ રાખી, વણી લે. મકાન ઓડ પાસે માટીનું બનાવી લે. પોતે મજૂરી કરે. આમ ત્યાં ગામડું અન્ન, વસ્ત્ર, મકાન માટે સ્વાવલંબી હતું.

આવી ગામડાની આર્થિક નીતિમાં કુટુંબ–ભાવના હતી એટલે જ ભંગી કન્યાને પણ ગામનો પટેલ પોતાની દીકરી ગણી શકતો અને ગામની દીકરી અને ભાઈનાં સગપણ ટકી રહેતાં. આમાં પરસ્પર ભેદભાવ વગર ઉપયોગી થવાની ભાવના હતી જેને સામાજિક નીતિ પણ કહી શકાય. સહુનું પોતપોતાનું સ્થાન અને પોતપોતાની ઉપયોગિતા; અને તે પ્રમાણે તેને વળતર. એક રીતે તેમાં સાંસ્કૃતિક નીતિ પણ આવી જાય છે. ગામડાના વાર તહેવાર સહુના, મેળા–પર્વ સહુના એમાં ભેદભાવ નહીં. આમ જે નીતિ–નિયમો પ્રમાણે ગામડાંના સંસ્કાર પડ્યા હતા તેમાં એક કુટુંબની સામાજિક અને સાંસ્કૃતિક નીતિ જણાતી હતી અને સામૂહિક સર્વોપયોગી આર્થિક નીતિ હતી.

એટલે, જ્યારે વ્યાપક ધર્મનો મનમાં વિચાર આવ્યો ત્યારે ગામડું સહુથી આધારભૂત લાગ્યું. ગામડાંનો પ્રથમ ખ્યાલ ગાંધીજીએ આપ્યો. તે વખતે હું સમૌન એકાંત વાસમાં હતો અને મારું વાંચન ચાલતું હતું. પછી વધારે વિચાર કરતાં લાગ્યું કે ગામડાંને સ્થાન આપવું જરૂરી છે પણ એનાથી વિશેષ અને પ્રથમ તો આજની સામાજિક અને આર્થિક નીતિ બદલવાની જરૂર છે. વાહનવહેવાર વધતાં, યંત્રો આવતાં, મોટા ઉદ્યોગો વિકસતાં ગામડાં તૂટતાં ગયા છે અને શહેરો વિકસતા ગયા છે. આજે શહેરનું અર્થતંત્ર મૂડીવાદ અને સ્વાર્થ ઉપર આધારિત છે. મૂડીવાદ વ્યક્તિવાદનું પ્રતીક છે ત્યાં કુટુંબ ભાવના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી. તેને આજનું રાજતંત્ર પોષે છે. એ બન્નેનો સમાજ ઉપર કેવળ કબ્જો નથી પણ વ્યાપક પ્રભાવ પણ છે. પરિણામે મોટા શહેરોમાં સહુ કેવળ પોતાનું જ વિચારતા હોય છે. સામાજિક રીતે વિચારવાનું બહુ ઓછાને સૂઝે છે.

રાજ્ય તરફથી પણ ઉદ્યોગ–ધંધાના વિકાસ માટે શહેરો કે તેના ઉપનગરો પસંદ કરવામાં આવે છે. પરિણામે મુંબઇ, કલકત્તા દિલ્હી જેવા શહેરો અને લાખોની વસ્તીવાળા મોટા નગરોની વસ્તી પણ બમણી થઇ ગઇ છે. અને ગામડાં તૂટી રહ્યાં છે. શહેરના આકર્ષણે માણસને ગામડાથી દૂર કરી મૂકયો છે. સામાન્ય ગણતરી એ છે કે શહેરની દર લાખ માણસની વધતી જતી વસ્તી પાછળ ૪૦૦ ગામડાં તૂટે છે; અને તેનાથી વધારે ગામડાં વસ્તી વગર કે અર્ધી વસ્તીના કારણે નકામા બને છે. આમ ગામડાનું અર્થતંત્ર પડી ભાંગ્યું છે એટલે અહિંસક સમાજની રચના અગર તો ધર્મમય સમાજરચના કરવા માટે સર્વ પ્રથમ મૂડીવાદ અને રાજ્યતંત્ર બન્નેનો કબ્જો ગામડાં ઉપરથી દૂર કરવો જોઈશે એટલું જ નહીં શહેરનાં પ્રલોભનો અટકાવવાં જોઇશે. મતલબ કે આજની સામાજિક–આર્થિક નીતિ બદલવી પડશે.

આ માટે હું સર્વ પ્રથમ ગામડાઓમાં ગયો. ત્યાં સાદીસીધી વાતો કરી. તેમને કહ્યું કે તમે અનાજ વાવો છો ત્યારે તો સતી, જતિ, પશુ–પંખી બધાનો એમાં ભાગ છે એમ બોલો છો; પછી આ પંખીઓને મારવા ગોફણ કેમ લો છો? તમે તો જગતના તાત કહેવાવ! પશુપંખીઓ કયાંથી ખાશે?

તેમની વાતો સાંભળી. તેમને પરવડતું નથી. ભાવો પોષાતા નથી અને અનેક પ્રકારે તેમનું શોષણ થાય છે. તેનો ઇલાજ એક જ છે કે નીતિના પાયા ઉપર તેમનું સંગઠન ઊભું કરવું. ગામડામાં મુખ્ય ત્રણ વર્ગ છે: (૧) ખેડૂત, (૨) ખેતરમાં મજૂરી કરનાર અને વસવાયાં, (૩) ગોવાળો કે ભરવાડો. વિનિમય કરનાર જે સાહૂકાર વર્ગ છે તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૂડી ઉપર ઊભો થયો છે. તેઓ (વહેપારીઓ) જો ન્યાયનીતિ પ્રમાણે એક કુટુંબના વાલી તરીકે આવવા ઇચ્છે તો જરૂર તેમને સ્થાન આપવું. પણ મૂડીનું વર્ચસ્વ ઘટે એ જોવું જોઇએ. ખાવા માટે અનાજની જરૂર છે પણ લોકો પૈસો–પૈસો એવી ચિંતા કરતા થઇ ગયા છે એમ આખું અર્થતંત્ર આજે બદલાઇ ગયુ છે. એનું એક કારણ દુનિયાની વર્તમાન પરિસ્થિતિ પણ છે; તે છતાં યે ગામડામાંથી મૂડીનો પ્રભાવ ઓછો થઇ શકશે. કારણકે ઉપર જણાવી ગયા તે મુજબ હજુ ગામડામાં કુટુંબ ભાવના છે એ ઉપરાંત હજુ ત્યાં મૂડીને એટલી બધી પ્રધાનતા મળી નથી. ગામડામાં હજુ ઘણાં બહેનો બાળકોને કહે છે: "તારા બાપનું શું દાટયુ હતું?" એ મૂડી તરફ અણગમો જ વ્યકત કરે છે.

આ ભૂમિકાએ ગામડામાં લોકસંગઠનો ઊભા કરવાનું કાર્ય આગળ ધપાવવું શરૂ કર્યું. ખેડૂતોને ભાવ ન પોષાતા હોઇને, કંટ્રોલ નીકળી ગયા બાદ ખાનાર અને ખેડનારને પોષાય તેવા ભાવો નક્કી થાય તો જ ફરી કંટ્રોલ ન આવે એવું અમે નક્કી કર્યું. આ બાબત લોકોએ જાતે ઉપાડવી જોઇએ અને તે મુજબનું તંત્ર ગોઠવવું જોઇએ. એટલે સાણંદમાં લોકસેવકોની એક પરિષદ યોજી. નરહરિ પરીખ, બબલભાઈ મહેતા, રવિશંકર મહારાજ, જુગતરામ દવે, પરીક્ષિતલાલ મઝમુદાર, લક્ષ્મીદાસ આસર વગેરે ભેગા થયા. મેં તેમને પૂછ્યું કે "હવે શું કરવું?" ખેડૂતો કહે છે કે સરકારના બાંધેલા ભાવ અમને પોષાતા નથી; તેમજ જોઈતી વસ્તુઓ કંટ્રોલ ભાવે મળતી નથી." વિચારણા બાદ ખેડૂતોની વાત સાચી લાગી. એટલે લક્ષ્મીદાસભાઈના પ્રયત્નથી ઘઉં અને ડાંગરમાં બે રૂપિયા ભાવ વધ્યો છતાં પોષાતું નહતું એટલે નૈતિક ભાવો નકકી કર્યા. વેપારીઓ ને બોલાવ્યા પણ તેઓ લોભને કારણે ન માન્યા. ખેડૂતોની સભા બોલાવી રવિશંકર મહારાજ અને આસર હાજર હતા. ખેડૂતોને પૂછ્યું: તમને શું ભાવે અનાજ પોષાશે?"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમણે કહ્યું: "નવ રૂપિયા બસ થશે!"

"નવ નહિ, દશ લ્યો. પણ પછી બજારમાં પંદર થાય તોયે તમારે દશથી વધુ ન લેવા." મેં કહ્યું. કદાચ મારાથી સંકોચ પામતા હોય એટલે આસરની સૂચનાથી હું બહાર ગયો. દાદાની હાજરીમાં આ ભાવે આપવા કેવળ સોળ જણા જ રાજી થયા. મને નવાઈ તો લાગી પણ તેમાંથી ખેડૂતસંગઠનની રચના થઈ. પછી સભ્યો વધવા લાગ્યા. ભરતી અને ઓટ આવી પણ મંડળ ટકી રહ્યું છે. ગામડાંની આર્થિક–સામાજિક નીતિ કેવી હોય 'તે અંગે આ પ્રસંગો અને સિદ્ધાંતો મૂકવામાં આવ્યા છે.

ગામડાંનાં અર્થતંત્રને સ્થિર કરવા માટે બીજી જે વસ્તુ વિચારવાની છે તે એ કે એક માણસે એક જ ધંધો કરવો જોઈએ. જે નોકરી કરે તે ખેતી ન કરે અને ખેતી કરે તે વેપાર ન કરે. આથી બેકારીનું નિવારણ થશે અને સૌને શાંતિથી રોટલો મળી જશે. કેટલાક પેટા ધંધા કરવા પડશે પણ ગામની વસ્તી પ્રમાણે તે નક્કી કરી શકાશે. આ બધું ખેડૂતસંગઠનો કે ગ્રામસંગઠનો દ્વારા થવું જોઈએ.

નૈતિક પાયા પરનાં ગ્રામસંગઠનો કે ગ્રામના નૈતિક લોકસંગઠનો ત્રણ વર્ગનાં—ખેડૂત, મજૂર અને ગોપાલકો–થવાં જોઈએ. એમાં દશેક ટકા જેટલા સભ્યો, પ્રામાણિક વેપારી અને મધ્યમવર્ગના માણસોમાંથી લઇ શકાશે. વેપારીઓને આ વાતમાં રસ જાગ્યો છે. તેઓ યોગ્ય વ્યાજ જરૂર લે પણ વ્યાજ વટાવ ઉપર જ જિંદગી ન કાઢે. પોતાની મૂડીમાંથી તેઓ ગામમાં ઉદ્યોગોને પગભર કરવા વિચારે, એ ઇચ્છનીય છે. ખેડૂત મંડળ અમૂક ટકા વ્યાજ લેવાય તે અંગે પ્રયત્નશીલ છે. તેમાં કેટલાક વેપારીઓનો પણ ટેકો છે. વેપારીઓ જો આટલું કરે તો તેઓ ગામના સાચા શબ્દોમાં શાહુકાર કે ટ્રસ્ટી બની શકશે. અને વેપારી તેમજ ખેડૂત વચ્ચે સુમેળ સાધી શકાશે. એવી જ રીતે પશુ-પાલકો અને ખેડૂતો વચ્ચેનાં સંઘર્ષો મટાડવા માટે પશુપાલકોને ખેતી તરફ વાળવા; જેથી ખેતીમાં પણ કેટલું જોખમ છે તેનો તેમને ખ્યાલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે. એટલે ભેલાણ ન કરે; તેમજ બીજી તરફ તેઓ સ્વાવલંબી બને. એવી જ રીતે ખેડૂતોને ગોપાલન તરફ વાળવા; જેથી તેમને ગોપાલનની મુશ્કેલીનો ખ્યાલ આવે અને તેમને બળદ મળે એટલે રાહત થાય. ખેડૂતમંડળની આ દૃષ્ટિ છે. મજૂરોને પોષક મજૂરી મળે અને ખેડૂતોને પોષાય તેવા ભાવ મળે. આમ ગામડું એક બને અને રસમય બને.

આ ઉપરાંત શહેરોનું જે શોષણ છે, તેનાથી ગામડાંને મુક્તિ અપાવવાની છે. ખેડૂતમંડળ જ્યાં રોજગારી કેમ અપાવવી તેની ચિંતા કરે છે ત્યાં યંત્રો આવ્યાં છે અને હરિફાઇ જાગી છે. એટલે સિંહ-બકરા જેવી સ્થિતિ થઈ છે. બકરાને સિંહ સામે બેસાડો. પછી ખાય ખાય તોયે તે ન વધે. શહેરો સિંહ જેવા થઈ ગયાં છે. ગામડાં તેમને જીવાડવા માટે, અનાજ, કપાસ, શાક વ. વસ્તુઓ લઇને ત્યાં આપવા જાય ત્યારે સામેથી કર લેવામાં આવે છે.

'न करः यस्मिन् तत् नगरं'

—જ્યાં કર ન હોય તે નગર. એ કહેવત ભુલાઈ છે. અગાઉ તો મહાજનોને વસાવવા માટે ઠાકુરો કહેતા 'તમે નગરમાં આવો' તેઓ વિનિમય કરતા. પણ હવે ઉલટી રીત ચાલી છે. ગામડાંની આર્થિક નીતિમાં વિનિમય અને રૂપાંતરનું કામ ગામડામાં થવું જોઈએ તેથી કેંદ્રીકરણની બદીઓ દૂર થશે; શહેરોનું શોષણ અટકશે અને તેઓ ગામડાંના પોષક બનશે.

ચીનમાં હાથલોરીવાળાઓએ ફરિયાદ કરી કે ખટારા થવાથી અમારા ધંધા પડી ભાંગ્યા છે એટલે અમુક રૂટ ઉપર ભાડાની ટ્રકો બંધ કરાવી. ત્યાં તો એ સરમુખત્યારીથી થયું. પણ આપણે અહીં તે પ્રીતથી કરવું છે. ગ્રામસંગઠનને કોંગ્રેસ સાથે જોડાઈને, ગ્રામલક્ષી સામાજિક, આર્થિક નીતિની વાતો કરીએ છીએ તે આ કારણે. એથી કોંગ્રેસને પણ પીઠબળ મળશે અને ગામડાંને પણ સ્વાવલંબી બનવામાં મદદ મળશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ટૂંકમાં ગ્રામીણ અર્થતંત્રમાં આટલી વસ્તુઓનો વિચાર થવો જોઈએ. તેની અર્થનીતિ ગ્રામલક્ષી હોય. યંત્રો અને ઉદ્યોગો ભલે ત્યાં પગભર થાય પણ તે સહકારી ધોરણે. યંત્રો ઉપર વ્યક્તિગત માલિકીની છૂટ ન મળવી જોઈએ. એક વ્યક્તિને એક જ ધંધો હોવો જોઈએ. ગામની ચિંતા ગામે કરવી જોઈએ. ખેતી ઉત્પાદનના પોષક ભાવો, રોજી-રોટીના પ્રશ્નો વગેરેનો ઉકેલ સહકાર અને સંગઠનો વડે થવો જોઈએ. આમ ગામડું પગભર થતાં ગામડાંનું પ્રતિનિધિત્વ ગામડું કરે; એના પ્રશ્નો એના પ્રતિનિધિઓને પૂછાય, સોંપાય અને વિચારાય એવી પરિસ્થિતિ પેદા થશે. જેમ થોડા મજૂરો હોવા છતાં, મજૂરોના પ્રશ્નો મજૂરમંડળો વડે ઉકેલાય છે તેમ ગામડાનું થશે. એ માટે લોક-સંગઠનોના એક અંગ રૂપે ગ્રામસંગઠનોને વધારે મજબૂત કરવાં પડશે. જેથી તેમનાં સંગઠિત અવાજનો પડઘો સરકારી અર્થનીતિ ઉપર પડે અને ગામડાંને કચડી નાખતા યંત્રોની વ્યક્તિગત માલિકી કે ધંધાઓ બંધ થાય. વ્યાજ અમુક ટકા જ લેવાય, આ બધા પ્રયત્ન ભાલ નળકાંઠા પ્રદેશમાં ખેડૂત મંડળ કરી રહ્યું છે. પ્રસંગ આવે ત્યાં તે બીજા પ્રદેશના ખેડૂતોની ચિંતા કરે છે. રેલસંકટ હોય, ભૂકંપ હોય, અગર તો બીજી કોઈ આફત ઊતરી આવી હોય ત્યારે ભાલનળકાંઠા ખેડૂતમંડળ યથાશક્તિ મદદ કરે જ છે.

ગામની સામાજિક નીતિ તો સ્પષ્ટ જ છે. ખેડૂત,, મજૂર, ગોપાલક અને વિનિમયકાર સહુ ન્યાય-નીતિથી હળીમળી એક કુટુંબની જેમ રહે. નાતજાતના ભેદ નહીં પણ ન્યાયનીતિ ઉપર બધા અડગ. ગામનો માણસ એ મારો સંબંધી-કુટુમ્બી એ ભાવના સામાજિક નીતિની હોવી જોઈએ, તે અંગે એક દાખલો ટાંકુ :—

ભાલના એક ગામમાં પટેલ ભોજન કરવા બેઠા; કે કોઈએ ખબર આપી કે એક કુટુંબ બે દિવસથી ભૂખ્યું બેઠું છે. પટેલે હાથ ધોઈ નાખ્યા અને ગામને ભેગું કરી કહ્યું કે, બોલો શું કરવું છે? લોકલ બોર્ડના કામ ચાલવાનાં હતાં પણ મજૂરી અમુક વખતે મળે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે ગામે ઘઉનો ફાળો કર્યો અને આવાં જે કુટુંબો હતા તેઓને ઘરે ઘઉં પહોંચાડ્યા. પછી તો ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘને ખબર પડી એટલે એમણે તાત્કાલિક જુદા જુદા કામો શરૂ કર્યાં. અનાજ, ગોળ, મરચાં વિ. નો પણ પ્રબંધ થયો. પછી તો સરકારે પણ પ્રબંધ કર્યો.

આમ ગામડામાં એક ગામના લોકો વચ્ચે હજુ આત્મીયતા છે અને એ જ કૌટુંબિક ભાવના ગામડાંની સામાજિક નીતિનો આધાર રહેવો જોઈએ. તેમાં નાત, જાત કે ધર્મના વર્ગભેદો સમજપૂર્વક ઉકેલાય એ વધુ ઇચ્છનીય છે.

## ચર્ચા – વિચારણા

### ગ્રામ્ય અર્થતંત્ર સ્વાવલંબી બને!

**પૂ. દંડીસ્વામીએ** પ્રશ્ન કર્યો: "ખેડૂતોને પોષાતા ભાવ કે કાળી મજૂરીનું પૂરું વળતર મળતું નથી તે ફરિયાદ જોરદાર છે. તેમ બીજી બાજુ સ્વરાજ્ય બાદ ખેડૂતો ખૂબ માલદાર થતા જાય છે તે વાત પણ સંભળાય છે. તો સાચું શું?"

**નેમિમુનિ**: "ખેડૂતો બચતથી અને સમાજ તથા સરકારની મદદથી પગભર ન થાય ત્યાં લગી આર્થિક મુશ્કેલી તેમને રહેવાની. મૂડીવાદી અર્થ રચનામાં એમને ચૂસાવાનું છે. અનાજની મોંઘવારી આવા મૂડીવાદી વર્ગને જ આભારી છે. ખેડૂતોના ઘરમાં તો ભાવ ઓછોજ પહોંચે છે. એટલેજ મહારાજશ્રી ગ્રામસંગઠનનું અર્થતંત્ર સ્વાવલંબી બને તે માટે અસરકારક માર્ગદર્શન આપી ભાલનળકાંઠા પ્રયોગ મારફત ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે.

**બળવંતભાઈ**: "બ્રિટીશરો હતા, તે પહેલાં ગામડાં સ્વાવલંબી, સુખી અને પરગજુ હતાં. બ્રિટીશરોની શોષક અર્થનીતિ અને શહેરોને પ્રધાનતાથી લઈને આજ સુધી દાંડતત્ત્વો, અમલદારો વિગેરેનું અબાધિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્ચસ્વ ગ્રામસંગઠનો થવા દેવામાં બાધક બને છે. તેની વિરુદ્ધ અનુબંધ-વિચારધારા પ્રમાણે ગ્રામસંગઠનો ઊભાં થાય. સહકારી–સહયોગી અર્થનીતિ બને તો ગામડાં જરૂર નંદનવન બને. ગામડાંના ચોરા પણ નિંદા–કૂથલી, ચા–બીડીનાં સ્થાનકોના બદલે ગ્રામની ઉન્નતિ વિષે વિચારણાં કરવાનાં કે ભજન વગેરેનાં સ્થળો બને.

**દેવજીભાઈ:** "નીતિથી ડગાવવા માટે ચોમેર ઘેરો છે તેમાંથી આ ખેડૂતોને–ગામડાંવાળાઓને બચાવી લેવા જોઈએ. મને તો તેમની હમણાંની નીતિ છક કરી મૂકે છે."

**બળવંતભાઈ:** "તેમાં પણ માર મારીને ઢોર પાસે કામ લેવાની, વધુ દોહવાની અને ધર્મઘેલછાના નામે થતાં કૃત્યો દૂર કરવાની જરૂર છે.

**દંડીસ્વામી:** "મને તો બધાનો નિકાલ અનુબંધ વિચારધારા પ્રમાણે નૈતિક ગ્રામસંગઠનો ઉભા કરી તેમનો રાજ્ય ઉપર પ્રભાવ પાડવામાં જણાય છે. કરપાત્રીજી વગેરે રાજકીય સત્તા લઈને તેના દ્વારા સુધારા કરવાની વાતો કરે છે તે પાયાથી જ વાત ખોટી છે. ગાંધીજીએ દેશને જગાડ્યો અને ગામડાંને જગાડવા માટે નૈતિક ગ્રામસંગઠનો જરૂરી છે.

## ભારતની પોતાની અર્થનીતિ

**નેમિમુનિ:** આજની સરકારી અર્થનીતિ રશિયા, ચીન, જાપાન, અમેરિકા વ.ને જોઈને નક્કી કરાય છે, પણ જગતના અર્થતંત્રનો પાયો આજે યંત્ર છે; તે પ્રમાણે ભારતમાં ન ચાલી શકે. કારણ કે ભારતમાં જનસંખ્યા વધારે હોઈ માત્ર યંત્રોથી તો બેકારી જ વધે. એટલે ભારત માટે તેની પોતાની જ ગ્રામોને (કે જ્યાં બહુસંખ્યાક લોકો છે) અનુલક્ષીને, માનવતા અને નીતિના પાયા ઉપર અર્થરચના ગોઠવવી પડશે. એમાં યંત્રો અને વિજ્ઞાન પણ રહેશે, પણ એ રહેશે નીતિની સાથે જ. નીતિ અને માનવતા વિનાનું વિજ્ઞાન તો રાવણની પાસે પણ હતું. પરંતુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેથી ભોગવૃત્તિ જ વધી અને આખરે પતન થયું. એટલે નીતિ સાથે વિજ્ઞાનનો જેટલો મેળ ખાય તેટલું જ ઉત્પાદન વધારવું અને ઉત્પાદનનો પણ યોગ્ય વિનિમય થાય, એવી વ્યવસ્થા ગોઠવવી, ઉત્પાદન વધારો અને ભોગનો વધારો ' એવી અમેરિકાની અર્થનીતિ પણ બેકારીના પ્રશ્નનું નિરાકરણ કરી શકી નથી. એટલે ભારતમાં ત્યાગ, સહયોગ અને ધર્મ–નીતિ પ્રધાન અર્થરચના કરવી પડશે. પછી તેના અનુસંધાનમાં મોટા ઉદ્યોગો કે યંત્રો સહકારી ધોરણે ચાલશે તો વાંધો નહિ આવે.

ગામડાંમાં એ વસ્તુ શકય છે. ત્યાં કુટુંબ ભાવના છે એટલે ગામડાંથી અર્થનીતિ બદલવાનું કાર્ય કરવું પડશે. આવી ગ્રામલક્ષી ને આગળ વધારવા શહેરોમાં પણ ગ્રામલક્ષી લોકોનાં વ્યવસ્થિત સંગઠનો અને પ્રચાર જૂથો વધારવા પડશે જેથી શહેરો ગ્રામપૂરક અને ગ્રામલક્ષી અર્થનીતિને અનુરૂપ બની શકે. ધારાસભામાં પણ ગ્રામલક્ષી વધુ ઉમેદવારો ચૂંટાય તે જોવું પડશે. એજ ગ્રામલક્ષી અર્થનીતિ છે; જેને સામૂહિક કલ્યાણકારી ઉત્પાદન–વિનિમય ભાવના ગણાવી શકાય. તેનો જગતમાં પ્રચાર કરવો પડશે. એ માટે કોંગ્રેસ સિવાય, આજના સંયોગોમાં બીજા ઉપર નજર ઠરતી નથી. ગ્રામસંગઠનો કોંગ્રેસના પૂરકબળ બને અને કોંગ્રેસ વડે આખા જગતમાં પણ ભારતની ગ્રામલક્ષી અર્થનીતિનું અનુસંધાન સંધાય તો વિશ્વશાંતિ આવશે. ટૂંકમાં, માનવશક્તિ અને પશુશક્તિનો ખ્યાલ રાખીને, ધર્મને મોખરે રાખી જગતની અર્થનીતિ અને સામાજિક નીતિ ખીલવવી પડશે.

**પૂંજાભાઈ :** " જ્યારથી માનવબંધુતાના બદલે સ્વાર્થ અને સ્વાર્થી પરિગ્રહ આવ્યો ત્યારથી ગામડામાં જાગીરદારી, શાહુકારી, ભિખારી

અને અમલદારી આવી. પરિણામે, નાદારી, લાચારી, અને બેકારી આવી. હવે શિરજોરી ન આવે તે જોવું રહ્યું."

**બળવંતભાઈએ** ઘણા દાખલા દલીલો સાથે જણાવ્યું : "આજે પંચાયતોમાં આગેવાની આવે છે તે વણઘડાયેલાં ગામડાં હોઈને દાંડતત્ત્વોની આવે છે. આવા ચારિત્ર્ય વગરના, દાંડ કે જ્ઞાતિશાહીમાં માનનારાં સરપંચ કે ન્યાયપંચ શી ભલીવાર કરવાના હતા ?"

**દંડીસ્વામી** : "વાત સાચી છે! તેથી જ આવાં બધાં કાર્યોમાં માર્ગદર્શન નિસ્પૃહી અને સર્વાંગી દૃષ્ટિવાળા ક્રાંતિપ્રિય સાધુ પુરૂષોને આપવું જ પડશે!"

**શ્રોફ** : "આ અંગે પાંગળી અહિંસા નહીં પણ યોગાનુરૂપ કાર્ય કરવું પડશે. જગતનો પ્રવાહ જોતાં ગ્રામોદ્યોગ બાદ ગૃહ–ઉદ્યોગ અને પછી યંત્રોને પણ પૂરક રૂપે લેવાં તો પડશે. ગ્રામસંગઠનથી વિશ્વસંગઠન એજ જગતની ભોગ પ્રધાન અર્થનીતિને ફેરવવા માટે ઉપાય દેખાય છે.

## ઉપસંહાર

પછી સામુદાયિક અહિંસા અંગે કેવા પ્રયોગોની ચર્ચા ચાલેલી તેનો સાર આ પ્રમાણે છે:—

"જેમ ગામડાંમાં દાંડતત્ત્વો છે તેમ શહેરોમાં પણ છે. તેઓ દારૂ ગાળે છે, પીએ છે, વેચે છે અને છાકટા થઈ સજ્જનોને હેરાન કરે છે. બહેનોને પજવે છે અને પૈસા ટકા પડાવે છે. તેમની સાથે ગૂંડાઓ હોમગાર્ડ અને પોલિસવાળા પણ ઘણીવાર મળી જાય છે. લાંચની નાબૂદીમાં તો લાંચની ઊંડી તપાસ કરવી પડે, કાનૂની મુદ્દાઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ઊભા થયા પણ ગામડાં અને શહેરોનાં દાંડતત્ત્વોની નાબુદી માટે આ કાર્યક્રમનું મૂલ્ય આવું હોઈ શકે :—

( ૧ ) શક્ય તેટલો સમાજનો સાથ મેળવી શકાય.

( ૨ ) આહૂતિ આપવા તૈયાર રહેવું પણ સાચવીને–બને તો સમજાવટ પતાવટથી કામ લેવું. કારણકે છરી મારવી, એસિડ ફેંકવો વ. બાબતોમાં દાંડતત્ત્વો રીઢા થઈ ગયા હોય છે.

( ૩ ) સંસ્થાગત રીતે દેશવ્યાપી અને આમરણાંત બલિદાનો માગે એવો આ કાર્યક્રમ છે.

( ૪ ) સનાતન મૂલ્યો સાથે અનુબંધિત આ કાર્યક્રમ હોઈને ભારતીય સંસ્કૃતિનો વિકાસ તથા જનજાગૃતિ અને લોકશુદ્ધિનો પણ આ કાર્યક્રમ છે.

આમ વ્યાપક અને વ્યાપક સહયોગ મળે તેવો આ કાર્યક્રમ છે. તેમાં પ્રથમ તબક્કે માત્ર ઉપવાસની હળવી છતાં નક્કર ભૂમિકામાં લોકસેવકો અને ધર્મસંસ્થાના સભ્યોનો પૂરો સક્રિય સાથ ભળવો જોઈએ.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગ્રામસંગઠન વડે મૂલ્ય પરિવર્તનની પ્રક્રિયા [ ૧૨ ]

મુનિશ્રી સંતબાલજી ] [ ૧૭–૧૦–૬૧

વિશ્વમાં અહિંસક ક્રાંતિ કરવા માટે ગામડાનો અને તેમાં પણ ભારતનાં ગામડાનો વિચાર કરવો પડશે. અહિંસક ક્રાંતિના વાહન માટે આપણી દૃષ્ટિએ ત્રણ યોગ્ય છે : ( ૧ ) ગામડું, ( ૨ ) પછાતવર્ગ, ( ૩ ) નારી સમાજ. એમાં ગામડાંને વધારે મહત્વ આપીએ છીએ. અગાઉના સમયમાં નગરો ‘ નકરોયસ્મિત્ તત્નગર ’ એ વ્યુત્પત્તિ પ્રમાણે કર વગરનાં વિનિમયના સ્થળો હતાં; ગામડાંના પોષક હતા. અને એમને એ રીતે મહત્ત્વ અપાતું પણ હવે શહેરો ગામડાંના પોષક બનવાના બદલે શોષક થઈ રહ્યા છે. ઇતિહાસના પાને અમૂક ક્રાંતિકારોએ પણ શહેરોને મુખ્ય મધ્યબિંદુ રાખીને શહેરની સંસ્કૃતિના વખાણ કર્યાનું નજરે ચઢે છે, તે ન–કર વાળા વિનિમય સ્થળ તરીકે ઠીક હતું. પણ બ્રિટીશરો આવ્યા બાદ જે શહેરી સંસ્કૃતિ વિકસી રહી છે તેના કારણે ગામડાંને મંદબુદ્ધિ અને નકામા ગણવામાં આવે છે. ગામડું એટલે જાણે કાંઇ નહીં, અભણ, અજ્ઞાન, હલકું. આ કેવો છે તો કહેવાય ગામડીયો છે. રાંચો છે. કોઇ વસ્તુને મૂલવવી હોય તો પણ કહેવત પડી ગઇ કે આ વસ્તુ કેવી છે? તો કહેવાય કન્ટ્રી–મેડ ( ગામમાં બનેલી ). દેશમાં બનેલી વસ્તુ; એટલે કે ગઈ ગુજરી. એમ સમજવામાં મોટામાં મોટું નુકશાન જે થાય છે તે સ્વદેશીભાવના અને સ્વાભિમાનનો નાશ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે આવાં મૂલ્યોનું પરિવર્તન કરવા માટે ભગીરથ પ્રયત્ન કરવો પડશે. એ પ્રયત્નોમાં અહિંસક પ્રયત્ન તરીકે આપણા દેશમાં ઉપવાસ અને આમરણાન્ત અનશન અંગે આપણે ત્યાં થોડો વિચાર થયો છે.

**ત્રણ અનશનો :** ગાંધીજીએ આમરણાંત અનશનો કરીને આખા સમાજને જાગૃત કરેલ એટલું જ નહીં, પ્રબળ શક્તિશાળી બ્રિટિશ સલ્તનતને પણ હચમચાવી મૂકી હતી. ગાંધીજીને પાંચ આમરણાંત અનશન થયાં. તેમ આ અનુબંધ વિચારધારામાં મને (સંતબાલને) ત્રણ આમરણાંત અનશન આવી ગયાં છે; એ માટે મારે વિનમ્ર નિવેદન કરવુ જોઈએ.

પહેલીવાર ઘાટકોપરમાં ચાતુર્માસ હતું ત્યારે ગામડાનાં એક ખેડૂત માટે. અંજારમાં એક કિસાનની વાડી કાયદાના કારણે લેવાઈ ગઈ, એ વાડી એનું એક માત્ર ગુજરાનનું સાધન; તેથી તે નિરાધાર થઇ ગયો. મને થયું કે જ્યારે એક સૈનિકની ભરતી કરવામાં આવે છે ત્યારે તેને રોટલાની અને મરણ બાદ કુટુંબના પાલન-પોષણની ખાત્રી આપવામાં આવે છે. તો જે અહિંસક ક્રાંતિનો વાહક છે. જે બધાને, એ સૈનિકો સુધ્ધાંને જીવવા માટેનું સાધન ઉત્પન્ન કરે છે તે ખેડૂતને રોટલો કમાવવાના સાધનની પણ નિશ્ચિંતતા નહીં? તો એને એ જ જમીન મળે કે બીજી મળે, પણ રોટલાનું સાધન તો જોઈએ ને? એ માટેની પ્રભુ પ્રાર્થના કરવા અનશન કર્યું. તે પ્રશ્નનો સુખદ ઉકેલ આવી ગયો.

બીજી વાર ભાવનગરમાં સંકલ્પ-ભંગ માટે અનશન કરવું પડયું. ખસ મુકામે મારું ચોમાસું હતું. તે વખતે મારી હાજરીમાં ગુજરાત-ભૂદાન-સમિતિની મીટિંગ મળી, તેમાં ભૂદાન-કવોટા નકકી થયા. સૌરાષ્ટ્રના ભાઇઓની ગેરહાજરીમાં ૫૦ હજાર એકરનો કવોટા સૌરાષ્ટ્ર માટે નકકી થયો. વજુભાઇ શાહ વગેરેએ તેને વધાવી લીધો. હું તે વખતે સૌરાષ્ટ્રમાં હતો. કવોટા પૂરા થવાનો સમય આવી રહ્યો હતો. મને લાગ્યું કે વ્યક્તિગત સંકલ્પ તૂટે તે કદાચ સમજાય પણ સામાજિક લોક-સંકલ્પ ન તૂટવો જોઈએ. પૂર્ણ પુરુષાર્થ પછી સંકલ્પ જેટલી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જમીન ન મળે તો એ જુદી વાત છે; પણ પુરુષાર્થના અભાવે સંકલ્પ તૂટે તો સંસ્કૃતિનો હ્રાસ ગણવો જોઈએ. એટલે મેં અનશન કર્યું. તે વખતે સરકાર, જે પણ એક સંસ્થા જ છે. મદદે આવી અને કવોટા પૂરો થયો.

ત્રીજું અનશન થયું ન્યાયનાં નવાં મૂલ્યો માટે પાલનપુરમાં ત્યાં એક કુમારિકા સાથે એક ડોકટરના અનૈતિક વહેવાર માટે પંચ નીમાયું. પંચે ફેંસલો આપ્યો કે ગુનેગારે અમુક મુદત સુધી ગામ છોડીને ચાલ્યા જવું. પાંચ વર્ષ સુધી પ્રતિષ્ઠાનાં સ્થાનો છોડી દેવાં. તેણે એ ફેંસલાનો સ્વીકાર પણ કર્યો, પરંતુ ઘરે ગયા પછી અમુક તત્ત્વોની ભંભેરણીથી તે ન માન્યો. હવે પંચે કે સમાજે પોતાની તાકાત બતાવવી જોઇએ. ન્યાયનાં નવાં મૂલ્યો માટે સમાજે વ્યકિત ઉપર નૈતિક દબાણ લાવી ન્યાય પળાવવો જોઇએ. જો તેમ ન થાય તો અનિષ્ટોની સામે મહાજન કંઈ કરી શકતું નથી. સરકાર અને કોર્ટોની મર્યાદા છે. પરિણામે ખુનામરકી થાય કાં સમસમીને બેસી રહેવું પડે. ત્યારે એક ધર્મગુરૂના નાતે અને સાધુની ફરજ રૂપે સમાજને જાગૃત કરવા માટે અનશન થયું. સમાજ જાગૃત થયો અને અનશન છૂટી ગયું. તે જ દિવસે જ ગુનેગાર પણ પ્રાયશ્ચિત સ્વીકારવા તૈયાર થઈ ગયો હતો.

**મૂલ્યપરિવર્તન :**

આ ત્રણેય પ્રસંગોમાં કોંગ્રેસના ગાંધીલક્ષી તત્ત્વોએ અને ગામડાંઓએ મુખ્ય ફાળો આપ્યો હતો. આ પ્રસંગો મૂકવાનું કારણ એ છે કે અહિંસક ક્રાંતિના જે વાહનો છે તે અંગે ખ્યાલ આવી શકે.

ગામડાં અંગે તો વિચરાઇ ગયું છે. તેના ત્રણ વર્ગ છે. ખેડુત, મજૂર અને ગોપાલક. (એમાં બધા પશુ પાળનારાઓ આવી જાય છે.) એમાં ખેડુતો, મજૂરો અને ગોપાલક દરેકના અલગ સંગઠનની હિમાયત કરવામાં આવી છે. તેથી દરેકનું પોતાનું વ્યકિતત્વ ખીલે અને બીજું આપસઆપસમાં એ વર્ગો વચ્ચે અથડામણ ન જાગે; અને ગામડું એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય. તે એક ન થાય તો વિશ્વમાં જે ભગીરથ કાર્ય તેણે કરવું છે તે ન થાય. એટલે આવા નૈતિક લોકસંગઠનનોને અરસપરસ પૂરક બનાવવાં જોઈએ. ગામડાંનો બીજો પ્રશ્ન છે યંત્ર અને મૂડીનું જોર. તેના ઉપર કાબુ આવે તેવી પરિસ્થિતિ સર્જવી જોઈએ. એ માટે આ બધા સંગઠનોનું એક અલગ સૂત્રસંચાલક સંગઠન ગોઠવવું જોઇએ. મૂડીની તંગી નિવારવા માટે સહકારી ક્ષેત્ર વધારવું જોઈએ; અને બેંકો જેમ લોન મેળવે છે તેમ આ સંગઠનો પણ ગમે ત્યાંથી લોન મેળવી શકે તેવી સ્થિતિ ઊભી કરવી જોઇએ. આજે વેપાર દુનિયાની પરિસ્થિતિ પ્રમાણે ચાલે છે. પરિણામે ગામડાંનું મોં કસ્બા તરફ, કસ્બાનું શહેર તરફ અને શહેરો વિશ્વના બજારો ઉપર આધાર રાખે છે. એટલે જીવનની જરૂરિયાત પ્રમાણે વેપાર થતો નથી પણ મૂડીવાદી પકડના દેશોની ઉથલપાથલ પ્રમાણે થાય છે. મૂલ્ય પરિવર્તનની પ્રક્રિયા એ થવી જોઇએ કે આખી પરિસ્થિતિ બદલાય, શહેરો ગામડાં તરફ જોતાં થાય અને ગામડાંનું પ્રભુત્વ વેપારીઓ ઉપર આવે એ માટે નૈતિક ગ્રામસંગઠનો ઊભા કરવાં જોઇએ. કદાચ કોઇને શંકા હોય કે શું એમ થઇ શકે ખરું ? તેનો ઉત્તર એ જ છે કે એવો પ્રયોગ ભાલનળકાંઠામાં થઇ રહ્યો છે. આવા નૈતિક ગ્રામસંગઠનોની ચોકી પ્રાયોગિક સંઘ કરે અને ઝઘડા થાય તો શુદ્ધિપ્રયોગ દ્વારા દબાણ આવે. ભાલનળકાંઠામાં ગામડાંની એકતા માટે બહુ વ્યવસ્થિત રીતે પ્રયોગ થઇ રહ્યો છે. હજુ મજૂર મંડળો ઊભાં કરવાનાં બાકી છે.

## મૂલ્ય પરિવર્તનની પ્રક્રિયા :

મૂલ્ય પરિવતનની આ પ્રક્રિયા કયાં અને કેવી રીતે ચાલે છે તે અંગે કેટલાંક પ્રમાણો આપી વધારે સમજણ પાડવાની છે. આપણા (ધર્મદૃષ્ટિએ સમાજરચનાના) પ્રયોગ પાછળ જે સ્પષ્ટ ભૂમિકા છે તેથી તે ચોક્કસ છે. દરેક પ્રવૃત્તિ આગળ નૈતિક શબ્દ વાપરવામાં આવે છે કારણ કે પ્રવૃત્તિ મુખ્ય નથી, પણ તેની પાછળનો નૈતિકતાનો પ્રચાર મુખ્ય છે. જેમકે નૈતિક ભાવ એટલે કે ખાનાર અને ખેડનાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બંનેને પરવડે તેવા ભાવ, રાજ્ય અને સમાજે ખેડૂતોને એ ખાત્રી આપવી જોઈએ કે તે જે કંઇ મહેનત કરે તેનો યોગ્ય બદલો મળે. દૂધમાં પાણી ન ભેળવતાં, ગોપાલકોને પરવડતો ભાવ મળે એ પણ જોવું જોઈએ. અમદાવાદ શહેરમાં ગાયોના દૂધનો વધુમાં વધુ ખ્યાલ જો આપવામાં આવ્યો હોય તો તે ભાલનળકાંઠા ગોપાલક મંડળને આભારી છે. શિક્ષણ કાર્યમાં, સહકારી મંડળીમાં, ગ્રામપંચાયતમાં ગ્રામસંગઠનનું 'નૈતિક પ્રતિનિધિત્વ' નહીં હોય તો ગામડું આગળ નહીં વધી શકે.

## નૈતિક પ્રતિનિધિત્વ એટલે શું?

ભાલનળકાંઠા ખેડૂત મંડળનું બંધારણ જોશો તો જણાશે કે તેમાં તેના સભ્યોએ સહકારી મંડળીમાં ફરજીયાત બચત કરવી અને ઝઘડો થાય તો લવાદી સ્વીકારવી, એવી કલમ છે. લવાજમ પણ સમાજવાદી સમાજરચનાને અનુકૂળ ચઢઉતર રાખ્યું છે. મજૂર માટે આઠ આના, ખેડૂતો માટે બળદે રૂપિયો; બે બળદે બે રૂપિયા રાખવામાં આવ્યાં છે. બીજે સ્થળે ઉંમરા પ્રમાણે પૈસા લેવાય છે. લાખવાળોનો ઉમરાવ સરખો અને ગરીબનો પણ સરખો. જ્યારે અહીં શક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે રાખવામાં આવ્યું છે; અને લાભ બધાને સરખો છે. સહકારી મંડળીમાં ખેડૂત મંડળનું પ્રતિનિધિત્વ હોવાના કારણે તેનું સંચાલન પક્ષપાતરહિત કાર્યક્ષમ રીતે ચાલે છે. આથી મંડળના સંચાલન તળેની સહકારી મંડળીઓ ખૂબ મોટું ભંડોળ એકત્ર કરી શકી છે. જવારજની સહકારી મંડળીની પ્રગતિ ગુજરાતમાં નમૂનેદાર છે. તે મોટો વેપાર કરે છે; મજૂરોને પણ રૂપિયા ધીરે છે.

ઘણા લોકોને આ નૈતિક પ્રતિનિધિત્વની વાત ગળે ઉતરતી નથી. એટલે તેઓ વિરોધ કર્યા કરે છે. કેટલાક એમ માને છે કે લોકશાહીમાં બીજી સંસ્થાઓની ડખલ નહિ જોઇએ. ઘણા દ્વેષથી પણ વિરોધ કરે છે. સદ્‌ભાગ્યે શ્રી. વૈકુંઠભાઈ મહેતા આ પ્રવૃત્તિઓને જાણે છે એટલે તેઓ સારી એવી મદદ કરે છે. ખેડૂત મંડળને ટેકો આપે છે. નૈતિક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રતિનિધિત્વ ના હોય તો એ પ્રવૃત્તિ મૂડીવાદીઓ અગર તો સ્થાપિત હિતોના હાથમાં ચાલી જવાનો સંભવ છે.

સુરત જિલ્લામાં ત્યાંની રાનીપરજ સંસ્થાનું પ્રતિનિધિત્વ છે. એટલે જંગલ–મંડળીઓ સારી પ્રગતિ કરી રહી છે. ખેડૂત મંડળ સહકારી બેંકમાં પોતાના સભ્યો ઊભા રાખે છે પણ તેમની સામે કોંગ્રેસીઓ અને સ્થાપિત હિતવાળાં ઝઘડે છે. આ વખતે ત્યાં પ્રતિનિધિ તરીકે ફૂલજીભાઇ ગયા છે. તેઓ બેંકની નીતિ ઘડવામાં સારો ભાગ ભજવે છે. ધીરાણ કેવી રીતે કરવું? કયા લોકોને કરવું? વસવાયાને કેટલું ધીરવું?, એ બધું કરે છે. પંચાયતમાં ખેડૂત મંડળનું નૈતિક પ્રતિનિધિત્વ દાખલ કરવામાં કાયદો નડે છે. એમાં લોકશાહી પદ્ધતિથી ચૂંટણી થાય છે. ત્યાં ફેરફાર થાય તેમ નથી. પ્રધાને મૌખિક રૂપે તો સ્વીકાર્યું છે કે જ્યાં સારાં સંગઠનો હશે ત્યાં તેમને કામ કરવા દેશું. હવે પ્રધાન બદલાય તો જુદી વાત છે. ખરી રીતે તો લવાદી મંડળોમાંથી ગ્રામ-પંચાયતમાં પ્રતિનિધિઓ આવે તે જરૂરી છે.

શિક્ષણના ક્ષેત્રમાં સર્વોદય–યોજના ચાલે છે. તેના સંચાલન નીચે નઇ–તાલિમની શાળાઓ ચાલે છે. સઘન ક્ષેત્ર યોજના દ્વારા ગ્રામ–ઉદ્યોગોનું કામ ચાલે છે. શાળામાં કયા શિક્ષક રાખવા, કોને કાઢવા, કોને ભણવા મોકલવા તે બધું શાળામંડળ સાથે વિચારીને આગળ વધાય છે.

મૂલ્ય પરિવર્તનનો બીજો મુદ્દો છે, ગ્રામસંગઠન માટે રાજકીય માતૃત્વનો. એનું રહસ્ય એ છે કે ગામડાંઓએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જવું પડશે; તો જ તેઓ પોતાનો આદર્શ જગત સમક્ષ ઉપસ્થિત કરી શકશે. અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જવા માટે તેણે 'ઇન્દુક' કે કોંગ્રેસને વાહન અથવા માધ્યમ બનાવવાં પડશે. હાલના તબક્કે સુસંગઠિત અને ઘડાયેલી રાજકીય સંસ્થા તરીકે કોંગ્રેસ જ છે. એટલે સામાજિક આર્થિક ક્ષેત્રે સ્વતંત્ર રહીને માત્ર રાજકીય ક્ષેત્રે આ ગ્રામસંગઠનનો રાજકીય માતૃત્વ સંબંધથી કોંગ્રેસથી જોડાયેલાં રહે, એ જરૂરી છે. જો કોંગ્રેસને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઠરાવવા કે ઉઠાવવા વિરોધી પક્ષો ખોટો વિરોધ કે સ્ટંટ કરશે તો તે વખતે ગ્રામસંગઠનો તેની મદદે આવશે. ભવિષ્યમાં કદાચ કોંગ્રેસ ચુંટાઈને સત્તા પર ન આવે તો ય તે દરમ્યાન ગ્રામસંગઠન જાતે જ મજબૂત થતાં આપોઆપ ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં કામ કરી શકશે. કોંગ્રેસને આંધળું મહત્ત્વ આપવાની આ વાત નથી. જો એમ હોય તો તેની સામે શુદ્ધિપ્રયોગ ન થાત. પણ એક બાજુ ગ્રામસંગઠન જ્યાં કોંગ્રેસ ઉપર આફત આવે છે, ત્યારે તેનું પૂરક બને છે, તેની પુષ્ટિ કરે છે; જ્યારે તે ચૂકે છે ત્યારે ગ્રામસંગઠન તેની શુદ્ધિ પણ કરે છે. એટલે રાજકીય માતૃત્વથી ગ્રામસંગઠનને અને ખુદ કોંગ્રેસને પણ ફાયદો છે, કોંગ્રેસ દ્વારા વિશ્વના રાજકારણની શુદ્ધિ કરાવવી હોય તો ગ્રામસંગઠનોએ આ રીતે જ કરવું જોઇશે.

એવી જ રીતે સામાજિક અને આર્થિક ક્ષેત્રે ગ્રામસંગઠનના સ્વતંત્ર રહેવાનો મુદ્દો પણ સમજવા જેવો છે. પોતાના પગભર થવા માટે અને બધાનો બોજો એક ઉપર ન પડે એ રીતે આર્થિક ક્ષેત્રે સ્વાવલંબી અને સ્વતંત્ર બનવાનું છે. એજ રીતે સામાજિક ક્ષેત્રે પણ કોઈનો અવરોધ કે દબાણ ન રહેવું જોઈએ. પણ સામાજિક ક્ષેત્રમાં ગામડાંનો અવાજ મોખરે રહેવો જોઈએ, કારણ સમાજનો બહોળો ભાગ ( આજે ભારતમાં ) ગામડામાં વસે છે. એટલે સરકાર કાયદા લાદીને નહિ, પણ ગ્રામસંગઠનોના માધ્યમથી સુધારો કરે.

ખેડૂત મંડળ સાંસ્કૃતિક બાબતોમાં પણ સ્વતંત્ર છે. હમણાં એક પ્રતિનિધિ મહાસમિતિમાં ગયેલા. ત્યાં ચૂંટણીના ઢંઢેરા માટે બોલાતું હતું. તેમણે વિશ્વવાત્સલ્યનું કટિંગ મૂકયું. કહ્યું કે "સામાન્ય લેખક નથી પણ ગુજરાતના જાણીતા સંત છે. તેમણે સંતતિ નિયમન માટે એક કોલેજ કન્યાનો દાખલો આપ્યો છે. અને સંતતિ નિયમનનાં સાધનોથી કેટલું નુકશાન થાય છે' તે બતાવ્યું છે. બાપુએ કૃત્રિમ સંતતિ નિયમન માટે શું કહ્યું છે તેનો વિચાર કરો." ત્યારે કેટલાકે કહ્યું : "કઈ સદીમાં વસો છો?" કહ્યું—"આ સદીમાં. પણ, વિચાર કરજો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે આનાથી શું પરિણામ આવશે.” વાત સંભળાય કે ન સંભળાય પણ મૂકવી તો જોઈએ. ઢેબરભાઈના કાન સળવળ્યા પણ તેઓ જાહેરમાં બોલ્યા નહીં. મને લાગ્યું કે એમનો ટેકો ભલે ના મળ્યો પણ વાત હવાનાં જતી નથી. લાખો નિરાશામાં અમર આશા છુપાયેલ છે.

અનુબંધ વિચારધારાનો મુખ્ય હેતુ યોગ્યને યોગ્ય સ્થાન મળે તે છે. તે પ્રમાણે સર્વપ્રથમ સ્થાન ધર્મસંસ્થાને–ક્રાંતિપ્રિય સાધુ સંસ્થાને આપવામાં આવેલ છે. બીજું સ્થાન લોકસેવકો ( રચનાત્મક કાર્યકરો )ને, ત્રીજું સ્થાન લોકસંગઠનો ( ગ્રામ અને નગરનાં નૈતિક સંગઠનો )ને અને ચોથું સ્થાન કોંગ્રેસને આપવામાં આવેલ છે. દેશનું અર્થતંત્ર ગામડાંઓએ સંભાળવું પડશે કારણ કે તેજ જીવનની જરૂરિઆતો પૂરી પાડે છે. સાંસ્કૃતિક ક્ષેત્ર રચનાત્મક કાર્યકરો સંભાળશે કારણકે લોકજીવનને ઘડવામાં તેમનો અનુભવ અને માર્ગદર્શન સહુથી વધારે ઉપયોગી થાય તેમ છે. કોંગ્રેસને રાજકીય ક્ષેત્ર સિવાય બાકીના ક્ષેત્રોમાંથી અલગ કરવી જોઈશે અને તેને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કામ કરતી કરવી જોઈશે. કોંગ્રેસ સૈદ્ધાંતિક બાબતોમાં નબળી ન પડે, મૂડીવાદીઓ, સામ્યવાદીઓ કે તકવાદીઓ એમાં ન ઘૂસે કે એમની સાથે હાથ ના મેળવે તે માટે ગ્રામસંગઠનોની એને મદદ મળે, એ દૃષ્ટિએ રાજકીય ક્ષેત્રે ગ્રામસંગઠન કોંગ્રેસની નીતિ સ્વીકારશે.

વિશ્વસંસ્થા તરીકે ‘યુનો’ છેજ પણ તેના ઉપર ‘યૂનેસ્કો’નું પ્રભુત્વ થાય તેવી પરિસ્થિતિ સર્જાય એ જોવાનું છે. ‘યૂનેસ્કો’નું બંધારણ જુદું છે. તેમાં રાજકીય પક્ષ વગરના માણસો જઈ શકે છે. યુનેસ્કો દ્વારા શાંતિ સૈનિકોને કે તેવી યોજનાને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મૂકી શકીએ. ૧. કોંગ્રેસ જો બીજી ચૂંટણીમાં ન આવે, તો પણ એનું સ્થાન આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં એવું જામી ગયું હશે કે તે હંમેશ માટે રહી જશે. ૨. રાષ્ટ્રીય ક્ષેત્રે, સર્વ સેવાસંઘ જેવી સંસ્થાઓ સાથે સંબંધ રાખવો જોઈએ.

છેલ્લા ચૂંટણી ઢંઢેરામાં ( કોંગ્રેસનાં ) ખેડૂત મંડળે કેટલાક પ્રશ્નો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૂકયા હતા. તેનો સ્વીકાર થયો છે. એજ રીતે તે વખતના અખિલ ભારતીય કોંગ્રેસના મહામંત્રી શ્રીમન્ નારાયણ અગ્રવાલ ત્રણ દિવસ માટે ભાલનળકાંઠાની પ્રવૃત્તિઓનાં નિરીક્ષણ માટે આવી ગયા હતા. તેમણે એક પત્ર લખી કોંગ્રેસ પાર્લમેંટરી બોર્ડે પસાર કરેલો ઠરાવ મોકલી આનંદ વ્યક્ત કર્યો. પત્રનો સાર આ છે :—

'....સહકારી સમિતિયોં કે સબંધમેં હમને એ. આઈ. સી. સી. કી ઓરસે એક પરિપત્ર જારી કર દિયા હૈ. જિસકી પ્રતિલિપિ સાથમેં નત્થી હૈ. ઇસ સંબંધમે મૈંને એક નોટ કેંદ્રીય પાર્લમેંટરી બોર્ડ કે સામને પેશકિયા થા ઔર ઉસે બોર્ડને સ્વીકાર કિયા. ઉસી આધાર પર યહ પરિપત્ર સભી કોંગ્રેસ કમિટિ યોં કો ભેજ દિયા ગયા હૈ. **હમેં ખુશી હૈ કિ આપકી સૂચના અનુસાર યહ એક મહત્વપૂર્ણ નિર્ણય લિયા ગયા. આપ લોગોં કો ઈસ બારેમેં કાફી પરેશાની તો હુઈ કિન્તુ સંતોષ યહી હૈ કિ ઈસપર અખિલ ભારતીય સ્તર પર નિર્ણય હમેશાં કે લિયે હો ગયા હૈ."**

ઓલ ઇન્ડીયા કોંગ્રેસ કમિટિના પરિપત્રનો સાર ગુજરાતીમાં નીચે પ્રમાણે છે :—

**પરિપત્ર નં. ૩૪ તા. ૨૪ ઓકટોબર ૧૯૫૭**

'......કોંગ્રેસના બંધારણની જોગવાઈઓ અને તાજેતરમાં સુધારેલી કલમોને આધારે, કોંગ્રેસની સમિતિઓમાં, જુદી જુદી સપાટીએ કેટલાક સભ્યોને પોતાના પ્રદેશમાં, સહકારી સંસ્થાઓનું સંચાલન કરતાં એકમો, રચનાત્મક કામો. કેળવણી, સંસ્કૃતિ અને સામાજિક પ્રવૃત્તિમાં કામ કરતાં સંગઠનો અને સંસ્થાઓમાંથી ચૂંટવામાં આવશે અથવા કો-ઑપ્ટ કરવામાં આવશે.'

કોંગ્રેસને વિશાળ પાયાવાહી અને જુદા જુદા જુથોના લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતી કરવાને કોંગ્રેસના બંધારણમાં આ જોગવાઇઓને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહેલી જ વાર દાખલ કરવામાં આવી છે. અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે કોંગ્રેસમેન આવી સંસ્થાઓ સાથે પોતાની જાતને ખૂબ સક્રિયતાથી જોડશે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આવી સંસ્થાઓની આંતરિક ચૂંટણીઓમાં કોંગ્રેસ સમિતિઓએ પોતાના ઓફિસીયલ પ્રતિનિધિઓ ઊભા રાખવા કે કેમ ? પાર્લામેન્ટરી બોર્ડે આ પ્રશ્નને બધી બાજુએથી છણ્યો છે અને તે એવા નિર્ણય ઉપર આવી છે કે આવી શૈક્ષણિક, સાંસ્કૃતિક, અને ખાસ કરીને સહકારી મંડળીઓની ચૂંટણીઓમાં કોંગ્રેસ–સંગઠને સંસ્થાગત રીતે ભાગ લેવો એ હિતકર નહીં ગણાય, કારણ કે એ રીતે કરવા જતાં જે તે સંસ્થાઓને પક્ષીય રાજકારણમાં ખેંચવાથી અનેક જાતના ગુંચવાડા ઊભા થશે; અને પરિણામે જેના માટે એ સંસ્થાઓ બની છે તે ઉદ્દેશ જ માર્યો જશે.

કોંગ્રેસીઓ વચ્ચેની અંદરોઅંદરની હરિફાઇ ટાળવા માટે કોંગ્રેસ સમિતિઓએ પોતાની લાગવગ વાપરવી. એ સંબંધમાં બધી સમિતિઓને સ્પષ્ટ કરવું જોઇએ કે તેમણે આવી સંસ્થાઓની ચૂંટણીઓમાં કોંગ્રેસ સંસ્થા તરફથી ઉમેદવાર ઊભો કરવો જોઇએ નહીં.'

| | |
|---|---|
| પ્રમુખ | શ્રીમન્ નારાયણ |
| ઓલ ઇન્ડીયા કોંગ્રેસ કમિટિ | જનરલ સેક્રેટરી. |

—આ ઠરાવ ઉપર ૭–૧૧–૫૭ ના "ગુજરાતસમાચાર"માં સુંદર નોંધ આવી હતી. તેની ઉપર સૌએ વિચારવા જેવું છે. તેનો સાર આ પ્રમાણે છે :—

"...અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી. શ્રીમન્ નારાયણે તમામ પ્રદેશ સમિતિઓ પર પરિપત્ર પાઠવીને, સહકારી મંડળીઓ, રચનાત્મક કાર્યો, સાંસ્કૃતિક અને કેળવણી વિષયક સંસ્થાઓની ચુંટણીઓમાં કોંગ્રેસ પક્ષ તરીકે, સત્તાવાર કોઇ ઉમેદવાર ઊભા કરવા નહીં;' એવો જે આદેશ મોકલ્યો છે તે બહુ યોગ્ય સમયે લેવાયેલો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિર્ણય છે. કોંગ્રેસીઓ બધી જ સંસ્થાઓમાં પોતાનું વર્ચસ્વ જમાવવા પ્રયત્ન કરે, એ ઇષ્ટ નથી એવી ફરિયાદ ઊઠયા કરે છે અને હવે કોંગ્રેસના સુધારેલા બંધારણ મુજબ આવી સંસ્થાઓના પ્રતિનિધિઓને પણ કોંગ્રેસની સમિતિઓમાં સ્થાન મળવાનું છે. એ રીતે લોક પ્રતિનિધિત્વ પાયો વિશાળ બનવાનો છે. તેથી કોંગ્રેસનો સત્તાવાર ઉમેદવાર ઊભો નહીં કરવાનો, નિર્ણય યોગ્ય જ છે... ”

આ ઉપરથી કલ્પના કરી શકાય છે કે ગ્રામ સંગઠનના કોંગ્રેસની સાથે રાજકીય માતૃત્વના કારણે કેટલા લાભો મળે છે. જો કે સ્થાનિક કોંગ્રેસજનો લડે છે અને કોંગ્રેસ પાર્લમેંટરી બોર્ડના ઠરાવનો અમલ કરતા નથી પણ, આપણે હક્કપૂર્વક કહી શકીએ તેમ છીએ કે સામાજિક-આર્થિક બાબતોમાં ગ્રામ સંગઠન સ્વતંત્ર નીતિવાળાં રહે અને રાજકીય રીતે કોંગ્રેસ સાથે જોડાયેલાં રહે, તેમાં કોંગ્રેસને ટેકો છે.

## ચર્ચા - વિચારણા

### મૂલ્ય પરિવર્તન પ્રક્રિયાનું એ દૃશ્ય !

શ્રી પુંજાભાઇએ આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : “ ૧૯૪૮ માં ભાલમાં જે મહાદુકાળ પડ્યો ત્યારે મનને થાક ન આવે અને લોકોનું હાસ્ય ન સૂકાય એ માટે પૂ. મહારાજશ્રીની હાજરીમાં જે કાર્ય થયું; તે દૃશ્ય અદ્દ્ભુત હતું. ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની મહાશકિતનું ભાન ત્યારે થયું. મૂલ્ય પરિવર્તનની તે મહાન પ્રક્રિયા આવા કપરા સમયે પણ ચાલતી. તે જોઈને સહુ દંગ થઇ જતા. સમાજ અને સરકારે પણ પૂરા આદર અને સ્વતંત્રતા સાથે મદદ કરેલી. તે જ અરસામાં “ અનાજ વાવો.”ની ઝૂંબેશ ચાલવાથી ખેડૂતોએ જમીન આંતરી લીધી. ગોપાલકોની મુંઝવણ વધી. તે વખતે ગ્રામ્યએકતાના પ્રતીક રૂપે ખેડૂત-મંડળો અને ગોપાલકમંડળોએ જબ્બર એકતાનું કાર્ય કર્યું. શરૂઆતમાં તો મંડળનું નિયંત્રણ ન હતું પણ ધીમે ધીમે વર્ગો ચલાવી, સંમેલનો યોજી, સમજણ પાડતાં, ભેળાણ વગેરે બંધ થયાં. ગોપાલકોને સહકારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોસાયટીઓ અને ખાણ–દાણની દુકાનો કરી ધીરાણ અને વેચાણ તથા ખરીદીનું કામ ગોઠવ્યું. તેમને ખેતી તરફ વાળ્યા. ખેડૂતોને ગાયો તરફ વાળ્યા. ગોપાલક મંડળનું કામ સુરાભાઇ ભરવાડે હાથમાં લઇ લીધું. ધીરે ધીરે સરકારે પણ સત્તાવીસ લાખની યોજના બનાવી. ગોપાલકો માટે વિશેષ અધિકારી નીમાયા. પડતર જમીન તેમને મળવા લાગી. ખેડૂતો અને ગોપાલકોના ઝઘડા પતવા લાગ્યા. આથી સ્થાપિત હિતવાળો વર્ગ વચ્ચે રોડાં નાખવા લાગ્યો. તે વખતે અમને આ અનુબંધ વિચારધારાનો પૂરો ખ્યાલ નહીં; સ્થાપિત હિતવાળાની વાત મીઠી લાગતી અને અમને પણ તેઓ મોટાભા બનાવી દેતા. પણ, પૂ. મહારાજશ્રીની ધર્મમય સમાજરચના માટેની ચોકી અને પ્રાયોગિક સંઘની સાવધાની ભરી દોરવણીએ અમોને બચાવી લીધા. આજે તો બધું દીવા જેવું સ્પષ્ટ દેખાય છે. ગુજરાત સમગ્રમાં અત્યારે તો પ્રાયોગિક સંઘની પ્રવૃત્તિ વિસ્તરતી જાય છે. તેના પરિણામે ગુજરાત ગોપાલક મંડળ રચાયું છે. અને સહકારી મંડળીઓનો એક ગુજરાત વ્યાપી ગોપાલક સંઘ પણ રચાયો છે. પાયલોટ ડેરી યોજના પણ હસ્તીમાં આવી છે અને અમદાવાદમાં ૨૦૦–૨૨૫ મણ દૂધ સહકારી સંઘ વડે જાય છે. ૨૧૩ ખેતીની સહકારી મંડળી અને ૫૮ ઉપરાંત વિવિધ કાર્યકારી મંડળીઓ થઇ છે. સહકારી તાલીમ માટે વર્ગો પણ રખાય છે.

ટૂંકમાં ખેડૂત, ગોપાલક અને ગ્રામોદ્યોગ – મજૂરો પ્રાયોગિક સંઘની દોરવણી નીચે સંગઠિત થાય તો ગામડાંનું પૂ. મહારાજશ્રી કહે છે તેમ વિશ્વ સાથે અનુસંધાન જરૂર થઇ શકે. એટલે કોંગ્રેસનું રાજકીય માતૃત્વ ઘણું અગત્યનું છે. આને આપણે સામાજિક ક્રાંતિમાં ધર્મનો પુટ અને તે અંગે ગાંધીજીએ જે સર્વાંગી ક્રાંતિનો મસાલો આપ્યો છે. તે ઉપર ભાલનળકાંઠા પ્રયોગનું કાર્ય ગણાવી શકીએ."

### એ પ્રયોગ વિશ્વમાં પ્રકાશ ફેલાવશે :

**શ્રી દેવજીભાઇ** : "કચ્છનું કામ મેં તો સક્રિય છેલ્લાં બે વર્ષથી ઉપાડ્યું છે. પ્રથમ તો હું ધર્મદષ્ટિએ જૈન પરંપરામાં ઉછરેલો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હું પૂ. મહારાજશ્રીને વિચારથી સમજવા લાગ્યો અને તેને બધા સાથીઓ સાથે ચર્ચતો રહ્યો. પણ હવે તેને આચરણમાં મૂકતાં મને ખાતરી થઇ છે કે ભાલનળકાંઠાનું કાર્ય આખા દેશમાં ફેલાઇ શકે તેમ છે. વિગતોમાં પ્રદેશવાર સામાન્ય ફેરફારો ભલે થાય પણ મૌલિક તત્ત્વ તો સરખું જ રહેવાનું. અને જો તે દેશમાં ફેલાઇ શકે તો તેનો પ્રકાશ વિશ્વમાં ફેલાશે જ.

**ગ્રામ અર્થતંત્ર ગોઠવવું જરૂરી છે.**

**શ્રી. બળવંતભાઈ :** "દરેક સ્થળે સરકારી ડખલ તો છે જ. સરકાર, યંત્રો અને મૂડી મળીને લોકોની પાયમાલી થઈ રહી છે. આથી સરકાર અને મધ્યમવર્ગ જો નૈતિક ગ્રામસંગઠનોને પલ્લે પોતાનું બળ નાખે તથા આર્થિક સામાજિક કાર્યક્રમો તેમનેજ સોંપાય તો જરૂર આ કાર્ય અજોડ થશે.

આજે તો ખેડૂતો અને ગામડાંઓ પીઠ આગળ પરાધીન થઈ જાય છે. પોતાના પરિશ્રમે પેદા કરેલ માલને પાણીના મૂલે આપી દે છે. આમ જોતાં કેટલાક લોકો કહે છે કે ગામડાં માલદાર થયાં છે તે ખરૂં નથી. ખરી રીતે તો થોડાંક માથાભારે કે મૂડીવાદીઓ અથવા દાંડ તત્ત્વોના હાથા બન્યા હોય એવા લોકો માલદાર બન્યા છે. પણ તેવા કેટલા ટકા? એટલે જ સમગ્ર ગામડાનું ઉત્થાન અને એમની રોજી-રોટીનો પ્રશ્ન ઉકેલવા આખું ગ્રામલક્ષી અર્થતંત્ર ગોઠવવાની જરૂર છે. આ રીતે જોતાં કોંગ્રેસના રાજકીય માતૃત્વની વાત પણ સમજાય છે; તેમજ પ્રાયોગિક સંઘની નૈતિક દોરવણી અને ચોકીની વાત પણ દીવા જેવી સ્પષ્ટ લાગે છે.

**શ્રી શ્રોફ :** મારા મતે બધા વર્ગોનું જાતિના ધોરણે સંગઠન કરવું પડશે. કોરાકેન્દ્રમાં જેમ મૂએલા ઢોરના દરેક અંગનો ઉપયોગ થાય, છે તેમ ગામડાનાં દરેક અંગનું સંગઠન કરવું પડશે, અને તેનો યથાયોગ્ય ઉપયોગ કરવો પડશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## વિનિમયકારો ( દલાલો )ને પણ પૂરક ધંધો

**નેમિ મુનિ :** "સહકારી પ્રવૃત્તિના કારણે ઉત્પાદક, અને ગ્રાહકનો નવો સંબંધ સ્થાપિત થશે. સવારે પૂ. મહારાજશ્રીએ કહ્યું તેમ વિનિમયકારને પણ નૈતિક કાર્યકર તરીકે અથવા પૂરક ધંધો આપી તેમની રોજી રોટીનો સવાલ ઉકેલવો પડશે. જેમ ગોપાલકોને સ્થાપિત હિતોના હાથા બનતા અટકાવ્યા તેમ વિનિમયકારોને મૂડીવાદના હાથા બનતા અટકાવવા પડશે. તો, આપોઆપ ગામડાંનાં દાંડ તત્ત્વોનું જોર સહેજે નરમ થઈ જશે અને ગામડું વિશ્વનું અનુસંધાન પામશે, એટલું જ નહીં રાજ્ય પણ, જનતાના હાથ તળે આવશે."

### ઉપસંહાર

મુનિશ્રી સંતબાલજીએ આ ચર્ચા – વિચારણાનો ઉપસંહાર કરતા કહ્યું : 'આપણે 'ઈન્ટુક' સાથે નૈતિક ગ્રામસંગઠનો અને માતૃસમાજોનો અનુબંધ રાખવા માગીએ છીએ. કારણ કે આર્થિક અને નવીન પ્રકારના સમાજનો આંતરરાષ્ટ્રિય સંબંધ બાંધવામાં એ આંતરરાષ્ટ્રિય સંબંધ ધરાવતું સંગઠન ઇન્ટુક ( ઈન્ડીયન નેશનલ ટ્રેડ યુનીયન ) ઉપયોગી થશે. પં. જવાહરલાલ નેહરુ સાંસ્કૃતિક રીતે આંતરરાષ્ટ્રિય સંબંધોમાં ઉપયોગી થશે. ધર્મની વ્યાપકપણાની ખાત્રી ગાંધીજીએ પોતાના યુગે કરાવેલી તેમ સામુદાયિક અહિંસાના પ્રયોગો દ્વારા આપણે કરાવવી પડશે. તે સાથે બર્ટ્રેન્ડ રસેલ જેવા શાંતિવાદીઓનાં સંગઠનો સાથે અહીંના પ્રાયોગિક સંઘોનાં જોડાણ કરાવી, 'યૂનો' ઉપર પ્રભાવ પડે તેવી 'યુનેસ્કો'ની શક્તિને ખીલવવી પડશે. જો આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે સહકારી સંસ્થાઓ તથા તે તે રાષ્ટ્રની પ્રજાઓ સાથે સંબંધો મીઠા થાય તો, અહીંની સંસ્થાઓ માટે જરૂરી મોટી સહાયતા કે લોનો મળી શકે. આમ ભગીરથ પ્રયાસો ચોમેરથી કરવાના છે.

☆



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચાર ધારામાં
# નગર–લોકસંગઠન [૧૩]

મુનિશ્રી સંતબાલજી] [૨૪–૧૦–૬૨

ગ્રામસંગઠન પછી નગરના લોકસંગઠનનો વિચાર કરવાનો છે. નગર શું છે? અને તેના લોકોનું સંગઠન શા માટે? એ ઉપર ઊંડાણથી વિચારવાનું છે. આજના નગરો વિષે ગાંધીજીએ કહ્યું છે કે તે "શેતાનના ચરખા છે' 'જ્યાં કર નથી તે નગર', એ જુની વ્યાખ્યા છે. અગાઉ લોકો નગરમાં જવા રાજી ન થતા, પણ આંતરરાષ્ટ્રિય સંબંધો વધતા અને પરદેશ ખેડવા જવાનો મોહ વધતા ગામડાંના લોકો બહાર ખેંચાતા ગયા. માલબહાર જાય અને બહારથી માલ આવે. એ માટે દરિયો મુખ્ય હતો, અગર તો નદીનો પ્રવાહ આધારભૂત હતો. તેથી દરિયાકાંઠે શહેરો વસ્યાં, નદીકાંઠે પણ નગરો વસ્યા. સૌરાષ્ટ્રમાં જામનગર, પોરબંદર, ભાવનગર ઓખા વગેરે શહેરો વસ્યા તેનું કારણ સાગર કાંઠો છે. સુરત પણ તેમજ વસ્યું. મોટા ભાગે હિંદના પ્રાંતોની રાજધાની કે મુખ્ય શહેરો, રાજસ્થાનને બાદ કરતાં કોઈ ને કોઇ નદીકાંઠે કે દરિયા કાંઠે વસ્યાં છે.

નગર એટલે આયાત–નિકાસનું સ્થળ. વધારાનો માલ બહાર મોકલે અને ખુટતો માલ મંગાવે. ત્યાંનો વહીવટ નાના ઠાકોરો કરે. તેમણે લોકોને આકર્ષવા કહ્યું કે તમે ડરો નહી, તમારી ઉપર કોઈ જાતનો કર લેવાશે નહીં; તેમજ બીજી સવવડો પણ કરી આપીશું. તમારા ધંધા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સારા ચાલશે. આમ વૈશ્યો નગર પ્રત્યે ખેંચાયા. ધીમે ધીમે વસ્તી વધતી ચાલી. યંત્રવાદ આવતાં ત્યાં મોટા ઉદ્યોગો વધ્યા અને કેન્દ્રીકરણને કારણે અનેક ખરાબીઓ દાખલ થઈ એટલે જ ગાંધીજીએ તેને શેતાનનાં કારખાનાં કહ્યાં. જે વૈશ્યો ત્યાં ગયા તેમાં અને ગામડાંના વૈશ્યો એમની વચ્ચે બે ભાગ પડયા. એક ખેતી કરનાર અને બીજો વેપાર કરનાર. તેમનો ભેદ વધતો ચાલ્યો અને બન્ને વચ્ચે તફાવતની એક ભીંત ઊભી થઈ. તેનો એક પ્રસંગ છે.

જામનગરમાં ઓસવાલો એક સંઘ ગયો. તો ત્યાં શહેરના લોકોએ એમને જમવા માટે જુદા બેસાડયા. બન્ને એક જ જ્ઞાતિના, પણ એક વેપાર વ્યાજ–વટાવ કરે અને ઝીણાં કપડાં પહેરે, ત્યારે બીજો ખેતી કરે એટલે જાડાં કપડાં પહેરે. વળી ખેતીવાડીના કારણે કપડાં ઉજળાં નહીં. એટલે શહેરવાળાઓએ કહ્યું કે અમે જાડા કપડાંવાળા સાથે નહીં બેસીએ. મને એવો ચોક્કસ ખ્યાલ છે કે શહેરવાળા ગામડાંવાળાની કન્યા પણ લેતા નહોતા. કોઈવાર ગરીબીના કારણે કોઇ લે તો પણ મેણાંટોણાં મારે કે આ તો ગામડીયણ છે—અબુધ છે. પારડી તરફ મેં જોયું કે ત્યાં પાટીદારો વચ્ચે પણ આવા બે ભાગો છે. એક જાડી પછેડીવાળા અને બીજા ઝીણી પછેડીવાળા વ્યાજ – વેપાર કરે તે ઝીણી પછેડીવાળા અને ખેતી કરે તે જાડી પછેડીવાળા. ઝીણી પછેડીવાળા જાડી પછેડીવાળાને કન્યા આપે નહીં; લે ખરા, પૈસા પણ ઘણા લે. આ તો સાવ ઉલટોક્રમ થઇ ગયો છે. જ્યાં ગામવાળાને આજીજી કરીને નગરવાળા બોલાવતા, તેના બદલે નગરના વિકાસ સાથે નગરવાળા ગામવાળાને ઉતરતી નજરે જોવા લાગ્યા.

શહેરોમાં જ્યારથી યંત્રો આવ્યા અને યંત્રોથી રૂપાંતરની ક્રિયાઓ થઇ ત્યારથી ધનવાનો પૈસા ખેંચવા લાગ્યા અને સાથે અભિમાન પણ પોષવા લાગ્યા. યુરોપમાં નગરો થયા તે ગામડાં સાંધીને થયા પણ આપણે ત્યાં જે નગરો થયાં તે ગામડાંને શોષીને થયાં છે. ગામડાંનું શોષણ કરીને તેઓ માલનો બહાર નિકાસ કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે આ શહેરોને પલટવાં કઇ રીતે? અનુબંધ વિચારધારા પ્રમાણે એ લોકો પણ ધર્મમય સમાજ રચનાનાં અંગ કેવી રીતે બને? એ વિચારવાનું છે. એમનો હાર્દિક પલટો ન થાય તો શોષક અને શોષિત એ બન્ને વર્ગો વચ્ચે સંઘર્ષ જામે. એ સંઘર્ષ ટાળીને બન્ને પક્ષો હળીમળીને રહે એ જોવાનું છે. ચીનમાં આ સંઘર્ષનું નિરાકરણ ન થયું. એટલે થોડા સામ્યવાદીઓએ ગામડાંને તૈયાર કર્યાં. પછી એ જ ગામવાળા બીજે ગામ જાય અને બીજેથી ત્રીજે ગામ. આમ સામ્યવાદ ચીનમાં ફેલાઈ ગયો. પણ રોષ રહી ગયેલો. એટલે રવિશંકર મહારાજ જ્યારે ચીનમાં ગયા ત્યારે તેમણે સાંભળ્યું કે જમીનદારો અને મૂડીદારોને જાહેરમાં ગોળીથી મારી નાખવામાં આવ્યા. લોકોનાં ટોળાં આનંદથી કિકિયારીઓ પાડે! કેવી કરુણતા! આખી પરિસ્થિતિ પલટાઈ ગઈ. ચાંગકાઇશેકને તો ત્યાંથી ભાગવું પડ્યું. એટલે આજનાં શહેરોને પલટીશું નહિ તો હિંસક પરિસ્થિતિ સર્જાતાં વાર નહિ લાગે. ચીનના જેવું હિંદમાં ન થાય તે માટે અહીંના શહેરોને પલટવાં જોશે. આપણા દેશમાં ધર્મગુરુઓ, ક્રાંતિકારો, નેતાઓ પાકયા છે. તેઓ લોકોનો આ સંઘર્ષ ટાળીને બન્ને વચ્ચે પ્રેમ-સંબંધો જોડીને કામ કરતા આવ્યા છે, અને કરે છે.

ગાંધીજીએ એટલા માટે સર્વ પ્રથમ ગામડું પસંદ કર્યું. તેઓ પ્રથમ કોચરબ-પાલડીમાં બેઠા, પછી સાબરમતીમાં બેઠા. શહેરમાં ગયા તો પણ શહેરથી દૂર અને ગામડાની પાસે. વર્ધાથી દૂર શેગાંવમાં આશ્રમ બનાવ્યો. તેમની ઇચ્છા હતી શેતાનના ચરખા રૂપે આ શહેરોને દેવનો ચરખો બનાવવાની હતી. શહેર અને ગામડાંના સંબંધો પ્રેમમય બનાવવા હતા. પણ એ કાર્ય કરી શકે તે પહેલાં તેઓ ચાલ્યા ગયા. ગાંધીજીએ જોયું કે મેકાલે વ.એ લખેલું સાહિત્ય ભારતની સંસ્કૃતિનો નાશ કરનાર છે તેના ઉપરથી હિંદના લોકો મૂર્ખ છે એવી છાપ ઉપસતી હતી. બીજી બાજુ તેમના દ્વારા શોષણ ચાલુ હતું. લોકોના મનની સ્થિતિ પણ ડામાડોલ હતી. ગાંધીજી યુગદ્રષ્ટા હતા. તેમણે આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આખું યે વાતાવરણ બદલવા પ્રયત્ન કર્યો. પણ, દરેકની મર્યાદા હોય છે. તે પ્રમાણે તેમણે જે સત્યાગ્રહો કર્યા તે પ્રારંભમાં, બારડોલી, બોરસદ તાલુકો, યૂ. પી. અને બિહારમાં ચંપારણના પ્રસંગો બાદ કરીએ તો શહેરોમાં થયા. પરિણામે શહેરોને નેતાગીરી આવી. આજે કેવળ નેતાગીરી જ નથી, પણ જીવનનું આંધળું અનુકરણ શહેરોથી થઈ રહ્યું છે. ત્યાં દરેક પળે કેમ વધારે કમાઈ લઉં; તેની જ ખટપટ ચાલે છે અને શેતાનનો ચરખો વધારે જોરથી ફરી રહ્યો છે. ત્યાં ડોકટરો છે; વકીલો છે, વેપારીઓ છે, કોંટ્રાકટરો છે અને કહેવાતો બુદ્ધિવાદી વર્ગ પણ છે. આ બધાને એક સરખી ધૂન વધુ કમાવાની અને વધુ વાપરવાની લાગી છે.

એટલે, અનુબંધ વિચારધારા આગળ જબ્બર કાર્ય પડયું છે. એક તરફ શહેરોના લોકોને બદલવાં છે; બીજી તરફ કોંગ્રેસનું પણ રૂપાંતર કરવાનું છે. તે માટે અનુબંધને આગળ મૂકાય છે અને સંગઠનને મહત્વ અપાય છે.

ગાંધીજીએ જ્યારે શહેરો સુધારવા માટે પ્રયાસ કર્યો ત્યારે સર્વ પ્રથમ તેમણે મીલોના મજુરોનું સંગઠન કર્યું. તેમાંથી મજુર-મહાજન ઊભું થયું. પછી વિકસતાં-વિકસતાં ઇન્ટુક બન્યું. ગાંધીજીએ આ સંગઠનોના પાયામાં નીતિની વાત મૂકી અને સંચાલન એવા માણસોને સોંપ્યું કે ગાંધી-વિચાર ભુલાય નહિ. પરિણામે નૈતિકતા કેળવાતી ગઇ અને મજૂર મહાજન ગાંધી-વિચાર પ્રમાણે ચાલે છે. સ્વરાજ્યની લડત વખતે ટંકનું પણ ખાવાનું ન હોય તેવા માણસોએ દિવસોના દિવસો સ્વેચ્છાએ મીલો બંધ રાખી. દિવસો સુધી સ્વેચ્છાથી વેતન છોડવું એ કાંઇ નાનીસૂની વાત નથી. અસહકાર આંદોલનમાં મીલમજુરોના આ કાર્યનું પણ પોતાનું મૂલ્યાંકન છે. અંતે માલિકોને કહેવું પડયું કે તમે હડતાળ ખેંચો ત્યારે મીલો શરૂ થઇ. મુંબઈ પ્રાંતના દ્વિભાષી રાજ્યના ભાગલા થતા મજુરોના બે પક્ષ થયા અને જે કંઇ કચાશ હતી તેવો થોડો ભાગ અલગ થયો. આવા લોકો તકવાદી હોય છે અને તેમને જ્યાં ફાયદો દેખાય ત્યાં દોડે છે. સામ્યવાદીઓ એવાને સાથ આપે છે અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફાવે છે. પણ તેવા તકવાદી લોકોનું નૈતિક મૂલ્ય ઓછું રહે છે. મજુર મહાજનના કાર્યકર્તાઓ તરીકે, અનસુયાબેન શંકરલાલ બેંકર, વસાવડા, નંદાજી, ખંડુભાઇ દેસાઇ વગેરેનું સહયોગીમંડળ સારૂં છે. આમ છતાં પણ, કોઇપણ સંગઠનમાં પ્રેરકબળ કયું તેના ઉપર મુખ્ય આધાર છે. એક બાજુ રાજકીય દૃષ્ટિ હોય. બીજી બાજુ આર્થિક લાલચ હોય આમાંથી કોઈપણ કારણે સંગઠન થાય છે. એટલે દ્વિભાષીનાં તોફાનો વખતે ગ્રામસંગઠનોની ટુકડી નીકળી તેમ મજૂરોની નીકળે તે માટે વાટાઘાટો કરી પણ તે લોકો તૈયાર ન થયા. અહીં હું મજૂર મહાજનના અમૂક વર્ગની, જેમને અન્ય પ્રેરણા હતી તેમની વાત કરૂં છું. તેઓ કેવળ આર્થિક લાભ માટે જોડાયા હતા. જ્યારે મજૂર-મહાજનનું ખરૂં પ્રેરક બળ તો ગાંધીજીના પાયાના નૈતિક સિદ્ધાંતો છે. એટલે એને ન માનનારો વર્ગ સાથે ન થયો. કુરેશીભાઇના ઉપવાસ વખતે સહાનુભૂતિ બતાવવાથી વધારે કંઈ પણ ન કરી શકયા. આમ જોવા જોઈએ તો સંગઠનો પાછળ નૈતિક પ્રેરક બળ હોવું જોઈએ, જેથી આર્થિક બાજુ કરતાં નૈતિક બાબતોને વધારે મહત્વ આપી શકાય. એમની સાથે સંબંધો જાળવવા છે એટલે ખેડૂત મંડળના બંધારણમાં મજૂર મહાજનના બે પ્રતિનિધિઓ સલાહકાર તરીકે, કોંગ્રેસની જેમ લીધા છે. સદ્‌ભાગ્યે ખેડૂત મંડળના અધિવેશનમાં જેમ મોરારજીભાઈ આવી ગયા તેમ ખંડુભાઈ પણ આવી ગયા.

મજૂર મહાજને એક મોટી સિદ્ધિ (થોડા વખત પહેલાં મધ્યભારતમાં કોંગ્રેસ સાથે સંધિ કરવામાં પ્રાપ્ત કરી છે. ઇન્ટુક અને કોંગ્રેસના કાર્યકરોની આપસની અથડામણો વખતે ત્યારના કોંગ્રેસ મંત્રી શ્રીમન્ નારાયણે કામની વહેંચણી કરી આપી....પછી કોંગ્રેસ સાથે ઇન્ટુકને સંધિ થઈ તેમાં નક્કી થયું કે ઇન્ટુકના કામમાં કોંગ્રેસીઓએ જવું હોય તો ઇન્ટુક મારફત જ જવું; સીધું કામ ન કરવું. કોંગ્રેસને મજૂર અને કિસાન વાળી કે શ્રમજીવીઓવાળી બનાવવી હોય, વકીલો, ડોકટરો, મૂડીદારો કે સામ્યવાદીઓથી બચાવવી હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો આજ રસ્તો છે કે પ્રેરક–પૂરક બળો ઊભાં કરી દેવાં જોઈએ: એમને ગમે કે ન ગમે છતાં કરવાં જોઈએ. જે મોટી સિદ્ધિ ઈન્ટુકને મળી છે તેનું કારણ મજૂરોનું સંગઠન છે અને તેને જે નેતાગીરી મળી છે તે ગાંધીવાદી વિચારસરણીને લીધે છે. તેનું કાર્ય એટલા માટેજ વેગભર્યું ચાલે છે.

આ અંગે જે બે ઠરાવો થયા તે સંગઠનના કારણેજ થયા છે. એવીજ રીતે ગામડાં માટે પણ કોંગ્રેસે જે ઠરાવ કર્યો તેનો હેતુ પણ એ છે કે કોંગ્રેસીઓને ગામડાંમાં કામ કરવું હોય તો જ્યાં ગ્રામ–સંગઠનો હોય ત્યાં તેમની મારફતે તે જાય તેમજ શહેરમાં કામ કરવું હોય તો ઈન્ટુક મારફત જવું જોઈએ. કેટલાક કોંગ્રેસી–મિત્રોને આ ગમતું નથી. તેમના મનમાં બીક છે કે આર્થિક કામો નહીં કરીએ તો લોકો મત આપશે નહીં; તેમજ આ નેતાઓ આજે છે અને કાલે નહોય ત્યારે સંગઠનો કોંગ્રેસને માનશે કે નહીં એ પણ એક સવાલ છે. પણ, આ માન્યતા ભ્રામક છે. ઉલટું તે ( કોંગ્રેસ ) સિધી ગામડાંના પ્રશ્નમાં પડે છે એટલે મૂડીવાદ અને ગૂંડા વ. તત્ત્વોને પ્રતિષ્ઠા મળી જવાનો ડર રહે છે, તેના બદલે ગામડાં અને ઈન્ટુક વડે કામ લેવાય તો સારાં તત્ત્વો ઉપર આવશે. અને નવરચના સુંદર બનશે.

નગરનું નૈતિક લોકસંગઠન પણ નૈતિક ગ્રામસંગઠન જેટલું જરૂરી છે. તેની ઉપેક્ષા કરવાથી નહીં ચાલે. એ સિવાય એ સંગઠનોની નેતાગીરી નૈતિક તત્ત્વોના હાથમાં રહેવી જોઈએ. તેમ ન થતાં શહેરોમાં કંઈક પણ કારણ મળતાં સંયુક્ત મહારાષ્ટ્રનાં તોફાનોની જેમ તોફાની અને ગુંડાતત્ત્વો જે ઉપદ્રવ મચાવે છે તેથી ઘણું સંસ્કૃતિ જાનમાલનું નુકસાન થાય છે; તે કોઈ પણ લોકશાહી માટે શોભાસ્પદ નથી. એટલે મિલોના મજૂરોનું નૈતિક સંગઠન હોવું જોઈએ. મિલોમાં મજૂરોને ભાગ મળે તે પણ હોવું જોઈએ. તે છતાં આવાં સંગઠનોની નેતાગીરી ઈન્ટુક જેવી સંસ્થા હસ્તક હોવી જોઈએ. કેવળ મિલોનુંજ નહીં, શહેરના કામદાર કે શ્રમજીવીઓનાં પણ સંગઠન નૈતિકતાના પાયાએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રચાવા જોઈએ અને તેમની નેતાગીરી નૈતિક તત્ત્વોના હાથમાં હશે તો શાંતિ અને સમાધાનથી ઘણા પ્રશ્નો ઉકેલાઈ જશે.

નૈતિક પ્રશ્નો માટે મુંબઈમાં વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની રચના થઈ છે એવી રચના કરવી જોઈએ. એનું ધ્યેય સત્યપ્રેમ અને ન્યાયની પ્રતિષ્ઠા કેળવાય એવાં કાર્યો કરવાનું છે. એ મૂલ્યો સ્થાપવા માટે નગરમાં બહેનો, મજૂરો અને મધ્યમવર્ગનાં અલગ-અલગ સંગઠનો કરવાં જોઈએ. આ સંગઠનો થતાં મૂડીવાદની સમાજ ઉપરથી અસર ઓછી થશે. કદાચ મૂડીવાદીનો ખોફ પણ વરસે તો સહેવો પડશે. અતડા રહેવાથી કામ ચાલશે નહીં. તેમનો પણ સંપર્ક રાખવો પડશે. પ્રથમ તેઓ ઓછા ભળશે. અને ભળશે તો કંઈક ખોવા માટે જ. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘની રચનાની વાત કરી ત્યારે મધ્યમવર્ગજ મુખ્યત્વે આગળ આવ્યો. સદ્‌ભાગ્યે એના હાલના પ્રમુખ નૈતિકતાવાળા અને મધ્યમવર્ગના છે ખાસ તો એ જોવાનું કે નીતિ અને ન્યાયના તત્ત્વો કરતાં આર્થિક તત્ત્વો જોર ન કરી જાય. એ માટે અહીંના પ્રાયોગિક સંઘમાં ભાલનળકાંઠા તેમજ બીજા શેત્રુંજીકાંઠા કચ્છ વ. પ્રાયોગિક સંઘોના પ્રતિનિધિઓ પણ છે.

શહેરનાં લોકસંગઠનો અંગે એવી કલ્પના છે કે તે જેમ જેમ વધતા જશે અને તેમાં પણ ખાસ કરીને માતૃસમાજો સ્થપાતાં જશે તેમ તેમ વિકાસ થતો જશે. ઔદ્યોગિક શાંતિ માટે વિકેન્દ્રીકરણ વિચારવું પડશે. જે ખેડુતોની જમીન છૂટી ગઈ અને તેઓ શહેરમાં જઈ મીલોમાં જોડાયા એટલે એ ગામડાંવાળાને સંગઠિત કરવા પડશે.

બહેનોને—મધ્યમવર્ગની બહેનોને સંગઠિત કરવી પડશે. નવરાશનો ઉપયોગ કરતા શીખે, તે બતાવવું પડશે. રામો જોઈએ, રસોઇયો જોઇએ, મતલબ કે કામ ન કરવું પડે તેવું જોઇએ. પરિણામે નવરાં હોય. ત્યારે સારી વાતો થાય તો સારું, નહીંતર નિંદા-કુથલી તો ચાલુ જ હોય. તે ઉપરાંત દેખાદેખીનો રોગ પણ વ્યાપક પણે ફેલાય છે. નવી ખરીદીના નામે બહાર ફરવા અને પૈસો ખર્ચવો તેમજ ખરીદી ન હોય તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાટક-સિનેમામાં ચાલ્યા જવાનો પ્રચાર થયો છે. તેમાં પણ સંતતિનિયમનનાં સાધનોનો પ્રચાર વધી રહ્યો છે; તેથી ઘણીયે બહેનો અનૈતિક પંથે જઈ રહી છે. આ બધામાંથી બહેનોને બહાર કાઢવાની છે. બહેનોને નવરાશના સમયમાં પ્રમાણિકપણે રોજી મેળવતાં શીખવવાનું છે. તેઓ જાતે ન કમાય ત્યાંસુધી પૈસો ગાડાના પૈડા જેવડો નહીં લાગે. નાના ગૃહોદ્યોગના યંત્રો ઘેર વસાવીને જાપાન, સ્વીટઝરલેંડ વ. દેશોમાં કામ અપાય છે તેમ સ્ત્રીઓને પણ આપી શકાય છે. આવાં કાર્યો માટે માતૃસમાજો સ્થપાય, બહેનો સંગઠિત થાય તો દેશ સમૃદ્ધ થાય અને બહેનોના સામાજિક સાંસ્કૃતિક પ્રશ્નો પણ ઉકેલાય.

એક બાજુથી ગામડાંમાં નહેરો વડે પાણી મળે, ખેતીની સમૃદ્ધિ થાય, અને એ જ પાણીથી ઇલેક્ટ્રીક પેદા કરીને હુન્નરો ચલાવાય. આ બધું નવી દૃષ્ટિથી વિચારી સમયની સાથે કૂચ કરી પશુપાલન, ખેતી અને ઉદ્યોગો ઊભાં થાય તો શહેરોમાં યંત્રોનો બોજો ઘટે અને પછી મજૂરો પણ ભાગ માગી શકશે. આમ અહિંસક-સમાજ-રચના ધીરે ધીરે થતી જશે.

માતૃસમાજોની વાત કરતાં, ઘાટકોપર માતૃસમાજની વાત કરું. એને સ્થપાયે ત્રણ વર્ષ થયાં. તે દરમ્યાન ઘેર ઘેર અને ઠેર ઠેર ફરીને તેણે જે કામ કર્યું છે, તે યાદ કરીએ તો આનંદ થાય. બેનોએ હમણાં ૧૪ થી ૧૫ હજારની ખાદી હુંડીઓ વેચી. ચૂંટણીમાં પણ આગળ રહી. તોફાનો સામે ૨૭૦૦ ઉપવાસો આપ્યા. તેમને સંગઠિત કરી ધાર્મિક પુટ આપવામાં આવે તો ઉત્તમ કામ થાય તેવી શકયતા છે. એક તો શહેરમાં લોકસંગઠનો વધે સાથે જ તેઓ ગ્રામસંગઠનનાં પૂરક બની શકે. જો માતૃસમાજની સભ્ય બહેનો 'યૂનેસ્કો'ની અંદર જાય તો મોટું કામ થઈ શકે.

નગરનાં આ લોકસંગઠનો પણ આર્થિક અને સામાજિક રીતે સ્વતંત્ર રહેવાં જોઈએ. રાજકીય રીતે કોંગ્રેસને જ તેમણે ટેકો આપવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોઈએ. ઘણાને રાજકીય સંધાનની વાત ગળે ઊતરતી નથી; પણ તેના ઉપર નૈતિક દબાણ ન આવતાં તે બધા ક્ષેત્ર ઉપર વર્ચસ્વ જમાવી બેસશે અને હેરાનગતિનો પાર નહીં રહે.

નગરમાં ગુમાસ્તાઓનું સંગઠન થવું કઠણ છે. કારણ કે નોકરો કરતાં દુકાનો વધારે છે. એટલે જરાક વેર થાય તો તેમને કાઢી મૂકે. પણ, મધ્યમ વર્ગનાં સંગઠનોમાં એમને આગળ વધારવાં જોઈએ. એથી ધર્મિય સમાજ રચનામાં સક્રિય સહાયતા મળશે.

ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, અને કનિષ્ટ નોકરી, એ પ્રમાણે ઉત્તમ ગ્રામસંગઠન, મધ્યમ નગરસંગઠન અને છેલ્લે રાજ્ય એ રીતે ગોઠવવાનું છે. આ કામ અનુબંધે અને સંગઠનોએ કરવાનું છે.

## ચર્ચા – વિચારણા

### નૈતિકતાના પાયે સંગઠન; એક ભગીરથ કાર્ય

**શ્રી પૂંજાભાઈ**એ આજની ચર્ચા શરૂ કરતાં કહ્યું : " આજના નગરોમાં આર્થિક દષ્ટિએ કે પોતાના વર્તુળોના સંકુચિત માનસવાળા મોટા ભાગે ધંધાદારી સંગઠનો થયાં છે. કેટલાંક સામાજિક સંગઠનો છે તેમ જ ધર્મ–સંપ્રદાયના પણ સંગઠનો છે. પણ આ સંગઠનો ભલે પોતાના વર્તુળમાં કામ કરે. છતાં જો તે બીજી પ્રતિ સહિષ્ણુ અને સહયોગી ન બની શકે તો તેનો કોઇ અર્થ સરતો નથી.

મંદિરોમાં લાંબી કતારો જોવા મળશે. ધર્મકથા કે ભજન સમારંભમાં પણ ટોળેટોળાં જોવા મળશે પણ, ત્યાં કાં તો સાંપ્રદાયિકવૃત્તિની સંકુચિતતા છે અથવા તેને પણ એક ફેશન બનાવી દેવામાં આવી છે. સ્વ. પરનો કલ્યાણકારી ધર્મ કે એના આધારે રચાયેલો ઉદાર ધર્મમય સમાજ કયાંયે જોવા મળતો નથી. આમ એક તરફ નિરાશા થાય છે.

ત્યારે, બીજી તરફ દાદાભાઇ નવરોજીએ પોતાની ડાયરીમાં એક નાનું સૂત્ર લખ્યું તેમાંથી રાષ્ટ્રીય મહાસભાનું સંગઠન થતાં, આજે એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોંગ્રેસનું વિશ્વવ્યાપી સંગઠન થઇ ગયું. તેણે આખા દેશનું અહિંસક પદ્ધતિએ પરિવર્તન કરવામાં પ્રેરણા આપી. સ્વરાજ્ય બાદ તેનામાં પણ ખામીઓ આવી ગઈ છે. ભાલનળકાંઠા પ્રયોગનું સંગઠન સારા નશીબે સુંદર કાર્ય કરી રહ્યું છે પણ તેની વ્યાપક અસર ફેલાવવાની જરૂર છે. સાવરકુંડલામાં ગ્રામસેવામંડળનું કાર્ય ઘણું થયું છતાં ત્યાં અનૈતિક બળોએ અડ્ડો જમાવી દીધો અને સુધરાઇની ચૂંટણીમાં એ વિસ્તારે જુદો જ રંગ બતાવ્યો. હજુ એ જુદાઇ મટી નથી. એ ઉપરથી એમ લાગે છે કે જ્યાં સુધી અનુબંધ–વિચાર પ્રમાણે પહેલાંને પહેલું સ્થાન ન આપવામાં આવે ત્યાં સુધી કોઇ પણ કાર્યની સફળતા અંગે ચિંતા જ રહેવાની. એ માટે અનુબંધ વિચારધારા સાચી છે અને તેનો નૈતિકતાનો પાયો પાકો છે. તે એક બાજુ નૈતિક વિચારને મહત્વ આપે છે સાથે જ તે સર્વક્ષેત્રને સ્પર્શે છે.

છતાં, જે લોકો વર્ષોથી અનીતિ કે અન્યાયનો ભોગ બનીને ટેવાઇ ગયા છે તેમના સૌના દિલમાં આ વાતો ઉતરાવવા માટે કેટલા બધા કાર્યકરો જોઇએ? હું તો ભાલનળકાંઠાના ગોપાલક મંડળમાં વર્ષોથી કાર્ય કરી રહ્યો છું. ત્યાં ગોપાલકોને જુની ટેવો ભૂલાવવા કેટલો અથાગ પરિશ્રમ થઇ રહ્યો છે? છતાં ગોપાલકોને આટઆટલા દુધના ભાવો અપાવવા છતાંયે, કોઇ વાર દૂધમાં પાણી નાખી દે છે. એટલે ઘણા અનુભવો ઉપરથી આ વાત તો સાચી લાગે છે. પરંતુ તે વિશ્વ–વ્યાપી કયારે અને કેમ બને? એ એક વિચારણીય પ્રશ્ન અને મૂંઝવણ બની જાય છે, આ તો માટીમાંથી સોનું કાઢવા જેવી વાત છે.

**બળવંતભાઇ :** "શહેરમાં માતૃ સમાજો, તથા મજુરો મધ્યમવર્ગીય સંગઠનો, તથા પ્રાયોગિક સંઘો તેમ જ ગામડામાં નૈતિક ગ્રામ સંગઠનો, તેમનું ઇન્ટુક કોંગ્રેસ અને રચનાત્મક કાર્યકરોની સાથે અનુસંધાન; ક્રાંતિપ્રિય સાધુઓની દોરવણી. આ બધાના કારણે આ સંગઠનોનાં ક્રમિક અને વ્યવસ્થિત અને અનુબંધપૂર્વકના કાર્યથી આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાર્ય જલદી અને સાચેસાચ વ્યાપક બનશે એવું મને મારા અનુભવો અને મંથન ઉપરથી લાગે છે.

**પૂંજાભાઇ:** "એમ તો મને ઘણી પ્રતીતિ થઇ છે પણ, આર્થિક પ્રશ્નોમાં નીતિ પરોવતાં ઘણી મુશીબતો પડી છે અને પડે છે. તેથી કેટલાયે કાર્યકરો અને ગોપાલકોને બદલવાં પડે છે. કારણ કે પાસે જ અમદાવાદનું સ્વાર્થી અને મૂડીવાદી કે એકાંગી વલણ દેખાય એટલે વળી ભૂલો કરે. આમ આજુબાજુના શહેરોનું વાયુમંડળ પણ પ્રતિકૂળમાંથી અનુકૂળ બનાવવું રહ્યું, એટલે પૂજ્ય મહારાજશ્રી શહેરોના વાતાવરણને બદલવા છેલ્લા કેટલાંયે વર્ષોથી કામે લાગ્યા છે. નગરમાં લોકસંગઠનો આ રીતે ઘણા જ ઉપયોગી છે.

પણ, પૂજ્ય મહારાજશ્રી જેવા સાધુઓ અને સાચા સર્વાંગી દૃષ્ટિવાળા રચનાત્મક કાર્યકરો આ દેશ અને દુનિયામાં કેટલા મળે ? ક્યારેક દૂરથી કોઇ સંસ્થા અંગે ઘણું સારૂં સંભળાતું હોય છે, પણ અંદરખાનેથી ગોટાળાઓ હોય છે. કાઠિયાવાડની મોટી મારડની સહકારી મંડળી અંગે અમારા મગનભાઇ—સરકારી અધિકારી આગળ ફરિયાદ આવેલી તેમાં મોટું તથ્ય હતું.

માનવીની અંદર ઢીલાસ છે. તે નિમિત્ત મળતાં ઉપર આવી જાય છે. આ તો ગુરુદેવ જેવા સમર્થ પુરુષ છે અને ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ જેવું મોટું સંસ્થાકીય નૈતિક બળ છે. જેની અસર ગુજરાત ઉપર ઊંડી છે, તેથી સારૂં છે. છતાં મુશીબતો આવે છે ત્યારે આખા દેશ અને વિશ્વને લક્ષ્યમાં રાખતા કેટલું નૈતિક બળ જોઇએ ?"

**શ્રોફ:**—હવે શહેરોને ગામડાં તરફ વાળવાના સંયોગો ઊભા થયા છે. સત્ય ઉપર સોનાનું ઢાંકણું છે; તે અનુબંધ પુરુષાર્થથી જરૂર ખસી જશે.

**એ કાર્ય સિદ્ધ થશે :**

**બળવંતભાઇ:** "મારા નમ્રમતે ઘણીવાર તો એમ લાગે છે કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપણે બહારની ખોટી ટીકાઓથી વધારે પડતા અકળાઇ જઇએ છીએ. નહીંતર બે અને બે ચાર એના જેવી આ વાતની પ્રતીતિ આપણને થયેલી છે પછી અઘરાપણું લાગવાનું શું છે? દેશ અને દુનિયામાં ઠેર ઠેર શુભ તત્ત્વો પડેલાં જ છે. માત્ર તેમનો અનુબંધ થયો નથી. તે થતો દુનિયામાં આ કામ દીપી ઊઠશે. ગાંધીજી વખતે કયાં અન્યાય અને અનૈતિકતા ન હતાં? પણ, તે દબાઇ ગયાં અને ન્યાય તથા નીતિને સમાજવ્યાપી પ્રતિષ્ઠા મળી. તેમ આપણા દેશની કરોડોની વસ્તીમાં ઓછામાં ઓછા દશ ટકા તો સુયોગ્ય માણસો છે; એમ દુનિયામાં પણ છે જ.

**દેવજીભાઇ:** મને માફ કરજો, પણ મારા જેવાના ક્ષેત્રમાં અનુભવો થયા છે તે અદ્દભુત અને પ્રેરક બન્યા છે. પણ, જો આપણી શ્રદ્ધામાં ઊંડે ઊંડે પણ કચાશ રહેશે તો ગયા જ સમજજો. બાકી જો શ્રધ્ધાની વાટ હશે તો જનતા અને અવ્યકત જગતમાં સર્વત્ર દીવેલ પડ્યું છે તે ખૂટવાનું નથી. દશ ટકા સજ્જનો અને દશ ટકા દુર્જનો દરેક સ્થળે રહેવાના. સજ્જનોને પ્રતિષ્ઠા મળી તો એંસી ટકા વર્ગ જેમાં પચાસ ટકા સામાન્ય જનતા છે અને ત્રીસ ટકા રાજ્યજનો છે; તે આ બાજુ ખેંચાવાના અને દસ ટકા દુર્જન તત્ત્વો અપ્રતિષ્ઠિત થતાં દબાઈ જવાના. મારા થોડા પ્રયોગોથી મને ખાતરી થઇ છે કે અનેક શુભ તત્ત્વોનો અનુબંધ થતાં વિશ્વવાત્સલ્ય જગતમાં સફળ થશે. મારા અને મારા સાથીઓના વિનમ્ર પ્રયાસો વડે આખા કચ્છમાં નીતિની પ્રતિષ્ઠા થઇ શકશે એટલી હવે શ્રદ્ધા આવી છે. અને ઠેર ઠેર અનેક શુભ તત્ત્વોનાં જોડાણથી અનુબંધ વિચારધારા વિશ્વવિજયી બને તેમાં શી નવાઇ છે?

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સર્વાંગી અનુબંધ દ્રષ્ટિવાળું લોકસેવક સંગઠન [૧૪]

મુનિશ્રી સંતબાલજી] [તા. ૩૧-૧૦-૬૧

અનુબંધ વિચારધારાનાં ચાર અંગો (૧) જનસંગઠનો (૨) રાજ્ય સંગઠન (કોંગ્રેસ) (૩) લોકસેવક સંગઠનો (૪) ક્રાંતિપ્રિય સાધુસંન્યાસીઓ એ પૈકી લોકસંગઠનો અંગે વિચાર થઈ ચૂકયો છે. ગ્રામસંગઠન અને નગર લોકસંગઠન તેમજ રાજ્યસંસ્થા તરીકે કોંગ્રેસનું મહત્ત્વ એ પણ વિચારી જવાયું છે. અહીં હવે લોકસેવક સંગઠન અંગે છણાવટ કરશું. એમાં સર્વાંગી દૃષ્ટિવાળા રચનાત્મક કાર્યકર્તાઓની સંસ્થાઓ અંગે વિચારવાનું છે. લોકસંગઠનો બનાવવા માટે નૈતિકપ્રેરક અને સંચાલક બળ રૂપે અને ક્રાંતિપ્રિય સાધુઓ ધર્મસંગઠનના મુખ્ય વાહન રૂપે લોકસેવકોનું પોતાનું આગવું સ્થાન છે.

સાધુ-સંતોને પોતાની અમૂક મર્યાદાઓ હોય છે. કેટલાંક કાર્યોમાં તેઓ સીધો ભાગ ન લઈ શકે પણ તેમાં પ્રેરણારૂપ—માર્ગદર્શક રૂપે તેઓ રહી શકે. સમાજ સાથે તેમની તાદાત્મ્યતા હોઈને એક બાજુથી તેઓ પોતાની દોરવણી રચનાત્મક કાર્યકરોને આપશે; અને આ કાર્યકરો તે મુજબ સમાજની સંગઠિત શક્તિઓ લોકસંગઠનોને દોરવશે. એટલે લોકસેવકો કેવા હોવા જોઈએ. તેમનામાં કયા કયા ગુણો હોવા જોઈએ તે સર્વ પ્રથમ જોઈ જતાં સરળતા રહેશે. અનુબંધ વિચારધારા પ્રમાણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકસંગઠન અને લોકસેવક સંગઠનોની સંધિ થઈ જવી જોઈએ જેથી તે બન્ને રાજ્ય ઉપર સીધી અસર નાખી શકે અને તેથી અહિંસા દ્વારા વિશ્વશાંતિ શકય બને.

લોકસેવકો કેવા હોવા જોઈએ તે અંગે ગાંધીજીએ ખાસ કરીને દશ ગુણો બતાવ્યા છે :—

ત્યારબાદ વિનોબાજીએ જે કાર્યક્રમો મૂકયા ભૂદાન, ગ્રામદાન, જીવનદાન, શાંતિસેના વગેરે તેના કારણે પણ કેટલાક ગુણોનો વિકાસ થયો. એ બધાં તત્ત્વોને લઈને ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ (રચનાત્મક કાર્યકર સગઠન)માં લોકસેવકોની જે આચારસંહિતા હોવી જોઈએ તેની એક રૂપરેખા બનાવવામાં આવી છે. તે પ્રમાણે દરેક લોકસેવકમાં નીચેના આઠ ગુણો તો હોવા જોઈએ.

(૧) **સર્વાંગી સર્વક્ષેત્રીય દર્શન** : આ ગુણ સર્વ પ્રથમ હોવો જોઈએ ઘણીવાર પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહ હોમવાની બલિદાનની ભાવના લોકસેવકમાં હોય છે પણ સર્વાંગી દર્શનની ખામી એનામાં રહે છે. એ ખામી સર્વાંગી માર્ગદર્શક મળતાં દૂર થઈ શકશે. પણ બીજી જે આવશ્યક વસ્તુ છે તે સર્વક્ષેત્રના સ્પર્શની તેણે બધાં ક્ષેત્રો લેવાં પડશે અને તેણે કોઈ પણ ક્ષેત્રથી અતડાં રહેવું ન જોઈએ; રાજકીય ક્ષેત્રથી પણ સત્તા ઉપર જવું કે ન જવું એ જુદી વાત છે. તેવીજ રીતે રાજ્યનો વિકાસ થયો કે ન થયો એ જુદી વાત છે. પણ રાજ્ય નૈતિક ક્ષેત્રથી અલગ રહેવાનો ઈન્કાર કરશે નહીં. એવીજ રીતે સામાજિક અને આર્થિક બધા ક્ષેત્રોમાં તે રસ લેશે. ગાંધીજી કદિ કંટાળ્યા નહતા. ગમે તેવા સંયોગો હોય, તો પણ તેઓ બધામાં રસ લેતા. એક બાજુ રાજકારણ ચાલતું હોય; બીજી બાજુ અર્થકારણ ચાલતું હોય. ત્રીજી બાજુ સામાજિક પ્રશ્નો હોય, ચોથી બાજુ પ્રાર્થના હોય, અને નૈતિક-ધાર્મિક પ્રશ્નો ચાલતા હોય. આ બધામાં એમનું જીવન વિકાસ પામતું વહેતું ગયું છે. એની સાથે જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રચનાત્મક કાર્યકરો જે એમના વારસદારો છે તેમને પણ એમણે માર્ગદર્શન આપ્યું છે. લોકસેવકે હમેશાં એમના જેવી સર્વાંગી દષ્ટિ અને સર્વક્ષેત્રીયદર્શન આદર્શ રૂપે રાખવાં જોઈએ.

(૪) **ક્રાંત દષ્ટિ :** લોકસેવકનો બીજો ગુણ એ હોવો જોઈએ કે તે ક્રાંતદષ્ટિવાળો હોય. ભવિષ્યમાં શું બનવાનું છે તેની સૂઝ તેનામાં ઉગવી જોઇએ. આપણે ત્યાં ઋષિઓનાં વર્ણન આવે છે એમાં પ્રારંભિક "ઋષયો મંત્ર દષ્ટાઃ" એ વાકય આવે છે. એટલે કે ઋષિઓ પહેલાંથી સર્વક્ષેત્રોના વિચારો જોઇ લેતા. વિનોબાજી કહે છે કે ક્રાંતિ વ્યકિતથી થશે. એટલે વ્યકિતની દષ્ટિ ક્રાંત નહીં હોય તો ક્રાંતિ થઈ શકશે નહીં.

રચનાત્મક કાર્યકર્તાઓની કેટલીક મર્યાદાઓ હોય છે. તેમને કુટુંબ હશે; સંસ્થા હશે એના કારણે કેટલીક વસ્તુ નડતર રૂપ પણ બની શકે. છતાં પણ વ્યાપક દષ્ટિ હશે તો ભવિષ્યમાં શું થશે તેની તેને સૂઝ રહેશે. ગાંધીજી પાસે આ ક્રાંત દષ્ટિ હતી. છતાં પણ તેઓ પંડિતજી વગેરે સાથે વિચાર વિનિમય કરી લેતા. ભવિષ્યમાં શો કાર્યક્રમ આપવો ? શું કરવું ? તે રચનાત્મક કાર્યકરે જોવું પડશે. નહીંતર રૂઢિચુસ્તતા આવી જવાની અને કાર્ય અટકી પડવાનું. રચનાત્મક કાર્યકરો કેવા હોવા જોઇએ તેની એક ભૂમિકા છે; પણ તેમાં ભવિષ્યની ક્રાંત દષ્ટિ જરૂરી છે. શું કરવું, એમ જો કિંકર્તવ્ય મૂઢ બની જશે તો રચનાત્મક કાર્યની દિશા થંભી જશે.

(૩) **જવાબદારીનું સક્રિય ભાન :** રચનાત્મક કાર્યકરને પોતાની જવાબદારીનું સક્રિય ભાન હોવું જોઇએ. રાજ્યના આગેવાનો છટકે, સામાજિક કાર્યકરો છટકે, કદાચ બધાયે છટકે તે છતાં તેણે "એકલો જાને રે..." જેમ ટકીને આગળ વધતા રહેવાનું છે. વિચારપૂર્વક એક વાત લીધા પછી તેને આગ્રહપૂર્વક વળગી રહેશે. તે કદિ એમ નહીં કહે કે જોઈએ તેટલો સાથ મળતો નથી કે સફળતા વરતી નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માટે આ કાર્ય છોડી દઉં. તે અલબત્ત સંશોધન જરૂર કરશે કે કેમ સાથ નથી મળતો? સાથ મેળવવા માટે પુરુષાર્થ પણ કરશે, તે છતાં નહીં મળે તોયે નિરાશ નહીં થતાં તે વધુ મજબૂત થશે.

(૪) **પ્રખર નિષ્ઠા** : તેનામાં અવ્યક્ત બળ સંસ્થા અને સમાજ પ્રત્યે પ્રખર નિષ્ઠા હશે. ખરેખર તો આ ગુણને પહેલું સ્થાન આપવું જોઈએ પણ ચોથું સ્થાન આપવાનું કારણ એટલું જ છે કે અનુબંધ વિચારધારામાં રચનાત્મક કાર્યકરો કરતાં પણ વધારે–સહુથી વધારે આશા આપણે ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ પાસે રાખીએ છીએ. બધા કાર્યોમાં નિષ્ઠા હોવી તો જરૂરી છે. અવ્યકત બળ ઉપર નિષ્ઠા હશે તો બધા થાકી જશે પણ એક બળ એવું છે જે મદદમાં આવશે. તે "ૐ મૈયા" છે જેના અંગે વિચાર થઇ ગયો છે. આ બળ અંતરમાં રહેલ તપ–ત્યાગની ભાવનામાં તીવ્રતા આણશે. એના ઉપર સર્વ પ્રથમ વિશ્વાસ જોશે. બીજો વિશ્વાસ સંસ્થાનો હોવો જોઇએ. ઘણા કાર્યકરો તેજસ્વી હોય છે પણ સંસ્થા સાથે મેળ નથી રાખતા તો તેમનું કામ દીપતું નથી. સંસ્થામાં કોઇ ભળે કે ન ભળે તે સમજાય તેવી વાત છે પણ ભળ્યા બાદ તેના પ્રતિ આદર અને શુદ્ધભાવ હોવા જોઇએ. ગાંધીજીએ કોંગ્રેસને છેવટ સુધી બળ આપ્યા કર્યું; પ્રતિષ્ઠા આપી. પોતે તેનાથી અલગ રહ્યા પણ, જ્યારે જ્યારે દેશવ્યાપી કોઈ પ્રશ્ન લેવો હોય ત્યારે સંસ્થા (કોંગ્રેસ) વડેજ એને લેતા. એટલે કે તેઓ સંસ્થાના ઘડતરમાં માનતા. તેમણે કોંગ્રેસમાં વિશ્વાસ મૂકયો. તા. ૩૦મી જાનેવારી ૧૯૪૮ના તેમનું અવસાન થયું. એ પહેલાં તા. ૨૮ કે ૨૯ મીએ તેમણે પ્રવચનમાં કોંગ્રેસ માટે આવા શબ્દો વાપર્યા છેઃ—"હું નીકળી ગયો, સરદાર નીકળી જાય કે પંડિતજી નીકળી જાય તો પણ કોંગ્રેસ કદિ મરનાર નથી." સંસ્થા તરફનો વિશ્વાસ અને સંસ્થા દ્વારા જ વ્યકિત કે સમાજનું ઘડતર થઈ શકે તેનો આ શ્રેષ્ઠ નમૂનો છે. આપણે એમ માનતા કે વ્યકિત જ કેવળ ધર્મ-નિયમ–નિષ્ઠા પાળી શકે, સમાજ નહીં,



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ ગાંધીજીએ બતાવી આપ્યું કે જે વ્યક્તિ માટે શક્ય છે તે સમાજ માટે પણ શક્ય બની શકે છે. એટલું ખરૂં કે સમાજને દોરનાર ખાસ તો [illegible] તે [illegible] ધૂળ-ધોયાની જેમ કાર્યકરો શોધીને નવો ફાલ આપ્યો છે.

**( ૫ ) અખૂટ ધીરજ :** કાર્યકરના જીવનમાં ઘણીવાર ધીરજનો અંત આવે છે. ક્યાં સુધી એમને એમ ઢસડવું ? એની શંકા જાગે છે. તેના જવાબમાં એટલું જ જણાવવાનું કે ધીરજ તો કદિયે ન ખૂટવી જોઈએ. જગતમાં જો સત્ય ઉપર વિશ્વાસ હોય, કાકાસાહેબના શબ્દોમાં માંગલ્ય ઉપર વિશ્વાસ રાખતા હો તો એ સત્ય-માંગલ્યમાં અમાંગલ્ય ટકી શકે જ નહીં. ધીરજથી જ આગળ વધી શકાય છે. એના અભાવમાં તો બધું કામ અટકી પડવાનું છે.

ગાંધીજીએ લોકસેવક સંઘની કલ્પના કરી હતી પણ એ પહેલાં ગાંધી સેવાસંઘ તેમણે સ્થાપ્યો હતો. પણ એનો વિચાર તેમને ફેરવવો પડ્યો હતો. તેનું કારણ એ હતું કે એના સભ્યોમાં અનેક જાતની પ્રકૃતિવાળા હતા. સરદાર હતા તે સ્વતંત્ર-મુક્તપણે માનનારા હતા જ્યારે મશરૂવાળા હતા તે વ્રતનિયમમાં માનનારા હતા. ગાંધીજી કહેતા કે બીજી શકિતઓનો ઉપયોગ કરવો હોય તો ધીરજ ધરવી જોઇએ. નૈતિક નબળાઇને ન ચલાવી લઇએ પણ વ્યકિતની કક્ષાનો પણ વિચાર કરવો જોઈએ. મશરૂવાળાને ગળે આ વાત ન ઊતરી અને તેમણે રાજીનામું આપી દીધું. બાપુને તો બધાનો સમન્વય કરીને આ મંડળ મારફત કામ લેવાનું હતું. તેમાં ભંગાણ પડતું જોઇને વિલિનીકરણ કરવું સારૂં છે એમ માની તેનું વિલિનીકરણ કરી નાખ્યું. એમની ધીરજ અપૂર્વ હતી. એટલે જ તેઓ સ્વરાજ્ય સુધી ચૂપ રહ્યા પણ પછી તેમણે કહ્યું કે હવે કોંગ્રેસે લોકસેવક સંઘના રૂપમાં પલટાઇ જવું જોઇએ. આવી અતૂટ ધીરજ કાર્ય માટે કાર્યકરોમાં હોવી જોઇએ.

ધીરજ માટે શ્રદ્ધા-કાર્યમાં શ્રદ્ધા હોવી જોઇએ. તે ન હોય તો કાર્યકરો ટકી ન શકે. ગાંધીજીને તો દેશના અને વિશ્વના બધા રાજકીય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રશ્નો ઉપર ધ્યાન આપવાનું હતું. એટલે તેમણે તે વખતે વિચાર કર્યો કે કોંગ્રેસ તેમજ લોક સેવક સંગઠન બન્ને જરૂરી છે; પણ વધારે જરૂરી કોંગ્રેસ હોઇ, તેમણે લોકસેવક સંગઠનનું વિસર્જન કરી નાખ્યું; અને લોકસંગઠનને વધારે મહત્વ આપ્યું. રચનાત્મક કાર્યકર કે સેવકને આવા પ્રશ્નોમાં ધીરજ રાખી, શ્રદ્ધાપૂર્વક જે વધારે ઉપયોગી હોય તેને મહત્વ આપતાં આવડવું જોઇએ.

(૬) **અવિરત પુરૂષાર્થ** : "થાકે ન થાકે છતાંય હો માનવી! ના લેજે વિસામો!" એ પંકિત પ્રમાણે ઘણું ચાલે પણ થાકે નહીં એવું માનસ કાર્યકરનું હોવું જોઈએ. અવિરત કામ કર્યા પછી રાતના સૂવાનું થયું-બાર વાગ્યા. પણ, કોઇ કામ આવ્યું કે તે તરત બેઠો થઈ જાય એવી કામ કામ અને કામની સતત જાગૃતિ અને પુરૂષાર્થ દરેક કાર્યકરમાં હોવાં જોઇએ. ઘણાને એમ થશે કે એવી પ્રચંડ શક્તિ દરેકમાં ક્યાંથી હોય? જો ધીરજ હશે; શ્રદ્ધા હશે તો આપોઆપ પુરૂષાર્થની આ શક્તિ પેદા થશે. ગાંધીજી આગળ વધ્યા તેનું કારણ તેમની સત્ય ઉપરની શ્રદ્ધા હતી. હું સાચો છું તો મને વાંધો ન હોઇ શકે! સૂર્ય-ચંદ્ર ગતિ કર્યા કરે છે. કદાચ સૂર્ય વાદળાંથી ઢંકાઈ જાય પણ જેનામાં અનેક સૂર્ય પડયા છે તેવા સમર્થ આત્મતત્ત્વનો વિશ્વાસુ વણથંભે અવિરત પુરૂષાર્થ કરતો જ રહેશે.

(૭) **લોક શ્રધ્ધેય ચારિત્ર્ય** : આ ક્રમ વિશ્વદષ્ટિએ લીધો છે. જો વ્યાપકતાનું દર્શન નહીં હોય તો બીજા ગુણો હશે તો પણ માણસ નિષ્ફળ જશે. એટલે લોક શ્રધ્ધેય ચારિત્ર્યને સાતમું સ્થાન આપ્યું છે. ચારિત્ર્યના બે ભાગ છે (૧) આર્થિક અને (૨) શારિરિક ચારિત્ર્ય. સ્ત્રીઓને વિશ્વાસ હોય કે આની પાસે જશું તો જરાય વાંધો નહીં હોય, એવી લોકશ્રદ્ધા હોય એ તો શારિરિક ચારિત્ર્ય થયું. તેવી જ રીતે પ્રમાણિકતા, હિસાબી ચોખવટ, નાની બાબતમાં પણ ગોલમાલ નહીં એ આર્થિક ચારિત્ર્ય - વિશ્વાસ થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કસ્તુરબાએ એકવાર પાંચ રૂપિયા એક ખાતાના બદલે બીજા ખાતામાં લીધા તો ગાંધીજીએ તેમની ઝાટકણી કરી નાખી. એક પાઇનો પણ ગોટાળો કાર્યકરે ન કરવો જોઇએ. એ ગાંધીજીએ કરીને બતાવ્યું. પ્રમાણિકતા એ જાહેર જીવનનો મુખ્ય ગુણ છે.

એવી જ રીતે ચારિત્ર્ય પણ નિર્મળ હોવું જોઇએ. ગૃહસ્થી કાર્યકર હોય તો તેણે સંતાન મર્યાદા ઉપર વિચાર કરવો જોઇએ. આ મર્યાદા બ્રહ્મચર્ય દ્વારા પળાય; નહિ કે સંતતિ નિયમનના કૃત્રિમ-સાધનો વડે-એ સ્પષ્ટ કહી દઉં. એમ નહીં થાય તો લોકો કાર્યકરો ઉપર વિશ્વાસ નહીં મૂકે. કદાચ ભૂલ થઇ જાય તો એનો એકરાર અને ખુલાસો કરવો જોઇએ.

હમણાં સાવરકુંડલાનો એક પ્રશ્ન આવ્યો છે. ત્યાં સહકારી મંડળીમાં ગોટાળો થયો છે. નાનો નહીં પણ ૩૫ હજાર રૂપિયાનો. ગુંદીમાં પણ એક ભાઇએ ચાર-પાંચ હજારનો ગોટાળો કર્યો હતો. આવા બધા પ્રશ્નો, આર્થિક બાજુ લેતાં આવશે પણ તેનાથી હારી જવાનું નથી. જેમ જેમ વિશાળ કાર્યક્રમો હાથ ઉપર લેવામાં આવે તેમ તેમ ગંદકી ઉપર આવવાની અને તેને સાફ કરવાનું કાર્ય, કાર્યકરોએ કરવાનું હોય છે. પાણીમાં પગ મૂકતાં કાદવ ઉપર આવે એટલે પાણી લેવું હોય તો કાળજીપૂર્વક પગ મૂકવો પડે; એમ દોષો દૂર કરતાં આગળ વધવાનું છે. ગાંધીજીના જીવનમાં, તેમના આશ્રમમાં ઘણી ભૂલો થતી. ટૉલ્સટૉય ફાર્મમાં એક બહેને ભૂલ કરી. પ્રસંગ બની ગયો પછી ગાંધીજીને જાણ થતાં તેમણે સાત દિવસના ઉપવાસ ખેંચી કાઢ્યા. એટલે ભયસ્થાનો તો છે પણ તેનાથી કંટાળ્યા વગર, ભૂલો સુધારતાં આગળ વધતા જવાનું છે. જો તેમ નહીં થાય તો અતડા પડી જવાશે અને કોઇ પણ સામાજિક કાર્ય થઇ શકશે નહીં.

કેવળ વિકારથી જ માણસ જીવતો નથી. એવું હોત તો એક જ માના પેટે જન્મેલા ભાઈ-બહેનો જીંદગી સુધી સાથે રહી શકે છે તેમ ન થાત. એ બતાવે છે કે વિકાર મુખ્ય નથી. કાર્યકર માટે એવું હોવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોઈએ કે તેના નિર્મળ ચારિત્ર્ય આગળ દરેક સ્ત્રીને પોતાની સલામતી લાગે. હજારોની રકમનો વહીવટ હોય પણ કદિ અવિશ્વાસ ન જન્મે. એટલું ખરૂં કે મુખ્ય નેતાએ જાગૃતિ રાખવી જોઈએ કે સાથીઓ ક્યાં જાય છે, કેવું વર્તે છે. આ તેની ચોકી કરવા માટે નહીં પણ જાગૃતિ માટે થવું જરૂરી છે.

લોકશ્રદ્ધેય ચારિત્ર્યનો અર્થ ટુંકમાં કહીએ તો પ્રમાણિકતા, હિસાબી–ચોખવટ, કાર્યદક્ષતા, દેખરેખ, સંતાન–મર્યાદા અને નારી–વિશ્વાસ. એ ગુણો કાર્યકરમાં હોવા જોઈએ.

**(૮) ચાર ત્રિપુટી :** તે ઉપરાંત નિમ્ન ગુણોની ત્રિપુટીઓ પણ કાર્યકરોમાં હોવી જોઈએ :—

(૧) સચ્ચાઈ, વીરતા અને અગુપ્તતા

(૨) નિયમિતતા, વ્યવસ્થિતતા અને ઉપયોગિતા

(૩) સત્ય, પ્રેમ અને ન્યાય

(૪) પ્રાર્થના, સફાઈ અને રેંટિયો.

એક રીતે આ ત્રિપુટીઓના ગુણોને સર્વપ્રથમ સ્થાન આપવું જોઈએ. કારણ કે જેમના જીવનમાં આ ત્રિપુટીઓ નહીં હોય તેઓ બીજા ગુણો વિકસાવી શકશે નહીં. તેમની આગળ વિશ્વવાત્સલ્યનો આદર્શ હોવો જોઈએ. આ ચાર ત્રિપુટીઓ વિશ્વવાત્સલ્ય ધ્યેયની પૂર્તિ માટે છે.

જેમનામાં ઉપર બતાવેલ આઠ ગુણો હોય એવા કાર્યકરોનું સંગઠન બહુ મોટું કે પહોળું નહીં થાય; એ સમજી શકાય તેમ છે. એમાં ક્રમે ક્રમે આગળ વધેલા, ચકાસણી કરેલા લોકો જ આવશે. એ સંગઠનને ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓનું માર્ગદર્શન હશે, એટલે તે સરળતાથી ચાલશે.

એમાં અનેક પ્રકૃતિના લોકો આવશે. અનેક મતભેદના પ્રશ્નો આવશે. કોઈ કહેશે કે "હું આગળ છું!" તો કોઈ કહેશે કે "તું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેદિયો છે; ઉદ્ધાર થઈ શકતો નથી. આંખમાં આવી જાય છે." જવાબ એવો પણ મળશે કે "ગમે તેવો તો પણ હું પવિત્ર છું. તમે ગોટાળો કરીને આવ્યા છો!" આમ અનેક મતભેદોને નીવારવાનું કામ માર્ગદર્શકોનું રહેશે.

એટલે માર્ગદર્શકે પણ તેમને સંભાળીને ચાલી શકાય એવા થવાનું રહેશે. "ભાભાજી ભારમાં તો વહુજી લાજમાં" એવું નહીં હોય તો એવા માર્ગદર્શકને કાર્યકરો ફેંકી દેશે; સમાજ પણ ફેંકી દેશે. એટલે થોડાક પણ ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓ તૈયાર થશે તો આ દર્શન-મૂઢતા, ધર્મ-મૂઢતા, ગુરુ-મૂઢતા જે સમાજમાં વ્યાપી છે તે આપોઆપ દૂર થઈ જશે. રેખા આગળ મોટી રેખા મૂકો તો આપોઆપ પેલી નાની થઈ જશે.

કિશોરભાઈ મશરૂવાળાનું કહેવું છે કે "સજ્જનોનું સંગઠન થવું મુશ્કેલ છે; દુર્જનોનું તરત થઈ જાય છે." એટલે આ અઘરું કામ છે. વીતરાગ દેવો ઉપરની શ્રદ્ધાવાળા નિઃસ્પૃહી સંતોનું માર્ગદર્શન મળે તો થોડા અધૂરા કાર્યકરો હશે તે પણ વ્યવસ્થિત થઈ જશે. તે છતાંયે જે માર્ગદર્શકોને નહીં અનુસરશે તેઓ જનતા દ્વારા ફેંકાઈ જશે. ઘણીવાર કાર્યકર વધતો વધતો આગળ ગયો હોય પણ પાછી ભૂલ થાય તો નીચે પટકાય છે. જૈન ધર્મમાં અગ્યારમા ગુણસ્થાનક સુધી પહોંચેલો જીવ ભૂલ થતાં પહેલે ગુણસ્થાનકે આવીને ઊભો રહે છે. આવા લોકસેવકોનું સંગઠનનું કામ ગોવર્ધન પર્વત ઉપાડવા જેવું ભગીરથ છે. તે છતાં એ કરવું જરૂરી છે. જો એ ન થાય તો રાજ્ય ઉપર જનતાનો અંકુશ લાવવાની વાત બનશે નહીં. એટલે એક હોય કે બે હોય તેટલાથી શરૂ કરવું પડશે.

ચાર ગુણ-ત્રિપુટીની વાત કરી તેવા આચારવાળા સેવકોનું સંગઠન થશે તો પણ ઘણું કામ થઈ શકશે. તેમને માર્ગદર્શક પણ સારા મળ્યા હશે તે તેમની પૂર્તિ કરશે. માર્ગદર્શક બીજી રીતે પૂર્ણ હશે પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વહેવારમાં તે કાચા હશે તો સાથીઓ દ્વારા ઘડાતા જશે. અરસપરસ પ્રેરક-પૂરક બની શકશે. ગાંધીજીએ સાથીઓ પાસેથી પણ ઘણું મેળવ્યું છે. તેઓ વિશ્વાસુ હતા. સાથીઓ માટે કોઇની વાત ન માને. પોતાને પ્રતીતિ થાય ત્યારેજ માનતા. એથી કદાચ નુકશાન થઇ શકે પણ વિશ્વાસુ સાથીઓ અંગે કાચા કાન કરીને ચાલવાથી વધુ નુકશાન થશે.

જગતમાં બધાં તત્ત્વોને સાથે લઇને કામ કરવું હશે તો સુભાષ, ખરે, નરીમાન વ. ને તજવા પડે તો તજવા પડશે. કેટલાકને સંઘરવા પડશે અને કેટલાક નવાને જોડવા પડશે. રચનાત્મક કાર્યકરોની સંસ્થાઓમાં ભાલનળ કાંઠા પ્રાયોગિક સંઘ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ આ દૃષ્ટિએ કામ કરે છે. એની શરૂઆત છે પણ એની દૃષ્ટિ અને ધ્યેય વિશાળ છે. આ ઉલ્લેખ પ્રાસંગિક કર્યો છે.

ગાંધીજી પાસેથી ઘણું શીખવાનું છે. એમણે સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે જે અનુભવો કર્યા નવસમાજની રચના કરી તે બધું નવી રચનામાં ખૂબ ઉપયોગી થશે એટલું જ નહીં તેમણે આપેલા રચનાત્મક કાર્યકરોના ફાલમાં, રવિશંકર મહારાજ, કુરેશી ભાઇ વ. જેવા કર્મઠ કાર્યકરોનું માર્ગદર્શન પણ ઉપયોગી થશે, ક્રાંતિપ્રિય સાધુસંતોનો ટેકો મળશે તો ધર્મમય સમાજરચનાનું કાર્ય સરળ થશે. એ માટે એ સંતોની પ્રેરણાના વાહન રૂપે કે માધ્યમરૂપે લોકસેવક સંગઠન કાર્ય કરશે અને તે લોકસંગઠનોને સંચાલિત કરશે.

## ચર્ચા-વિચારણા

### સત્યદર્શન જરૂરી

આજની ચર્ચાનો પ્રારંભ કરતાં **દેવજીભાઈએ** કહ્યું : " સવારે લોકસેવકસંગઠનોનાં ગુણો અંગે દર્શન, દ્રષ્ટિ તેમજ નિષ્ઠા વગેરે ઉપર વધુ ભાર મૂકાયો તે યથા યોગ્ય જ છે. દર્શન ચોકખું થયા વગર મુક્તિ નથી એમ જૈન તત્ત્વજ્ઞાન ભારપૂર્વક કહે છે. દર્શન વગરનું ચારિત્ર્ય પાછું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પડવાનું. જ્યારે દર્શન ચોખ્ખું થશે તો ક્યાંયથી પાછા પડવાનું નહીં રહે." શ્રેણિક શ્રી કૃષ્ણ વગેરે વ્રતો ગ્રહણ ન કરવા છતાં સર્વાંગી તીર્થંકર શાથી થશે એ જૈન તત્ત્વજ્ઞાનમાં વાંચેલું પણ આજે વર્ગમાં પ્રત્યક્ષ અનુભવનો તાળો મળતાં અનેરો આનંદ ઉપજે છે.

સર્વાંગી દૃષ્ટિનો ઉકેલ એકલાં શાસ્ત્રોથી ન મળે તેથી શ્રીમદ્ રાજચંદ્રે સત્સંગનો મહિમા અજોડ વર્ણવ્યો છે. સંકીર્ણતાના કારણે વિશ્વવિશાળ અને સર્વોચ્ચ ઉદાત્ત હોવા છતાં જૈનધર્મ ખોટી પકડમાં પૂરાઈ ગયો છે. જૈનધર્મ જેવી મહાન શકિતનો સદુપયોગ નથી તેનું કારણ દૃષ્ટિ સાફ નથી.

**નવા કાર્યકરો**

**પૂંજાભાઇ:** "સિદ્ધરાજે સહસ્ત્રલિંગ તળાવ બનાવ્યું તેમાં એવી કરામત હતી કે એક જગ્યાએ વાગે અને હજાર સ્થળેથી રણકે. સવારના પ્રવચનમાં કહેવામાં આવ્યું છે તેમ તમોગુણીનું સંગઠન તો છે જ, રજો-ગુણીનું પણ સુલભ છે. સત્વ ગુણીનું સંગઠન કરવાનુ છે અને તે દોહ્યલું છે. ત્રિગુણાતીત સાધુ સન્યાસીઓનું માર્ગદર્શન હોય તો સત્ત્વગુણીઓ ભેગા રહી શકે નહીંતર વેરવિખેર થઇ જવાનો સંભવ છે. બાપુ ગયા પછી બધા વિખેરાઇ ગયા હતા ને? વિનોબાજીનો ભૂદાન કાર્યક્રમ મળ્યો ત્યારે બધા ભેગા થતા જણાયા પણ, એ સંકલન લાંબો સમય ન ચાલ્યું. એનું કારણ એ કે સેવાનો નવો અર્થ કરવાની જરૂર છે. રાહત કે બાહ્ય સુશ્રુષા કરતાં પણ અહિંસા વડે ક્રાંતિકારી પરિસ્થિતિ પરિવર્તન લાવવું એને સાચી સેવા ગણવી જોઇએ.

ભાલનળ કાંઠા પ્રાયોગિક સંઘનું લોકસેવક સંગઠન નાનું છતાં ઘણાં મોટાં કામો કરે છે. હમણા સહકારી ક્ષેત્રમાં સરકારી હસ્તક્ષેપ થતાં તેણે બુલંદ નાદ કાઢયો હતો. કુત્રિમ સાધનો વડે સંતતિનિરોધ, હિંદી ભાષા, પ્રાંતિક ભાષાના માધ્મય વડે શિક્ષણ, વગેરે અનેક સવાલો કાર્ય-કરોને મુંઝવે છે. જાણે કે સ્વતંત્રાની લડતનું ખમીર ખોઇ બેઠા હોઇએ એમ લાગે છે. એટલે જ મને તો વિનમ્રપણે જણાય છે કે:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"સહેજે ખેંચાતા હોય તો જુદી વાત છે, નહીં તો ગાંધીયુગના રચનાત્મક કાર્યકરોને ખેંચવાનો પ્રયાસ ન કરતાં ગામડાં અને શહેરનાં લોકસંગઠનોમાંથી નવાયુગના નવા કાર્યકરો પેદા થઇ રહ્યા છે અને તેથી સંતોષ માનવો રહ્યો."

**દેવજીભાઇ:** મારૂં પણ એવું જ વિનમ્ર માનવું છે કે ગામડાંનાં અને પછાતવર્ગના સત્વગુણીઓનું સંગઠન વધુ શકય છે. કારણ કે તેમનામાં શ્રદ્ધા વધારે છે. બાકી બુદ્ધિશાળી એવા સત્વગુણીઓને ઝટ ભેગા કરવાનું કામ કઠણ છે.

## લોકસેવકની વિશેષતાઓ

**પૂ. નેમિમુનિ:** "લોકસેવકના આઠ ગુણો સવારે બતાવવામાં આવ્યા છે. એમાં બધું આવી જાય છે છતાં થોડુંક બીજી રીતે વિચારીએ. એ છે લોકસેવકોને કેમ ટકાવી રાખવા? સામાન્ય રીતે કષ્ટો, પ્રહાર કે પ્રલોભનોથી લોકસેવકો કેટલીક વાર નિરાશ કે લાલચુ બની જાય છે. અવ્યકતની શ્રદ્ધા હોય કે પરિણામની પરવાહ ન હોય તોજ પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહને તજી શકાશે. કેટલાક સેવકો સેવા-રાહતમાં માનનારાં હોય છે. તો કેટલાક ત્યાગ-બલિદાન આપી હોમનારાં હોય છે; પણ તેઓ સાધનશુદ્ધિના આગ્રહી હોતા નથી. સેવકોમાં એ આગ્રહ હોવો જોઇએ. કેટલાક અંદરથી સાફ પણ બહારથી બીજાનો મેલ ચલાવી લેનારા હોય છે. કેટલાક બીજાની શુદ્ધિનો આગ્રહ રાખે છે પણ જાતે મલીન હોય છે. "ખાનગી જીવન ન જુઓ!" એ આજના રાજનૈત્તિક બુદ્ધિ પ્રધાન લોકોનું સૂત્ર છે. જેને જાહેર જીવનમાં એટલા માટે મહત્વ આપવામાં આવી રહ્યું છે કે લોકો સ્વચ્છંદતા તરફ ધસડાઇ રહ્યા છે. પણ લોકસેવકો માટે એ યથાર્થ નથી. એમનું વ્યક્તિગત કે સામાજિક બન્ને જીવન સાવ ચોકખાં અને ખુલ્લાં હોવાં જોઇએ. તેમનો બધા સાથે સુમેળ હોવો જોઈએ તેમજ પદમોહ કે પ્રતિષ્ઠામે ાહ ણ ન રહેવો જોઇએ. (૧) સત્સંગ (૨) અધ્યયન-ચિંતન મનન (૩) સમર્પણ તેમના માટે જરૂરી છે. આત્મ નિરીક્ષણ અને સંસ્થા નિરીક્ષણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બળવાન હોય તોજ આગળ વધતા જઇ શકાય. લોકસેવકો જનાધારિત કે સંસ્થાધારિત જીવન જીવવાવાળા હોવા જોઇએ. આજના યુગે સહકારી પ્રવૃત્તિ પરદેશથી તેમજ ભારતના શહેરોમાંથી કર્તવ્યભાવે સંસ્થાઓને જે મળે તેમાંથી કાર્યકરોનું જીવન ચાલવું જોઇએ. તેમણે સંતાનમર્યાદા સંયમપૂર્વક સ્વીકારેલી હોવી જોઇએ. નમ્રતાની સાથે દઢતાપૂર્વકની સંસ્થાની ભક્તિ જોઇએ.

આવો સેવક સેવિકાનો પ્રવાહ, કુમારો, કુમારિકાઓ તેમજ અમુક વય લગી સજોડે બ્રહ્મચર્ય પાળનાર ગૃહસ્થો વગેરેમાંથી મળી શકશે. ભાલનળકાંઠા પ્રયોગ સર્વાંગી હોઇ ત્યાં કાર્યકરો ઓછા મળ્યા પણ તેઓ તેજસ્વી મળ્યા. હવે દેશભરમાં જ્યારે એ પ્રયોગની વ્યાપ્તિ કરવી છે ત્યારે ઘણા કાર્યકર ભાઇ–બહેનો જોઇશે. એમાંના મોટા ભાગનાઓએ ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓ સાથે રહી, સર્વાંગી દૃષ્ટિ અને ઉદાત ત્યાગ અને સંયમમય ચારિત્ર્યનું ઘડતર કરવું પડશે. પૂજ્ય મહારાજશ્રી સાધ્વીઓ અને સાધિકાઓ પણ ક્રાંતિપ્રિય સાધુઓ પાસે અનાયાસે આવે; તેમજ તેમને ઘડવાની વાતો જાતે આચરીને જગત આગળ મૂકી રહ્યા છે. આ કામ કરનારાં જૂથોએ અનેકવિધ ક્ષેત્રે કાર્ય કરવાનું હશે, એટલે તેમનું ઘડતર તેમના ક્ષેત્ર પ્રમાણે થાય–એ પણ ઝીણવટપૂર્વક વિચારવાનું રહે છે.

## ઉપસંહાર

**પૂ. સંતબાલજીએ** ઉપસંહાર કરતાં કહ્યું : " સરકારને આપણે ચોથે સ્થાને મૂકવાની છે તે હરપળે યાદ રાખવાનું છે. પ્રથમ સ્થાને ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓ, બીજે સ્થાને લોકસેવકો 'રચનાત્મક કાર્યકરો' ત્રીજે સ્થાને લોકસંગઠન અને ચોથે સ્થાને સરકાર. લોકસંગઠનમાં કોંગ્રેસને પણ સ્થાન આપી શકાશે પણ તેય વિકેંદ્રીકરણવાળી ગ્રામકોંગ્રેસને.

આજે સરકાર કે સરકારી પક્ષ બધો યશ પોતાને ખાતે લે છે તે પાયાથી ખોટું છે. આ દૃષ્ટિએ જનસેવકોએ સર્વાંગી દૃષ્ટિ પામી સંસ્થારૂપી બની જવું જોઇશે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# લોકસેવકો અને ક્રાંતિપ્રિય સાધુવર્ગનો અનુબંધ [૧૫]

મુનિશ્રી સંતબાલજી] [૭-૧૧-૬૧

અત્રે અનુબંધ વિચારધારાના સંદર્ભમાં 'જનસેવકો અને ક્રાંતિપ્રિય સાધુવર્ગનો અનુબંધ'' એ અંગે વિચાર કરવાનો છે. ભૂતકાળમાં એ બન્નેનો આવો અનુબંધ હતો કે નહીં? અત્યારે કયાં છે? કચાશ કયાં છે? તે કેવી રીતે દૂર થઇ શકે? એ બધી વાતો ઉપર ઊંડાણથી વિચારવાનું છે.

**સંગઠનનો યુગ :**

આજનો યુગ સંગઠનનો યુગ છે. વ્યક્તિગત સાધના સર્વાંગી રીતે સફળ થવાની નથી. કારણ કે વ્યક્તિઓ જુદી જુદી હોય તો તેમનું ઘડતર થઈ શકે નહિ, પણ વ્યક્તિઓ સંખ્યાબંધ હોય તો જ તેમનું વ્યવસ્થિત રીતે ઘડતર થઇ શકે અને આમ આખા સમાજનું ઘડતર પણ થાય. એ રીતે એક બીજી વાત સમજવાની છે કે જેમ એકલી વ્યકિત દ્વારા કોઇ પણ સર્વાંગી ક્રાંતિ થઇ શકતી નથી, તેમ એકલી સંસ્થા દ્વારા પણ તે આજે ન થઇ શકે. આ પ્રસંગે ટોળું, સંગઠન, સંસ્થા અને સુસંસ્થા શું છે તે પણ જોઇ જઇએ. જુદી જુદી વ્યકિતઓ પ્રવચન, ઉત્સવ કે વેપાર વખતે ભેગી થાય તેને સંગઠન ન કહી શકાય. એવી જ રીતે વ્યકિતઓનો સરવાળો પણ સંગઠન કે સંસ્થા નથી, એનાથી પણ આગળ વધીને એમ કહી શકાય કે અચોક્કસ વિચારો, સંકીર્ણદષ્ટિ કે સ્થાપિત હિતવાદી કાર્યોવાળા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકો ભેગા થઈ જાય તો તેને સુસંસ્થા કહેવાતી નથી. એ તો ટોળું કહેવાય અને ટોળા દ્વારા વ્યકિતઓનું ઘડતર કે લોકઘડતર ન થઈ શકે.

એટલે જ ચોક્કસ પ્રકારનું સર્વ હિત ધરાવતી વ્યકિતઓ સંસ્થા-બદ્ધ થાય તો તેમનું સંગઠન વ્યકિતઓનું ઘડતર કરે અને આવાં સુસંગઠનોનું જોડાણ થાય તો જ સર્વાંગી અહિંસક ક્રાંતિ થઇ શકે. એને અનુબંધ વિચારધારા પ્રમાણે ચાર સુસંસ્થાઓનો અનુબંધ કહેવામાં આવ્યો છે.

## ચાર સુસંસ્થાઓ :

એ ચાર સુસંસ્થાઓ આ પ્રમાણે છે :—(૧) ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ, (૨) લોકસેવક સંગઠન, (૩) લોક સંગઠન. (૪) રાજ્યસંગઠન. આજે વિજ્ઞાનના પ્રતાપે વિશ્વ નાનું અને એક થયું છે પણ એનું સંકલન ન થાય ત્યાં સુધી તે એક ન ગણી શકાય. પાસે આવવાથી જ પાસે આવી જવાતું નથી. એક થવાતું નથી. પણ હૃદયની એકતા આવવી જોઈએ. નહીંતર ઘર્ષણ થયા વગર ન રહે. રશિયા અને અમેરિકા પાસે આવ્યા છે. પણ હૃદયની એકતા ન હોઇને જગતના વિનાશની જ કલ્પનામાં બન્ને રચ્યાપચ્યા રહે છે. આ હૃદયની એકતા ભગવાન પોતે આવીને કરી દેશે, એમ માનવું વધારે પડતું છે. હૃદયની એકતા આપણા અંતરમાં બેઠેલા ભગવાન (શુદ્ધાત્મા)ને જગાડીને આપણે જ કરવાની છે. તેની બાહ્ય પ્રક્રિયા સુસંસ્થાઓ પેદા કરી તેમનું જોડાણ કરવામાં છે. કોઇ પણ એકલી સંસ્થા આખા વિશ્વની હૃદયની એકતા ન કરી શકે. ક્રાંતિપ્રિય સાધુવર્ગ પણ એકલો મથે તો યે આ ન કરી શકે, કે એકલી લોકસેવકોની સંસ્થા પણ તે ન કરી શકે. એકલાં લોકસંગઠનો કે એકલી રાજ્ય સંસ્થા ગમે તેટલું મથે પણ. આ ચારેય સુસંસ્થાનો અનુબંધ ન હોય ત્યાં સુધી એ ભગીરથ કાર્ય ન થઇ શકે.

આ ચાર સુસંસ્થાઓમાં સંગઠનો) બે સંસ્થાઓ લોકસંગઠન અને રાજ્ય સંગઠન પ્રેરણા ઝીલનારી એટલે કે પ્રેરિત સંસ્થાઓ રહે છે. તેમને પ્રેરણાની અપેક્ષા રહે છે, ત્યારે ક્રાંતિપ્રિય સાધુ સંસ્થા અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકસેવક સંગઠન પ્રેરણા આપનાર–પ્રેરક રહે છે. આમ પ્રેરક અને પ્રેરિત સંસ્થાઓમાં વધારે જવાબદારી પ્રેરકની છે. 'છોરૂં કછોરૂં થાય પણ માવિતર કુમાવિતર ન થાય! એ પ્રમાણે પ્રેરણા લેનાર કદાચ ભૂલ કરે તો તે ક્ષમ્ય ગણાય પણ પ્રેરણા આપનાર ભૂલ કરે તો તે ક્ષમ્ય નથી. કદાચ એ પ્રેરણા લેનાર સંસ્થા કહે કે અમને પ્રેરણાની જરૂર નથી તો હવે શું કરવું, એમ ડરીને પ્રેરકે ખસી ન જવું જોઇએ. જેમ બાળકને માતા નવડાવે ત્યારે તે ના પાડે છે પણ માતા સમજે છે કે અત્યારે ભલે ન ગમે, પછી તેને ગમશે, એટલે તે બાળકને ખૂબ સારી પેઠે નવડાવે છે. એવી જ રીતે પ્રેરણા આપનાર જો હિતબુદ્ધિથી પ્રેરાઇને પ્રેરણાપાત્રને પ્રેરણા ન આપે તો તે ટોળું ભેગું થઇને સ્વચ્છંદ માર્ગે ચડીને પોતાનું અને પારકાનું અહિત કરનારૂં નીવડશે.

એક જૈનાચાર્યે કહ્યું છે કે :—

'रुसउ वा परो मावा विसं वा परियजउ ।
भासियव्वा हिया भासा सपक्ख गुणकारिया ।'

સાંભળનાર કે બીજો કોઇ રુષ્ટ હોય કે તુષ્ટ હોય, અથવા વિષમરૂપે તે ઉપદેશને ઝીલતો હોય, પણ પ્રેરકે તો પર પક્ષે ગુણકારી હિતવચનો કહેવાં જ જોઇએ.

મતલબ એ કે ભલે પ્રેરણાપાત્ર સંસ્થાઓ પહેલાં વિરોધ કરે કે અમારે તમારી પ્રેરણા નથી લેવી, તો યે તે આપ્યા કરે, છાંટ્યા કરે. એ રીતે ધીમે ધીમે તેને ગમશે અને પછી તે પ્રેરણા ઝીલ્યા વગર રહેશે નહીં.

કયારેક એવું પણ બને છે કે સ્વાર્થી અને હિતસાધક તત્ત્વો પોતાનું લુંટાઇ જશે એમ માનીને પણ પ્રેરણા લેવાની ના પાડે છે. કોંગ્રેસમાં અમારે ત્યાંના કેટલાક એકહથ્થુ સત્તા ટકાવી રાખનાર ભાઇઓ કહે છે અમને તમારૂં (પ્રાયોગિક સંઘનું અને સંતબાલજીનું) પ્રેરકપણું જોઈતું નથી. સદ્‌ભાગ્યે સ્થાનિક વર્તુળમાંથી જ 'આ અવાજ કાઢવામાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવે છે પણ ઉપલી સપાટી પરના કોંગ્રેસી નેતાઓને તો આ પ્રેરણાની વાત ગમી છે. તેમણે આ વસ્તુને સ્વીકારી પણ છે. સતત પ્રેરણા આપતા રહેવાથી પથ્થર હૃદય પણ પીગળીને ઝીલનાર–નરમ બની જાય છે.

આ બન્ને પ્રેરક સંસ્થાઓએ પોતપોતાની જવાબદારી પ્રમાણે પોતાનામાં જે મૂળભૂત ગુણો હોવા જોઈએ તેને જરૂર સાચવવા જોઈએ. લોકસેવકના આઠ મૂળ ગુણો ઉપર અગાઉ વિચાર થઈ ગયો છે. એ ગુણો સાધુઓમાં તો હોવા જ જોઈએ પણ તેની કક્ષા–ધોરણ પ્રમાણે તેના ગુણોનું ધોરણ ઉચ્ચ હોવું જોઈએ.

**સાધુઓના ગુણ :**

સાધુનું પહેલું લક્ષણ બતાવતા ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેવામાં આવ્યું છે :—

" समयाए समणो होइ, बंभचेरेण बंभणो "

—સમતા હોય ત્યારે શ્રમણ કહેવાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ કહેવાય છે. એટલે શ્રમણ અને બ્રાહ્મણમાં સમતા અને બ્રહ્મચર્ય સંપૂર્ણ પણે હોવાં જોઈએ. રચનાત્મક કાર્યકરોમાં કદાચ સમતા ઓછી હશે તો ચાલશે પણ ક્રાંતિપ્રિય સાધુઓમાં તો પૂરેપૂરી સમતા દરેક ક્ષેત્રમાં હોવી જોઈશે.

સમતાનો અર્થ માત્ર વિચારોમાં સમભાવ એટલો નથી; પણ ક્રાંતિદષ્ટિ–વિશ્વનું સર્વાંગી દર્શન અને જવાબદારીનું ભાન પણ છે અને તે નીભાવવા જતાં જે વિઘ્નો અને અવરોધો આવે; જે સંકટો અને કષ્ટો આવે, જે મુશ્કેલીઓ અને મુંઝવણો આવે તે વખતે ડગવું નહીં તેમજ પ્રશંસા, સિદ્ધિ વગેરેના કારણે ફૂલાઈ ન જવું એનું નામ સમભાવ છે.

આવી સમતા આણવા માટે શું કરવું જોઈએ? એ માટે શ્રી. અરવિંદની વિચારધારામાં બતાવેલ ત્રણ આધારો લેવા પડશે. પહેલાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્થિરતા ( અચંચળ મન ) બીજું શાંતિ અને પછી સમતા આ ત્રણે ક્રમશઃ છે. ઉપરના મનથી ઊંડા ઊતરાશે ત્યારે દિવ્યમન સુધી પહોંચાશે અને ત્યાંથી મૈયા એને ઊંચકીને આનંદમય કોશમાં ( પરમ મનમાં ) લઇ જશે. આ સ્થિરતાનું નામજ સમતા છે.

ક્રાંતિપ્રિય સાધુઓ ગમે તે ક્ષેત્રમાં પ્રેરણા આપશે કે પ્રશ્નો ઉકેલશે છતાં આવી સર્વોચ્ચ સ્થિરતા નહીં ગુમાવે. આવી અખંડ સમતાનો ગુણ ક્રાંતિપ્રિય સાધુઓમાં તો હોવોજ જોઇએ. જેથી રચનાત્મક કાર્યકરો ( નવા બ્રાહ્મણો )માં પણ તે આંશિક રૂપે આવે ? પરમ સમતા એજ રચનાત્મક કાર્યકરોને સાધુ પાસે જવા માટે કારણભૂત આકર્ષણ છે. એ બન્ને આવા કારણે ન જોડાય તો પછી તેમનો અનુબંધ કેવી રીતે થાય ?

## ભૂતકાળમાં સાધુઓ અને સેવકોનો અનુબંધ :

પ્રાગઐતિહાસિક અને ઐતિહાસિક કાળમાં ઋષિમુનિશ્રમણ-સંન્યાસીઓ–સાધુઓ અને લોકસેવકોનો અનુબંધ કઇ રીતે રહેતો તે અંગે વિચાર કરીએ. તે વખતે લોકસેવકનું કામ બ્રાહ્મણો કરતા અને સમાજની નૈતિક ચોકી કરવાનું લોકોમાં શિક્ષણ–સંસ્કાર આપવાનું વગેરે કામ કરતા. તેઓ નિઃસ્પૃહી અને નિર્લોભી રહીને અને તેના બદલામાં શુદ્ધભાવે લોકો આપતા તેનાથી તેઓ પોતાનો નિર્વાહ ચલાવતા. શ્રમણો બ્રાહ્મણોને પ્રેરતા, સમાજની નૈતિક ધાર્મિક ચોકી રાખતા. એટલે આવા બ્રાહ્મણો અને શ્રમણો (સાધુઓ)નો અનુબંધ ક્યાં અને કેવી રીતે રહ્યો છે, તે જોઇએ.

આપણે ત્યાં ૩૦૦૦ વર્ષનો ઇતિહાસ મળે છે અને તે પહેલાંના પાંચ હજાર વર્ષ જુના મોહન–જો–ડેરો અને હડપ્પાના અવશેષો મળી આવ્યા છે. રામ–યુગથી સંસ્કૃતિ અને ઇતિહાસની કડીઓ ગુંથાયેલી મળે છે. એની પહેલાં જૈનોના ઋષભદેવ પ્રથમ તીર્થંકર અંગે અને પછીના ૨૨ તીર્થંકરો તેમજ વૈદિક પરંપરા પ્રમાણે નવ અવતારોનું વર્ણન મળે છે. આ ઉપરથી કંઇક સાંસ્કૃતિક પરંપરાનો ઇતિહાસ ગોઠવી શકાય. ભગવાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાવીરે શ્રમણસંસ્થાને વ્યવસ્થિત કરવામાં મોટો ફાળો આપ્યો છે. તે પછી બુદ્ધભગવાને પણ સંઘ–રચના કરી છે. કારણ કે જૈન શ્રમણ–સંસ્થા ચાતુર્યામ સંવર પાળનારી, ભ. પાર્શ્વનાથ વખતે અગાઉથી પણ હતી જ.
દક સન્યાસીઓને સંગઠિત કરનાર શંકરાચાર્ય હતા. તેની અગાઉ સન્યાસીઓ બહુ જ ઓછા અને વેરવિખેર હતા, કેમકે સન્યાસ અનિવાર્ય ન હતો અને ઇચ્છા પ્રમાણે સન્યાસ લેનાર વાનપ્રસ્થી થઇને ઋષિમુનિ તરીકે જંગલમાં જતા અને ત્યાં રહેતા.

**રામયુગમાં અનુબંધ :**

રામયુગ તરફ નજર જાય છે તો તે વખતે ત્રણ પ્રખ્યાત ઋષિઓ હતા : (૧) વશિષ્ઠ, (૨) વિશ્વામિત્ર (૩) વાલ્મીકિ તેમાં વશિષ્ઠ મુનિ જનસંપર્ક સાધીને અયોધ્યામાં રહેતા હતા. વિશ્વામિત્ર બધાને સાંકળવાનું કામ કરતા હતા. અને વાલ્મીકી મુનિ મોટા ભાગે જંગલમાં નિર્લેપ રહેતા હતા. આમ તો સીતાને તેમના આશ્રમમાં સ્થાન મળ્યા બાદ, લવકુશનો જન્મ આપ્યા પછી એમના આશ્રમમાં બ્રાહ્મણ–ક્ષત્રિયો મળે છે. વાલ્મીકીના આશ્રમમાં બટુઓ બધા બ્રાહ્મણ હતા અને લવકુશ બન્ને ક્ષત્રિય હતા. આ બધા ઋષિ–મુનિઓ આદેશ આપે તે પ્રમાણે સેવકો–બ્રાહ્મણો લોકશાંતિ માટે ક્રિયાકાંડ કરતા.

કૃષ્ણયુગમાં પણ દ્રોણાચાર્ય–કૃપાચાર્ય વગેરે આચાર્યો (બ્રાહ્મણો) રાજ્યસંસ્થાને આધીન થાય છે. એ કાળે કેવળ સાંદીપની ઋષિ એકાંત આશ્રમવાળા જણાય છે. એમના ગુરુકુળમાં કૃષ્ણ જેવા ક્ષત્રિય અને સુદામા જેવા બ્રાહ્મણનો અનુબંધ થાય છે.

એજ રીતે જાજલિ ઋષિ અને તુલાધાર વૈશ્યનું મિલન પણ ઉલ્લેખનીય છે. જાજલિને પોતાના તપનું અભિમાન હોય છે પણ તુલાધાર વૈશ્યને મળ્યા પછી તે ઊતરી જાય છે. તેમજ કામધંધામાં રહેવા છતાં તે અનાશક્ત અને સ્થિર ચિત્ત રહી શકે છે તે જોઇને જાજલિ તેમના તરફ આકર્ષાય છે અને તેમની પાસેથી સમતાનું રહસ્ય સમજે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમના તરફ આકર્ષાય છે અને તેમની પાસેથી સમતાનું રહસ્ય સમજે છે.

શુદ્ર સાથે ઋષિઓના અનુબંધની વાત તે પૃથુરાજાના વર્ણન ઉપરથી મળી આવે છે. તે શુદ્ર હોવા છતાં ઋષિ ગણાય છે. એવી જ રીતે વાલ્મીકિ શુદ્ર હોવા છતાં, નારદજી સાથે ભેટો થઇ જતાં તે ઋષિ બને છે.

આમ વ્યકિતગત રીતે તે વખતે ચાર વર્ણવાળા મળતા પણ સંસ્થાગત રીતે ઋષિઓ જંગલમાં અલગજ રહેતા અને નગરમાં બ્રાહ્મણો અલગ રહેતા. એટલું ખરૂં કે યજ્ઞ–યાગ વ. બાબતોમાં ઋષિમુનિઓને તેડાવવામાં આવતા, અને તેમની સલાહ પ્રમાણે બ્રાહ્મણો કાર્ય કરતા. તે વખતે બ્રાહ્મણ-ક્ષત્રિયનું મિલન જોઇ શકાય છે. ઘણા વૈશ્ય અને શુદ્રો અલગ રહેતા ગયા એ સ્પષ્ટ છે.

**શ્રમણયુગમાં અનુબંધ :**

ત્યારબાદ ઇતિહાસના પાને ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરે અનુ ભ. બુદ્ધે નાખેલી શ્રમણ પરંપરા અને તેમનો બ્રાહ્મણો સાથેનો અનુબંધ ઉલ્લેખનીય છે. જો કે એમના કાળમાં વર્ણવ્યવસ્થા અને આશ્રમ પ્રણાલિકા તૂટી જતી હતી પણ તેમણે જૂના લોકસેવકો, પંડિતો અને પુરોહિતો ગણાતા બ્રાહ્મણોની સાથે અનુબંધ જોડેલો.

ભગવાન મહાવીર પાસે ઇંદ્રભૂતિ, વાયુભૂતિ, મંડિતપુત્ર, મૌર્યપુત્ર સુધર્મા વગેરે વગેરે ૧૧ શ્રેષ્ઠ બ્રાહ્મણ પંડિતો આવે છે. તેઓ પોતાના મનની શંકાનું સમાધાન મેળવે છે અને પાંચસો પાંચસો શિષ્યો સાથે કપિલપુરના નગરમાં સુલસા નામની એક શ્રાવિકા રહેતી હતી તેને અંતઃપ્રેરણા સ્ફુરણા થઇને ભગવાન મહાવીરના પદાર્પણની ખબર પડી જતી: એકલ અંબડ પરિવ્રાજની ભગવાન પ્રશંસા કરે છે અને સાથે સુલસા શ્રાવિકાની પણ અંબડ પરિવ્રાજને થાય છે કે એ સુલસા



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વળી કેવી હશે? એટલે તે એની પરીક્ષા કરવા માટે જાય છે અને સુલસાને ભગવાન મહાવીરે કહી તે પ્રમાણે પામીને સંતોષ પામે છે. સુલસા પણ અંબડની પરીક્ષા લે છે અને તે પણ કસોટીમાં સફળ ઉતરે છે. આમ અંબડને ભગવાને તેને વેષપલટો ન કરાવ્યો, વટલાવ્યો પણ ન હિ, પણ તેની સાથે અનુબંધ જોડ્યો અને તે શ્રમણચર્યાનું પાલન શ્રમણ થયા વગર કર્યા કરતો.

એવી જ રીતે હરિકેશી મુનિ જન્મે ચંડાળ હોવા છતાં તેમનો અનુબંધ બ્રાહ્મણો સાથે થયો. એક વખત તેઓ બ્રાહ્મણ–વાડામાં યજ્ઞસ્થળે ગયા. તેમને બ્રાહ્મણો તેમજ બટુઓએ ધૂત્કારી કાઢયા. પછી ધીમે ધીમે તેમણે ન કેવળ બ્રાહ્મણોને સમજાવ્યા પણ યજ્ઞની નવી પરિભાષાયે સમજાવી અને તેમનો શ્રમણો પ્રતિનો નાહકનો રોષ દૂર કરાવ્યો તેઓ તે વખતે ભિક્ષાના પ્રયોજને જ નહોતા ગયા, પણ શ્રમણો સાથે બ્રાહ્મણોના તૂટેલા અનુબંધને જોડવા ગયા હતા. શ્રમણ–બ્રાહ્મણ બન્નેનો અનુબંધ તે વખતે જોડાયો, પણ પાછળથી તેઓ શ્રમણોના કાર્યમાં–ધ્યેયાનુકૂળ પ્રવૃત્તિમાં–સહયોગી બન્યા હોય, એવો ઉલ્લેખ મળતો નથી.

ભગવાન બુદ્ધ અંગે પણ એવો પ્રસંગ મળે છે. તેઓ ચંપાનગરી પધાર્યા. ત્યાં શોણદંડ નામનો વિદ્વાન, ધનિક અને સુશીલ પંડિત બ્રાહ્મણ રહેતો હતો. તેની પાસે સેંકડો વિદ્યાર્થીઓ ભણતા હતા. એ વખતે ભગવાન બુદ્ધના ઉપદેશમાં નગરીના બધા બ્રાહ્મણો જતા. શોણદંડે તેમને પૂછયું: "તમને બુદ્ધનો ઉપદેશ કેવો લાગે છે!"

"સાંભળવું તો ઠીક પણ કરતા હોઈએ તે જ કર્મકાંડો અને યજ્ઞો કરતાં રહેવું જોઈએ!" બ્રાહ્મણોએ જવાબ આપ્યો.

શોણદંડે કહ્યું: "ઠીક તમે હવે ન જશો! હું એકલો જ જઈશ! તમે સાંભળો છો ખરા પણ કશુંયે ગ્રહણ કરતા નથી."

બ્રાહ્મણોએ પૂછયું: શું ગ્રહણ કરવા જેવું છે!"

શોણદંડે કહ્યું: "એ તો હું જઈને આવીશ પછી કહીશ!"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બ્રાહ્મણોએ કહ્યું : "અમે તો ઠીક ! પણ આપે ન જવું જોઈએ. એમાં આપની પ્રતિષ્ઠાને બાધ આવશે."

"જ્ઞાન લેવામાં શેનો બાધ આવે ?" શોણદંડે કહ્યું અને તે ગૌતમ બુદ્ધ પાસે ગયા. શોણદંડે ભગવાન બુદ્ધને પ્રશ્ન કર્યો : "બ્રાહ્મણ કોને કહેવાય ?"

ભગવાન બુધ્ધે કહ્યું : "રૂપ, કૂળ, શ્રુત, શીલ અને પ્રજ્ઞા ( અંતરની ઊંડી બુદ્ધિ ) એ પાંચ ગુણ જેનામાં હોય તેને બ્રાહ્મણ કહેવાય !"

શોણદંડે પૂછ્યું : "એમાંથી કયો ગુણ ન હોય તો ચાલે ?"

જો કે આકૃતિથી ગુણોની ઓળખાણ થાય છે, છતાં રૂપ ( આકૃતિ ) ન હોય તો ચાલે !" બુધ્ધે જવાબ વાળ્યો.

"બાકીના ચાર પૈકી કયો ગુણ ન હોય તો ચાલે !"

"કુળ ન હોય તો ચાલે !"

"બાકીનામાંથી કયો ગુણ ન હોય તો ચાલે !"

"શ્રુત ન હોય તો ચાલે ! પણ શીલ અને પ્રજ્ઞા ન હોય તો બિલ્કુલ ન ચાલે !" ભગવાન બુધ્ધે કહ્યું. ત્યારબાદ શોણદંડ અને બીજા બ્રાહ્મણો તેમની પાસે આવતા જતા રહ્યા અને તેમનો અનુબંધ બંધાતો રહ્યો.

જો કે તદ્દન એમ તો ન જ કહી શકાય કે બ્રાહ્મણો સાથે શ્રમણોનો અનુબંધ સ્થાયી થઈ ગયો પણ એક વાત થઈ કે શ્રમણ સંસ્કૃતિના ત્યાર પછીના આચાર્યો પૈકી ઘણા બ્રાહ્મણો પણ શ્રમણ થઈને આચાર્ય બન્યા. એટલું જ નહીં શ્રમણ બન્યા પછી જયઘોષ મુનિ, પોતાના ભાઈ વિજયઘોષ ( બ્રાહ્મણ )ને યજ્ઞ–યાગ અને બ્રાહ્મણ વગેરેની નવી વ્યાખ્યા સમજાવી અને તેને પણ શ્રમણસંઘમાં દીક્ષિત કર્યો. આચાર્ય હરિભદ્રસુરિ બ્રાહ્મણ હતા. ચિત્તોડ પાસેના રાજપુરોહિત હતા. ગૃહસ્થાશ્રમમાં બહુ વિદ્વાન હતા. તેમની પ્રતિજ્ઞા યાકિની મહતરા નામની સાધ્વીએ પૂરી કરી તેથી તેમણે જૈન શ્રમણ દીક્ષા લીધી. એવી જ રીતે સિદ્ધસેન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિવાકર પણ પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ હતા. તેમણે વૃદ્ધવાદીસૂરિ પાસે શ્રમણ દીક્ષા લીધી અને આચાર્યપદને તેઓ પામ્યા.

કેવળ જૈન પરંપરામાં જ નહીં, પણ બૌદ્ધ પરંપરામાં પણ ઘણા બ્રાહ્મણો શ્રમણ–ભિક્ષુ થયા. તેમણે નવા બ્રાહ્મણની વ્યાખ્યા આપી. યજ્ઞની નવી પરિભાષા કરી અને કેવળ ભાષાવિલાસ અને ક્રિયાકાંડમાં રાચતા તે વખતના સેવક સમાજને (બ્રાહ્મણ વર્ગને) જાગૃત કર્યો: એટલું જ નહીં શ્રમણ બનેલા બ્રાહ્મણ આચાર્યો વડે સાધુ એટલે સમતાધારક એ નવી વ્યાખ્યાનો પ્રચાર કર્યો. ભાગવતપુરાણમાં બુદ્ધ ભગવાનને તેમ જ ભ. ઋષભદેવને અવતાર તરીકે સમાવી લીધા છે. એટલે બ્રાહ્મણોએ પણ શ્રમણો સાથે આ રીતની અભિન્નતા સાધી છે.

આજે સાધુ તરીકે કેવળ ઉચ્ચ કોટિની પરંપરાને માનનારા સાધુઓને જ યોગ્ય સન્માન મળે છે તેનું કારણ તેમણે તે વખતે ફેરવેલી સંત–આચાર–વિચાર પ્રણાલિકાને આભારી છે.

### શ્રમણ–બ્રાહ્મણ વચ્ચે ઘર્ષણો

જો કે એમનો એ અનુબંધ લાંબો ન ચાલી શક્યો; કારણ કે સંગઠિત રીતે એમનો અનુબંધ થયો ન હતો. એટલે કાં તો બ્રાહ્મણો શ્રમણ થઈ ગયા, અગર તો અળગા રહ્યા. વચગાળામાં બ્રાહ્મણો શ્રમણોની નિંદા કરતા કે એમની પાસે સંસ્કૃતભાષા નથી, એ તો તુચ્છ છે, એમની પાસે શું જ્ઞાન હોય? જ્ઞાન તો બ્રાહ્મણો પાસે જ હોઈ શકે. એમજ જે સંસ્કૃત ભાષામાં ન બોલે, કે વિચાર પ્રગટ ન કરે તેને અસંસ્કૃત અને નાસ્તિક કહેવા લાગ્યા. શ્રમણો સામાન્ય પ્રજાને તે વખતની લોકભાષા (પ્રાકૃત)માં લોકોને પોતાના વિચારો સમજાવતા, તે ઝડપથી તેમને ગળે ઉતરી જતા. આમ શ્રમણોનો પ્રભાવ જોઈ કેટલાક બ્રાહ્મણોએ શ્રમણોથી અતડા રહી, ઇર્ષા અને નિંદા કરવા માંડી. આ બાજુ કેટલાક શ્રમણોએ પણ બ્રાહ્મણોને ધિગ્જાતીય, હલકા રાંક કુળના, ભિક્ષુક (ભિખારી) ગણવા માંડ્યા. બ્રાહ્મણોને ક્ષત્રિયોનો સહકાર યજ્ઞો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવા માટે મળતો, તેથી જાતિમદમાં આવીને શ્રમણોની તેઓ અવગણના પણ કરી નાખતા. અને પોતાનાં ચારિત્ર્ય ઉપર પણ ઓછું ધ્યાન આપવા લાગ્યા. આમ બન્નેનું અતડાપણું વધી ગયું. ભગવાન મહાવીર અને બુદ્ધ બાદ કરીને પોતપોતાની મહત્તા દેખાડવાનું એટલું બધું થયું કે શબ્દોના વાદ–વિવાદથી લઈને સામા પક્ષને ભયંકર રીતે મૃત્યુદંડની સજા આપવા સુધીનું ઝનૂન પક્ષોમાં ઊભરાવા લાગ્યું. પરિણામે ધર્મસંસ્થા પોતાનું મહત્વ ગુમાવવા લાગી; અને રાજ્યાશ્રિત થવા લાગી. એમાં શ્રમણો જે લોકહિત કરનારા હતા તેમનું મહત્વ પણ ખોવાયું અને બ્રાહ્મણોએ પણ પોતાનું સ્થાન ખોયું.

## સંત પરંપરા ચાલુ

પણ, આ બધા વિવાદો બાદ પણ ભારતમાં, જે એક વસ્તુ ચાલુ રહી, તે સંત પરંપરા. બધા વાદવિવાદથી ઉપર લોકહિતની વાત રજુ કરનાર, વાદવિવાદોનું સમાધાન કરાવનાર તેમ જ લોકાચારની શુદ્ધિ કરીને નવાં મૂલ્યો સમજાવનાર સંતો વૈદિક સન્યાસીઓમાં તેમ જ શ્રમણોમાં અને હિંદુઓમાં થયા. હિંદુ સંસ્કૃતિને પરદેશી હુમલાઓ વચ્ચે પણ ટકાવી રાખવાનું મહત્વનું કાર્ય આ સંતોએ કર્યું. એટલું જ નહીં તેમણે નવાં મૂલ્યો સ્થાપવામાં મદદ આપી અને સત્તા, શાસન વૈભવ કે ધન કરતાં પણ સાધુતા શ્રેષ્ઠ છે એ વાત સિદ્ધ કરી અને તે પ્રણાલિકાને વહેતી રાખી.

જો કે અથડામણો ચાલુ રહી છતાં યે નવાં મૂલ્યો સ્થપાતા જતાં એક ધર્મની સારી વાત બીજા ધર્મમાં આવતી ગઈ અને આજની ધર્મની જે નવી વ્યાખ્યા છે. નવાં માનવીનું જે મહત્વ છે તે પણ સ્થપાતું ગયું.

આ બધો ઉલ્લેખ કદાચ કોઈને વિસંગત લાગશે પણ આ રજૂ કરવાનું કારણ એટલું કે આવી રીતે ભારતની ભૂમિ ખેડાયેલી હતી અને વિરોધ છતાં પણ અહીં અનુબંધ વિચારધારા પ્રમાણે લોકો પ્રથમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંતોને, પછી સેવકોને, પછી પ્રજા (લોકો)ને અને ત્યારબાદ રાજ્યને મહત્વ આપતા; એ ભૂમિકા ચાલુ જ હતી. એટલે જ પ્રારંભમાં વર્ણ-વ્યવસ્થા અને બાદમાં શ્રમણ સંસ્કૃતિના પ્રભાવના કારણે તેમ જ આ સંત પરંપરાએ સર્જેલી પ્રણાલિકાના કારણે; ગાંધીજી આટલું બધું મહત્વનું કાર્ય કરી શકયા. અને ભારતની અંદર તેમણે અહિંસક સમૂળી લોકક્રાંતિ કરી દેખાડી.

## સાધુઓનો પરસ્પરનો સંપર્ક

પણ, ગાંધીજી પછી હવે એવો તબક્કો આવ્યો છે કે રાજનીતિને વધારે મહત્વ આપવામાં આવ્યું છે અને તેની સાથે ભૂલના કારણે પૈસાને પણ વધારે મહત્વ અપાઈ રહ્યું છે. આમ સત્તા અને ધનની પકડ લોકો ઉપરથી હટાવવાની છે, એટલે સર્વપ્રથમ બધા પ્રકારના સાધુ સન્યાસીઓ વચ્ચે ભેદભાવ દૂર થાય તે જરૂરી છે.

એ માટે ફરજિયાત રીતે ધર્મ-પરિવર્તન ન થવુ જોઈએ તેમજ અલગઅલગ ધર્મોના સાધુઓએ એક બીજાના સંપર્કમાં ખૂબ આવવું જોઈએ, અને એકબીજાના ધર્મની વિશેષતા શું છે તે સમજવી જોઇએ. તે માટે સર્વ પ્રથમ એક બીજાનો સંપર્ક સાધવો જોઇએ. જૈન સાધુઓ વૈદિક સન્યાસીઓ સાથે ઊઠે બેસે, એક ઠેકાણે ઉતરે; જૈન સાધુઓ ગોચરી કરે તો સન્યાસીઓ પોતાની રીતે આહાર કરે. આમ પરસ્પર મળવાથી સંપર્ક વધશે. જૈન સાધુઓ ઉદાર થઇને વ્યાપક દૃષ્ટિ કેળવે અને સન્યાસીઓ સાથે હળેમળે જેથી એ સન્યાસીઓ પણ જૈન સાધુના ચારિત્ર્યના મૂળભૂત તત્ત્વો, તપ-ત્યાગના ગુણો ગ્રહણ કરી શકે. એમ થતાં વૈદિક સંન્યાસીઓ સાથે સંબંધિત બ્રાહ્મણ વર્ગ પણ શ્રમણોના પરિચયમાં આવી શકશે. બ્રાહ્મણો અને શ્રમણો વચ્ચેનો ભેદભાવ ટાળવા માટે પણ સ્નેહભાવ સાચો ઉપાય છે.

તે ઉપરાંત જૈન સાધુઓ અને હિંદુ સન્યાસીઓએ ઇસાઈ પાદરીઓ અને મુસ્લિમ મૌલવીઓ સાથે પણ સંપર્ક સાધવો જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાસ કરીને ઇસાઈ સાધુઓનું જે સંગઠન છે અને તેઓ શિક્ષણ, સેવા તેમજ રાહતનાં જે પ્રચંડ કાર્યો આખી દુનિયામાં કરે છે અને મિશનરી સેવકો તરીકે ફરજ બજાવી રહ્યા છે તેને ઉદારતાથી જોવાની જરૂર છે. એવી જ રીતે બૌદ્ધ ભિક્ષુઓનાં જે સંગઠનો છે. તેઓ ધર્મ-પ્રચાર માટે કેટલું વ્યવસ્થિત કાર્ય કરે છે તે પણ જાણવું જોઈએ. એમ સંપર્ક સધાતાં તે લોકો પણ જાણી શકશે કે સૂક્ષ્મ અહિંસા-દર્શન અને ભારતની અહિંસક સમાજ રચનામાં અનુબંધનું કેટલું મહત્ત્વ છે? સંપર્ક અને વિચારોનું આદાન પ્રદાન એવી જબર્દસ્ત શક્તિ છે કે આજે ધર્મના નામે જે ઝનૂન છે તેને એ તોડી શકશે અને માનવ જીવનનાં સાચાં મૂલ્યની સાચી સમજણ દરેક ધર્મના સાધુઓમાં આવી શકશે. સાધુ સંસ્થાનો લોકસેવકો સાથેનો અનુબંધ બંધાય એ પહેલાં દરેક સાધુસંસ્થા વટાળવૃત્તિને બાજુએ મૂકી પરસ્પરનો સંપર્ક સાધે જેથી તેનું મૂલ્યાંકન વધે એવું જોવું જરૂરી છે. જો કે દરેક જાતિના લોકોમાં ધર્મગુરુઓ, ભલે તે ગમે તે ધર્મ કહેતા હોય. તેમનું સ્થાન સર્વોપરિ છે પણ તેમણે યુગ પ્રમાણે દૃષ્ટિ બદલી માનવસમાજ પરસ્પર કઇ રીતે સંકળાઇને ચાલે તે પ્રમાણે માન પ્રતિષ્ઠાનો થોડો ભોગ આપી, બીજાઓ શું કહે છે તે જાણવા માટે ઘટતું કરવું પડશે. એકાંત આત્મ સાધના કે નિષ્ક્રિયતા હવે કોઇપણ સાધુસમાજના મહત્ત્વને ટકાવી રાખે એમ માનવું વધારે પડતુ છે.

## નવા બ્રાહ્મણો લોકસેવકો

અત્યાર સુધી સાધુ અને બ્રાહ્મણોના અનુબંધની વાત રજૂ કરવાનું કારણ એટલું જ છે કે આજે રચનાત્મક કાર્યકરો જે રીતે લોકોની સેવા બજાવે છે એ કામ અગાઉ બ્રાહ્મણો હસ્તક હતું. ધર્મસ્થાનોની દેખરેખ, ધાર્મિક વિધિ વિધાનો, સંસ્કારો જ્ઞાન-દાન, યજ્ઞ-યાગ વગેરે તેઓ કરાવતા અને ભિક્ષા માગી, દક્ષિણા પામી તેઓ જીવન નિર્વાહ ચલાવતા. આજે પણ ઘણા બ્રાહ્મણો જૂની પરંપરા પ્રમાણે ગામમાં લોટ માગવા નીકળે છે, ગોરજીનું કામ કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે આજના યુગમાં પણ નવા બ્રાહ્મણો–લોકસેવકોનો અનુબંધ સાધુસંસ્થા સાથે કેવી રીતે થાય તે જોવાનું છે. બ્રાહ્મણની નવી વ્યાખ્યા તો આજથી ૨૫૦૦ વર્ષ ઉપર ભગવાન મહાવીરે તેમજ ભગવાન બુદ્ધે વિસ્તારથી કરી નાખી છે. ગાંધીજીએ એવા જ અર્થમાં લોકસેવકોને નવા બ્રાહ્મણ રૂપે કહીને તેમના માટે ૧૧ વ્રતો અને ૧૮ કાર્યક્રમો મૂકયા હતા. વિશ્વવાત્સલ્યમાં એના માટે બાર વ્રતો મૂકવામાં આવ્યા છે અને આઠ આવશ્યક ગુણો રજૂ કરવામાં આવ્યા છે. ગાંધીજીએ જે નવા બ્રાહ્મણોનો ફાલ આપ્યો તેમાં વિનોબાજી, કાલેલકર, ઢેબરભાઇ, દાદા ધર્માધિકારી, પં. જવાહરલાલ નેહરૂ વગેરે છે. એમાં કેટલાક સત્ત્વગુણ–પ્રધાન છે તો કેટલાક રજોગુણપ્રધાન છે. એવી જ રીતે એમણે સત્યાગ્રહીઓ રૂપે નવા ક્ષત્રિયો પણ કોંગ્રેસ દ્વારા તૈયાર કર્યા હતા.

**સાધુસંસ્થા અને લોકસેવકોનો અનુબંધ :**

હવે સાધુઓ અને સેવકો એ બન્નેનો મેળ બેસાડવાનો છે. આજે રચનાત્મક કાર્યકરો (નવા બ્રાહ્મણો) શ્રમણ–સન્યાસીઓથી અળગા જ ભાગે છે. તેઓ તેનાં ઘણા કારણો પણ આપે છે. તેમાંના થોડાંક આ પ્રમાણે છે :—(૧) સાધુઓ નિષ્ક્રિય છે (૨) અને સંકુચિત વૃત્તિના છે.

સાધુઓ નિષ્ક્રિય છે એમ કહેનારાઓ ગાંધીજીનો રેંટિયો આગળ મૂકીને જણાવે છે કે ગાંધીજી રેંટિયો કાંતતા અને મહાત્મા કહેવડાવતા. હવેના મહાત્માઓ એ કયાં કરે છે. રેંટિયા પાછળ એ ભાવના છે કે દરેકે પોતાના ઉત્પાદનનો શ્રમ કરવો જોઈએ. હવેના સાધુઓ ઉપદેશ કે પાદવિહાર સિવાય આવો કયો શ્રમ કરે છે? (આની વિસ્તૃત ચર્ચા સાધુસંસ્થાની ઉપયોગિતા નામના પુસ્તકમાં પ્રગટ થશે એટલે અહીં નથી અપાઇ.)

બીજો જે મુદ્દો એ કાર્યકરો મૂકે છે તે એકે સાધુઓ બહુ જ સંકુચિત દૃષ્ટિના છે. એમને દેશ અને દુનિયાનો કાંઈપણ ખ્યાલ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેવળ બ્રહ્મની વાતો કર્યા કરે છે અને ભ્રમને કાઢે નહીં તો એવા સાધુઓ પાસે જવામાં ફાયદો શું? એમ આજના જનસેવકો સાધુસંસ્થાથી અતડા રહે છે. ઉત્પાદક શ્રમનો આગ્રહ અને સંકીર્ણ દૃષ્ટિવાળા પ્રત્યે ધૃણા એ બે તત્ત્વો તેમને સાધુઓની નજીક જતા રોકે છે.

પણ, એક મૂળવાત તેઓ ભૂલે છે કે ગાંધીજીએ ચારિત્ર નિર્માણની જે વાતોની પ્રેરણા લીધી તે સાધુ પાસેથી લીધી હતી. તે ઉપરાંત ભારતમાં સાધુસમાજની અમૂક મર્યાદાઓ છે. અહીંની સંસ્કૃતિમાં પરમ ધ્યેય તરીકે આત્મચિંતન અને એકાંત આત્મ સાધનાને સ્વીકારવામાં આવેલ છે. ઉત્પાદન શ્રમ કરવો એના માટે જરૂરી છે જે લોકોને સંસાર ચલાવવો હોય પણ જેમણે આત્મસાધના અને લોકહિત માટે સ્ત્રી અને સંપત્તિનો સંસાર ત્યાગ્યો હોય અને ગોચરી કરીને ચલાવવાનું હોય તેને ઉત્પાદક શ્રમ આવશ્યક ગણવો એ ગોળ–ખોળ એક કરવા જેવું છે.

હવે સાધુઓની તેમના પ્રતિ કેવી નજર છે તે જરા જોઈ જઈએ. તેઓ એમ માને છે કે " એ તો ગાંધીવાળા છે–રાજકારણના માણસો છે. સંત વિનોબાજી બ્રાહ્મણ કુળના છે, વિદ્વાન છે તેમના પ્રત્યે આકર્ષણ પણ થાય છે." કેટલાક મળે છે ખરા પણ અલગત્વ રાખીને.

મુનિ ડુંગરસિંહજી અને મુનિ નેમિચંદ્રજીએ સર્વોદય કેંદ્ર ખીમેલમાં ચોમાસું કર્યું છે. ત્યાંના કાર્યકરોનું આકર્ષણ ખુબ હતું પણ પછીથી એમણે કહ્યું : " બીજું બધું તો ઠીક છે, હવે તમારે ઉત્પાદકશ્રમ કરવો જોઇએ. ( રેંટિયો કાંતવો જોઈએ ). અને દૃષ્ટિવ્યાપક અને સર્વધર્મી છે તો પછી આ વેશને કાઢી નાખવો જોઈએ અને વિશાળદૃષ્ટિ રાખીને કામ કરો!" તેમને સચોટ ઉત્તર આપવામાં આવ્યો છતાં તેમના ગળે આ વાત ઊતરતી નહતી. અનુબંધ જોડવાના શ્રમના મહત્વની વાત જ્યાંસુધી રચનાત્મક કાર્યકરોના ગળે ન ઊતરે ત્યાં સુધી તેઓ સાધુઓની નજીક આવવાના નથી. એવું જ જૈન સાધુઓ સર્વાંગી દૃષ્ટિને સમજ્યા વગર સાધુવેષ તજીને સર્વોદય કાર્યકરોમાં ભળ્યા; તેઓ કંઈપણ નવું કરી શકયા હોય એમ લાગતું નથી, જૈનધર્મ કહે છે કે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"જે જ્યાં છે ત્યાંથી વિકાસ કરે." આમ ભાગ-દોડ કરવાથી તેઓ બન્નેમાંથી કોઈના થઈ શકતા નથી.

સર્વોદય કાર્યકરોનો ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ પ્રત્યે આકર્ષણ કે મેળ નથી એના ઘણા કારણોમાં એક એ પણ રજુ કરી શકાય કે, વિનોબાજીની સાથે રહીને ઘણા સર્વોદય કાર્યકરો એક પ્રકારની ગૌરવ-ગ્રંથિથી પીડાતા હોય છે અને તેઓ સાધુઓને, જુના કાર્યકરોને, કોંગ્રેસીઓને પણ હલકી નજરે જોવાની વૃત્તિ કેળવતા હોય છે. ત્યારે ભાલનળ કાંઠા પ્રયોગમાં નવલભાઇ, અંબુભાઈ, ફૂલજીભાઈ, હરિભાઈ વગેરે અને સૌરાષ્ટ્રપ્રાયોગિક સંઘના કાર્યકર દુલેરાયભાઈ એ બધાનો સાધુ-સાધ્વીઓ પ્રતિ ભકિત અને આદર ભાવ છે. તેનું કારણ એ પણ છે કે ભાલનળકાંઠા પ્રયોગના પાયામાં અનુબંધ વિચાર-ધારા છે અને તે ચારેય સંસ્થાઓમાંથી એકને તોડીને કે છોડીને ચાલી શકતો નથી. આ વાત તેમના ગળે ઊતરી છે. ત્યારે સર્વોદયવાળા અનુબંધની વાત સ્વીકારતા નથી, માનતા નથી અને તેનું કંઈ પણ મૂલ્ય આંકતા નથી.

શ્રી. સિદ્ધરાજજી ઢઢ્ઢા હમણાં હમણાં જ્યારે મુંબઈ આવ્યા હતા ત્યારે વાત થઈ. તેમણે સાધુ સંસ્થાનો સંપર્ક ખૂબ જ સાધ્યો છે. કોંગ્રેસમાં તેઓ નેહરુ-કુટુંબની પ્રેરણાથી જોડાયા. રાજસ્થાનમાં મંત્રી-પદ પણ ભોગવ્યું, એ બધું છોડીને તેમણે સર્વોદય કેંદ્ર સ્થાપ્યું છે; ભૂદાન કાર્યમાં જોડાયા છે. સર્વ સેવાસંઘના મંત્રી રહી ચૂકયા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સર્વોદયનો પ્રચાર કરવા માટે પણ ગયા હતા. એમને કોંગ્રેસના અનુબંધની વાત જરાયે ગળે ન ઊતરી. આ યોજના સાંભળીને તેમણે કહ્યું : "થાય તો સારૂં ! પણ, વિશ્વાસ બેસતો નથી." સાધુ-સાધ્વી શિબિરની વાત સાંભળી તેમણે એમ કહ્યું : "આ પ્રકારે કામ થાય તો ઘણી જ પ્રસન્નતા છે. પણ આજના સાધુ-સાધ્વીઓ પ્રત્યે વિશ્વાસ બેસતો નથી. બધા સાધુઓ અડ્ડો જમાવીને બેઠા છે. ભોળા ભાઈ બ્હેનોને ભરમાવે છે. એ લોકો બીજું કંઈ પણ નહીં કરે એ તો સમજાય, પણ લાખો રૂપિયા યુગબાહ્ય અને અયોગ્ય કાર્યોમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખર્ચાવે છે તે બંધ કરાવી દે તો યે સારૂં. એટલે અમારા મત પ્રમાણે સાધુઓ હોવા જ ન જોઈએ. જે સાધુઓ છે તેમનું રૂપાંતર થવું જોઈએ." આમાં જો કે અમુક અંશે પલાયનવાદી મનોવૃત્તિ છે, તેમ જ થોડું તથ્ય પણ છે. સાધુઓએ સર્વાંગી દૃષ્ટિ કેળવી માનવ–જીવનના સર્વ ક્ષેત્રોમાં નીતિ ધર્મનો પ્રવેશ કરાવવો પડશે; એ માટે તેમણે લોકસેવકો સાથે અનુબંધ રાખવો પડશે. જે સમાજમાં અગર તો લોકસંગઠનોના પ્રત્યક્ષ ઘડતરનું કાર્ય કરવા માટે સાધુઓને જન–સેવકોની જરૂર રહેવાની.

લોકસેવકો એ સમાજ કે લોકસંગઠનનાં ઘડતરનુ પ્રત્યક્ષ કાર્ય છે. તેની પ્રેરણા ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓ પાસેથી મેળવી; પ્રત્યક્ષમાં સાધુ-ઓએ તો વ્યાપક દૃષ્ટિ રહે, માર્ગદર્શન મળતું રહે તેમ જ નૈતિક–ધાર્મિક ચોકી સર્વક્ષેત્રનાં એ બધા કાર્યો ઉપર રહે એટલુ જોવાનું છે, તે ઉપરાંત સમય આવે તપ–ત્યાગ–બલિદાનનાં કાર્યો કરવાનાં રહેશે. શ્રમણ-સંઘમાં સાધુવર્ગ અને ગૃહસ્થવર્ગ બન્નેનો અનુબંધ રાખવામાં આવ્યો છે તેનું કારણ એ જ હતું કે શ્રમણોપાસક ગૃહસ્થને શ્રમણ પ્રેરિત કેટલાંક કામો પ્રત્યક્ષ કરવાનાં હોય છે. જે શ્રમણ જાતે કરી શકતા નથી. એવી જ રીતે સાધુ–સન્યાસીઓ પોતાની સાધુ–મર્યાદાના કારણે જે કાર્યોમાં પ્રત્યક્ષ ભાગ લઈ શકતા નથી તે કાર્યોમાં લોકસેવકોની જરૂર પડવાની. રચનાત્મક કાર્યકરો કે સર્વોદયી કાર્યકરોનું તેમના પ્રતિ આકર્ષણ થાય તે માટે એ જરૂરી છે કે સાધુઓ વ્યાપક અને સર્વાંગી દૃષ્ટિ કેળવે. સર્વ ક્ષેત્રના પ્રશ્નો અને જગતના પ્રવાહોને જાણીને તેમનો ઉકેલ નીતિ અને ધર્મ પ્રમાણે આણે. તેમ જ તપ–ત્યાગ વધારે.

ભારત હમેશાં સાધુસંતોનો પૂજારી દેશ રહ્યો છે. એટલે લોક–સંપર્ક અને લોકોના ગળે વાત ઉતરાવવા સાધુઓ જ કારગત નીવડે છે. ગાંધીજીની વાત પણ લોકોએ જ્યારે તેઓ 'મહાત્મા'ની શ્રેણીએ પહોંચ્યા ત્યારે સાંભળી અને ઝીલી હતી છેવટે લોકસેવકોના તપ–ત્યાગની પણ એક મર્યાદા છે ને! સર્વોદય કાર્યકરો અને જનસેવકોએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમજી લેવાનું છે કે જો વિશ્વવ્યાપક દૃષ્ટિએ કામ કરવું હશે તો તેમાં માત્ર રચનાત્મક કાર્યકરોની પ્રેરણાથી જ કામ ચાલવાનું નથી. તેને માટે અનુબંધ-પ્રક્રિયા, શુદ્ધિ અને વ્યાપક પ્રચારને માટે સર્વાંગી દૃષ્ટિવાળા ક્રાંતિ પ્રિય સાધુવર્ગની જરૂર રહેવાની. માત્ર કેટલાક સાધુઓમાં જે સંકુચિત દૃષ્ટિ છે તેને વ્યાપક બનાવવા ઘૃણા કરતાં પ્રેમ અને આદર જોઈશે. જૈન સાધુઓ પાસે તપ-ત્યાગની સારી એવી મૂડી છે. વૈદિક સન્યાસીઓ પાસે જ્ઞાન-યોગની સંપત્તિ છે. ઇસાઈ પાદરીઓ પાસે સેવા-કર્તવ્યની ભવ્ય કારકિર્દી છે. આ બધા મળે અને સંકુચિત ક્ષેત્ર છોડીને દૃષ્ટિ સર્વાંગી અને વિશાળ બનાવે. તેમની આધ્યાત્મિકતાને પણ વ્યાપક બનાવે તો તેઓ મહત્વના પ્રેરક બળ બની શકે. તેમની પ્રેરણા પામીને તેમના માધ્યમ રૂપે લોકસેવકો પણ નૈતિક પ્રેરક બની લોકસંગઠનોમાં ધર્મ-નીતિને પ્રવેશ કરાવે તો રાજ્ય સંગઠન ઉપર અંકુશ આવે તેમ જ તેને પ્રેરણા આપવાનું અને શુદ્ધિનું કામ પણ થઇ શકે. સર્વોદય વિચાર પ્રેરકો આજે જે લાચારી અનુભવે છે તેનું કારણ છે, તેઓ સાધુ-સંતોની ઉપેક્ષા કરે છે અને અનુબંધ વિચારધારાને માનતા નથી. જો ત્રણેય સંગઠનો ભેગા થઇ જાય તો રાજ્યશાસન ઉપર પણ ધર્મ-નીતિનો અંકુશ આવે અને એ વિભાગ પણ સુધરી જાય.

આજે વિશ્વમાં રાજકારણ વધુ જોર કરી રહ્યું છે. તેમ તેમ સાધુ-સંસ્થા અને લોકસેવકોનું કાર્ય પણ આકરૂં અને કઠણ થઇ રહ્યું છે. એ બન્ને પ્રેરક સંગઠનોએ મળીને લોકસંગઠનો દ્વારા રાજ્ય સંગઠન ઉપર અંકુશ મૂકાવી લોકલક્ષી રાજ્ય બનાવવાનો ભગીરથ પુરુષાર્થ કરવો પડશે. એક રીતે નીતિ અને ધર્મ સત્તા અને શાસન ઉપર અંકુશ આણવો પડશે. તેમ નહીં થાય તો વિશ્વ વિનાશની તરફ આગળ વધશે.

મેળ-મેલાપ કરવા માટે વિશ્વશાંતિને લક્ષમાં રાખી થોડોક પોતાનો ત્યાગ પણ જરૂરી છે. કેનેડી-ક્રુશ્ચેવનો મેળ કેમ મળતો નથી ? વિશ્વશાંતિમાં શા માટે અંતરાયો ઊભા છે ? કારણ કે દરેકે પોતાની ખોટી મહત્તા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બનાવી લીધી છે. એને ટકાવી રાખવા માટે જ વિશ્વકલ્યાણના બદલે વિશ્વવિનાશના સાધનો સર્જાય છે ને?

આજે સર્વસેવા સંઘવાળા ભાઈઓને પ્રાયોગિક સંઘવાળા એમ કહેવા જાય કે "ચાલો ભાઈઓ! આપણે ભેગા મળીને કામ કરીએ!" તો તેઓ એમ જ કહેશે કે "તમે ગાંધીજીના વારસદાર ક્યાં છો? કોંગ્રેસની વાત છોડો!"

પણ, જ્યારે કોંગ્રેસની શુદ્ધિ અને સમાજમાં અનિષ્ટોને દૂર કરવાનું કામ પ્રાયોગિક સંઘ દ્વારા થાય છે ત્યારે કહે છે: તમારૂં કામ ગમે છે. પણ. તમે કોંગ્રેસને ટેકો આપો છો; એ બરાબર નથી."

આજે કોઇપણ પ્રશ્નના લોકકલ્યાણકારી ઉકેલ માટે દરેકે સંયુક્ત રીતે કામ તો કરવું જ પડશે. રાજ્ય સંગઠન તરીકે આજે કોંગ્રેસ જ આગળ આવે છે. ગ્રામ્ય અને નગર લોકસંગઠનો પણ લેવા પડશે. ક્રાંતિપ્રિય સાધુઓને પણ માન્ય રાખી તેમની પ્રેરણાથી ગ્રામ સંગઠન દ્વારા રાજ્ય ઉપર દબાણ લાવીને જ્યારે શુદ્ધિ-પુષ્ટિનું કામ પ્રાયોગિક સંઘ કરશે ત્યારે કહેશે કે "આ તો બધું ચાલ્યું. રાજ્ય સંસ્થા પણ પ્રેરણા લે છે. સર્વોદયનું કામ વીંખાઈ ગયું. હવે આપણે બન્ને ભેગા મળીને કામ કરીએ. રાજ્ય સંગઠનમાં જો સારામાં સારું હોય તો આ જ-કોંગ્રેસ જ-છે. એમાં દોષ છે-મલિનતા છે તેની શુદ્ધિ આપણે કરીએ."

જ્યારે ટુકડીઓ મોકલવાનો કાર્યક્રમ આવ્યો ત્યારે કોંગ્રેસ જ નજીક આવી. ભાષા પ્રશ્નમાં શુદ્ધિ પ્રયોગ-કાર્યક્રમ ચાલ્યો ત્યારે રચનાત્મક કાર્યકરો નજીક આવ્યા, ગણોત ધારા શુદ્ધિ પ્રયોગ વગેરેમાં ગ્રામસંગઠનો નજીક આવ્યાં. આ રીતે બેય પ્રેરણા પાત્ર સંગઠનો-લોકસંગઠન અને રાજ્યસંગઠન-ને પ્રેરણા આપનાર બે પ્રેરક સંગઠનો (ક્રાંતિપ્રિય સાધુસાધ્વી અને લોકસેવક સંગઠન) નો અનુબંધ આજની દુનિયાના પ્રશ્નોને ઉકેલવા માટે અનિવાર્ય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચર્ચા-વિચારણા

## સર્વાંગી ક્રાંતિકાર સાધુ-સાધ્વી અને લોકસેવકો મળે તો!

**શ્રી. માટલિયાએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતા કહ્યું: "અનુબંધ વિચારધારામાં સર્વાંગી ક્રાંતિકારની કલ્પના ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ ઉપર આરોપવામાં આવી છે. પણ, યુરોપનો ઇતિહાસ જેમણે વાંચ્યો છે તેમને આ વાત આકાશકુસુમવત અથવા ગાંડપણ લાગશે; કારણકે ત્યાં ધર્મ અને રાજ્ય બન્ને લડ્યાં છે. મેં અગાઉ જણાવ્યું હતું તેમ સો વર્ષમાં સત્તાવીશ લડાઇઓમાં ચૌદ વર્ષનું નાનું બાળક પણ છોડાયું નથી. છેવટે સંધિ થઇ તો પણ રાજાએ કોને પરણવું વ. બાબતો સુદ્ધાં ધર્મગુરુઓ નક્કી કરે તેવી શરતો હતી. હોલેંડ. પોલેંડ, વગેરેએ કબૂલ્યું જ્યારે ઇંગ્લાંડે ન માન્યું. તે ઉપરાંત કેટલાયે રાજાઓ ધર્મની આ ડખલના કારણે પ્રોટેસ્ટંટ મતવાળા પણ થઇ ગયા. ફ્રાંસ ચેકોસ્લોવેકિયા, વ.માં તાલુકદારો અને વેપારીઓ મળી ગયા. તેમણે ધર્મ કરતાં રાષ્ટ્ર મોટું એમ મનાવી રાષ્ટ્ર ઝનૂન ફેલાવ્યું. પછી રાજાઓ અને ધનિકોએ મળીને વૈજ્ઞાનિકોને ચઢાવ્યા. આમ "ધર્મના હસ્તક્ષેપ વગર રાજ્ય ચાલવુ જોઇએ; ધર્મે કેવળ પરલોકની વાત કરવી જોઇએ. આ લોકની નહીં," તેમ યુરોપમાં મનાયું. આવો ઇતિહાસ અમને ભણાવવામાં આવેલો.

પણ સદ્‌ભાગ્યે આપણને વિશાળ અર્થમાં ધર્મ સંસ્કારો મળતા હોઇને એ ખાતરી છે કે જ્યાં શિવાજીને દોરનાર રામદાસ, કુમારપાળને દોરનાર હેમચંદ્રાચાર્ય, કોંગ્રેસને દોરનાર ગાંધીજી મળ્યા છે. એ પરંપરા રામયુગથી ચાલી આવે છે. જ્યાં રામને દોરનાર વશિષ્ઠ હતા.

એટલે જ આ દેશમાં ટ્રસ્ટીશીપની ભાવના ધર્મ અને સત્તામાં દાખલ કરવી હોય તો તે અશક્ય નથી જ. તે છતાં કેવળ ધર્મને નામે જવામાં જોખમ છે એનો પણ મારે ઉલ્લેખ કરવો જોઈએ. કોંગ્રેસ સિવાયના પક્ષો દ્વારા સાધુઓનો, ભક્તોનો, કીર્તિનકારોનો ઉપયોગ ખોટી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રીતે થવાની આજની રાજકીય દશામાં પૂરી સંભાવના છે. કોઇપણ પ્રકારના આચરણ વગર દલાઇ લામા જેવા એશોઆરામનું જીવન ગાળનારા સાધુઓ; જેમણે કદિ વિજ્ઞાન તેમજ અધ્યાત્મિકતાનો મેળ કર્યો નથી; જો મેદાને પડશે તો તેઓનું સંગઠન; મૂડીવાદી, કોમવાદી કે સાધનશુદ્ધિમાં ન માનનારાનાં સંગઠન સાથે ભળી જશે. પરિણામે જબલપુર, અલીગઢ જેવા તોફાનો ભિતરી આવશે અને લોકસેવકો સાધુઓનો વિરોધ કરતા રહેશે; અને એથી ચોમેર તોફાનોમાં આપણે તણાઇ જશું.

પંદર વર્ષના પ્રયત્નો પછી પણ હું માનું છું કે ગામડાઓમાં વંશપરંપરાગત એવી સાધુભક્તિ પડેલી છે કે ત્યાં લોકો મારૂં કહેવું તરત નહીં માને પણ સાધુઓ કહેતાં તરત માની લેશે. એટલે સાધુસંસ્થા આજે પ્રેરણા આપનારી જબરજસ્ત સંસ્થા છે. જો તે યુગનું ભાન રાખીને કાર્ય કરે તો ઘણું થઇ શકે તેમ છે.

એટલા માટે મુનિ શ્રી. સંતબાલજીએ આ સાધુશિબિરનું આયોજન કર્યું છે તે સમયસરનું છે એમ અંતઃકરણપૂર્વક લાગે છે. જે રામસૂરિશ્વરજી ૧૦૮ ચેલા મૂડી ગણધર બનવાની કટ્ટર વાત કરતા હતા તે હવે માનવતાની વાત કરે છે. એટલે સર્વપ્રથમ વૈદિક જૈન સાધુઓ અને સાધ્વીઓએ ભેગા થઈ એ બાજુ બધાને ભેગા કરવા પડશે. તેમના માર્ગદર્શનથી જ જનસેવકો કામ કરી શકવાના છે. એટલે આપણે આ શિબિરમાં નિમિત્ત બન્યા તે બદલ મને તો પારાવાર સંતોષ થાય છે. આજે ભલે સાધુઓનો પ્રભાવ રાજ્ય ઉપર ન હોય પણ ભારતની સંસ્કૃતિમાં સાધુઓની મહત્તા આપોઆપ સ્વીકારાયેલી છે એટલે લોકો ઉપર તો તેમનો પ્રભાવ રહેવાનો જ છે. વેનરાજાએ અન્યાય કર્યો તો તેને દૂર કરાયો જ છે. કુરુવંશે ઋષિ સત્તાનો સ્વીકાર ન કર્યો તો તેનો અંતે નાશ થયો છે.

ભારતીય સંસ્કૃતિનો આ બધો ઇતિહાસ આપણને એ માનવા પ્રેરે છે કે જો લોક-સેવકો અને ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓની એકતા થઈ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકસંગઠન દ્વારા પ્રયત્ન કરવામાં આવે અને સાથેસાથ રાજ્યોનું અનુસંધાન રખાય તો જરૂર દેશ અને દુનિયાનાં રાજ્યો પર ધર્મના અસલી તત્ત્વનું પ્રભુત્વ આવે અને આવે જ.

**ભગીરથ કાર્ય**

**શ્રી. પૂંજાભાઈ** : સાધુસાધ્વીઓ તૈયાર થશે જ પણ તેમની સંખ્યા શરૂઆતમાં નાની હશે. સેવકો અને તેમાં પણ રાજ્યમાં ગયેલા સેવકો તો નિયંત્રણ સ્વીકારવા જ તૈયાર નથી. ત્યારે આ ભગીરથ કાર્ય શી રીતે પાર પડશે? આવું કોઈવાર મનમાં થાય છે વળી તેજસ્વી લેખાતા લોકસેવકો પણ ઓછા છે એ પણ મુશ્કેલી છે? આ બધાંનું શું થશે? એજ પ્રશ્ન છે."

**યુગ પોતાનું કામ કરે છે.**

**શ્રી. દેવજીભાઇ** : "યુગ પલટાયો છે, યુવકોને ધર્મ ઉપર શ્રદ્ધા નથી. રાજ્ય સરકારોનું જનતા ઉપર અસીમ દબાણ છે. એટલે આફતો આવે છે તેમ જાગૃતિ પણ આવતી જાય છે. એમાં ધર્મ ઉપર વળેલી રાખ પણ દૂર થઈ જશે.

સંતબાલ ભલે નિમિત્ત બન્યા પણ ખરેખર તો યુગની એક માંગજ છે. એક વસ્તુ મને લાગે છે કે જૈનોમાં જે ઉંડાણ જ શ્રદ્ધા, સંઘભકિત, અહિંસા વ. નો વારસો છે; તો તેમાંથી લોકસેવકો વધુ સંખ્યામાં મળી શકશે. જો કે તેઓમાં વ્યાપકદષ્ટિ પ્રારંભમાં નહીં મળે પણ એ આવતાં હવે વાર નહીં લાગે. મુંબઈ, કલકત્તા જેવા શહેરોમાં એ સળવળાટ જાગ્યો છે એટલે મને શ્રદ્ધા છે કે ઘણાં છૂપાં રત્નો પ્રગટ થશે."

**શ્રી. માટલિયા** : "લોકસેવકો કયા વર્ગમાંથી નીકળશે એ મહત્વનું કામ નથી; પણ લોકસેવકો અને સાધુઓનો અનુબંધ જોઈશે, એ જ અનિવાર્ય મહત્વનું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પૂ, દંડીસ્વામી :** " હું ભારત સાધુસંઘનો અનુભવી છું, એમાંથી ક્રાંતિપ્રિય સાધુઓની આશા ઓછી છે. "

**શ્રી. ફૂલજીભાઇ :** " સાધુઓ પોતાના સંપ્રદાય અને વેશમાં રહીને પણ માર્ગદર્શન આપી શકશે. આ વિષે અનુભવો પછી મારી શ્રદ્ધા વધી ગઈ છે. ચોમેરની જાગૃતિ નહીં આવે ત્યાં લગી આ કામ મંદ ભલે લાગે પણ તે વિસ્તરવાનું નક્કી છે. "

**પૂ. ગોપાલસ્વામી :** " ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ જાગશે તો ખરેખર સૌને પ્રેરી શકશે એની મને પણ શ્રદ્ધા છે. માત્ર રચનાત્મક કાર્યકરો અને તેમણે બન્નેએ સમજી લેવું પડશે કે એ બન્નેએ મળીનેજ કામ કરવાનું છે.

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધકારની યોગ્યતા અને કાર્યક્ષેત્રનું પૃથક્કરણ [ ૧૬ ]

મુનિશ્રી સંતબાલજી ] [ ૧૪-૧૧-૬૧

આ અગાઉ અનુબંધ વિચારધારાનાં પ્રેરક બળો કયાં છે તે અંગે વિચાર થઈ ચૂકયો છે. અહીં, અનુબંધકાર કેવા હોવો જોઈએ તેમજ તેની પાસે ઓછામાં ઓછી કાર્યની અપેક્ષા શું રાખી શકાય તે અંગે વિચાર કરશું.

**સુસંગઠનોને ઘડનાર અને જોડનાર :** એકલદોકલ વ્યક્તિથી સમાજનું ઘડતર થતું નથી. તે માટે વ્યકિતઓને સમૂહરૂપે ઘડવાની જરૂર છે અને એ કામ સુસંગઠનો દ્વારાજ થઇ શકશે. આવાં સુસંગઠનોના પાયામાં અધ્યાત્મલક્ષી નીતિ હોવી જોઈએ. જેથી ઘડતરની પ્રક્રિયા સારી રીતે ચાલુ રહી શકે. એ અંગે એકલદોકલ સંસ્થાઓ બસ નથી પણ ચાર સુસંસ્થાઓ :—(૧) ધર્મ સંસ્થા (સાધુસાધ્વી), (૨) લોકસેવક સંગઠન, (૩) લોકસંગઠન (૪) રાજ્યસંગઠન; એ ચારેનો અનુબંધ હોવો જોઈએ તો જ એ કાર્ય સારી રીતે થઈ શકે.

આ વખતના નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓમાં જે ૯ સૂત્રો આપ્યાં છે; તેમાં ચાર સુસંગઠનોના બદલે છ સુસંગઠનોના અનુબંધની વાત રજૂ કરી છે. તે શા માટે? તે એટલા માટે કે આજે જગતની સાથે કામ લેવું હોય તો નવાં પરિબળોને પણ લેવાં પડશે. એટલે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લોકસંગઠનનાં વધારે ભાગો કર્યા અને તેમાં માતૃસમાજો અને પછાત વર્ગોને પણ લેવાનો ઉલ્લેખ કર્યો છે.

નવાં પરિબળોમાં પછાત વર્ગને ખાસ કરીને લેવાનો છે. એમાં ઝાડૂકામદારો, ચમારો, વણકરો, મિલમજૂરો, મજૂરો વગેરેનો સમાવેશ થઈ જાય છે. ગામડામાં વણકરીનું કામ ભાંગ્યું એટલે લોકો શહેરોમાં આવ્યા. એટલે શહેરોમાં માતૃસમાજો સાથે શ્રમિક–સંગઠનો પણ ઊભાં કરવા પડશે. શહેરોમાં તે ઉપરાંત મધ્યમ વર્ગની સ્થિતિ પણ દયનીય છે તે અંગે વિચારવાનું છે. એ લોકો નથી મજૂર વર્ગમાં કે નથી બીજા કોઈ વર્ગમાં એટલે એ લોકોનું કોઈ જુદું સંગઠન થાય એવી ઈચ્છા નથી. કારણ કે એ લોકોનો જેટલા ટકા ભાગ હોવાનો અંદાજ માની શકાય તેટલા ટકા તેમને લેવાની જોગવાઈ ગામડાના ત્રણેય લોકસંગઠનોમાં રાખવામાં આવી છે. એવી જ જોગવાઈ શ્રમિક–સંગઠનમાં છે. માતૃસમાજોમાં ૫૦% મધ્યમ વર્ગના બહેનો અને ભાઈઓને લેવાની જોગવાઈ રાખી છે. આ જોગવાઈ તેમને પગારદાર કાર્યકર્તા તરીકે લેવા રૂપે મજૂર–સંગઠન, માતૃસમાજોમાં છે અને ગ્રામસંગઠનોમાં ૧૦% પગારદાર પ્રતિનિધિ તરીકે લેવાની જોગવાઈ રાખવામાં આવી છે. અનુબંધ વિચારધારાનું લક્ષ્ય એ છે કે ભવિષ્યમાં શહેરો ગામડાંના પોષક બને અને શોષક ન રહે. શહેરો ગામડાનાં પૂરક બને એમ કરવાનું છે. ગામડામાં બુદ્ધિ અને સૂઝ બન્ને છે પણ વહીવટી તાલિમ નથી. ત્યારે મધ્યમ વર્ગમાં બુદ્ધિ અને વહીવટી શક્તિ બન્ને છે. એમની પાસે માત્ર મૂડી નથી. એ મૂડીની જોગવાઈ સંગઠનો દ્વારા કે પ્રાયોગિક સંઘો દ્વારા કરવી પડશે. સાથે જ વધતા જતા ટેકનિકલ જ્ઞાનનો લાભ ગામડાને મળે તે માટે થોડાક ટેકનિશયનોને ગામડાઓમાં મોકલવા પડશે. આથી ગામડામાં રૂપાંતરની પ્રક્રિયા ભવિષ્યમાં ઊભી થઈ શકશે.

આમ પણ શહેરો કંટાળ્યા છે. કારણકે ધર્મસ્થાનકો ત્યાં વધારેમાં વધારે છે; મોટા ઉદ્યોગો ત્યાં જ કેંદ્રિત થઇ રહ્યા છે તેમ જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોલેજો વગેરે પણ ત્યાં જ છે. આ વસ્તીના ફુગાવાને શહેરમાંથી કાઢવાની જરૂર છે. એટલે ગામડાઓમાં છેલ્લામાં છેલ્લી ઢબનું ટેકનિકલ જ્ઞાન આપતી વિદ્યાપીઠો ઊભી કરવી જોઈશે. યંત્રોને લગતી મૂડી વગેરે જોઈએ એનો ઉકેલ પણ સહકારી પદ્ધતિ વગેરેમાંથી મળી શકશે. નાના નાના વિજળીથી ચાલતાં ગૃહ-ઉદ્યોગોની ગોઠવણી ગામમાં થાય તો ગામની જે પ્રજા શહેર તરફ જઈ રહી છે તે અટકે. એની સાથે જ શહેરનો મધ્યમ વર્ગનો માનવી કે ગામડાના બુદ્ધિજીવી લોકોને, ટેકનિકલ તેમ જ વહીવટી કામમાં ખપાવી શકાય. આમ લોકોના ઘણા પ્રશ્નોનો ઉકેલ આવી શકે.

એ સિવાય શહેરોમાં માતાઓનાં સંગઠનોથી નવી પ્રજાને વળાંક આપવો જોઈએ. એ કામ કેવળ માતાઓજ એટલા માટે કરી શકે કે એમની પાસે તપ, ત્યાગની શક્તિ, સહિષ્ણુતાની શક્તિ પડેલી છે. માત્ર તે શકિતને જાગૃત કરીને નૈતિક અને સાંસ્કૃતિક ઉત્થાનના કામોમાં જોડવામાં આવે તો, તાલિમનું—શિક્ષણ-સંસ્કારનું મોટું કામ માતાઓ દ્વારા થઈ શકે એમ છે. આજે ધર્મગુરુઓ કે શિક્ષકો ભલે ગમે તેવી સારી તાલિમ આપે પણ, ઘરમાં માતા જે તાલિમ આપી શકે અને સંસ્કાર રેડી શકે; તે બીજે કયાંયે નહીં મળે. સાથેસાથ મધ્યમવર્ગની આર્થિક સ્થિતિ સદ્ધર કરવામાં માતાઓ પૂરક બની શકે. "સ્ત્રી શૂદ્રો ના ધીયેયાતામ્" એટલે કે સ્ત્રી અને શૂદ્રોને 'શાસ્ત્ર નભણાવવાની વચગાળાની પરિસ્થિતિ હવે નથી રહી. ભગવાન મહાવીરના પ્રયત્નોથી એ દિશામાં પરિવર્તન થયેલું, પણ, એ પરિવર્તનને જાગૃતિ રૂપે ફેરવવામાં ગાંધીજીએ સત્યાગ્રહ વખતે ઘણું કામ કર્યું હતું. પરિણામે આખા વિશ્વની રાષ્ટ્ર સંસ્થાના પ્રમુખપદ સુધી સ્ત્રીઓ જઈ શકે એવી આજે ખાતરી થઈ ચૂકી છે. સ્ત્રી જાતિને નવો વળાંક આપવામાં આવે તો ઘણું મોટું કામ તે કરી શકે એમ છે.

**દુનિયાનાં બધા પ્રવાહોને સાંકળનાર :**

માતાઓના અલગ સંગઠનોની વાત પ્રમાણે શહેરી મજૂરો-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રમજીવીઓનાં સંગઠનની વાત કરવામાં આવી છે. બાકીના ચાર સંગઠનોમાં ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓ, લોકસેવકો (રચનાત્મક કાર્યકરો), લોકસંગઠનો અને રાજ્ય સંગઠનો આવે છે. આમ છ સંગઠનો દ્વારા દુનિયાના બધા પ્રવાહોને સાંકળવાનું કામ અનુબંધકારની યોગ્યતામાં સર્વપ્રથમ આવે છે.

આજની દુનિયાને સંકલનાબદ્ધ કરવાનું કામ ભારે કુનેહ માગી લે છે. સામાન્ય માણસનું એ ગજું નથી. પણ એમ માનીને નિરાશ થવાની જરૂર નથી. મહાત્મા ગાંધીજીએ આ અંગે રસ્તો સાફ કરી રાખ્યો છે. હવે દુનિયાની નવી પરિસ્થિતિ અને સંયોગો જોતાં એ માર્ગને નવો વળાંક આપીને વધારે સુસ્પષ્ટ અને ચોખ્ખો કરવાની જરૂર છે. એટલે વિશ્વપ્રવાહોની પૂરી સમજણ અને પૂર્વોક્ત છ સંગઠનો વ્યવસ્થિત રીતે પોતપોતાના સ્થાને કામ કરતા થાય એવી ભૂમિકા તૈયાર કરવાનું કાર્ય અનુબંધકારની પહેલી યોગ્યતા રૂપે છે.

**સિદ્ધાંત માટે સર્વસ્વ ત્યાગ:** ઉપરોક્ત યોગ્યતાની સાથે અનુબંધકારમાં સિદ્ધાંત માટે સર્વસ્વનો–પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો– ત્યાગ કરવાની તૈયારી હોવી જ જોઇએ. અનુબંધકાર તરીકે ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓ અને લોકસેવકોને લેવામાં આવ્યા છે. એટલે સામાન્ય રીતે તેમના જે ગુણો અને યોગ્યતા હોય તે તો હોવા જ જોઈએ.

**ધર્મ દૃષ્ટિએ બધા ક્ષેત્રોના પ્રશ્નો ઉકેલનાર:** અનુબંધ વિચારાધારા પ્રમાણે અનુબંધકારના કાર્યક્ષેત્રનો વિચાર કરતાં એક વસ્તુ સામે આવે છે કે ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓના પ્રધાન ગુણોનો વિચાર કરતાં–એ પ્રમાણે કોને તારવવા? એવો જ પ્રશ્ન અનુબંધકાર માટે પણ ઊભો થાય છે કે અનુબંધકાર તરીકે કોને તારવવા? એવીજ રીતે ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓનો લોકસેવકો સાથેનો અનુબંધ જોડવો જોઈએ તો એની ભૂમિકા કઈ, એ વિચારવું જરૂરી થશે.

આપણે ત્યાં પ્રાચીનકાળથી બ્રાહ્મણો ચારે વર્ણોને શિક્ષણ, સંસ્કાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને નીતિની પ્રેરણા આપવાનું કામ કરતા આવ્યા છે. પણ વચગાળાના સમયમાં લોભ અને વિલાસમાં પડી તેઓ પોતાનું કાર્ય તેમજ જવાબદારી ભૂલી ગયા અને સાથે પોતાના ગુણોને પણ. એ એક રીતે લોકસેવકોની સંસ્થા હતી.

મહાત્મા ગાંધીજીએ એ લોકસેવક સંસ્થાને નવારૂપે સજીવ કરી એનું ઘડતર અને વિકાસ કર્યો. તેને રચનાત્મક કાર્યકરો કે જનસેવકો રૂપે ઓળખવામાં આવે છે. એવીજ રીતે ભૂદાન-સર્વોદયના કાર્યક્રમને પાર પાડવા નવા કાર્યકરો પણ આવ્યા છે. એમાં ઘણાખરા કાર્યકરો બુદ્ધિશાળી પણ છે. પરંતુ બુદ્ધિની સાથે જો પાયામાં ધર્મશ્રદ્ધા ન હોય તો ક્યાંક ને ક્યાંક અણીના સમયે ખચકાઈ જવાના. ધર્મશ્રદ્ધા એટલે રૂઢિની દ્રષ્ટિએ નહીં, પણ સત્ય, અહિંસા સદાચાર વગેરે તત્ત્વો, જ્ઞાન અને સંશોધિત ક્રિયાઓની દૃષ્ટિએ પણ ધર્મનો પાયો તો હોવોજ જોઈએ.

સંવત્ ૨૦૦૩ માં સાણંદમાં ભાલનળકાંઠાના મુખ્ય રચનાત્મક કાર્યકરો ભાઈબહેનોનો એક વર્ગ રખાયો હતો. ત્યાં મુખ્યપણે રામાયણ અને ગીતા એ બન્ને ભારતીય વ્યાપક ધર્મગ્રંથો વિષે છણાવટ થતી હતી. વર્ગના ભાઈબહેનો આગળ ગામડાં, નગર, દેશ અને દુનિયાના ઊભા થતા પ્રશ્નો મૂકવામાં આવતા અને તેનો ઉકેલ ગીતા, રામાયણ બન્નેમાંથી શોધવાનો પ્રયત્ન કરાવાતો. અને એટલાજ આશ્ચર્ય અને આનંદ વચ્ચે ઘણી સમસ્યાઓનુ નિરાકરણ આ બે ગ્રંથોમાંથી મળી આવતું. મહાત્મા ગાંધીજીને જ્યારે જ્યારે કોઈ પ્રશ્ન મુંઝવતા ત્યારે તેઓ કહેતા કે 'હું એકાંતમાં જઈ ગીતા માતાના ખોળામાં મને મુંઝવતા પ્રશ્નોનો નિકાલ શોધી લઉ છું.' મતલબ એ કે ગીતા અને રામાયણ એ બે ધર્મગ્રંથો એવા છે કે બેમાં દેશ અને દુનિયાના, રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક વ. દરેક ક્ષેત્રોના પ્રશ્નોનો મોટા ભાગે ઉકેલ મળી આવે છે.

એવીજ રીતે ક્રાંતિપ્રિય સાધુ વર્ગે તેમજ રચનાત્મક કાર્યકરોએ બધાય ક્ષેત્રના પ્રશ્નોને ધર્મદષ્ટિએ ઉકેલવા પડશે. તે માટે પ્રાર્થના અને ધર્મમય જીવનનો પાયો તો મજબૂત કરવો જ પડશે. પ્રાર્થના ઘણા કરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. આપણે કરીએ છીએ; સાધુઓ કરે છે અને સર્વોદયી કાર્યકરો પણ કરતા હોય છે. પણ, જ્યાં ધર્મની વાત કરવાની આવે ત્યાં ધર્મગ્રંથો દ્વારા જીવન વહેવારની સાથે ધર્મનો મેળ બેસાડતા નથી. ધર્મનો પુટ દરેક ક્ષેત્રમાં આપવો પડશે.

ગીતા, રામાયણ વ.માં શું કહ્યું છે તેના અવતરણો આપીને લોકોને ધર્મની દૃષ્ટિએ રાજકારણ, અર્થકારણ કે સમાજકારણની વાત ગળે ઉતારવી પડશે. નહીં તો ધર્મની શુષ્ક વાતોથી લોકો ગામડામાં વિશેષ રૂપે, કાંતો રાજકીય નેતા ગણશે અથવા સરકારી નોકર સમજશે. અને લોકો સાથે હૃદયનો મેળ નહીં થાય તેમજ અતડા પડી જવાશે. મહાત્મા ગાંધીજીના વિચારો સાથે રામાયણનો તાળો નહીં મેળવો તો લોકો ગાંધીજીને રાજકારણી પુરૂષ તરીકે લેખશે. તેમણે જે માર્ગ બતાવ્યો છે તેની સાથે અનુસંધાનમાં ધર્મતત્ત્વ જોડવું પડશે; નહીંતર લોકો એ માર્ગ અંગે કાંતો શંકા કરશે; કાં જોખમભર્યો ગણીને છોડી દેશે.

ભારતના સારા નશીબે અહીંની સંસ્કૃતિમાં જીવનની દરેક બાબતોને ધાર્મિક પુટ યુગયુગથી ઋષિમુનિઓએ આપ્યો છે. એટલે ભારતમાં ધર્મ દૃષ્ટિએ સમાજશુદ્ધિ, અર્થકારણ કે રાજકારણની વાત કરો તો લોકોને તરત એ વાત ગળે ઉતરશે. આપણે ત્યાં પ્રારંભથી ધર્મની સાથે બધા અંગોને સાંકળવામાં આવ્યા છે. રાજ્યને પણ ધર્મના સાથે સમાજનું એક અંગ ગણવામાં આવ્યું છે. એવીજ રીતે અર્થ તેમજ બીજા અંગોને પણ રાખવામાં આવ્યા છે. એટલેજ ધર્મગ્રંથોમાં રાજકારણ, સમાજકારણ, અર્થકારણ વ.ની વાતો ધર્મ દૃષ્ટિએ જોવા મળે છે.

દા. ત. જૂના જમાનામાં મંદિરના ચોરા ઉપર ભજનકીર્તન થતાં હતાં. તે વખતે આખા ગામના લોકો ભેગા થઈ જતા. પછી એ નિમિત્ત, વાતો કથાઓના બહાને રાજા—પ્રજા, કુટુંબ તેમજ વ્યક્તિના કર્તવ્યની વાતો લોકોના હૃદયમાં સીધી ઊતરી જતી. આજે જો કે ભજન-કીર્તનો થાય છે. પણ તેમાં સહુ ગાઈ—નાચીને રહી જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજના યુગે શું કરવું જોઈએ તે કોઈ કહેતું નથી? એટલે તે એક રૂઢિગત પરંપરા જેવું થઈને રહી જાય છે. પરિવર્તનની પ્રક્રિયા થતી નથી. પ્રાચીનકાળમાં એ નિમિત્તે ભારતીય સંસ્કૃતિની ધર્મદૃષ્ટિ ટકી રહેતી હતી. લોકહૃદય હળવાં થતાં.

શ્રી. માટલિયાએ પોતાના ગામડાંનાં કાર્યોના અનુભવો વર્ણવ્યા છે. તેમાં પણ આજ વાત હતી. જો તેમણે ગામડાઓમાં ધર્મનો પાયો ન રોપ્યો હોત તો તેઓ આટલું કામ ન કરી શકત. એવી જ રીતે રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ને ટેકો શા માટે આપવો જોઈએ એ વાત જો રામાયણ, મહાભારત કે ગીતા દ્વારા લોકોને કહેવામાં આવશે; તો લોકો કહેશે કે એ બરાબર છે અને તેમના હૃદયમાં એ વાત જામી જશે.'

પૂ. જવાહરલાલજી મહારાજે એમને એમ ખાદી પહેરવાની વાત જૈન લોકો આગળ કહી હોત તો તેઓ ન સ્વીકારત. તેઓ એમજ કહેત કે આતો રાજકારણની વાત છે? શા માટે ખાદી પહેરવી જોઈએ. પણ એમણે, જૈનશાસ્ત્રો અને જૈનધર્મની દૃષ્ટિએ અહિંસાનું વિવેચન કરી, પૂણિયા શ્રાવકના રેંટિયાનું મહત્વ બતાવી, અલ્પારંભની રીતે સમજાવ્યું કે ખાદી પહેરવામાં અલ્પારંભ છે અને મહારંભ (હિંસા)ને અટકાવવો હોય તો ખાદી પહેરવી જરૂરી છે; તે અલ્પારંભી છે અને શ્રાવકના મુખ્યગુણને અનુકૂળ છે. એવી જ રીતે તેમણે હરિજનોદ્ધાર અંગે પણ બહુ સુંદર રીતે જૈનદૃષ્ટિએ રજૂઆત કરી છે. તે વખતે જો કે સમાજને એક આંચકો લાગ્યો ખરો પણ તેમણે આખા જૈનસમાજને સમજાવ્યું કે ખાદી પહેરવી એ શ્રાવકધર્મ છે. એમણે પોતે પણ ખાદી પહેરી.

જૈનસમાજમાં એ વખતે બીજા સાધુઓએ પણ પહેલ કરી હતી. એમાં પૂ. ગુરુદેવ નાનચંદ્રજી મહારાજે ગાંધીજીનો ઘનિષ્ઠ પરિચય સાધ્યો. તેમણે ખાદી, ગ્રામોદ્યોગ અને સ્વદેશીની હિમાયત કરી અને હરિજનોને ત્યાં ગોચરીમાં બાધ ન ગણ્યો. સાધ્વી શ્રી. ઉજ્જવલ કુમારીજીનું વિચાર-ઘડતર કરનાર અને આત્માર્થી શ્રી. મોહનઋષિજી મહારાજે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મિષ્ટાન અને શાકાહાર, મોતીનો વેપાર અને ખેતી ગોપાલન અને અનીતિમય વેપાર એ જુદાંજુદાં પાસાંઓથી અહિંસાની છણાવટ કરી. તે જમાનામાં પોતાની મર્યાદામાં રહીને ગાંધી–વિચારોનો પ્રચાર કરનાર સાધુઓમાં, રાજસ્થાનના ત્રિલોકચંદ્રજી મહારાજ પણ મુખ્ય હતા.

એટલે ક્રાંતિપ્રિય સાધુઓ–સાધ્વીઓ માટે યુગાનુરૂપ સર્વધર્મની દૃષ્ટિ હોવી એ કંઈ નવું નથી. સમય પ્રમાણે દરેક ધર્મવાળાને પોતાના વિચારોને સહિષ્ણુ બનાવવા પડે છે. એટલે અનુબંધકારની યોગ્યતા તરીકે એ પણ આવશ્યક છે તે સર્વ ધર્મોનો અભ્યાસ કરી બધા ધર્મોના પ્રમાણો આપીને ધર્મદૃષ્ટિએ દરેક પ્રશ્નોને ઉકેલવા પ્રયત્ન કરશે; પ્રયાસ કરશે.

**અનુબંધકારનું કાર્યક્ષેત્ર** : અનુબંધકારની યોગ્યતાનો પ્રશ્ન આવવાની સાથે તેના કાર્યક્ષેત્રનો પ્રશ્ન આપોઆપ આવી જાય છે. એટલે યોગ્યતા સાથે અનુબંધકારે શું કરવાનું છે–તેની કઈ ભૂમિકા છે તેમજ તેનો ભૂતકાળનો સંબંધ પણ સાથેસાથ જોઈ જવો પડે છે. એટલે અનુબંધકારને કરવાનાં કાર્યોનું ક્ષેત્ર પણ સાથે જ વિચારાતું ગયું છે.

આ કાર્ય કરવામાં પહેલ તો ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓએ જ કરવી પડશે; પણ એમની સાથે સહાયક રૂપ લોકસેવકો પણ રહેશે; તો જ અનુબંધનું કામ સર્વાંગી દૃષ્ટિએ પાર પડશે. ક્રાંતિપ્રિય સાધુઓ અનુબંધકાર તરીકે સંગઠનોની ભૂમિકા તૈયાર કરશે, જ્યારે રચનાત્મક કાર્યકરો–લોકસેવકો એ સંગઠનોની વ્યવસ્થિત રચના અને ઘડતરનું કાર્ય કરશે. સાધુ આમ તો એકલા અને તટસ્થ રહી બહુ બહુ તો તપસ્યા કરી શકે પણ સંગઠનો સાથેનો અનુબંધ અને સંગઠનોનાં ઘડતરનું પ્રત્યક્ષ કામ કરવાનું આવે ત્યારે સાધુ–સાધ્વીઓ સાથે; સાધક સાધિકાઓની જરૂર પડવાની. તે વિના સાધુ વર્ગ એકલો સક્રિય કામ કરી જ શકશે નહીં. એ બન્નેનો સંબંધ ધડ અને માથા જેવો છે કે એક બીજા વગર કોઈ કાર્ય પૂર્ણ ન થઈ શકે. એટલા માટે જ ભગવાન મહાવીરે જૈનધર્મમાં ચતુર્વિધ સંઘ (સંગઠન)ની સ્થાપના કરી અને એમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાધુ-સાધ્વીઓ સાથે શ્રાવક-શ્રાવિકાઓને ( સાધક - સાધિકા ) પણ એ ક્રાંતિના કાર્યમાં પૂરક કે સહાયક રૂપે સાથે લીધા હતા. તેમણે એ ચારેયને એક નૌકાના મુસાફરો કહ્યા છે. એટલું જ નહીં તેમણે તીર્થંકર હોવા છતાં "नमोतित्थस्स" કહીને સંઘને નમસ્કાર કરી એની મહત્તા બતાવી છે; સંઘનું સ્થાન પચ્ચીસમા તીર્થંકર જેટલું બતાવ્યું છે.

## નવા લોક-સેવકો મળી શકશે :

આ વાત જો આજના જૈનસમાજને સમજાઈ જાય તો આજના યુગે આપણે જે સંગઠનો અને તેના ઘડતર તેમજ અનુબંધની વાત કરીએ છીએં તેમાં તેઓ સહાયક બનતા વાર નહીં લગાડે. શ્રી દેવજીભાઈ કહે છે તેમ ધર્મિષ્ઠ શ્રાવકોમાંથીજ સાચા લોકસેવકો નીકળવાના, જેમની દૃષ્ટિ સર્વાંગી અને વ્યાપક હશે અને તેઓ ધર્મમય સમાજની રચનાનું કાર્ય કરશે. આ વાત શકય પણ છે. કારણ કે ગાંધીજીના સમયે ઘણા જૈનો સાચા લોકસેવકો તરીકે બહાર પડ્યા હતા! કચ્છમાં તો મોટા ભાગના જૈનો ખેડૂત પણ છે. પરિણામે ત્યાં જૈનોમાં ઘણીજ ધર્મચુસ્તતા છે. જૈન સાધુ-સાધ્વીઓનો સંપર્ક પણ બહુ સાધે છે. જૈન સાધુઓના આહાર પાણી અને અન્ય જરૂરતો અંગે પણ સતત જાગૃતિ રાખે છે. એવી આજે ત્યાંની સંઘ વ્યવસ્થા છે. એમાં જો રૂઢિને બાદ કરીને સાચા ધર્મનો પુટ આપવામાં આવે. તપસ્યાનો સામુદાયિક ઉપયોગ થાય; ધર્મક્રિયાઓ કે નિયમોમાં યુગાનુરૂપ સંશોધન થાય તો લોકસેવકોની એક નવી પરંપરા ઊભી થવાના સંયોગો જણાય છે.

સંત વિનોબાજીના નિમિત્તે, ગાંધીજી વખતના બબલભાઈ, જુગતરામભાઈ, રવિશંકર મહારાજ, જયપ્રકાશ નારાયણ, શંકરરાવદેવ, અણ્ણા સાહેબ; ધીરેંદ્રભાઈ, દાદા ધર્માધિકારી વગેરે રચનાત્મક કાર્યકરોનું જૂથ મળી ગયું. તેમ વૈદિક સન્યાસીઓ નિમિત્તે તેમના અનુયાયીઓમાં સાધક સાધિકાઓ મળી શકે અને જૈન સાધુ-સાધ્વીઓ નિમિત્તે શ્રાવક-શ્રાવિકાઓમાંથી લોકસેવકોની હારમાળા મળી શકે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સર્વધર્મ સમન્વય અને સર્વાંગી દ્રષ્ટિ :

આજે લોકસેવકો તૈયાર થાય તેમનામાં સર્વધર્મ સમન્વયની ભાવના અને જગતના પ્રશ્નોને સમજવાની સર્વાંગી દૃષ્ટિ હોવી જોઈએ. તેમજ જેમના નિમિત્તે આ લોકસેવકો થાય તે ધર્મગુરુઓએ આ વાતનું મહત્વ તેમના ગળે ઉતરાવવું જોઈએ.

સર્વોદયના રચનાત્મક કાર્યકરો નિયમિત પ્રાર્થના કરતા હશે પણ સર્વધર્મ સમન્વયને સક્રિયરૂપ આપવાની વાત આવે ત્યારે સર્વધર્મનો અભ્યાસ બહુજ ઓછો કરતા હશે. કદાચ એ અંગે બહુ ઓછો સમય પણ આપી શકયા હશે, એમ લાગે છે. એટલા માટે તેઓ સાધુઓની જેમ આત્માની વાત આવે ત્યાં સારી પેઠે કરે પણ રાજકારણનું નામ પડતાં મોઢું મચકોડીને પોતાની જવાબદારીઓમાંથી છટકવાનો પ્રયત્ન કરતા હોય છે. એટલે ધર્મગુરુઓ કે જેઓ અનુબંધકાર તરીકે કાર્ય કરવાના છે તેમણે એનું મહત્વ બતાવી ગળે ઉતરાવવું જોઈએ તો પોતપોતાના ગૃહસ્થ અનુયાયીઓમાંથી લોકસેવકોને ખેંચે તો દેશભરમાંથી રચનાત્મક કાર્ય કરનારાઓનું જૂથ તેમને મળી રહે.

## ૩૦ અનુબંધકાર અને ૮૦૦ લોકસેવકો :

લગભગ પાંચ લાખમાંથી એક સારો કાર્યકર મળે તો ૪૦ કરોડની વસ્તીમાંથી ૮૦૦ લોકસેવકો મળી રહે અને અનુબધનું કામ દેશમાં સારી રીતે ગોઠવાઈ શકે. સાથેસાથ આજના સાધુ વર્ગમાંથી ૨૫ થી ૩૦ ક્રાંતિપ્રિય સાધુઓ મળી રહે તો તેઓ અનુબંધનું કામ ગોઠવવામાં, સંગઠનોની જમાવટ સારી પેઠે કરી ભૂમિકા તૈયાર કરવામાં અનુબંધ વિચારધારા પ્રમાણે ઘણું સંગીન કાર્ય કરી શકે. આટલું થયા બાદ ચણતર અને ઘડતર કરવાનું પ્રત્યક્ષ કામ રચનાત્મક કાર્યકરોનું છે. જેમ સાધુ-સાધ્વી શિબિર યોજીને આ કામની એક ભૂમિકા તૈયાર કરે તેમ શિબિરાર્થીઓ પણ જ્યાં જ્યાં તક મળે ત્યાં શિબિરો યોજીને આ વિચારધારા સમજાવવાનું કાર્ય કરે; સાધુ-સન્યાસીઓને આ યોજના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમજાવે, સાધક-સાધિકાઓને આ કામ માટે જાતે તૈયાર કરે તો આખા દેશમાં સુંદર રીતે કામ થઈ શકે. અનુબંધકારમાં કેવળ સર્વસ્વ હોમવાની તૈયારી જ નહિ પણ તેની સાથે વ્યવસ્થિત રીતે અનુબંધ જોડવાની કળા પણ હોવી જોઈએ. જેથી તે રાજ્યની ડખલ વખતે તેનો પ્રતિકાર કરી શકે અને રાજ્ય ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે.

ગાંધીજીએ રચનાત્મક કાર્યકરોને આશ્રમમાં કૃતબદ્ધ કરી તેમનું ઘડતર કર્યું. તેઓ રાજકારણની શુદ્ધિને પણ રચનાત્મક કાર્ય કહેતા હતા. વિનોબાજી જેવા પવનારમાં એકાંત સાધના કરનારને પણ સત્યાગ્રહ અને રાજકારણ-શુદ્ધિમાં ખેંચ્યા. રાજકારણી લોકોને કાંતવા જેવા રચનાત્મક કાર્યમાં લગાડયા; પ્રાર્થનામાં પણ ખેંચ્યા. પંડિતજી જેવાને પ્રાર્થનામાં ભળવામાં અને રેટીયો કાંતવામા રસ જગાડયો. એ વખતના ગાંધી સેવાસંઘમાં રાજકારણી, અર્થકારણી અને સમાજકારણી ત્રણેય પ્રકારના કાર્યકરોનું સારૂં એવું જોડાણ થઈ ગયું હતું. જો ગાંધીજીએ એને ટકાવી રાખ્યો હોત અને કિશોરલાલ મશરૂવાળાના પ્રમુખપદે સ્થાપીને રાખ્યો હોત તો આજે તેમાંથી ઘડતર પામેલા સર્વાંગી અનુબંધ દૃષ્ટિવાળા સારા કાર્યકરો મળી શકત. પણ કમનશીબે એમ ન થયું. એ વખતે વારંવાર ડખલ થાય અને રાજકારણ મહત્વનું હોઈને તેનું વિસર્જન થયું.

આજે અનુબંધકારે ફરી એવો સંઘ રચવાનો છે. એને પ્રાયોગિક સંઘ એવું નામ આપવામાં આવ્યું છે. આ પ્રાયોગિક સંઘનું સંચાલન ગ્રામસંગઠનની નીચેના ત્રણે મંડળો ઉપર રહેશે. તેમજ શહેરોના માતૃસમાજો, ઊભા કરી લોક-શ્રમિક સંગઠન (મજૂર સંગઠન-ઇન્ટુક)ને નવો વળાંક પણ પ્રાયોગિક સંઘ આપશે.

**આંચકો આપવો-એક વિશેષ યોગ્યતા:** અનુબંધકારની બીજી યોગ્યતા એ હોવી જોઈએ કે જ્યાં આંચકો આપવાની જરૂર લાગે ત્યાં આંચકો આપવો. આંચકો આપવા અંગે કેટલાક કાર્યકરો વિરોધ પણ કરે છે. તેમનું માનવું છે કે માંડમાંડ કોઈ માણુસ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે સંસ્થા પાસે આવે છે ત્યારે તેની ટીકા કરી, આઘાત પહોંચાડી, ભૂલ હોય તો ટકોર કરી તેને છેટા કરવા–ભગાડવા એ હિતાવાહ નથી. પણ આ વાત નવી નથી. અનુબંધકારના જીવનમાં સમૂળી ક્રાંતિ કરવા માટે માનવસમાજને આંચકા આપીને બદલવાનું કાર્ય તો ઠેઠ પ્રાચીનકાળથી થતું આવે છે. ભગવાન મહાવીરથી ગાંધીજી સુધી અને તેની પહેલાં પણ ભગવાન ઋષભદેવના સમયથી સામાજિક નીતિ ન્યાય વગેરેનાં મૂલ્યો બદલવા માટે આંચકા સમાજને અપાયા છે.

પણ, આંચકો આપવાનું રહસ્ય જો લોકોને સમજાવવામાં આવે તો જરૂર તેના પ્રત્યાઘાતો હળવા પડે. સાવરકુંડલામાં ભૂદાન કાર્યકરોને મોટો આંચકો આપવો પડયો હતો. ભૂદાનના ક્વોટાનો સંકલ્પ પૂરો ન થયો અને તેથી આમરણ–અનશન કરવાના મારા નિર્ણયથી આંચકો આપ્યો. તે વખતે શ્રી. માટલિયાજી વગેરેએ સારૂં કામ કર્યું અને એ પ્રશ્ન પતાવી દીધો. તેથી ભૂદાની લોકો રાજી થયા. પણ જ્યારે એવી રીતે કોંગ્રેસના આંચકાની વાત આવે છે ત્યારે કોંગ્રેસના અને તેના પ્રતિ સહાનુભૂતિ દેખાડનારા ઘણા લોકોને એ રૂચતું નથી. એવી જ રીતે કોંગ્રેસને ટેકો આપવાની વાત ઘણા રચનાત્મક કાર્યકરોને ગમતી નથી. આવા સમયે પ્રાયોગિક સંઘ, માતૃસમાજો, પછાતવર્ગ સંગઠન વગેરેમાંથી થોડાક દષ્ટિસંપન્ન લોકોને તારવીને બહાર લાવવા પડશે. એ લોકો આંચકાનું રહસ્ય જાતે સમજી ગયા હોઈ બીજાને સમજાવી શકશે.

**આંચકાના કારણો :** આંચકા આપવા પાછળ બે કારણો છે :—

(૧) નૈતિક લોકસંગઠનોને કે લોકસેવક સંગઠનોને જ્યારે રાજ્ય સંસ્થા કે તેનો કોઈ માણસ અગર વગર દષ્ટિવાળા જનસેવકો તોડી પાડવા માગતા હોય કે નુકશાન પહોંચાડવા માગતા હોય ત્યારે...

(૨) અથવા, એ ત્રણે બળો પૈકીની કોઈ સંસ્થા કે વ્યક્તિ ભૂલ કરે કે સિદ્ધાંતથી વિચલિત થાય ત્યારે...

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દા. ત. કોંગ્રેસને જ્યારે પણ સિદ્ધાંતથી વિચલિત થતી જોઈએ છીએ ત્યારે તેને આંચકા આપીએ જ છીએ. જો કે ઘણા કોંગ્રેસ જૂથના માણસોને ત્યારે એમ પણ લાગે છે કે પ્રાયોગિક સંઘવાળા અમારી સંસ્થાની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડે છે.

પ્રેરક અને પૂરક બળની વાત જ્યારે કરવામાં આવે છે ત્યારે ઉપલી કક્ષાના કોંગ્રેસીઓ તેને સ્વીકારે છે પણ કેટલાક સત્તાના સ્થાપિત હિત વાળા કોંગ્રેસીઓ એમ પણ કહે છે કે અમે પૂરકની વાત તો સ્વીકારીએ છીએ પણ અમને વળી પ્રેરક કોણ? રાજ્ય એજ સર્વોપરિ છે; એની સાથે જ બીજી તરફ વિકેંદ્રીકરણની ગામડાને સત્તા આપવાની વાતો પણ તેઓ જ કરે છે. ભાવને સમજતા નથી અને શબ્દોની સાઠમારી કર્યા કરે છે.

ગાંધીજીના હાથમાં કોંગ્રેસની નાડ હતી. ત્યારે બધા જ કોંગ્રેસીઓ ગાંધીજીની વાત સ્વીકારતા એટલે એક ભાઇએ ગાંધીજીને કોંગ્રેસના સરમુખત્યાર કહીને સંબોધ્યા તો પણ ગાંધીજીએ દુઃખ ન લગાડ્યું. સાચી વાત માટે તેમણે કોંગ્રેસને ઘણા આંચકા આપ્યા છે. સ્વરાજ્ય આવ્યા પછી કંટ્રોલ કાઢવાની તેમની વાત અંગે રાજેન્દ્રબાબુ અને પંડિતજી સુદ્ધાંને ગળે ઊતરતું ન હતું. બાપુએ બધાને ખૂબ સમજાવ્યા પણ ન માન્યા ત્યારે કહ્યું: "તો હું મારો રસ્તો લઈશ!" જો કે એ વખતે સહુને આંચકો તો લાગ્યો પણ કંટ્રોલ કાઢ્યા પછી બધાને થયું કે બાપુની વાત સાચી અને હિતકારક છે.

એવી જ રીતે રાજકોટના રાજા સામે ઉપવાસ કરતી વખતે ઘણા રાજાઓને આંચકો લાગ્યો; બાપુને મારવા માટે તૈયાર થયા અને તેનું ફળ તરત ન દેખાયું. પણ, તેની પ્રતિક્રિયા બીજા રાજાઓ ઉપર પડી. ભાવનગરના રાજાએ બાપુની પાસે આવી પાંચ મિનિટમાં જ રાજ્ય સોંપી દીધું. ત્યારે રાષ્ટ્ર એકતા માટે ભૂમિકા તૈયાર થઈ અને સરદાર વલ્લભભાઈ પટેલે બધા રાજ્યોનું એકીકરણનું જે ઐતિહાસિક કાર્ય કર્યું; તે એના કારણે થઈ શક્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવીજ રીતે અનુબંધકાર રાજ્યસંસ્થા તેમજ રચનાત્મક કાર્યકરોને કેટલાક આંચકા આપશે પણ તે વખતે તેણે ઘણી ધીરજ અને કુનેહથી કામ લેવું પડશે. તેનામાં ખૂબજ શ્રદ્ધા, દ્રઢધૈર્ય અને અતિકુનેહ હોવાં જોઈશે.

જો તે સ્વતત્ર રીતે કામ ઉપાડી શકે તો ભલે સ્વતંત્ર રીતે કામ કરે પણ એવી યોગ્યતા, કુનેહ કે જોખમો ખેડવાની શકિત ન હોય તેણે કોઈની સાથે રહીને કાર્ય કરવું જોઈએ. નહીં તો ગોથું ખાઈ જવાનો ભય ઊભોજ છે. પોતે તૈયાર ન થાય ત્યાંસુધી પાવરધા અનુબંધકારનો સંપર્ક રાખે અને તેના માર્ગદર્શનથી કામ કરે. આમ થવાથી સર્વાંગી ક્રાંતિમાં બન્નેનાં સંયુક્ત બળનો મોટો ફાળો આપી શકાશે.

## ચર્ચા-વિચારણા

### ક્રાંતિપ્રિય સાધુ–સાધ્વીઓ અને ધર્મદૃષ્ટિએ લોકઘડતર :

શ્રી. દેવજીભાઈએ આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "તીર્થંકરો પણ એક અર્થમાં અનુબંધકાર હતા પણ, આજના વૈજ્ઞાનિક યુગમાં દુનિયાના દેશો જેટલા નજીક આવ્યા છે તે પ્રમાણે સર્વાંગી અનુબંધની જરૂર વધારે છે અને તેને દુનિયાના પ્રવાહો સમજીને પ્રયોગમાં લાવવો પડશે. આમ તો ચાર સંગઠનોના અનુબંધની વાત થાય છે. પણ આજના વિશિષ્ઠ સંયોગોમાં લોકસંગઠનના પેટામાં માતૃસમાજો તેમજ શ્રમિક સંગઠનોને પણ અલગ મહત્વ આપી છ સંગઠનોની વાત પણ સમયાનુસાર છે. મહિલાઓ અને પછાતવર્ગનો વિચાર કર્યા વગર આજે ચાલે તેમ નથી. સદ્‌ભાગ્યે ગાંધીજીના પ્રયત્નોથી મજૂર–મહાજન અને ઈન્ટુક જેવા શ્રમિક–સંગઠનો છે. તેમજ પછાત વર્ગ તરીકે વિશ્વની દૃષ્ટિએ આફ્રિકાના દેશોને પણ લઈ શકાય છે. આફ્રિકાની પ્રજા સાથે અનુબંધ જોડાય તેની ભૂમિકા ગાંધીજીએ તૈયાર જ રાખી છે.

ગાંધીજીએ જો કે દરેક ક્ષેત્રમાં નીતિ–ન્યાયનો પૂટ આપવાનો પ્રયત્ન કરેલો પણ એ વખતે રાજકારણ મુખ્ય હોઈ તેમણે એને વધારે મહત્વ આપ્યું પણ હવે બીજા ક્ષેત્રોનું સત્ય–અહિંસા–નીતિ–ધર્મની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દૃષ્ટિએ ઘડતરનું કાર્ય કરવાનું છે. આપણા લોકોમાં ઊંડે આ સંસ્કાર પડ્યા હોઈને તેમ થવું સરળ છે. કોંગ્રેસ રાજકીય સંસ્થા રૂપે રહી છે; અને રચનાત્મક કાર્યકરોની સંસ્થા ગાંધી સેવાસંઘ જેવી સર્વાંગી નથી બની; એટલે તેમાં વિશાળ વ્યાપકતા અને ઉંડાણનો સંયોગ મળ્યો નથી. એથી દરેક વસ્તુને ધર્મની દૃષ્ટિએ સમજાવવાની કળા શીખવાની બાકી રહે છે. એ માટે ધર્મસંસ્થાના ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વી, સન્યાસીઓ તેમજ ધર્મજીવીઓએ લોકોના ઊંડા સંપર્કમાં આવવું પડશે. લોકો-ગામડાના લોકો-વિશેષ રૂપે, ધર્મ પ્રતિ આકર્ષાય છે; એવું મને અનુભવ ઉપરથી લાગ્યું છે. એટલે જ ભલે આજના ધર્મનાયકોમાં વિશાળ વ્યાપકતા ન હોવા છતાં પણ લોકો ભજન-કીર્તન કે પ્રવચન નિમિત્તે આકર્ષાય છે. જો તેમને ઊંડી સમજણપૂર્વક કહેવામાં આવે તો તેઓ સમજે પણ છે.

એક દાખલો ટાંકું :—એકવાર કચ્છના એક ગામડામાં એક ભાઈ એ આર્થિક દૃષ્ટિએ વાછરડાને ખસ્સી કરવાની વાત કરેલી. ત્યારે લોકો ઉશ્કેરાઈને ચાલ્યા ગયેલા.

હું તે ગામમાં ગયો અને મેં ધર્મની દૃષ્ટિએ એ જ વાત તેમને ધીરેથી કહી. "ગાયને તમે માતા કહો અને તેના વાછરડાંને ઓકીને કાઢી મૂકો. તે આંખલો બનીને સહુને રંજાડતો ફરે તો એ સારૂં છે કે કેમ? આજે આર્થિક દૃષ્ટિએ આખલા પાળવા મુશ્કેલ છે. ત્યારે બીજા લોકો એને પકડીને એની ખસ્સી કરે એમાં તો શ્રાવકના પંદર વર્જિત કર્માદાનમાં "निलंछणकम्मे" દોષ લાગે; પણ અપવાદ રૂપે જો આપણે જાતે કરીએ અને બળદ બનાવીએ તો તેમાં પહેલા વ્રતના અતિચાર તરીકે છુટ પણ રાખી શકાય."

તેઓ વિચારમાં પડી ગયા.

મેં તેમને વધારામાં કહ્યું : "જૈન તત્ત્વજ્ઞાન ઝીણવટભરી અહિંસાની વાત કરે છે પણ તે વહેવાર અને સિદ્ધાંતનો તાળો મેળવી આપે છે. એટલે જ તેણે યંત્રોની અપેક્ષા ખેતીમાં અલ્પારંભ કહ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે શ્રાવક ખેતી કરે તો પશુ અનિવાર્ય બને. અને બળદને ખસ્સી કરવા જેવા પ્રશ્નો ઉદ્દભવે જ. અગાઉ ખેતી કરતાં ગોપાલન વધારે હતું. હજાર હજાર ગાયોના ધણ શ્રાવકોને ત્યાં રહેતા પણ હવે ખેતી વધારે છે અને તેના પ્રશ્નો એ રીતે જ ઉકેલવાના છે."

તેઓ ખુશ થયા. જે વાત માટે તેમણે અગાઉ ના પાડેલી તે માટે રાજી થયા.

ટુંકમાં એવીજ રીતે દરેક વાતને ધર્મગ્રંથો રામાયણ, મહાભારત, ગીતા, જૈન આગમો વગેરેમાંથી ઘટાવીને ધર્મગુરુઓએ કહેવી જોઈએ. એમ અભ્યાસ પાડવાથી તેઓ બીજાને પણ એ રીતે તૈયાર કરી શકશે.

**અનુબંધકાર એટલે દરેકને સાંધનાર :**

**શ્રી. પૂંજાભાઈ :**—"જેમ બધી નદીઓનું પાણી સાગરમાં મળવા છતાં સાગર છલકાતો નથી એવીજ રીતે અનુબંધાકારે સાગરની માફક ધીર ગંભીર રહેવું પડશે. દેશ અને દુનિયાની વાતોના એણે જાણકાર રહેવું પડશે. એનું જીવનજ લોકોના વિશ્વાસ અને આનંદનું ધામ રહેશે.

આજે લોકો વધુ જાગૃત, શિક્ષિત તેમજ જગતના પ્રવાહોને જાણકાર બન્યા છે. ત્યારે સાધુઓમાં એ પ્રમાણમાં ઊંડા અને વ્યાપક ગુણો દેખાતા નથી. તેમજ લોકો ક્યાંક પાખંડ કે પોલ જુએ છે એટલે તે બધા સાધુઓને એજ રીતે શંકાની નજરે જુએ છે. એટલે અનુબંધકારે સર્વાંગી, સત્યશીલ અને વ્યાપક થવું પડશે.

જેમ ડીસમીસ કે પાનું યંત્રના દરેક ભાગને સાંધવાનું કામ કરે છે તેમ અનુબંધકાર દેશ અને દુનિયાના તમામ બળોને સાંધશે.

**આંચકા વહાલાઓનેજ આપવા પડશે :**

**શ્રી. દેવજીભાઈ :**—'સવારે પૂ. મહારાજ સાહેબે કહ્યું તેમ એ માર્ગે વહાલાંઓને પણ અનેક આંચકા આપવા પડશે. બચાઉનાં ચા બંધ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરાવવા માટે થોડીક જાણી કરીને આડખીલી કરતા. તેવા તત્ત્વોની સામે શુદ્ધિ પ્રયોગ શરૂ કર્યો. એટલે એ તત્ત્વોએ મારી બળદને ખસ્સી કરવાંની વાતનો વિરોધ જોરશોરથી શરૂ કર્યો. મને નાત બહાર કાઢવા સુધી એ પહોંચ્યા પણ મેં કહ્યું: "ભલે તમે ખુશીથી બહાર કાઢો; જો અમારી વાત સાચી ન હોય તો." જ્યાં સત્ય અને તે પણ વહેવારૂ સત્ય હોય તો લોકો આપમેળે શાંત બને છે. પ્રારંભમાં ખળભળાટ જરૂર થાય છે અને ક્યારેક "એકલો જાને રે"ની પરિસ્થિતિ પણ આવીને ઊભી રહે છે. પણ સત્ય આપણી પડખે હશે તો અવ્યક્ત બળ આપણી સાથેજ રહેશે. સમાજના સાથની દૃષ્ટિ ને મુખ્ય સ્થાન આપવા જશું તો પાછળ પડી જશું. જો કે એ પણ અપેક્ષનીય તો છેજ. કયારેક ટોળાં ઊભરાશે અને ક્રાંતિનો નાદ થતાં બધા વિખેરાઈ જતાં એકલા થઈ જવું પડશે. ગાંધીજી પણ નોઆખલીમાં એકલા હતા ને? એટલે અવ્યક્ત બળના આધારે આગળ વધનારની પાછળ જગત તો આવશે જ તે સત્ય તરફ આકર્ષાયા વગર નહીં રહે.

અનુબંધકારને તો વાવેલાં બીજનાં ફળોનો લાભ મળે કે ન પણ મળે! તેના માટે તો અવિરત કાર્ય મુખ્ય વસ્તુ છે. મને એક ભાઈ કહે: "વર્ગમાં જૈન સાધુસાધ્વીઓ ધાર્યા પ્રમાણે ન આવ્યા; તેથી સંતબાલજીના મન અને તન પર અસર થઈ જણાય છે?"

સંતબાલજીને જેઓ કંઇકે ઓળખે છે; તે બરાબર જાણે છે કે અનુબંધકારની અદ્દાથી તેઓ અવિરત ચાલ્યા જ જાય છે...ચાલ્યા જ જાય છે. તેમનું રૂંવાડુંયે એ રીતે ચળતું નથી. કેટલાક વળી પરીક્ષા કરવા આવે છે પણ તેઓ પરીક્ષા આપીને જાય છે. અને એકવાર સત્ય સમજ્યો તેને આ માર્ગે વળ્યા વિના છૂટકોજ નથી.

**સાહુનો અનુબંધ :**

**પૂ. નેમિમુનિ :** "ગાંધીજી ખરેખરા અનુબંધકાર હતા. કોંગ્રેસમાં ઓતપ્રોત બન્યા કે છુટા થયા; છતાં આંચકા આપી આપીને પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છેવટે તો કોંગ્રેસનેજ ટેકો આપ્યો. તેમણે કહ્યું: " હું એમાંથી નીકળી ગયો, સરદાર નીકળી જશે કે પંડિતજી નીકળી જશે તો પણ કોંગ્રેસ મરવાની નથી. એ વચનજ કોંગ્રેસના મજબૂત પાયા વિષે કહી જાય છે. તેમાં શુદ્ધિ, વૃદ્ધિ તો કરવી જ પડશે; આંચકા પણ આપવાજ પડશે કારણ કે અનુબંધ પ્રમાણે રાજ્યનું સ્થાન છેલ્લું છે. તે આગળ ન જાય તેમણે આંચકા આપવા જ પડશે.

વિદુરની જેમ રાહતનાં કામોમાં રચનાત્મક કાર્યકરો પડશે કે આંખ આડા કાન કરશે તો અનુબંધકારનું કામ મુશ્કેલ બની જશે. કારણકે અનુબંધકારના મુખ્ય સહાયકો ધર્મના પાયાવાળા રચનાત્મક કાર્યકરો જ હશે.

દુર્ભાગ્યે ગાંધીજીના સાથી લેખાતા કાર્યકરોમાં પણ ઘણી વાર છીંછરી અહિંસા દેખાય છે. અમદાવાદમાં શ્રી. મોરારજીભાઈની સભામાં સન ૧૯૫૬માં અમે સભામાં જતા હતા તો રચનાત્મક કાર્યકરો પૈકીના ચુનંદા ગણાય તેવા ભાઈઓએ અમને રોકીને કહ્યું : " સભામાં જવાથી લોકો ઉશ્કેરાશે ! "

શું અમે હિંસાને ટેકો આપવા જતા હતા? તોફાનોની હિંસાને મચક આપવા માટે જ જવાનું હતું. જો તેમ ન કરીએ અને તોફાનોને મોકળો દોર આપીએ તો લોકોની રક્ષા કઈ રીતે થાય? શાંતિસેના અને સત્યાગ્રહની વાતો હવામાં રહી જાય!

આથી જ મને લાગ્યું છે: " અનુબંધકારનો ઘણા ઉપહાસ પણ કરશે. ત્યાં તેણે અને તેના સાથીઓએ અટલ રહેવાનું છે. રચનાત્મક કાર્યકરોએ તે વખતે અનુબંધકારને સાથ આપવો પડશે. આમ થાય તો ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ અને રચનાત્મક કાર્યકરોના સંયુક્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રયાસથી આ રોકેટ યુગમાં કઠણ કાર્ય પણ સરળ થઈ પડશે. અનુબંધકારે પણ; આજે સાથ આપનારા અને ક્ષણ પછી વિરોધે ચઢે તો યે તેમની પરવાહ કર્યા વગર આગળ વધવાનું છે.

અનુબંધકારની યોગ્યતા અને સફળતા માત્ર બાહ્ય કસોટીથી નહીં મપાય પણ તેની જાગૃતિ, પ્રયાસ અને લોકદષ્ટિને સાથે રાખવાની ભાવના છતાં મુખ્યપણું સિદ્ધાંતને અપાય છે કે કેમ તે પરથી જોવાશે.

રશિયા, ઇગ્લાંડ, ફ્રાંસ વ. ની ઔદ્યોગિક ક્રાંતિમાં આપણે જોયું કે આ બધું નહોતું. તેથી ત્યાં એકાંગી ક્રાંતિ થઈ અને હિંસા-જૂઠ વગેરેનો આશ્રય લેવાયો. રાજ્યસત્તા કે મૂડીદ્વારા સર્વાંગી ક્રાંતિ અને સુસંસ્થાઓનો અનુબંધ થઈ શકે નહીં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વિશ્વવત્સલ સંઘનું સ્વરૂપ [૧૭]

મુનિશ્રી સંતબાલજી ] [ ૨૧-૧૧-૬૧.

અનુબંધ વિચારધારાના મૂળ મુદ્દાના સંદર્ભમાં વિશ્વવત્સલસંઘનું સ્વરૂપ એ અંગે અત્રે વિચારવાનું છે. અનુબંધ વિચારધારા અંગે વિચાર કરતા કરતા સર્વાંગી દૃષ્ટિવાળા લોકસેવકો, ક્રાંતિપ્રિય સાધુસાધ્વીઓ, અનુબંધકાર, સર્વાંગી ક્રાંતિકાર એ શબ્દો આવી ગયા છે. પણ 'વિશ્વવત્સલ સંઘ'ની વાત કરતાની સાથે એ બધાથી પણ ઉચ્ચ સર્વોચ્ચ આરાધકની કલ્પના આકાર પામે છે. વિશ્વવાત્સલ્યના સર્વોચ્ચ આરાધકને જેને જગતના પ્રત્યેક જીવો પ્રતિ સતત વાત્સલ્યભાવ રહે અને એ વાત્સલ્યભાવ રેડવા માટે જે પોતાની જાતને અલગ વ્યક્તિ તરીકે મટાવી જગત આખાનો બની જાય એ વિશ્વવત્સલ છે. તેવા આરાધકોનો સંઘ એ 'વિશ્વવત્સલ સંઘ' છે. આ એક સર્વોચ્ચ કક્ષા છે આત્માની.

**વિશ્વવત્સલ સંઘ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ:** વિશ્વવત્સલ સંઘ શું છે એનો ખ્યાલ જ્યાંસુધી સંપૂર્ણ પણે ન થાય ત્યાંસુધી બીજાં બળોને સાંકળવાનું કર્તવ્ય સુઝે નહીં. ઘણીવાર લોકો વિશ્વવાત્સલ્ય-પ્રાયોગિક સંઘને અને વિશ્વવત્સલ સંઘને એક સમજી જાય છે. પણ, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ વિશ્વમાં વાત્સલ્યનો પ્રયોગ કરનાર એક બળ છે; તે વિશ્વવત્સલ સંઘનો પ્રત્યક્ષ પ્રયોગ કરવા માટેનું વાહન છે.

વિશ્વવત્સલ સંઘ ગ્રામ્ય પ્રાયોગિક સંઘ અને વિશ્વવાત્સલ પ્રાયોગિક સંઘ એ બન્નેને સાંકળનારૂં બળ છે તેમજ માનવ જીવનના બધાં ક્ષેત્રોમાં નૈતિક સંગઠનો દ્વારા ધર્મદષ્ટિએ સમાજ રચના કરવાનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માર્ગદર્શક બળ છે. તેના માર્ગદર્શનથી વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ હાલમાં તો શહેરોમાં માતૃસમાજો ચલાવે છે અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રના સાંસ્કૃતિક અને સામાજિક પ્રશ્નો એના દ્વારા હાથ ધરાશે. વિશ્વવત્સલસંઘના માર્ગદર્શનથી ગ્રામ્ય પ્રાયોગિક સંઘ (ભાલનળકાંઠા વગેરેના પ્રાયોગિક સંઘો) લોકસંગઠનો ઘડશે અને ધીમે ધીમે ગ્રામ્ય પ્રજામાં નૈતિકતા જાગૃત કરી, વિશ્વના ગામડાંઓ માટે એક આદર્શ ઉપસ્થિત કરશે તેમજ એ આદર્શ વડે અહિંસા અને સત્યના આધારે જીવતો માનવસમાજ રચવા પ્રેરણા આપશે.

**વિશ્વવત્સલ સંઘનો વિચાર :** મારા સમૌન એકાંતવાસ વખતે વિશ્વવત્સલ્યસંઘનો વિચાર આવ્યો હતો પણ તે વખતે એનો વિચાર અસ્પષ્ટ હતો. ત્યારબાદ ભાલ નળકાંઠા વગેરેમાં ધર્મ દૃષ્ટિએ સમાજ રચનાના પ્રયોગ પછી એ વિચાર વધારે સ્પષ્ટ થયો. પ્રયોગો કર્યા બાદ જ એ વિશ્વવત્સલ–સંઘ અસ્તિત્વમાં આવે એ દૃષ્ટિએ એક રીતે તો એની સ્થાપના થઈ ચૂકી એમ સમજવું જોઈએ.

લગભગ ૬ વર્ષ પહેલાં રાજસ્થાનથી મુનિશ્રી ડુંગરસિંહજી અને મુનિશ્રી નેમિચંદ્રજી ભાલનાળ કાંઠા પ્રયોગ જાણવા, જોવા અને સાધુ જીવન સાથે એનો અનુબંધ સમજવા માટે આવ્યા હતા. બધું સમજ્યા પછી એમણે પોતાના સંપ્રદાય, વેશ, દીક્ષા–ગુરૂ વગેરે છોડ્યા વગર એ પ્રયોગ પ્રત્યે તેમજ મારા પ્રત્યે આંતરિક શ્રદ્ધા પ્રગટ કરી. મુનિશ્રી ડુંગરસિંહજીનો સ્વર્ગવાસ થયો. તેઓ પ્રકૃતિના સરળ, જિજ્ઞાસામાં બાળક જેવા હતા. તેમણે મુનિશ્રી નેમિચંદ્રજીને આ બાજુની શ્રદ્ધા વિશેષ રૂપે જગાડી હતી. આ તકે એમની યાદી સહેજે આવી જાય છે. આમ હું (સંતબાલજી), સ્વ. ડુંગરસિંહજી મુનિ તેમજ મુનિશ્રી નેમિચંદ્રજી ત્રણે તો એ સંઘમાં આવી ચૂકયા સમજો.

સવાલ રહે છે, આ શિબિરમાં આવેલા બીજા સંન્યાસીઓનો એમાં યોગ્યતા વિષે વિચાર કરવો જોઈશે. દંડી સન્યાસી શ્રી. ગોપાલસ્વામીજી આ સર્વાંગી વિચારથી આકર્ષાઈને જ શિબિરમાં આવ્યા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એમણે પરોક્ષ રીતે વિશ્વવાત્સલ્ય વિચારનું સાહિત્ય પણ વાંચ્યું છે. તમારામાંના ઘણા સાધકો અને સાધિકાઓને વિશ્વવાત્સલ્ય વિચાર ધારાનો પરિચય થઈ ગયો હશે એમ માનું છું. તેમજ વિશ્વવાત્સલ્ય વિચારની સર્વોચ્ચ આરાધના કરનાર કોણ હશે એ મંથન પણ કદાચ મનોમન ચાલતું જ હશે. તેમને – સાધક – સાધિકાઓને એટલું જ જણાવવાનું કે વિશ્વવાત્સલ્યના સર્વોચ્ચ આરાધકોના સંઘને જ **વિશ્વવત્સલ સંઘ** કહેવાનો છે. ઉપર બતાવ્યું તે પ્રમાણે આ એક વિચાર માત્ર નથી – આદર્શ રૂપે નથી પણ તે વહેવાર રૂપે વ્યવસ્થિત – વ્યાપક ક્યારે બને એ હજુ ચોક્કસ નથી. સંભવ છે કે ધીમે ધીમે એ વ્યવસ્થિત રૂપ પકડે.

આમ તો આપણે ક્રાંતિપ્રિય સાધુ – સન્યાસી, અનુબંધકાર અને સર્વાંગી ક્રાંતિકાર અંગે જુદી જુદી રીતે વિચારી ગયા છીએ. એટલે કે અનુબંધકાર અગર ક્રાંતિપ્રિય સાધુ – સન્યાસીમાં કંઈક ફરક છે કે વિશ્વવત્સલમાં એ બધા આવી જાય છે? અથવા વિશ્વવત્સલ એથી પણ કંઈક વિશેષ છે. મારા નમ્ર મતે ગીતામાં જેમ સ્થિતપ્રજ્ઞ, ત્રિગુણાતીત, જ્ઞાની અને ભક્તની જે વાતો શ્રીકૃષ્ણે અર્જુનને જુદી જુદી રીતે સમજાવી છે અને અંતે બધા એક યા બીજા પ્રકારે એક જ છે તેમ આ બધા એક યા બીજી રીતે એક જ છે.

**વિશ્વવત્સલ સંઘના ૧૦ ગુણો** :—વિશ્વવત્સલ તરીકે જે વ્યક્તિ હોય તેના પણ અલગ અલગ ગુણો કયા હોવા જોઈએ તે આપણે જોઈ જઈએ. આ ગુણો જે વ્યકિતમાં હોય તે વિશ્વવત્સલ્ય સંઘમાં આવી શકે છે. અનુબંધકાર કે ક્રાંતિકારમાં પણ આ ગુણો હોવા જોઈએ એમાં કાંઈ કહેવાનું રહેતું નથી.

આ દશ ગુણો આ પ્રમાણે છે:—

**(૧) અવ્યક્તબળમાં અપાર શ્રદ્ધા** : વિશ્વવત્સલને સર્વ પ્રથમ અપાર શ્રદ્ધા અવ્યક્તબળમાં હોવી જોઈએ. એ અવ્યક્તબળને આપણે "**ૐ મૈયા**" કહીએ છીએ. જગતમાં વાત્સલ્ય ભાવ ભરનારી – જીવનને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વૃદ્ધિ કરનારી એ શક્તિને આપણે એ રૂપે ઓળખીએ છીએ [ આ અંગે વધુ જાણવા માટે શિબિર પ્રવચન પુસ્તક-૧ જુઓ. ] જીવન અને જગતનો તે એક મહાનિયમ પણ છે. ચારેબાજુ અંધકાર છવાયો હોય તેવા સમયે વિશ્વવત્સલ વ્યક્તિ, પ્રકાશનું કિરણ જોઈ શકે છે; તેનું કારણ અવ્યક્તબળમાં અપાર શ્રદ્ધા છે.

મને પોતાને, સમૌન એકાંતવાસ વખતે અને જાત અનુભવોમાં તેની પ્રતીતિ થઈ છે. ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ કર્યા પછી તો મારી શ્રદ્ધા અનેક અનુભવોને અંતે વધી જ છે. ઘણા શ્રદ્ધાળુ લોકો જેને સાક્ષાત્કાર કહે, તેવો સાક્ષાત્કાર એ કદાચ ન હોય, પણ અવ્યક્ત "ૐ મૈયા"ની અવ્યક્ત રીતે મદદ મળ્યાના સાક્ષાત્કાર રૂપે અનુભવો થયા છે.

ગાંધીજી એ અવ્યકત બળને " સત્ય " કહેતા. ધર્મની ભાષામાં "રામ" કહેતા. તેના સાક્ષાત્કાર રૂપે મદદ મળ્યાના ઘણા અનુભવો છે.

આ અનુભવો જુદી જુદી રીતે થાય એવો સંભવ છે. સંતબાલને એકરીતે, મુનિનેમિચંદ્રજીને બીજી રીતે તો ગોપાલસ્વામીજીને ત્રીજી રીતે થઈ શકે. આમ જુદી જુદી રીતે અનુભવો થવાથી ગભરાઈ જઈને શ્રદ્ધા મૂકવાનું કોઈ કારણ નથી. તે માટે અપાર શ્રદ્ધા રાખીને અંત સુધી અડગ રહેવું જોઈએ.

ભગવાન મહાવીરને તો અવ્યકતબળ પ્રત્યેની શ્રદ્ધાના ઘણા અનુભવો થયા હતા તે વાત આપણે એક વખત તેમનો જીવન પ્રસંગ વર્ણવતાં કહી ગયા છીએ.

બુદ્ધ ભગવાને ૬ વર્ષ લગી કઠોર તપ કર્યું. દેહદમન કર્યું અને તેમણે સ્વશરીરને હાડકાનું માળખું બનાવી મૂકયું. છતાં અવ્યક્ત બળના સાક્ષાત્કારની એવી જ તાલાવેલી છે. અતૂટ શ્રદ્ધા સાથે તેઓ આગળને આગળ વધતા જઇ રહ્યા છે. જ્યાં સુધી સત્યનાં દર્શન ન થાય ત્યાં સુધી જંપતા નથી. એક વખત તેઓ ધ્યાનમાં બેઠા હોય છે કે તેમને સત્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દર્શન માટે જે તત્ત્વ ખૂટતું હતું તે મળી જાય છે. અવ્યકત બળ તેમને એનો સાક્ષાત્કાર કરાવે છે. તે વખતે એક વારાંગના આવે છે અને તેમને સત્ય દર્શન થાય છે. કયાં વારાંગના અને કયાં ભગવાન બુદ્ધ ? પણ અવ્યકત બળ ગમે તેવા માધ્યમ વડે પ્રેરણા, અનુભવ કે સાક્ષાત્કાર કરાવે છે એમ માનવું પડે છે.

ભગવાન રામને વનવાસ વખતે અવ્યકત બળ ઉપર અપાર શ્રદ્ધા હતી. તેથી જ ચૌદ વર્ષ લગી અનેક સંકટો વચ્ચે તેઓ અડોલ રહી શકયા. અનેક અપરિચિત જનો એમના મદદગાર બની ગયા. એની કલ્પના પણ તેમને અગાઉ ન હતી. સુગ્રીવ અને વિભીષણના તો એ વગર રાજયના રાજા બની ગયા.

ભગવાન કૃષ્ણના જન્મ વખતે કારાગારમાં કોણ સહાયક હતું ? એવી જ રીતે કંસ, જરાસંધ અને શિશુપાલે તેમને મારવા માટે અનેક ઉપાયો અજમાવ્યા ત્યારે કોણ અવ્યકત રીતે સહાયક હતું ? જે ગોપ અને ગોપીઓને તેઓ જાણતા પણ ન હતા તે જ એમના ભકત બની જાય છે. આમ અવ્યકત બળની મદદનો સાક્ષાત્કાર શ્રી કૃષ્ણને થયો હતો.

૧૯૪૩માં ગાંધીજીએ ૨૧ ઉપવાસ કર્યા હતા. તે વખતનો એક પ્રસંગ છે. '૪૨ની ઓગસ્ટમાં તેમને તથા તેમના સાથીઓને પકડીને જેલમાં પૂરી દીધા હતા. એક બાજુ તોફાન અને બીજી બાજુ દમન ચાલતું હતું. કેટલાક સમાજવાદી નેતા ભૂગર્ભમાં ચાલ્યા ગયા હતા. બધું કર્યું-કરાવ્યું ધૂળભેગું થતું હતું ત્યારે ગાંધીજીને મંથન જાગ્યું કે મારે શું કરવું જોઈએ. એ મંથનમાંથી ૨૧ ઉપવાસની સ્ફૂરણા થઈ. સાથે સાથે તેમનો એ વિચાર પણ દઢ થયો કે "મારે અત્યારે મરવું નથી!" પણ રાષ્ટ્ર ઉપર આ આફતના સમયે પ્રભુ પાસે ૨૧ ઉપવાસ કરી આત્મબલિદાન આપ્યા સિવાય છૂટકો નથી. એ ઉપવાસમાં તેમણે લીંબુના પાણીની છૂટ રાખી હતી. એમના ઉપર તે વખતે ઘણા પ્રહારો થયા, આક્ષેપો આવ્યા પણ એમાંથી હેમખેમ પાર ઉતરી ગયા. આની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાછળ જે તત્ત્વ કામ કરતું હતું તે અવ્યક્ત બળ પ્રત્યેની અપાર શ્રદ્ધા જ. કોઈ પણ ન હોય; મદદે પણ ન આવે, તોયે આ શ્રદ્ધા ખાલી જવાની નથી.

" स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् "

એટલે કે એ ધર્મશ્રદ્ધાનો થોડો ભાગ પણ મહાન ભયથી બચાવે છે. વિશ્વવત્સલની શ્રદ્ધા તે માત્ર તર્ક–બળ નથી પણ ચોમેર સંકટના વાદળાંઓ વચ્ચે ટકાવી રાખતું અખૂટ પ્રવાહબળ છે.

**( ૨ ) સમષ્ટિ સુધી સર્વાંગી પ્રયોગ કરનાર :** વિશ્વવત્સલનો બીજો ગુણ એ છે કે તે સર્વાંગી પ્રયોગો કરનારો હોય છે. તે વ્યક્તિથી લઈને સમાજ સુધી તેમ જ સમષ્ટિ સુધી એટલે કે માનવ અને માનવ સિવાયના બીજા જીવો સુધી પ્રયોગ કરતો હોવો જોઈએ.

ભગવાન મહાવીર, ભ. રામ વગેરેના જીવનમાં તો આ વસ્તુ આપણે જોઈ ગયા છીએ. મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ એવા ઘણા પ્રસંગો બન્યા છે જેમાં વનસ્પતિ, પૃથ્વી, પાણી તેમજ અન્ય જીવો પ્રતિ તેમની કેટલી આત્મીયતા હતી તે બતાવી આપે છે.

એક વખત ગાંધીજી આશ્રમમાં પ્રાર્થનામાં બેઠા હતા. ત્યારે એક સર્પ પાછળથી આવી તેમની પછેડીમાં સંતાઈ ગયો. ગાંધીજીને કશો ખ્યાલ નહતો. જ્યારે સર્પે ડોકું કાઢ્યું ત્યારે રાવજીભાઈએ જોયું. તેઓ બાપુ સામે વારેવારે જોતા હતા.

બાપુએ પૂછ્યું : " શું છે ? "

તેમણે કહ્યું : " સર્પ છે... પણ આપ જરાયે હલશો નહીં. "

પ્રાર્થના પત્યા પછી રાવજીભાઈ પછેડી ઉપાડી, સર્પને એકાંતમાં છોડી આવ્યા. તે વખતે કાકા કાલેલકરે તેમને પૂછ્યું : " બાપુ ! આપને આવા ટાંણે કેવા વિચારો આવ્યા ? "

બાપુએ કહ્યું : શરૂઆતમાં તો મને એમ થયું કે સર્પ દંશ દેશે એટલે દેહભાન થયું. " ગાંધીજીનું દેહભાન એટલે માત્ર પોતાનું શરીર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાચવવા પૂરતું નહીં, પણ આ દેહથી હજુ ઘણું કામ કરવાનું છે માટે સમાજ સેવા માટે શરીર ટકે તેવા પ્રકારનું દેહભાન હતું. " પછી સાથે સાથે એ પણ વિચાર આવ્યો કે મારૂં મૃત્યુ સહજ આવતું હોય તો મને શા માટે વાંધો હોવો જોઈએ? એક દિવસે તો આ દેહ પડવાનોજ છે. પણ બિચારા સર્પને કોઈ મારે નહીં. કોઈ સાપના કરડવાથી મરે તો લોકોનો તેના તરફ રોષ વધી જાય છે. તેને મારી નાખે છે: માટે એને ન મારવાની ભલામણ કરવાનો વિચાર આવ્યો હતો" ગાંધીજીની સર્પ પ્રતિ કેટલી આત્મીયતા હતી?

એટલે જે વિશ્વવત્સલ હોય છે તે પ્રાણી માત્રનું હિત ચિંતવવાનો સતત પ્રયોગ કરે છે. અનાયાસે આયાસે પણ કરે છે. જો સમષ્ટિનો વિચાર માનવમાં નહોય તો માનવસમાજ માટે અનેક નાના પ્રાણીઓનો ભોગ લેવાય. અલબત્ત એમાં કોને પહેલાં બચાવવું અને કોને મૂકવું એમાં વિવેક તો કરવો જ જોઈએ. જ્યાં અનિષ્ટ થતુ હોય ત્યાં થોડા અનિષ્ટથી પતતું હોય તો તે બાબત ક્ષમ્ય છે પણ આ બાબત અનિષ્ટોને ઘટાડવાની દિશામાં જવા માટે સૂચક થઈ શકે. માણસોના વ્યક્તિગત સ્વાર્થ માટે એ નિયમ લાગુ ન પાડી શકાય.

પશ્ચિમમાં એક એવો સિદ્ધાંત છે કે Greatest good of greatest member એટલે કે ઘણા માણસોનું ઘણું ભલું થવું જોઈએ. આપણે ત્યાં "બહુજનહિતાય, બહુજનસુખાય" જેવુંજ તો એ મૂળમાં છે. પણ ત્યાંના લોકોએ એ રીતે ઘટાવ્યું છે પોતાના વધારે માણસોના હિત માટે જો થોડાક માણસોનો ભોગ લેવાતો હોય તો લેવો. એટલે કે ગરીબ માણસોના ભોગે પૈસાદારો મોજશોખ ભોગવે એવું તેમણે તારવ્યું. આ સિદ્ધાંતના કારણે, અમેરિકામાં યુરોપિયનોએ ત્યાંની ૯૦% વસ્તીને સાફ કરી નાખી; પોતે ત્યાં વસ્યા અને પછી લોકશાહીનો વિચાર કરવા લાગ્યા. એટલું સારૂં થયું કે અબ્રાહમ લિંકન, અને વોશિંગ્ટન જેવા માણસો ત્યાં થયા અને તેમણે લોકોનાં શોષણને અટકાવવાનો પ્રયત્ન કર્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આમ વિશ્વવત્સલ બને ત્યાં સુધી કોઈનો કોઈના માટે ભોગ ન અપાય એ અન્યાયને નિવારવાનો પ્રયોગ કરતોજ હોય છે. સમષ્ટિ સુધી પહોંચવાનો એનો આ બીજો ગુણ છે.

**(૩) અહિંસાનો સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચાર :** વિશ્વવત્સલનો ત્રીજો ગુણ એ હોય છે કે તે અહિંસાનો સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચાર કરતો હોય. આમ તો સમષ્ટિ સુધીના વિચારમાં આ વાત એક અંશે આવી જાય છે પણ અહીં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારની રીતે અહિંસાનો બીજો અર્થ લેવાયો છે. તે એ કે, મન, વચન અને કાયાથી હિંસા કરવી નહીં, કરાવવી નહીં અને કરતાનું સમર્થન પણ ન કરવું. અહિંસાનો આ એકાંગી અને નિષેધાત્મક અર્થ થાય છે. ત્યારે તેની પણ બીજી બાજુ નિષેધાત્મક છે. તે એ કે મન, વચન અને કાયાથી અહિંસાનું પાલન કરવું, કરાવવું અને અહિંસા પાળનારનું સમર્થન કરવું. અહિંસાનો આમ સંપૂર્ણ વિચાર થતાં, તેમાં સેવા, ક્ષમા, દયા, કરૂણા, પ્રેમ, વાત્સલ્ય તેમજ સહાનુભૂતિ, આત્મીયતા સહયોગ, ન્યાય વગેરે આવી જાય છે.

આજે ને આજે સૂક્ષ્મ અહિંસા સુધી ન જઈ શકાય, પણ એનું લક્ષ્ય એ હોવું જોઈએ, આ વાત થાય છે ત્યારે જૈનધર્મની ભવ્ય સ્મૃતિ આવી જાય છે. ત્યાં આવી રીતની સૂક્ષ્મ અહિંસાનો ખૂબ વિચાર કરવામાં આવ્યો છે. પણ અગાઉ જણાવવામાં આવ્યું કે અહિંસાનો કેવળ એકાંગી કે નિષેધાત્મક અર્થ ઘટાવવામાં આવતાં, તે એકાંગી અને નિવૃત્તવાદી બની ગઇ છે. એમાંથી દંભ, બીજી તરફ નફરત, ઈર્ષા, દોષદૃષ્ટિ વગેરે દુર્ગુણો પાંગર્યા છે.

જૈન ધર્મની અહિંસામાં તો એટલી ઝીણવટથી ઉચ્ચ સાધકને ચાલવાનું હોય છે કે અમૂકને કોઈએ માર્યો તો એ વાત સાંભળીને; મન કે વાચાથી જો એમ આવી જાય કે "સારૂં થયું. એજ લાગનો હતો!" તો એવો વિચાર માનસિક હિંસા થઈ અને ઉદ્ગાર વાચિક (વચનની) હિંસા થઇ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગાંધીજી આ બાબતમાં ખૂબ ઝીણવટથી અનંત નિરીક્ષણ કરતા હતા. જ્યારે તેમણે રાજકોટના રાજવી સામે આમરણાંત અનશન કર્યું તે વખતે ૨૧મે ઉપવાસે તે પ્રશ્ન પતી ગયો. સરદારની વાત સાચી ઠરી. રાજસ્થાન આંદોલનને ટેકો મળ્યો. મોરિસગ્વાયરે આપેલ ચૂકાદો ગાંધીજીના પક્ષમાં આવ્યો પણ ગાંધીજીએ એમાં પાયાનો દોષ જોયો. "મેં વીરાવાળા તરફ અમૂક પૂર્વગ્રહ રાખીને આ કામ કર્યું એટલે એ પાયાની ભૂલ છે માટે ચુકાદો મારા પક્ષમાં આવ્યા છતાં હું એને નહીં સ્વીકારૂં. એટલે કે એનું સુંદર પરિણામ હું નહીં ભોગવું" તે ચુકાદાને તેમણે ફગાવી દીધો.

આવી રીતે વિશ્વવત્સલે અહિંસાનું સૂક્ષ્મ ચિંતન-મનન અને નિદિધ્યાસન કરવું, વાણી વિચાર અને વર્તન વડે સૂક્ષ્મ ગણાતી હિંસાને પણ દૂર કરવી અને અહિંસાનો વિધેયાત્મક રીતે પ્રયોગ કરવો. એવી જ રીતે પાણીનાં બિંદુ, માટીનાં કણ, અને વનસ્પતિના અંકુરને પણ ઈજા ન પહોંચે તે માટે ઝીણવટથી વિચાર કરી, તેણે કરકસરથી જીવવું.

કરકસર અને કંજુસાઇમાં મોટો ફર્ક છે. કરકસર એ ગુણ છે; તેમાં સંયમની વૃત્તિ છે અને બીજી તરફ ઉદાર થવાની ભાવના એમાંથી જાગે છે. જ્યારે કંજૂસાઈ અનુદાર સ્વાર્થવૃત્તિમાં જન્મેલ દોષ છે. એટલું ખરૂં કે ઘણીવાર ઉદારતાના નામે ઘણા લોકો અપવ્યય કરતા હોય છે પણ અહિંસાનો સાધક – વિશ્વવત્સલ એ અંગે ઝીણવટથી વિચાર કરશે, પોતાની નાનામાં નાની ભૂલ કબૂલશે અને બીજા પ્રતિ કૃતજ્ઞ રહેશે.

**(૪) સંપૂર્ણ આત્મીયતા:** વિશ્વવત્સલનો સાધક જ્યારે સૂક્ષ્મ અહિંસાનું પાલન કરે ત્યારે સહજે તેને પ્રત્યેક જીવ સાથે સંપૂર્ણ આત્મિયતા કેળવવી પડશે. ખાસ કરીને તેના માર્ગદર્શને ચાલતી સંસ્થાઓ, કાર્યકરો વગેરે સાથે તે આત્મિયતા વેદતો હશે. "પેલાના દોષો એ મારા દોષો છે" એમજ માનીને, તેની દોષ–શુદ્ધિ માટે, તેના અંતરાત્માને જગાડવા પોતે પ્રાયશ્ચિત કરશે. તેની ગુણવૃદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહેશે. પોતાની ઉપર આવતા આક્ષેપો સહન કરશે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ સંસ્થાગત ખોટા આક્ષેપો હશે તો તે ક્ષણમાત્ર પણ સહન નહીં કરે.

ભગવાન મહાવીરે જોયું કે મારો નિર્વાણ સમય નજીક છે અને મારા શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામીને મારા પ્રત્યે પ્રશસ્ત રાગ છે; માટે એ દૂર કરવો જોઈએ. તે માટે જ્યારે ગૌતમ એક વખત પૂછે છે કે; "ભગવન્ ! આપ જશો પછી શું થશે ?"

ત્યારે તેઓ કહે છે: "नहु जिणे अज्ज दिस्सई, बहुमए दिस्सइ मग्गादेसिए। संपइ नेयाउएपदे, समयं गोयम मा पमायए।" એટલે કે પછી તમને બધાને એમ થશે કે હવે જિનેશ્વર ભગવાન નજરે દેખાતા નથી પણ ઘણા પુરુષોએ આચરેલો જિનોપદેશિત માર્ગ – જે અનેકાંત દૃષ્ટિવાળો સર્વાંગી અને સ્પષ્ટ છે તે તો જરૂર દેખાશે."

કયાં સાક્ષાત જિનેશ્વર અને કયાં જિનેશ્વર કથિત ધર્મ ? પણ તીર્થરૂપી ધર્મ – સંઘની રચના કરનાર ભ. મહાવીરે 'नमो तित्थस्स' તીર્થને – ધર્મ – સંઘને નમસ્કાર થાવ' એમ કહી વધારે મહત્વ આપ્યું છે. તીર્થને તીર્થંકર સુધીની ઉપમા આપી છે; કારણ કે એવી સુસંસ્થાઓ દ્વારાજ પોતાનું તેમજ સમાજનું ઘડતર થાય છે – ગુણવૃદ્ધિ થાય છે, સમષ્ટિ સુધીની આત્મીયતા સધાય છે. પણ, જ્યારે સંઘ ઉપર આક્ષેપ આવે, સંઘની અવહેલના, નિંદા કે અવગણના થતી હોય ત્યાં એ સુસાધક સહન નહીં કરી શકે. આમાં સુસંસ્થાઓને ઘડતર તેમજ જે સંસ્થામાં વધારે ગુણો હોય અને ઓછા દોષ હોય તેવી સંસ્થાને ટેકો આપવાની વાત આવી જાય છે.

એજ વખતે ભગવાન મહાવીરે જે બીજી વાત કરી તે એકે ગૌતમસ્વામીની ગુણવૃદ્ધિ તેમજ મોહશુદ્ધિ માટે, તેમને નિર્વાણ સમયે દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ આપવા માટે મોકલી આપ્યા. ભગવાન મહાવીરના નિર્વાણના સમાચાર સાંભળી તેમને મોટો આંચકો તો લાગ્યો પણ પછી જ્ઞાનબળે તેમનો મોહ દૂર થઈ ગયો; અને પૂર્ણ આત્મ જ્ઞાન મેળવી તેમણે ગુણવૃદ્ધિ કરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એનો અર્થ એવો પણ નથી કે આ પ્રકારની આત્મીયતાના કારણે ગમે તેવાને અપનાવીને ફરવું. દોષ હોય તો જરૂર તરત દૂર કરવા જોઈએ. ગાંધીજીએ સમાજવાદી ગ્રૂપને કોંગ્રેસમાં સમાવી લીધો હતો. તેઓ એનું ઘડતર પણ કરતા હતા. એકવાર તેમણે આચાર્ય નરેંદ્રદેવને પ્રમુખ બનાવવા માટે પ્રયત્ન પણ કર્યો અને એમની હારમાં પોતાની નામોશી દર્શાવતી નોંધ કે લેખ તેમણે હરિજનમાં લખ્યો હતો. સ્વરાજ્ય પછી જ્યારે દેશ ઉપર અનેક આફતો એકી સાથે આવી ત્યારે સમાજવાદી ગ્રૂપ અલગ પક્ષ રચવાની વાત કરવા લાગ્યો ત્યારે ગાંધીજીએ સાફ સાફ કહી દીધું કે "ઈશ્વર પણ તમને માફ નહીં કરે."

આટલી બધી ઝીણવટથી વિશ્વવત્સલે દરેક બાબત જોવાની રહેશે. તે ક્રાંતદ્રષ્ટા હશે અને જાણતો હશે કે અમૂક બળ આગળ વધતાં અનિષ્ટ વધશે અને અમૂક બળથી ઈષ્ટનું સમર્થન થશે. પછી તે યોગ્ય રીતે ખરા બળનો પ્રેરક બનશે.

**દેશ, વેશ, ભાષા અને સંસ્કૃતિથી પર વિશ્વહિત :** વિશ્વવત્સલનો પાંચમો ગુણ એ હશે કે તે દેશ, વેશ, ભાષા અને સંસ્કૃતિથી પર રહીને વિશ્વહિતના પ્રશ્નો વિચારતો હશે અને તે માટે આચરણ પણ કરતો હશે.

ગાંધીજી પછી આ ભૂમિકા તો સારી રીતે તૈયાર થયેલી છે; તેમજ અનુબંધ વિચાર પણ ખેડાયો છે એટલે આચરણમાં મૂકવાની આજે સુંદર તક છે. વિશ્વવત્સલ એટલો બધો તૈયાર હોય કે એને ગમે તેટલાં કષ્ટો કે પ્રલોભનો આવે એ વિશ્વવાત્સલ્યભર્યા વિશ્વહિતના માર્ગથી ચલિત થતો નથી,

પણ, એવો મરજીવો માણુસ મળશે ક્યાંથી?

બહુ અનુભવના અંતે મને લાગ્યું કે અવસાન પહેલાં શ્રીમદ્દ રાજચંદ્રજી જે ઉદ્દ્ગારો કાઢી ગયા તે ખરા છે. તેમણે કહ્યું :—

"સ્થિતિ એવી આવી પડી કે, થાક વધી ગયો; સહરાનું રણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી પડયું, હું થાકી ગયો. પગમાં ઉદયભાવને લીધે ત્યાં જ અટકવું પડયું."

એ પ્રમાણે તેમની ત્યારપછીની કલ્પના નિગ્રંથ બનવાની હતી. પણ આમુલ્ય આવી ગયું. આ નિગ્રંથ તે કેવો? "દ્રવ્ય ભાવમય નિગ્રંથ.........સિદ્ધ જો!" દ્રવ્ય અને ભાવ બન્નેથી નિગ્રંથ હોય તે સમાજને વિશ્વહિતની પ્રેરણા આપી શકે. ગાંધીજીમાં એ ગુણો પડયા હતા. આજે લોકોમાં શ્રદ્ધા પડી છે, ધર્મને ક્રાંતિની દિશામાં ચાલના આપનાર જોઈશે, તે કેવળ સાધુ સન્યાસીઓ કે આત્મસાધકોજ કરી શકશે. ગૃહસ્થાશ્રમીઓથી એ નહીં થાય; કારણ કે તેમની અનેક મર્યાદાઓ છે. સાધુ-સન્યાસીઓમાંથી ઘડાયેલ જૈન સાધુસંસ્થામાંથી આવા અનેક સાધુઓ મળી આવે. પણ ત્યાં એક પ્રકારનો ડર જણાય છે. તે એકે જો ક્રાંતિ કરવા જશું તો અનેક અગવડો વેઠવી પડશે તો? તે છતાં તેમનામાંથી વિરલ રત્નો તો સાંપડશે જ, ઘણી છૂટછાટ વાળી સન્યાસી સંસ્થામાંથી પણ કોઇક નીકળી આવશે. ભર્તૃહરિને જેમ વિલાસમાંથી વૈરાગ્ય ઉપજ્યો; તેમ ખ્રિસ્તી સાધુઓ, બૌદ્ધશ્રમણો, રામકૃષ્ણ સંઘના સંન્યાસીઓ અને ગૃહસ્થ વેશમાં સાધુતાને દીપાવનારાઓમાંથી કેટલાક નીકળી આવશે. સાધુવેશ ન હોવા છતાં સાધુતાવાળા, પં. નેહરૂ જેવા પણ કેટલાક હશે, તેઓ દ્રવ્યથી સાધુ નથી પણ ભાવથી સાધુતાના તેમનામાં ઘણા ગુણો છે. તેમની નમ્રતા, નિખાલસતા, હમદર્દીભર્યું હૃદય અને વિશ્વની હિતચિંતક બુદ્ધિ આ બધા ગુણો તેમનામાં સહજ રીતે વણાઇ ગયા છે, આમ છતાં તેમને કોઇ સાધુ કહેશે નહીં. પણ ખરી રીતે ગાંધી પરંપરાએ આવા સાધુમાનસવાળા ઘણા માણસો પાકયા છે. કાકા કાલેલકર નાથજી, મશ્રુવાળા વગેરે એ પંકિતના છે. ત્યારે સંત પ્રકૃતિ પ્રમાણે વિનોબાજી ગાંધીજીની મહાત્મા કૃતિના પ્રતીક છે.

ગાંધીજીના વખતમાં દ્રવ્યભાવનો ફર્ક કરવામાં આવ્યો ન હતો પણ આજે તો બન્ને રીતે સાધુ જોઇએ. સાધુવેશ લીધો હોય પણ તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એકાંગી કે વ્યકિતવાદી હશે, તો તે વિશ્વવત્સલ સંઘમાં નહીં ચાલી શકે. તે માટે સર્વાંગી, વ્યાપક, વહેવારૂ, અનેકાંતવાળી અને સંસ્થા દ્વારા સમાજ ઘડતર અને સંસ્થા સ્થાપનાની દષ્ટિ હશે તોજ આજે તેને સાધુ કહી શકાશે અને તેજ વિશ્વવત્સલ સંઘનો સભ્ય બની શકશે.—તેજ વિશ્વહિતનું કાર્ય, દેશ, વેશ, ભાષા–સંસ્કૃતિના વિકારોથી પર રહીને કરી શકશે.

**(૬) વિશ્વસેવામાં અહર્નિશ તત્પરતા :** વિશ્વસેવામાં અહર્નિશ તત્પરતા એ વિશ્વવત્સલનો છઠ્ઠો ગુણ છે. એના માટે તે માત્ર રાહતનાંજ કાર્યો નહીં કરે પણ જૂનાં ખોટાં મૂલ્યો જેનાથી વિશ્વ પીડાતું હશે તેને ઉથાપી નવાં સાચાં મૂલ્યો સ્થાપવાં માટે તે પ્રયત્ન કરશે. શાંતિસેના, શાંતિસહાયક અને શાંતિચાહક એ ત્રણેય કોટિના લોકોનો એ રાહબર, દોરનાર તેમજ નેતૃત્વ કરનાર હશે. ઊંડી આત્મીયતા હોવાને લીધે, સેવા તેના જીવનમાં વણાઈ અને સહજ બની જશે. બાળકને દુઃખી જોઈ, જેમ માતા જાતે દુઃખ વેઠી તેને સુખ પહોંચાડે તેમ વિશ્વવત્સલ જગતના દુઃખોને દૂર કરવા સતત વાત્સલ્ય વરસાવતો રહેશે.

**(૭) સર્વધર્મ સમન્વયની ખેવના :** આ વિશ્વવત્સલનો સાતમો ગુણ છે. જે ધર્મો યોગ-વિશિષ્ટ હશે તેમને એ કક્ષામાં; જ્ઞાન વિશિષ્ટ હશે તેમને એ કક્ષામાં તેમજ નીતિ–વિશિષ્ટ હશે તેમને એ કક્ષામાં—એમ યથાવ્યવસ્થિત રાખીને તેમનો સમન્વય વિશ્વવત્સલ કરશે. જૈનધર્મમાં સમકિતના દશ લક્ષણો બતાવતી વખતે કહ્યું છે કે "ઓછું પ્રરૂપે નહીં; અદકું પ્રરૂપે નહીં તેમજ વિપરીત પ્રરૂપે નહી. તેમજ એનાથી ઊલટું પ્રરૂપે તો મિથ્યાત્વ." એ પ્રમાણે વિશ્વવત્સલ પણ સર્વધર્મના સત્યો તારવતી વખતે જાગૃત રહેશે. બધા ધર્મોને પોતીકા સમજીને તેની કક્ષા પ્રમાણે મૂકીને સમન્વય કરશે એટલે કોઈની નિંદા કે ટીકા કરશે નહીં. અલબત્ત તે પોતાના ધર્મમાં સંશોધન કરતો રહેશે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**(૮) વિશ્વવાત્સલ્યની સંપૂર્ણ નિષ્ઠા** : આઠમા ગુણ તરીકે વિશ્વવત્સલમાં, વિશ્વવાત્સલ્યની નીતિનિષ્ઠા, વ્રતનિષ્ઠા અને આચાર નિષ્ઠા હોવી જોઈશે. જ્યાં જ્યાં અનુબંધો બગડેલા કે તૂટેલા જોશે તો તેને સુધારશે અને સાંધશે. તે સંગઠનો ઊભાં કરી ઘડતર કરશે, માર્ગદર્શન આપશે, તાદાત્મ્ય અને તાટસ્થ્યનો વિવેક રાખશે.

**(૯) પછાત તેમજ નારી વર્ગનો ઉદ્ધાર** : વિશ્વવત્સલનો નવમો ગુણ એ હશે કે તે વિશ્વમાં પછાત રહેલા દેશો, પછાત વર્ગો, નારીજાતિ, ગામડાં વ.ને વધારે ઉન્નત બનાવવા પ્રયત્ન કરશે, તેમને અહિંસક પ્રયોગોનાં વાહન બનાવશે અને પ્રતિષ્ઠા આપશે. "સર્વે સરખા છે." એમ નહીં કહે અને જેને આજ સુધી વધારે અન્યાય થયો છે તેને આગળ લાવવા માટે વધારે પુરૂષાર્થ કરશે.

**(૧૦) વિશ્વપ્રશ્નોનો દરેક પળે વિચાર** : વિશ્વવત્સલનો દશમો ગુણ એ હશે કે તે દરેક પળે વિશ્વ પ્રશ્નોનો વિચાર કરશે? તે કાળદ્રષ્ટા અને ક્રાંતદ્રષ્ટા હશે. તે દરેક પ્રશ્નોને ધર્મનીતિની દૃષ્ટિએ ઉકેલવા પ્રયત્ન કરશે, જોખમો ખેડવા અને આક્ષેપો સહેવા તૈયાર રહેશે.

મહાત્મા ગાંધીજી માટે લોકોએ ઘણા આક્ષેપો કર્યા કે તેઓ સ્ત્રીનો સંપર્ક વધારે કરે છે, રાજકારણના ગંદવાડમાં પડે છે, એમને આધ્યાત્મિક પુરુષ કઈ રીતે કહી શકાય? પણ, બાપુએ આ બધા આક્ષેપો સહીને પોતાની આધ્યાત્મિકતા સિદ્ધ કરી હતી. એવી જ રીતે વિશ્વવત્સલ સંઘના સભ્યે ધીરજથી સહેવાનું છે. કેટલાક રૂઢિચુસ્ત સભ્યો તેને ડગાવવા એમ પણ કહેશે કે "કોંગ્રેસ આવી સંસ્થા છે. રાજકારણને અધ્યાત્મ સાથે સંબંધ નથી." ત્યારે તે ધીરજથી ચાલશે. કેટલીક વાર અસાવધાનીના કારણે કોઈ ભૂલ થવા સંભવ છે, ત્યારે અવ્યકતબળ એને જાગૃત રાખશે.

**આવો વિશ્વવત્સલ સંઘનો સાધક કયો અને ક્યાં! એવો વિશ્વવત્સલ સંઘનો સાધક કયા વેશમાં હશે? એનો કોઈ ચોક્કસ વેશ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહીં હોય. તે તો ઉપલા ગુણો અને ચારિત્ર્યસંપન્ન હશે અને એજ એનું મૂલ્યાંકન હશે. કાંતો એ વિભૂતિ હશે, કાંતો ઘડાયેલી સાધુ સંસ્થાનો સભ્ય હશે કે વિશ્વાત્મસાધક હશે. એજ વિશ્વવત્સલ થઈ શકશે. તેનો કોઈ વાડો નહીં બને, સ્થૂલ વાડાબંધી કે ચોકઠાવાળો એ સંઘ નહીં હોય. એના સભ્યોમાં આત્મ–નિયમનો (સ્વૈચ્છિક અંકુશો) વધારે હશે. જવાબદારી અને કર્તવ્યનું ભાન સૌથી વધારે એમાં હશે.

આજે તો એ સંકલના કરનારો સંઘ છે. ભવિષ્યમાં વ્યવસ્થિત રીતે એ સંઘ રચાય પણ ખરો – નહીંતર પણ વિશ્વવાત્સલ્યની પ્રબળ ભાવનાથી પ્રેરાયેલ જે બેચાર સાધકો હશે તે પણ એ કાર્ય આગળ ધપાવતા રહેશે. વિશ્વવત્સલ સંઘનું સ્વરૂપ આપની સમક્ષ રજુ કર્યું છે. એના પ્રત્યક્ષ સહયોગી પ્રાયોગિક સંઘો રહેશે.

## ચર્ચા–વિચારણા:

### વિશ્વવત્સલ કેવો હશે?

**શ્રી. પૂંજાભાઇએ** આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "સવારના મહારાજશ્રીએ 'વિશ્વવત્સલ સંઘનું સ્વરૂપ' એ વિષય ઉપર ખૂબ પ્રકાશ નાખ્યો છે. સાદી રીતે કહું તો આ સંઘનો સભ્ય નિરામિષાહારી હશે. એટલું જ નહીં બલકે, સાત્ત્વિક ખાનપાનમાં ઝીણવટથી વિચારી વર્તનાર હશે. એની જરૂર તો ઓછી હશે અને એ મેળવવામાં પણ એ નિસર્ગ પરાયણ રહેશે. દેશ, કાળને અનુસરીને તે વિશ્વના નાના મોટા સવાલો વિચારીને ઉકેલવા મથે તો મહાન વીર હશે!

દાદાભાઈ નવરોજજીએ રાષ્ટ્રીય મહાસભાનું નાનું બીજ રોપેલું તેમ ભાલ નળકાંઠામાં અનુબંધ વિચારધારાનું બીજ રોપાયેલું. એના અંકુરો ફૂટયા પછી હવે એ ઝપાટાબંધ વિકસી ઊઠશે, એવી શ્રદ્ધા ઊભી થઈ ગઈ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આગળના જમાનામા ધર્મ સંસ્થાપકો ધાર્મિક ક્ષેત્ર અમૂક સ્વરૂપ અને ક્ષેત્રમર્યાદામાં ખેડતા. આજે તો દરેક ક્ષેત્રમાં સર્વાંગી સતત કામ કરવાની ભૂમિકા ધર્મને માટે તૈયાર છે તો વિશ્વવત્સલ સંઘ તે મુજબ કામ કરશે.

એક–બે બાળકોથી આજે માતા કંટાળે છે પણ વિશ્વવત્સલ તો જગતની જનેતા બની પોતાની ફરજો અવિરતપણે બજાવશે. ખ્રિસ્તીધર્મમાં પણ સેવા ગુણ છે. પણ તેની પાછળ વટાળવૃત્તિ છે તેમજ સંયમ, ત્યાગ અને તપ ઓછાં છે. ત્યારે આ સંઘનો સભ્ય કશા વળતર વિના સહજભાવે પાર્ણિ–માત્રમાં તદાકાર અને છતાં તટસ્થ રહી સર્વ ક્ષેત્રો સાથે અનુબંધિત હશે.”

## નવું ઘડતર :

**પૂજ્ય શ્રી નેમિમુનિ :** “સવારે જે દશ લક્ષણો પૂજ્ય મહારાજશ્રીએ બતાવેલ છે, એમાં બધું આવી જાય છે. છતાં થોડુંક કહી દઉં; “વિશ્વવત્સલ સંઘને દેશાગ્રહ, વેશાગ્રહ નહીં હોય પણ એનાં લક્ષણો અને કાર્યો જોતાં, લગભગ નેવું ટકા જેટલા તેના સભ્યો ભારતમાંથી અને ભારતની ઘડાયેલી જૈન સાધુ સંસ્થામાંથી જ મળી આવશે. એમણે દેશ–દેશાંતરમાં, જુદા જુદા સંસ્કારોમાં ઉછરેલા, સાધુ–સાધ્વી કે સાધક–સાધિકાઓના વિચાર તથા આચારનું ઘડતર કરવું પડશે. પછી તેમને જુદા જુદા કાર્યક્રમો અંગે ગોઠવણ, નિર્દેશન અને સહકાર આપવો પડશે.

સાચું ઘડતર તો કાર્યક્રમો દ્વારાજ થવાનું. આ શિબિરે આપણું દર્શન સ્પષ્ટ કરી નાખ્યું છે. બાકી તો ભાલનળકાંઠા જેવા ગ્રામ પ્રાયોગિક સંઘો, નૈતિક ગ્રામ સંગઠનો, માતૃસમાજો, મધ્યમવર્ગીય કે મજૂરોનાં નૈતિક જનસંગઠનો, આ વિશ્વવત્સલ સંઘના સભ્યોની ઉણપો આપોઆપ પૂરી નાખશે, સમયે સમયે સંપર્કના કારણે સ્વયં જાગૃતિ રખાવશે તેમજ અવ્યક્ત જગત સાથે અનુસંધાન વધીને વિકાસના માર્ગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉઘાડો બનાવવામાં મદદગાર થશે. આમ આખું વિશ્વવાત્સલ્યનું નવું ઘડતર થશે.

## વિશ્વના પ્રવાહોનો અભ્યાસ ?

બીજું વિશ્વના પ્રવાહોનો અભ્યાસ કઈ રીતે કરવો ? (૧) અર્થશાસ્ત્ર, રાજનીતિ, વિજ્ઞાન એ બધા વિષયો અને પ્રવાહોને અનુબંધ વિચારધારાની રીતે કસી કસીને તારવણી કરી, આવા સભ્ય-સભ્યાઓ સમાજ આગળ ધરશે; જેથી ધર્મ દૃષ્ટિએ સમાજ રચનામાં તેવો સમાજ પોતાની લાયકાત મુજબ તે તે સંગઠનોમાં જોડાઈને કામ આપી શકશે. આ રીતે ધર્મમય સમાજ રચનાનું કામ પૂરા વેગથી આગળ ધપશે.

મારા વિનમ્ર મત પ્રમાણે આપણને સાધુ-સાધ્વી શિબિર દ્વારા એ જ્વલંત અનુભવ થયો છે કે દૂર રહીને અનુમોદન કરનારા સાધુ-સાધ્વીઓની સંખ્યા ઘણી વિશાળ છે. તો તેમને આ માર્ગના અનુમોદક ગણી તેમનો કાયમી સંપર્ક રાખવો પડશે. દૂર રહીને પણ તેવા સાધુ-સાધ્વીઓ આપણા કેટલાક કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવાના અને ધીરે ધીરે નિષ્ઠા દૃઢ બનાવી પછી પ્રાણ પ્રતિષ્ઠા અને પરિગ્રહનો ભોગ આપીને પણ આ તરફ જાતને હોમવાનાં છે.

(૨) કેટલાક વળી પાક્ષિક એટલે કે અમુક કાર્યક્રમોમાં ભાગ લેવાના, અને અમુક કાર્યક્રમો ગળે નહીં ઊતરે ત્યાં હળવો વિરોધ પણ કરવાના. આવા સભ્ય-સભ્યાઓ નિષ્ઠાવાન થતાં જ બમણા વેગથી કામ આપશે.

(૩) બાકીના જે નૈષ્ઠિક હશે તેઓ ક્રાંતિપ્રિય (હાલ થોડા જ હશે) હશે અને તેઓ આજથી પૂરા જોશથી ભળીને કામ આપવાના. તેઓ બધા કાર્યક્રમમાં ભળશે. આમ આજે જે સંકલનારૂપ લાગે છે તે વિશ્વવત્સલ સંઘ ભવિષ્યમાં વ્યવસ્થિત બની જશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## વિશ્વવત્સલ સંઘ એટલે સાધુ સંઘ જ !

**શ્રી દેવજીભાઈ :** " મારા નમ્ર મતે તે વિશ્વવત્સલ સંઘ એટલે સાધુ સંસ્થા જ છે. ભલે કોઈ જૈન સૂત્રમાં દર્શાવ્યા પ્રમાણે અન્ય લિંગે અખંડ સન્યાસી જેવા વિરલ સાધક જૈનવેશમાં ન હોય. વેશનો આગ્રહ ન હોવા છતાં ગુણની દૃષ્ટિએ તો એ વાત આવીને ઊભી જ રહે છે. મારા મત પ્રમાણે :—

( ૧ ) નૈતિક ગ્રામસંગઠન અને નૈતિક નગરજન સંગઠન એ સામાન્ય રીતે ભાવિ અથવા પાયાની ધર્મલક્ષી માનવતાવાળો સંઘ હશે.

( ૨ ) ભાલનળ કાંઠા પ્રાયોગિક સંઘ જેવો ગ્રામ પ્રાયોગિક સંઘ મોટા ભાગે માર્ગાનુસારી સંઘ–જૈન પરિભાષા પ્રમાણે–હશે.

( ૩ ) એ સંઘના કેટલાક સભ્યો તથા વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘના કેટલાક સભ્યો મળીને સમકિત લક્ષી શ્રાવક શ્રાવિકા સંઘ જેવો બનશે; અને,

( ૪ ) વિશ્વવત્સલ સંઘ એટલે સાધુ સંઘ.

રણાપુરમાં પૂ. મહારાજશ્રીએ જે મહાચિંતન કરીને ભાલનળ કાંઠા પ્રયોગ દ્વારા જે આચાર ( સામાજિક અમલનો ) બતાવ્યો, તે અહીં સાધુસાધ્વી શિબિરમાં, ભાલનળ કાંઠાના કાર્યકરો તથા અનેક પ્રસંગોના અહીંના વિવિધ કાર્યક્રમો અનુભવીને દીવા જેવો ચોકખો દેખાઈ ગયો છે. શરૂઆતમાં ભલે થોડાંક રત્નો ભેગા થશે પણ ધીમે ધીમે સંખ્યા વધતા એ વિશ્વવત્સલ સંઘ ધર્મદૃષ્ટિએ સમાજરચનાનું અનેરું દૃશ્ય ખડું કરી દેશે.

## વિશ્વવત્સલ સંઘની વાત નવીન અને સમયસરની છે :

**શ્રી. માટલિયાજી :** " આપણી સામે છેલ્લે છેલ્લે મહારાજશ્રીએ વિશ્વવત્સલ સંઘની કલ્પના સ્પષ્ટ રીતે મૂકી દીધી છે. આમ તો વિશ્વબંધુત્વના સંઘ રૂપે, ઈશ્વરના સહુ સંતાન તરીકે ભાઈ–ભાઈની જેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્તવાની વાત ઇસાઈ ધર્મમાં આવે છે. તેના લીધે જ ઈસાઈ મિશનરીઓ ભયંકરમાં ભયંકર સ્થળે જઈને પતિયલ રોગી અને સમાજથી હડધૂત થયેલાં માનવભાંડુ વચ્ચે કપરામાં કપરૂં કામ કરે છે. પણ તે લોકોએ બિન-ઇસાઇને ભાઈ ન ગણ્યો એટલો ફરક થયો.

એ જ રીતે ઇસ્લામ ધર્મમાં પણ ઈન્સાનની ખિદમત-સેવા કરવા માટેનો પ્રયત્ન છે જ, પણ તેમણે ખુદાઇ ખિદમતગાર-મુસલમાન સિવાય બીજાને બિરાદર ન ગણ્યો.

એ જ રીતે ભારતમાં સાધુ સંસ્થા કેંદ્રમાં રહી છે પણ એનું લક્ષ્ય મોક્ષ રખાયું છે. મોક્ષનો અર્થ સકલ કર્મથી અને સકલ અવિદ્યાથી મુક્ત થવું તે છે. અજ્ઞાનને લીધે જો સંસાર હોય તો તે સર્વ અજ્ઞાનથી મૂકાઈ જવું તેનું નામ જ્ઞાન છે, તે જ મુક્તિ છે. મતલબ એ કે આત્માનું જ્ઞાન કરવા માટે બધી પ્રવૃત્તિમાત્રથી છૂટી જવું-રખે, પ્રવૃત્તિમાત્રમાં રહેલો રાગ વળગી જશે એમ માની સન્યાસી-સાધુ સંસ્થા પ્રવૃત્તિમાત્રથી બીને દૂર ભાગનારી સંસ્થા બની ગઈ.

તે સિવાય ઈસાઇ વગેરે ધર્મોની દેખાદેખી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજ, રામકૃષ્ણ મિશન, તેમ જ વેદાંતી સન્યાસીઓએ દવાખાનાંઓ કર્યાં; હાઇસ્કૂલો કરી. પણ આ બધું સંયમી જીવનના સંદર્ભમાં અથવા આધ્યાત્મિકતાના વિકાસ માટે એ પણ અનિવાર્ય છે એમ માનીને ન કર્યું.

ત્યારે વિશ્વવત્સલ સંઘમાં સર્વાંગી-સર્વધર્મ સમન્વય ઉપાસના કેન્દ્રમાં હોઈને હિંદુ, જૈન, ઈસાઈ, ઈસ્લામી, પારસી, યહુદી – ગમે તેવા માનવીને પોતાનો આત્મીય કુટુંબીજન ગણવામાં આવ્યા છે – તેમજ આધ્યાત્મિકજીવન અને સેવા – રાહતના કાર્યોને સાંકળવામાં આવ્યા છે. એટલે વિશ્વવત્સલ સંઘના સાધુ – ચરિત માણસો જે ઉણપો હશે તેને પૂરવામાં અનિવાર્યપણે ઉપયોગી થશે. સામો માણસ આપણી વાત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વીકારે કે ન સ્વીકારે તોયે કશા વળતર વિના નિર્મળ, નિર્વ્યાજ, નિસ્વાર્થ સેવાભાવની દૃષ્ટિથી વિશ્વવત્સલસંઘની પૂ. મહારાજશ્રીની આ વાત નવી અને અદ્‌ભૂત છે. આધ્યાત્મિક વિદ્યાનો પૂટ પ્રત્યેક ક્ષેત્રને આપવાની વાત તેમણે જાતે અને સંસ્થા દ્વારા અમલમાં મૂકી – મુકાવીને; આજના યુગની દૃષ્ટિએ જોતાં, આખીયે સાધુસંસ્થાને અજબ નવી ચાલના આપી છે. પારો પણ પૂટ અપાય ત્યારે ફૂટી નીકળવાને પોષક બને છે. તેમ સાધુસંસ્થા વિરક્તિ સાચવીને દરેક ક્ષેત્રનો રસ જીતે લઈ શકે છે; અને રસ પૂરી શકે છે. તીર્થંકરો કાર્ય વિરકત થયા બાદ સંઘદ્વારા સમાજ અને સમષ્ટિમાં ભાવનાઓનો વિકાસ કરાવે છે; તેમ સાધુઓ પ્રેરકરૂપે રહી સંઘોને શુભપ્રવૃત્તિ કરાવી શકે છે. આમ જૈન શાસન કે જૈન સંઘ માટે આ વસ્તુ જરાયે નવી નથી. માત્ર ઘાટ નવો આપવામાં આવ્યો છે અને દરેક ધર્મના સંદેશા લીધા છે.

આપણે જ્યાં ઊભા છીએ ત્યાંથી આ માર્ગમાં ક્રમબદ્ધ પગથિયાં શી રીતે ચઢીએ! તે વિચારવાનું છે. આપણે પ્રવૃત્તિમાં પડયા છીએ તે સૌએ નિવૃત્તિનું લક્ષ્ય ચૂકવાનું નથી અને સાધુ – સન્યાસી – સાધ્વીઓ જેમણે નિવૃત્તિ સ્વીકારી છે તેમણે સર્વક્ષેત્રની સર્વ પ્રવૃત્તિઓમાં શુભતત્ત્વને ટેકો આપી અશુભતત્ત્વો સામે અહિંસક પ્રતિકાર કરવાની વાત પળે પળે યાદ રાખી સક્રિય બનવાનું છે. સંસ્થાઓ અને સંઘોના અનુસંધાનની વાત, પ્રેરણા અને માર્ગદર્શન આપવાની વાત સાધુસંતોએ તેમજ રચનાત્મક કાર્યકરોના સંઘે પણ ખ્યાલમાં રાખવાની છે. ભૌતિક, વૈજ્ઞાનિક, આર્થિક વગેરે દરેક ક્ષેત્રને – રાજકારણ સુદ્ધાં, – આધ્યાત્મિક પૂટ આપવાનો છે. આપણને આ ચાર માસમાં ભરપૂર ભાતુ મળ્યું છે. આપણે આ ભગીરથ કાર્યમાં કેટલા ઉપયોગી થઈ શકશું તે આપણે પોતે જ વારંવાર વિચારી, તેને અમલી બનાવવાનું છે.”

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## નવો પ્રયોગ સુખદ અનુભવ

**પૂ. શ્રી દંડીસ્વામીજી** : "વિશ્વવત્સલ સંઘ વિષે પ્રાથમિક તો 'અનુબંધ વિચારધારા' તથા 'સાધુ – સાધ્વીઓને' વગેરે પુસ્તકોમાં આવી જાય છે. ખરેખર હિન્દુધર્મનું રહસ્ય અને માનવથી માંડીને મહાત્મા શી રીતે બનાય એવું સંપૂર્ણ અને સોળે કળાએ ખિલી શકે તેવું સ્વરૂપ વિશ્વવાત્સલ્યમાં આવી જાય છે. મારી દૃષ્ટિએ આ કાર્યમાં આદર્શ તરીકે મહાવીર, બુદ્ધ, રામ અને કૃષ્ણ તો છે જ પણ, છેલ્લા યુગમાં ગાંધીજીને પૂરક તરીકે મૂકીએ તો આપણું વિશ્વવાત્સલ્યનું કામ આ પાંચનો અંદર્ભ લેતાં, પૂરેપૂરી સફળતાને વરશે એવી પ્રતીતિ થાય છે.

આપણે બધા સાડાચાર માસ સાથે રહ્યા. તેમાં બે જૈન સાધુઓ અને અમે બે વૈદિક સન્યાસીઓ છીએ. અમે ખૂબ આત્મીયતા અનુભવી, અલબત્ત વૈદિકો અને જૈનોને આવી આત્મીયતા અસર તો કરી ગઈ હશે; પણ તેનું પરિણામ લાંબે ગાળે દેખાશે. સામાન્ય રીતે લોકો વટાળવૃત્તિથી ટેવાયેલા હોય છે અને સંકુચિતતા હોય છે. એટલે પરિણામમાં થોડું મોડું થવાની ચિંતા લાગતી નથી. આપણે બધા સાથે રહ્યા એટલે સ્વાભાવિક રીતે સ્વભાવ – સંઘર્ષ થાય પણ, પ્રેમ જળવાઈ રહ્યો તે અદ્‌ભૂત વસ્તુ ગણાય. સંઘર્ષ ન જ થાય એ તો અશક્ય વસ્તુ છે; પણ અંતે જેનું પરિણામ સારું તે સારુંગણાય. આ નવો પ્રયોગ હતો અને તેના સુખદ અનુભવો હમેશાં યાદ રહેશે.

**શ્રી. બલવંતભાઇ** : વિશ્વવાત્સલ્ય અમારા માટે ઘણી દૂરની વાત હોવાથી જ સ્વભાવ સંઘર્ષ થયા પણ સાધુ – સન્યાસીઓએ અમને પોતાનું માતૃવાત્સલ્ય અહીં બતાવી આપ્યું. અમને ખાતરી થઈ કે પરિસ્થિતિના કારણે માનવી હિંસક બને છે પણ તેની પ્રવૃત્તિ તો અહિંસાની જ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહેનો વિશ્વવાત્સલ્ય બતાવી શકે છે – એ માટે પૂ. મહારાજશ્રી કહે છે તે સાચું છે એમ મેં અહીં અનુભવ્યું છે. મને સવિતાબેને હૂંફ આપીને જે શિખામણ આપી, તેણે મારા મન ઉપર ઊંડી અસર કરી છે. ઈશ્વર, ધર્મગુરુ એ બધામાં શ્રદ્ધા વિષે પણ મને આ નિમિત્તે વધુ ખ્યાલ આવ્યો. મને એમ પણ લાગ્યું છે કે આજની કેળવણીમાં ધર્મતત્ત્વ અને માતૃવાત્સલ્ય ઉમેરાવાં જોઈએ. નજીકમાં લેંપથી કીડીને સળગાવતા મદ્રાસી બાળકોને હું અટકાવી વાળી શકયો છું. એવી જ રીતે વાતોવાતોમાં ગાળ દેતા કચ્છી યુવાનોને પણ પ્રેમથી સમજાવતાં અસર થઈ. આપણે જે વિશ્વવત્સલ–સંઘ વિષે પૂ. ગુરુદેવ પાસેથી સાંભળ્યું તેમાં ધીરજ, શ્રદ્ધા અને નિષ્ઠા તેમજ આચરણ વ.ની ખૂબજ દૃઢતા જરૂરી છે.

**શ્રી. માટલિયાજી**; "પ્રેમમાં અજબ તાકાત છે. માતાઓમાં વાત્સલ્ય ભરપૂર હોય છે. મારે તો એ કહેવાનું છે કે ગોળના ગણપતિ બનવા કરતા રાંદલના લોટા સારા. એટલે કે માત્ર વાતોમાં મીઠાશ હોય પણ કર્તવ્યમાં ન હોય તેના કરતાં કર્તવ્ય અને વાણી બન્નેમાં મીઠાશ હોય તો સોનામાં સુગંધ જેવું પણ એકજ તત્ત્વ હોય કર્તવ્યની મીઠાશ જ સારી.

**શ્રી. પૂંજાભાઈ**: 'સાવ નિષ્ક્રિય કરતાં સક્રિય, જરા કડક હોય તે પણ સારૂં. આ દ્રષ્ટિએ ચકાસતાં આપણે સૌ ખૂબ સદ્દભાગી છીએ. આપણને અહીંજ આપણી ઉણપોની સાથે પૂર્તિ કરનારાઓનો સુખદ પરિચય થઈ ગયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુબંધ વિચાર – કાવ્ય

આ અનુબંધ વિચાર જગતમાં, આ અનુબંધ વિચાર (જગતમાં)
શાશ્વતશાન્તિ સૌને સમર્પી, ઊતારશે ભવપાર (જગતમાં)
ચારે અંગોની નિજનિજસ્થાને, ગૂંથણી ગોઠવનાર (જગતમાં)
ગામડું તેમાં અગ્રણી ઠામે, અન્નવસ્ત્રાદિ ભંડાર (જગતમાં)
હિંદી સંસ્કૃતિનાં મૌલિક સત્યો, પળ્યાં ત્યાં અપરંપાર (જગતમાં)
જનસંખ્યા જ્યાં જંગી વસે છે, સરળ શ્રમિક ઉદાર (જગતમાં)
નૈતિકપાયે સંગઠિત થઈને, વિશ્વમાં પહોંચી જનાર (જગતમાં)
બાપુ સમયના સેવક સઘળા, રચનાકાર્ય કરનાર (જગતમાં)
ગામડાં, ભક્તો, કોંગ્રેસમાંથી, ઉપર જે ઊઠનાર (જગતમાં)
ગ્રામ પ્રાયોગિક સંઘો રૂપે એ, કોંગ્રેસને પ્રેરનાર (જગતમાં)
વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘો, શહેરોમાં બનનાર (જગતમાં)
ઇન્ટુક, માતૃસમાજ આદિ સૌ, તેના તળે ચાલનાર (જગતમાં)
ગામડાં, ઇન્ટુક, માતૃસમાજો, કોંગ્રેસ પૂરણહાર (જગતમાં)
લોકશાહી બળ કોંગ્રેસ જગનું, રાજ્યક્ષેત્ર બનનાર (જગતમાં)
અર્થ, સમાજ ને સંસ્કૃતિક્ષેત્રો, કોરે મૂકીને મથનાર (જગતમાં)
પ્રેમપૂરક બળથી કોંગ્રેસ, શુદ્ધ સંગીન થનાર (જગતમાં)
આ ત્રણને ક્રાન્તિપ્રિય સંતો, સૌ સ્નેહ થકી સાંધનાર (જગતમાં)
સાધુ સાધ્વીનો વર્ગ એ સારુ, ચાતુર્માસિક મળનાર (જગતમાં)
સામુદાયિક અહિંસાના પ્રયોગો, ભારત વિશ્વને દેનાર (જગતમાં)
વિશ્વપ્રજાઓના યુદ્ધનો છેડો– આવી જગ–શાન્તિ થનાર (જગતમાં)
મૈયા ને સંતની મહા કૃપાથી, સદૈવ જય જયકાર (જગતમાં)

☆

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com